**શ્રી રાજ શ્યામાજી**

# ॥ શ્રી રાસ ॥

## રસાનંદ

*(શ્રી રાસવાણી – સંક્ષિપ્ત પ્રકરણ પરિચય તથા લીલા રસ સહિત)*

*શ્રી વિજયાભિનંદ બુધ્ધનિષ્કલંક અવતાર આખરુલજમા ઈમામ મહેંદી સાહેબ*

***રસરૂપ પૂર્ણબ્રહ્મ સચ્ચિદાનંદ અક્ષરાતીત***

***શ્રી પ્રાણનાથજીની શ્રીમુખ વાણી 'શ્રી કુલજમ સ્વરૂપ'ના***

***ચરણ' અંગરૂપ શ્રી રાસ ગ્રંથમાં વર્ણિત***

***શ્રી નિત્ય વૃંદાવન મધ્યે રમાયેલી શ્રી કૃષ્ણ તથા ગોપીઓની***

***અખંડ મહારાસ લીલામાંની ખાસ ખાસ રામતોનો રસાનંદ***


શ્રી નિજાનંદ આશ્રમ, વડોદરા, ગુજરાત ૩૯૦૦૧૯

શ્રી નિજાનંદ આશ્રમ, રતનપુરી, ઉત્તર પ્રદેશ ૨૫૧૨૦૧

શ્રી પ્રાણનાથજી મંદિર, શામળાજી, ગુજરાત

*Lord Prannath Divine Center, Lizella, GA 31052-3202*

શ્રી નિજાનંદ ફાઉન્ડેશન, યુ.એસ.એ.

**પ્રકાશક**

**શ્રી નિજાનંદ આશ્રમ, વડોદરા**

*આજવા-નિમેટા ક્રોસિંગ, ને.હા.-૮ બાયપાસ, પો. સયાજીપુરા,*

*વડોદરા - ૩૯૦ ૦૧૯. ફોન : ૦૨૬૫-૩૨૪૦૧૬૮,*

*પ્રબંધક : મો. ૯૫૫૮૮ ૦૦૧૨૪*



*સર્વ હક્ક પ્રકાશકને આધીન*



**D:\Pranam/Chitvani/1**


**શ્રી રાસ રસાનંદ**

*(શ્રી રાસવાણી – સંક્ષિપ્ત પ્રકરણ પરિચય તથા લીલા રસ સહિત)*


પ્રથમ આવૃત્તિ – ૧,૦૦૦ નકલ

બુધ્ધજી શાકા – ૩૩૧, વિક્રમ સંવત ૨૦૬૬, મે ૧૫, ૨૦૧૦

**અન્ય પ્રાપ્તિ સ્થાન**

**શ્રી નિજાનંદ આશ્રમ,** *રતનપુરી, વાયા ખતૌલી, યુ.પી. ૨૫૧૨૦૧*

*ફોન: ૦૧૬૯૬-૨૮૨૨૨૨*

**શ્રી પ્રાણનાથજી મંદિર,** *મેશ્વો ડેમ રોડ, શામળાજી, ગુજરાત.*

*ફોન: ૦૨૭૭૧-૨૪૦૭૭૧*

**શ્રીજી સાહેબજુ સેવાશ્રમ,** *જરમાળા, વાયા-અનારા, કપડવંજ રોડ, જિ.ખેડા ફોન*

*ફોન: ૦૨૬૯૧ – ૨૪૬૭૪૯*

***Shri Nijanand Foundation, U.S.A.***

*8062 Eisenhower Pkwy, Lizella, GA 31052-3202*

*260 Tabb Avenue, Piscataway, NJ 08854; Ph: 732-968-6336*

Internet: www.nijanand.org; E-mail : pranam@nijanand.org

**ISBN**#978-0-9794292-0-0

**મુદ્રક – દર્શન પ્રિન્ટર્સ**

*મેમ્કો-બાપુનગર રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૬૫૪૫૫૯૬૩*

# સત્‌ગુરુ શ્રી શ્યામાજી સ્વરૂપ

## નિજાનંદ સ્વામી ધણી શ્રી દેવચંદ્રજી મહારાજના આશીર્વાદ

તથા

વર્તમાન 'જાગણીરાસ' લીલામાં સૌ સુંદરસાથજી તથા આત્મ-ખોજીઓને
વ્રજ, રાસ અને અક્ષરાતીત પરમધામની લીલાઓનું અજોડ અનુસંધાન કરી આપી,
પારબ્રહ્મ મૂલ સ્વલીલા-અદ્વૈત સ્વરૂપ અને ધામલીલા વિશે જાગૃતિની નવચેતના પૂરનાર
બ્રહ્મલીન ધર્મવીર જાગણી રત્ન પૂજ્ય સરકારશ્રી જગદીશચંદ્રજીનાં શ્રી ચરણોમાં *તેમના*
નવમા સ્મૃતિ સમારોહ નિમિત્તે અર્પણ

શ્રી નિજાનંદ આશ્રમ, વડોદરા,

શ્રી પ્રાણનાથજી મંદિર, વડોદરા, ગુજરાત

(મે ૧૫, ૨૦૧૦)

D:\Pranam/Chitvani/2



॥ શ્રી રાજ શ્યામાજી સહાય ॥

# શ્રી રાસ રસાનંદ : ભૂમિકા

વ્હાલા, આત્મ-ખોજી સુંદરસાથજી! શ્રી મુખવાણીરૂપી આ અખંડ પ્રસાદી આપ સૌના આત્મિક ઉપભોગ માટે અર્પણ કરતાં હું અપાર આનંદ અનુભવું છું.

મૂલતઃ પારબ્રહ્મ પરમ આનંદરસની જ મૂર્તિ છે, 'રસ રાજ' છે, જે પ્રત્યેક આત્માના ધામધણી 'શ્રી પ્રાણનાથ' છે. એ રસિકરાજ પારબ્રહ્મની રસમયી બ્રહ્મલીલાને જ યથાર્થમાં 'રાસ' કહેવાય છે. વ્રજ તથા શ્રીરાસલીલામાં ગોપીઓના તનમાં બિરાજમાન થઈને રમણ કરનાર આત્માઓ વર્તમાન સમયમાં 'જાગણીરાસ'લીલાનું રસપાન કરી રહેલ છે. દેશ-વિદેશમાં પ્રસરેલો સુંદરસાથજીનો સમૂહ શ્રી રાસવાણીમાં મહારંગ રસભીના એ અક્ષરાતીત ધામધણીજીની 'આત્મ-અંગના'ઓનો જ સમૂહ છે. આત્માનું 'નિજઘર' ક્ષર તથા અક્ષરથી પરે સ્થિત ઉત્તમ પરમધામ છે. પરબ્રહ્મ ધણીના સત્‌અંગ અક્ષરબ્રહ્મ, શ્રી નિજધામની આનંદલીલાના અધિકારી નથી. માટે તેમને શ્રી ધામલીલાની રસાનુભૂતિ કરાવવા માટે રાસલીલાનો મંચ રચાયો. વળી, તેમાંયે આત્માઓને પોતાના ધણીજીના ઈશ્કની અપરંપાર મહિમાની વિશેષ અનુભૂતિ કરાવવા કાજે પરબ્રહ્મે તેમને રાસલીલામાં ગોપી સ્વરૂપે રમાડયાં છે. રાસલીલામાં ધામધણીજી 'શ્રી કૃષ્ણ' રૂપે અને આનંદસ્વરૂપા શ્રી શ્યામાજી 'શ્રી રાધિકાજી' રૂપે રમ્યાં છે.

પુનઃ બ્રહ્માત્માઓ તો વસ્તુતઃ પોતાના શુદ્ધ દિવ્ય સ્વરૂપે પારબ્રહ્મના શ્રીચરણોમાં જ બિરાજમાન છે. ત્યાં બેઠાં બેઠાં તેઓએ 'સુરતા' સ્વરૂપે ગોપી બની વ્રજલીલા તથા રાસલીલા રમ્યાનો અનુભવ કર્યો છે. હવે, વર્તમાન જાગણી-રાસલીલા રમવા માટે પણ વ્રજ-રાસમાં રમનાર મૂળ પર-આત્મની એ સુરતાઓ જ આ સંસારરૂપી ખેલમાં અવતરેલ છે. 'જીવ'રૂપી માલિકના 'શરીર'રૂપી ઘરમાં બિરાજમાન થઈને તેઓ આ ખેલનો રસ લઈ રહી છે. ગુણ, અંગ, ઈન્દ્રિયોના વિકારોથી ગ્રસિત જીવનું અંતઃકરણ માયાના પ્રભાવમાં ભ્રમિત થયેલ છે. તેમની સંગતે આત્મામાં નિજ-સ્વરૂપ વિશે

અજ્ઞાનતા કે ફરામોશી[1] વ્યાપેલ છે. શ્રી ધણીજીની અપાર મહેરથી માયાવી ખેલમાં ભૂલેલી આત્માની મૂળ 'ખિલવત'માં જાગૃતિ કાજે તારતમજ્ઞાનરૂપી જાગ્રત-ઈલમના 'ચરણ' અંગરૂપ શ્રી રાસવાણી અવતરેલ છે. તેના સેવનથી પંચભૌતિક દેહધારી જીવમાં પરમાનંદ ધામનાં દિવ્યતત્ત્વોનો આવિર્ભાવ થાય, તેનાથી માયાના આવરણો ટળે, અર્થાત્ જીવનું અંતઃકરણ દિવ્યતા પામવા લાગે. જેમ જેમ આનંદનાં આવરણોથી જીવ ઘેરાતો જાય, તેમ તેમ તે આત્માનો પૂર્ણ સહયોગી બની આનંદરૂપ બનવા લાગે અને રસાનંદ સ્વરૂપ પારબ્રહ્મ ધણીના સાનિધ્યને અનુભવતાં નિત્ય-નિજાનંદમાં સ્થિત થવા યોગ્ય બને.

રાસલીલામાં નૃત્ય દ્વારા આત્મા-પરમાત્માનો એવો અદ્ભુત સંવાદ રચાય છે કે જેથી આત્માનો અલગતાનો ભાવ તથા અહમ્ભાવ ઓગળી જાય છે. રાસની તદ્રૂપ-તન્મય ક્ષણોમાં આત્મભાન પણ નથી રહેતું. તે ક્ષણો જ્ઞાનમય, નૃત્યમય, તાલમય અહમ્શૂન્ય હોય છે. તેમાં રાગવર્ધક, સ્પર્ધાત્મક કે દ્વેષવર્ધક ભાવનાઓને કોઈ જ સ્થાન નથી. અરે! સંસારી નૃત્ય તથા ગાનમાં પણ આપણે તેનો અનુભવ કરી શકીએ છીએ તો પછી આ તો દિવ્યલીલાનું રસપાન છે. તેનાથી તો આનંદની લજ્જત અવશ્ય માણી શકાય. શ્રી પરમધામના અખંડ આનંદની અંતિમ અને સર્વશ્રેષ્ઠ ભૂમિકામાં પગલાં માંડી શકાય તે માટે આપણું અંતઃકરણ આ પ્રકારે રસાત્મક થાય તે જરૂરી છે. *જિહાં લગે તમે રહો રે માયામાં, રખે ખિણ મૂકો રાસજી । પચવીસ પખ લેજો આપણા, તમને નહિ લોપે માયાનો પાસજી ॥* પ્રકાસ (ગુ.) : ૩/૫

શ્રી રાસલીલાઓનું નિર્મલ હૃદયે કરવામાં આવેલ રસાસ્વાદન આત્માને સહજ રીતે માયાના બંધનોથી ઉપર ઉઠાવીને, યોગમાયિક દિવ્ય ગુણધર્મો ધારણ કરાવે છે. આ અખંડરાસ અતિ સંતોષદાયક, પરસ્પર સંબંધોની ઘનિષ્ઠતામાં વૃદ્ધિ કરી, અનન્ય શુદ્ધ પ્રેમ-કામ પ્રજ્જવલિત કરનાર છે. તેમાં થતો વાર્તાલાપ માધુર્યતાની ચરમસીમાને સ્પર્શનાર, સૌને એકરસ કરનાર, અપાર કોમળતાની અનુભૂતિ કરાવનાર, પિયાજીને આપણા જીવનના

[1] હકીકતમાં જ્યાં હોવા છતાં, ત્યાં ન હોવાનો અનુભવ થવો, પોતાના તથા પારબ્રહ્મના વાસ્તવિક સ્વરૂપ વિશે વિસ્મૃતિ હોવી, એને 'ફરામોશી' કહેવાય છે.



D:\Pranam/Chitvani/3

કેન્દ્રમાં લાવનાર, શીતલતાદાયક, હૃદયને પૂર્ણિમાના પ્રકાશ તથા અપાર નાચગાનના આનંદથી છલોછલ ભરી દેનાર છે. રાસલીલાની સૌથી મહત્ત્વની બાબત તો એ છે કે તે અપાર સુખોના ભંડાર સમાન 'શ્રી કૃષ્ણ'નું રૂપ ધારણ કરનાર 'શ્રી રાજજી' સાથે આનંદવિહાર કરાવે છે.

રાસલીલા પ્રકૃતિની પરેનો વિષય છે માટે આપણે તેને આત્મભાવે ગ્રહણ કરીએ એ જરૂરી છે. દેહબુદ્ધિ તથા માયાજન્ય કામ-વિકારરહિત થઈ, શુદ્ધ પ્રેમ તથા આત્મબુદ્ધિ સહિત જ રાસલીલા સંભવી શકે. તેથી રાસલીલાઓને દેહનજરથી નહિ, પરંતુ આત્મિક નજરથી માણવી જરૂરી છે. શાસ્ત્રો તથા સાધુ સંતો જે શોભા તથા શૃંગાર-રસનું વર્ણન કરતાં સાધારણતઃ ખચકાટ અનુભવે છે, તેનાથીયે વિશેષ એવા અખંડ યોગમાયિક શોભા - શૃંગારનું વર્ણન શ્રી રાસવાણીમાં આત્મીય સ્તરે પહોંચી શુદ્ધ સહજ રીતે થયેલ છે. શ્રી કુલજમ સ્વરૂપની 'શ્રી સાગર' તથા 'શ્રી સિનગાર' વાણીમાં વર્ણિત શ્રી અક્ષરાતીત પારબ્રહ્મના પરમધામનાં સ્વરૂપોમાં આ યોગમાયિક સ્વરૂપોના શોભા-શૃંગારની દિવ્યતાની પરાકાષ્ઠા જોવા મળે છે.

દિવ્ય મહારાસમાં વર્ણવેલ રસ, રંગ અને આનંદને હૃદયસ્થ કરવા માટે તો રાસ રામતોની પ્રત્યેક ચોપાઈ તથા એના પ્રત્યેક શબ્દમાં છુપાયેલ ભાવોને એકાગ્ર ચિત્તે ગ્રહણ કરીએ તો જ માયાની પીછેહઠ થઈ શકે છે. પુનઃ આ રાસની રામતોના ભાવોને વર્તમાન 'જાગણીરાસ' લીલામાં એક નવીન પરિપેક્ષમાં જોવાના છે. રાસલીલાની વિવિધ રામતો બાતુની દ્રષ્ટિએ વર્તમાન જાગણીલીલાની પૃષ્ટભૂમિ હોય એ હકીકત સ્પષ્ટ તરી આવે છે. આ રામતો દ્વારા વ્યક્ત થતી સખીઓની વિવિધ શુદ્ધ મનોવૃત્તિઓ, એમનાં લીલાકર્મો, પરસ્પર રાગ-દ્વેષરહિત વ્યવહાર અને શ્રી કૃષ્ણરૂપ શ્રી રાજજીની લીલાઓનું ચિંતન-મનન જ આત્મખોજી સુંદરસાથની આત્મ-જાગૃતિનો હવે પછીનો માર્ગ સ્પષ્ટ કરશે. એટલું જ નહિ, 'પ્રેમપૂર્ણ સેવાધર્મ'ના પાલનરૂપી અવકાશયાન દ્વારા જ સર્વશ્રેષ્ઠ પરમધામ તરફ ઉડાન સંભવી શકશે.

શ્રી રાસવાણીનો નીચોડ કાઢી આપતાં સદ્ગુરુસ્વરૂપ જાગણીરત્ન પૂજ્ય સરકારશ્રી આપણ સૌ સુંદરસાથને સારરૂપ ત્રણ વાતો વારંવાર સ્પષ્ટ કરીને સમજાવતા :

૧. શ્રી રાસવાણીના આધારે અક્ષરાતીત પારબ્રહ્મધણી તથા આત્માના મૂળ-દિવ્યસ્વરૂપની ઓળખાણ કરવા સંબંધી વાયદા વચન એટલે કે ‘કૌલ’ની સ્પષ્ટતા કરી બતાવી. આ વાત તેમણે આ ચોપાઈઓ પર વિશેષ ભાર મૂકીને સમજાવી : *સાથ મલીને સાંભલો, જાગી કરો વિચાર / જેણે અજવાલૂં આ કરયૂં, પરખો પુરૂખ એ પાર // ૧/૪૬ તે માટે તમે સુણજો સાથ, એક કહૂં અનુપમ વાત / ચરચા સુણજો દિન ને રાત, આપણને ત્રૂઠા પ્રાણનાથ // શ્રી રાસ : ૨/૧૭*

૨. પ્રત્યેક સુંદરસાથજીએ ધામધણીનાં શ્રી ચરણોમાં પ્રેમ અને સેવાપૂર્વક સમર્પિત રહેવાના ‘ફૈલ’(કરણી, કર્મ) પ્રત્યે સદા જાગૃત રહેવું પરમ આવશ્યક છે અને તેમ કર્યા વિના માયાને જીતી શકાશે નહિ. આ સમજાવવા તેઓ શ્રી આ ચોપાઈઓ ટાંકતા : *પખ પચવીસ છે અતિ ભલા, પણ એ છે આપણો ધરમ / સાખ્યાત તણી સેવા કીજિએ, એ રૂદે રાખજો મરમ // ૧/૮૧ સાખ્યાત તણી સેવા કર રે, ઓલખીને અંગ / શ્રી ધામ તણા ધણી જાણજે, તૂ તાં રખે કરે તેમાં ભંગ // મુખથી સેવા તૂને સી કહૂ, જો તૂં અંતર આડો ટાલ, અનેક વિધ સેવા તણી, તૂંને ઉપજસે તત્કાલ // ૩/૨૪,૨૫*

૩. જાગણી રાસના સંદર્ભમાં તેમણે એ વાત પ્રકાશિત કરી કે સર્વ સુંદરસાથે રાસમય એકદિલીપૂર્ણ ‘હાલ’ (મનઃસ્થિતિ)માં મસ્ત બની, જાગણીલીલાનું માહાત્મ્ય સમજી, સર્વશ્રેષ્ઠ અખંડ સુખ લૂંટી લેવા માટે હંમેશાં સતર્ક અને તત્પર રહેવું જરૂરી છે : *જિહાં લગે તમે રહો રે માયામાં, રખે ખિણ મૂકો રાસ જી / પચવીસ પખ લેજો આપણાં, તમને નહીં લોપે માયાનોં પાસ જી // પ્રકાસ(ગુ.) ૩/૫ જાગણીના સુખ દઊં તમને, રાસ માંહેં રમાડૂં રંગ / સત તણા સુખ કેમ આવે, જિહાં ન દઊં મારૂં અંગ // કલસ (ગુ.) : ૧૨/૪૧*

સુંદરસાથજી! હૃદયમાં ગ્રહણ થયેલ જાગ્રત ઈલમ (જ્ઞાન, કહેણી)ની મદદથી આત્મા જ્યારે પોતાના સંગી જીવ તથા પંચભૌતિક દેહને પ્રેમપૂર્ણ સેવાધર્મ પાલનરૂપી રાસ (કરણી)માં સતત પ્રવૃત્ત કરે તો તેનું જીવન (રહેણી) મૂળ નિસ્બતને છાજે તેવું બની રહે અને તેનું દિલ શ્રીધણીજીનું ધામ બની રહે. આમ થવા લાગે ત્યારે તે આત્મા માત્ર રાસલીલા જ નહિ પરંતુ



D:\Pranam/Chitvani/4

અક્ષરાતીત પરમધામની સર્વશ્રેષ્ઠ આનંદકારી લીલાઓમાં પણ રમ્યા કરે.

આ ગ્રંથની વિશેષતા એ છે કે તેમાં શ્રી રાસલીલા સંબંધિત જિજ્ઞાસુ સુંદરસાથજીના તમામ સ્પષ્ટીકરણો કરવાનો પ્રયાસ પ્રારંભિક લેખો દ્વારા કરવામાં આવેલ છે. સંપૂર્ણ ગ્રંથનું પ્રકરણવાર સારતત્ત્વ તથા આત્મજાગૃતિ પ્રક્રિયા સંબંધી મહત્ત્વની બાબતો પર ધ્યાન દોરવામાં આવ્યું છે. શ્રી તારતમજ્ઞાનના પ્રકાશમાં શ્રી રાસની ભૂમિકા, “શ્રી રાસલીલામાં ‘જાગણીરાસ’નું પથદર્શન”, વ્રજમંડળથી તે અખંડ યોગમાયિક રાસમંડળ સુધીની બ્રહ્માત્માઓની ભવસાગર પાર કરવા માટેની “*ગોપદવત્સ*” યાત્રાની સ્પષ્ટતા, શ્રી નવરંગ સ્વામી કૃત ‘રસ સાગર’ ગ્રંથમાંથી ‘જાગણીરાસ’નો નીચોડ, શ્રી રાસલીલા દ્વારા અક્ષરાતીત પારબ્રહ્મે અક્ષરબ્રહ્મની ઈચ્છાપૂર્તિ શી રીતે કરી તેની સમજ, શ્રી રાસવાણીના અવતરણ સંબંધી પરિચય, શ્રી રાસલીલા, શ્રીમદ્ભાગવત, બાઈબલ અને કુરાનના પરસ્પર સંબંધની સ્પષ્ટતા, રાસલીલા પ્રકૃતિની પરેનો વિષય હોવાની સ્પષ્ટતા, શ્રી રાસલીલાનો મૂળ ઉદ્દેશ્ય તથા બ્રહ્મલીલાનાં રહસ્યોનો ખુલાસો, રાસલીલાના મુખ્ય ચાર ભેદોની સમજ, માયાની ઉત્પત્તિ, શક્તિ, સ્વભાવ તથા તેને વશ કરવાના ઉપાયોની સમજ – આ સર્વે છણાવટ કરવામાં આવી છે.

શ્રી રાસ ગ્રંથના પ્રારંભિક ચાર પ્રકરણો તથા અંતિમ કેટલાંક પ્રકરણોનો ચોપાઈવાર ભાવાર્થ પણ ખોજી સુંદરસાથના લાભાર્થે સમાવી લેવામાં આવ્યો છે. રાસની વિવિધ રામતો શી રીતે રમવી તેના પર પણ આવશ્યક પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. પદ્યમય રાસ રામતો સમજવામાં સરળ હોવાથી અને તેમની માધુર્યતા તથા દિવ્યતા સચવાઈ રહે તે બાબતને ધ્યાનમાં રાખીને રામતોનાં પ્રકરણોનો ચોપાઈવાર ભાવાનુવાદ પ્રસ્તુત ન *કરતાં* માત્ર તેમનો સાર રસ જ મુકયો છે. સુંદરસાથજી પ્રત્યેક પ્રકરણની વિશેષતાઓનો રસ માણી શકે તે હેતુથી પ્રકરણના અંતમાં ‘વાણીમંથન પ્રશ્નાવલી’ મુકવામાં આવી છે.

વર્ષ ૨૦૦૯ના મે મહિના દરમ્યાન શ્રી નિજાનંદ આશ્રમ, વડોદરા મધ્યે આયોજીત સાપ્તાહિક વિશેષ ‘ચિતવની શિબિર’ દરમ્યાન દરરોજ રાત્રિ સમયે સૌ શિબિરાર્થી સુંદરસાથ રાસ રામતોમાં રંગાઈ જતા હતા. તે સમયે ઉપસ્થિત પૂજ્ય શ્રી વિંધ્યાચલ મહારાજ શ્રી પ્રત્યેક રામત રમવાની વિશેષ

રીત સમજાવતા. તે દરમ્યાન તેમણે એક મહત્ત્વની વાત કહેલી કે *"જબ તક સુંદરસાથજી રાસ કી રામતોંકે જાહિરી કલાત્મક રૂપ કો સહી રૂપમેં નહીં સમઝ લેતે હૈં, તબ તક ઈન રામતોંકા અસલ આનંદ નહીં મિલ સકતા ઔર ઈનમેં છિપે બાતૂની ભાવ હમારે દિલોંમેં પ્રગટ નહીં હોતે. બાતૂનમેં સહી હોને કે લિયે રાસલીલાકો જાહિરમેં સહી ઢંગસે ખેલના જરૂરી હૈ."* આ હકીકત ધ્યાનમાં લઈ, આ ગ્રંથમાં રાસની વિવિધ રામતો રમવાની રીતો પણ દર્શાવવામાં આવી છે.

શ્રીમુખવાણીમાં નિહિત બ્રહ્મલીલાના ગૂઢ ભેદો આત્મ-સ્વરૂપ સુંદરસાથજીના હૃદયમાં સ્પષ્ટ થઈ જાય તે હેતુથી સુંદરસાથ સમાજમાં સૌ પ્રથમ વાર સંપૂર્ણ શ્રી કુલજમ સ્વરૂપનું અર્થ સહિત પ્રકાશન ધર્મવીર જાગણીરત્ન પૂજ્ય સરકારશ્રીના નેતૃત્વમાં ૧૯૯૬માં સંપન્ન થયું. તેને પ્રમુખ આધાર માની ૨૦૦૮ના વર્ષમાં 'શ્રી ખિલવત' ગ્રંથનો સરળતમ્ ગુજરાતી ભાવાનુવાદ પ્રકાશિત થયો. શ્રી રાસ ગ્રંથનો આ ગુજરાતી ભાવાનુવાદ પણ તેની જ દ્વિતીય ફળશ્રુતિ છે. તેમાં પૂજ્ય સરકારશ્રીની શ્રીમુખવાણી સારગર્ભિત ચર્ચાઓનો નીચોડ તથા પૂર્વે પ્રકાશિત થયેલ અન્ય ટીકાઓનો પણ યથોચિત સહારો લેવામાં આવેલ છે. આ પ્રકાશન કાર્ય શ્રી ધણીજીની અપાર મહેર તથા સદ્‌ગુરુજીના આશીર્વાદ, શ્રીમુખવાણીના મંથન તથા જ્ઞાની સુંદરસાથજીના સહયોગથી જ સંભવ બન્યું છે. ખાસ કરીને પરમહંસ મહારાજ શ્રી કૃષ્ણપ્રિયાચાર્યજીની ગુજરાતી ટીકા તથા તેમના નિબંધોનો અભ્યાસ, પૂજ્ય શ્રી રાજન સ્વામી, શ્રી વિમળાબેન મહેતા, ગુલઝારીલાલ તથા ગિરધારીલાલ સિડાનાનાં લખાણોનું મંથન, વલસાડના અગ્રણી સુંદરસાથ પૂજ્ય શ્રી રમેશભાઈ ચોખાવાલાનાં લખાણો તેમજ સૂચનો પ્રેરક રહ્યાં છે. છેલ્લે, શ્રી નિજાનંદ જાગણી અભિયાનને સમર્પિત ચંદીગઢ નિવાસી પરમ સ્નેહી શ્રી અનિલભાઈ શ્રીવાસ્તવ તથા કેનેડા નિવાસી અનિલાબેન મનસુખભાઈ ભાવસારનાં શ્રીમુખવાણી સંબંધી ગૂઢ સૂચનો તથા ભાષાકીય એડીટીંગમાં અમેરીકા સ્થિત સેવાભાવી ભાઈ શ્રી પ્રહલાદ પંચાલ, શ્રી શારદાબેન તથા જશુભાઈ પટેલનો સહયોગ ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહ્યો છે. દેશવિદેશમાં વસતા બીજા કેટલાયે સેવાભાવી સુંદરસાથજીના સાથસહયોગની આ ફળશ્રુતિ છે. આ સર્વે સેવાઓ માટે શ્રી નિજાનંદ જાગણી અભિયાન



*D:\Pranam/Chitvani/5*

પરિવાર આપ સૌનો સદા ઋણી રહેશે.

આશા છે કે આ ગ્રંથ સૌ આત્મ-ખોજી સુંદરસાથજી માટે શ્રી અક્ષરાતીત યુગલધણીજીના શ્રી ચરણોની અનુભૂતિના પંથે એક મહત્ત્વપૂર્ણ સેતુ બની રહેશે. વ્હાલા સુંદરસાથજી તથા વિદ્વત્તજનોનાં ચરણોમાં નમ્ર વિનંતી કે આ ગ્રંથમાં જો કોઈ ત્રુટિ જણાય તો તેના પર અમારું ધ્યાન દોરશો તથા ધામની આત્મ-સગાઈના નાતે અમને ક્ષમા કરશો. શ્રી રાજ શ્યામાજી સૌના 'જાગણીરાસ' રમવાના મનોરથ પૂર્ણ કરે એ જ શુભેચ્છા.

હાર્દિક દંડવત્ પ્રણામ.

સુંદરસાથ ચરણરજ,

*રમણભાઈ કે. પટેલ, પ્રમુખ, શ્રી નિજાનંદ જાગણી અભિયાન.*

## શ્રી રાસ રસાનંદ ગ્રંથ : અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિષય | પાન નં. |
|---|---|---|
| | **શ્રી રાસ રસાનંદ ભૂમિકા** | ૦૨ |
| | **શ્રી રાસવાણી : અવતરણ પરિચય** | ૧૭ |
| | **શ્રી રાસલીલામાં 'જાગણીરાસ'નું પથદર્શન** | ૨૨ |
| | **શ્રી રાસલીલાનો મૂળ ઉદ્દેશ્ય તથા બ્રહ્મલીલાનાં રહસ્યોનો ખુલાસો** | ૨૭ |
| | **આત્માઓની વ્રજથી રાસ સુધીની યાત્રા : 'ગોપદવચ્છ'** | ૩૩ |
| | **રાસલીલાના ચાર મુખ્ય ભેદો : તારતમ જ્ઞાનના પ્રકાશમાં** | ૩૫ |
| | **માયા : ઉત્પત્તિ, શક્તિ, સ્વભાવ તથા તેને વશ કરવાના ઉપાયો** | ૩૮ |
| ૧ | **હવે પહેલાં મોહજલની કહું વાત :** *માયાનો પરિચય, પરબ્રહ્મના સાક્ષાત્ તથા સદ્‌ગુરુસ્વરૂપની ઓળખાણ, આત્મ-જાગૃતિના માર્ગે પશ્ચાત્તાપ, સેવાભાવ તથા ધણીજીની મેહેરનું માહાત્મ્ય સમજી માયાને વશ કરવાની વિધિ* | ૫૪ |
| ૨ | **માયા ગઈ પોતાને ઘેર :** *આત્મ-ચિંતન તથા આત્મ-સાક્ષી દ્વારા અંતઃ જ્યોતિ પ્રગટાવી, સેવાનો અવસર ઝીલી લઈ માયાની પીછેહઠ થઈ સકે તેની વિધિ* | ૯૦ |
| ૩ | **ભૂંડા જીવ જાગજે રે :** *તારતમજ્ઞાન દ્વારા અંતરના ભ્રમ ઉડાડી, સેવામાં સમર્પિત થઈ, ધામચિતવન કરતાં,સંસારને ગૌવત્સ-પદ કરી, માયાનો લાભ ઉઠાવી જાગ્રત થવા માટે આત્માનો સંગીજીવને પ્રબોધ* | ૧૦૦ |
| ૪ | **પ્રેમ સેવા વાલે પ્રગટ કીધી :** *વ્રજ તથા રાસની લીલાઓનું માહાત્મ્ય તથા અનન્ય પ્રેમલક્ષણા ભક્તિની વિષેશતા દર્શાવી તેના દ્વારા આત્મા અને પરમાત્માના મિલનના માર્ગનું વર્ણન* | ૧૦૯ |
| ૫ | **એણે રે પગલે આપણ ચાલિએ :** *બંસીનાદ સાંભળીને પ્રિયતમ મિલનની પ્રબળ ભાવના સાથે સખીઓ વિવિધ પ્રતિક્રિયાઓ વ્યક્ત કરતાં સંસારરૂપી સાગરને "ગૌવત્સ-પદ" સમાન કરી યોગમાયાનો દિવ્ય શ્રૃંગાર ધારણ કરે છે. એજ પ્રમાણે, કાત્યાયની વ્રત કરનાર અક્ષરબ્રહ્મની સુરતાઓ - કુમારિકાઓ પણ રાસમંડળમાં પહોંચે છે. એજ ભાવથી ચિત્તને છલોછલ ભરીને જાગણીરાસનો આનંદ માણવાની પ્રેરણા!* | ૧૧૬ |
| ૬ | **અખંડ સ્વરૂપની અસ્થિર આકારે :** *રાસલીલા માટે શ્રી શ્યામાજીએ ધારણ કરેલ શ્રૃંગાર તથા તેમના દિવ્ય સ્વરૂપની શોભાનું ચિતવન. તે નિરખીને આત્માનો માયાનો પાસ છૂટી જાય છે. દર્શનથી આત્મ-વિભોર થયેલ ઈન્દ્રાવતીજી પોતાની સન્મુખ શ્રી શ્યામાજી પ્રગટ્યાં હોવાની અનુભૂતિ કરે છે.* | ૧૨૨ |
| ૭ | **યોગમાયાનો દેહ ધરીને :** *રાસલીલા માટે બ્રહ્માત્માઓએ ધારણ કરેલ દિવ્ય શ્રૃંગાર તથા શોભાનું, તથા વ્હાલાજી સાથે રાસલીલા રમવા સૌ અતિ ઉમંગભેર તૈયાર થયાં તેનું વર્ણન. જો કોઈ જીવ આ શોભા શ્રૃંગારની દિવ્યતાને ગ્રહણ કરી લે, એ આભૂષણોના સ્વર તથા સખીઓના મધુર સંવાદને આત્મ-ભાવે સાંભળી લે, તો તેને માયા કેવી રીતે સતાવી શકે?* | ૧૩૩ |
| ૮ | **શ્રી રાજજીનો શ્રૃંગાર...પહેલો સિનગાર કીધો મારે વાલેજીએ :** *શ્રી રાજજીએ ધારણ કરેલ યોગમાયાના શ્રૃંગાર તથા રાસલીલા પૂર્વે સુંદરસાથ તથા વ્હાલાજી વચ્ચે થયેલ વાર્તાલાપનું વર્ણન. સર્વે સાથ વ્હાલાજી પાસે આવી, તેમની પરિક્રમા કરી, દંડવત્ પ્રણામ કરતાં રાસરમણ દ્વારા પોતાના હૈડાની હામ ભાગવાનો ભાવ વ્યક્ત કરે છે.* | ૧૩૫ |
| ૯ | **ઉથલા - વાલૈયો વાણી એમ ઉચરેજી :** *યોગમાયાના બ્રહ્માંડમાં થયેલ વેણુનાદ સાંભળી સખીઓ જ્યારે દોડી આવી, ત્યારે વ્હાલાજી તેમને કુટુંબધર્મ, સમાજધર્મ, વેદ-મર્યાદા, કુળમર્યાદા આદિનો બોધ કરાવતાં જ્ઞાનપૂર્ણ પણ કટાક્ષભર્યા ઉલાહના(ઉથલા)નાં વચનો કહી તેમની કડક પરીક્ષા લે છે. સખીઓ તે કસોટીમાં પૂર્ણતઃ પાર ઉતરે છે. તેમનામાં માયાનો પાસ ન જોતાં પિયુજી તેમના સર્વ મનોરથ પૂર્ણ કરવાનું વચન આપે છે.* | ૧૪૪ |
| ૧૦ | **વૃંદાવન દેખાડ્યું છે...જીવન સખી વૃંદાવન રંગ જોઈએ જી :** *વ્હાલાજી સખીઓને નિત્ય વૃંદાવનની સૈર કરાવે છે. નિત્યવૃંદાવનના તત્ત્વ, સ્થાન તથા શોભાનું વર્ણન.* | ૧૫૨ |
| ૧૧ | **વાલે વેખ લીધો રળિયામણો :** *વૃંદાવન મધ્યે આનંદમાં ઉન્મત્ત સખીઓ વ્રજલીલાથીયે વિશેષ આનંદ લીલાનાં સ્વપ્નો જોતાં વ્હાલાજી સમક્ષ પહેલી રામત રમવા માટે પ્રસ્તાવ મૂકે છે.* | ૧૫૭ |


D:\Pranam/Chitvani/6

૧૨ **મારે વાલૈએ કરી ઉમંગ :** *વ્હાલાજી અવનવા રંગે અદ્ભૂત લીલા રમાડી ઉન્મત્ત સખીઓની ઈચ્છાની પરિપૂર્તિ કરે છે.* ૧૬૦

૧૩ **વાલૈયો રમાડે રે :** *દિવ્યપ્રેમ અને મસ્તીનો સાગર ઉમટી પડ્યો હોય એમ વ્હાલાજીના પ્રેમમાં દિવાની સખીઓ નાચગાન કરતાં વૃંદાવનમાં મ્હાલે છે.* ૧૬૧

૧૪ **આવો રે સખીઓ આપણ હમચી ખૂંદિયે :** *ઉછળવાની, કૂદવાની, હસવાની, પ્રેમવિનોદમાં મુક્ત સ્વરે ગાવાની રમત - આનંદરસની વૃધ્ધિની અનુભૂતિ.* ૧૬૩

૧૫ **વાલા આપણ રમીએ આંખ મિચામણી :** *સખીઓ, ઈન્દ્રાવતીજી, શ્રી શ્યામાજી તથા વ્હાલાજી મનોહારી નિકુંજનાં મંદિરોમાં સંતાકૂકડી રમે છે-પરમધામ તથા જાગણીલીલા તરફ સંકેત.* ૧૬૫

૧૬ **સખી વૃષભાન નંદની :** *રાધાજી અને સુંદરબાઈ સાથે વ્હાલાજી કુંદડી ફરે છે તથા સૌ સખીઓ તેમની ચારેતરફ આનંદભેર કૂદતાં કુંદડી ફરે છે.* ૧૬૯

૧૭ **ઓરો આવ વ્હાલા આપણ ફૂંદડી ફરીયે :** *મુક્તપણે કુંદડી ફરવા શ્રી ઈન્દ્રાવતીજીનું વ્હાલાજીને આવાહ્નન - જાગણીલીલામાં વ્હાલાને પ્રેમ-સેવારૂપી ચુંબન કરી રીઝાવી લેવા પ્રેરણા.* ૧૭૧

૧૮ **ભૂલવણીની રામત કીજીએ :** *ભૂલવણીની રામત દ્વારા વ્હાલાજી આ માયાની ભૂલવણીમાં સુંદરસાથ જીતી શકે તે માટે સાવચેત કરે છે.* ૧૭૪

૧૯ **આજ રાજ પૂરણ કાજ :** *આનંદોલ્લાસથી પુલકિત પ્રત્યેક સખી સાથે પ્રિયતમ શ્યામની રામત રમવાની ઉત્તેજના જોઈને વૃંદાવનની રાત્રિ સ્તબ્ધ બની સ્થિર થઈ ગઈ!* ૧૭૭

૨૦ **રામત ગઢ તણી રે :** *વ્હાલાજી અને સખીઓ ગઢની રામત વિવિધ ગતિથી રમે છે. આ રામત ગમે તે પરિસ્થિતિમાં પણ પરસ્પર સહયોગી બની વ્હાલાજી તથા સુંદરસાથજીને પકડી રાખવાનો બોધ કરાવે છે.* ૧૭૯

૨૧ **રામત કરતાલીની રે :** *શ્રી ઈન્દ્રાવતીજી વ્હાલાજી સાથે ઊભાં-ઊભાં, બેઠાં-બેઠાં તથા ફૂંદડી ફરતાં-ફરતાં હાથતાળીની રામત રમે છે. તે જોઈ સૌ સુંદરસાથને પણ તેમ રમવાનો ઉમંગ થતાં વ્હાલાજી જેટલી સખીઓ હતી એટલાં તન ધારણ કરી અતિ ઉમંગે રમે છે.* ૧૮૧




D:\Pranam/Chitvani/7


૨૨ **ઉમંગ ઉદયો સાથ :** *રાસલીલા વિલાસનાં સુખો લૂંટતાં વૃંદાવનની સંપૂર્ણ સ્થિર-ચર પ્રકૃતિ અને સખીઓ પ્રફુલ્લિતતા તથા પ્રેમરસની પરિપૂર્ણતા અનુભવે છે* ૧૮૩

૨૩ **ઓરો આવ વાલા આપણ ઘૂમલડે ઘૂમીએ :** *ભમરડાની રામત રમતાં વિવિધ પ્રકારની વાણી ગાઈને શ્રી ઈન્દ્રાવતીજી વ્હાલાને વાલેરી થવા તેમની સાથે હોડ બાંધીને રમે છે. પોતાની વિશિષ્ટ હાંસીપૂર્ણ રીતોથી તે વ્હાલાજીને તથા સૌ સુંદરસાથજીને પ્રભાવિત કરી ખુશ કરે છે.* ૧૮૫

૨૪ **કોણીયા રમીયે રે મારા વાલા :** *સખીઓ પોતાનાં વિવિધ અંગમરોડ કરતાં, આવેશભેર કૂદતાં, ચાલને અનુરૂપ સ્નેહસભર વાણીગાયન કરતાં રમે છે. શ્રી ઈન્દ્રાવતીજી વ્હાલાજીને સર્વપ્રથમ રામતની વિધિ ધ્યાનપૂર્વક શીખવા માટે ઉપદેશ કરે છે અને રામતના અંતે તે વ્હાલાજીમાં એક ગુણ અને પોતાનામાં બે ગુણ હોવાનો આત્મ-ગૌરવપૂર્ણ નિર્ણય ઘોષિત કરે છે!* ૧૮૮

૨૫ **આવો વાલા રામત રાસની કીજે :** *વ્હાલાજીના મનમોહક વેશથી મોહિત થઈ, તેમના વિરહને અસહ્ય દર્શાવતાં, સખીઓ વ્હાલાજીનું મધુર આલિંગન લેતાં અને અધુરામૃતનું પાન કરતાં રમે છે. તેઓ વ્હાલાજીને તેમનો આવેશ થોડો ઓછો કરીને રમવા વિનવે છે.* ૧૯૧

૨૬ **સખી એક ભ્રાંત રે :** *શ્રી ઈન્દ્રાવતીજી સખીઓનું ધ્યાન મુક્તપણે આનંદરસ લૂંટી રહેલ વ્હાલાજી અને શ્રી શ્યામાજીની યુગલજોડી તરફ દોરી તેમનાં દર્શન કરવા માટે કહે છે.* ૧૯૩

૨૭ **રામત આંબાની કીજીએ મારા વાલૈયા :** *વ્હાલાજીનાં શ્રીચરણોને નિષ્ઠાપૂર્વક વળગી રહેવાનો બોધ કરાવતી રામત* ૧૯૪

૨૮ **રામત ઉડન ખાટલીની :** *હરણની જેમ છલાંગો મારી કુદવાની રામત-જાગણીલીલામાં કુલજમીય જ્ઞાનના સહારે માયાથી પરે મોટી છલાંગ મારી વ્હાલાજીને રીઝાવી લેવાની પ્રેરણા આપતી રામત* ૧૯૭

૨૯ **વાલા તમે નિરત કરો મારા નાહોજી રે :** *વ્હાલાજીની વિશેષ પ્રકારની વેશભૂષાથી આકર્ષિત થઈને સખીઓ તેમને નૃત્ય કરતા તથા આલાપ દ્વારા મધુર ગીતો ગાતા જોવાની પ્રબળ ઈચ્છા વ્યક્ત કરે છે. ઈન્દ્રાવતી સૌ સખીઓને વ્હાલાજીના નૃત્યને અનુરૂપ તેમના સ્વરમાં સ્વર પુરાવી વાજીંત્રો વગાડતાં નાચવાનું કહે છે.* ૨૦૦

૩૦ **મૃદંગ ચંગ, તંબૂર રંગ :** *નૃત્યનો રસ જામ્યો છે. સખીઓ* ૨૦૪
*વાજીંત્રો વગાડી મધુર સ્વરે ગાઈ રહી છે અને મંત્રમુગ્ધ થઈને વ્હાલાજીને ભેટી રહી છે. આખુંયે વૃંદાવન આનંદ મસ્તીમાં ઝૂમી રહ્યું છે. ઈન્દ્રાવતીજી વ્હાલાજીને પ્રણામ કરી હજી બીજી વિશેષ નૃત્યની રામતો રમવા વિનવે છે.*

૩૧ **હમચડી સખી સંગ રે :** *ઈન્દ્રાવતીજી સખીઓ સમક્ષ તાનમાં* ૨૦૫
*ઉછળીને ફુંદડી ફરવાની રામત રમવા પ્રસ્તાવ મૂકે છે. રાસમંડળમાં બોલાવતી વેળા વ્હાલાજીએ જેવો મધુરો બંસીનાદ કર્યો હતો એવો જ હૃદયસ્પર્શી નાદ પુનઃ કરવા વિનવે છે. વા'લાજીના અતિશય પ્રેમાળ પ્રતિસાદથી પ્રેમાધિક્યની સ્થિતિમાં સખીઓના ગર્વનો પાર નથી રહેતો. તેમને હોશમાં લાવવા માટે વ્હાલાજી અંતર્ધ્યાન થઈ જાય છે.*

૩૨ **રામત અંતર્ધ્યાનની - વૃંદાવનમાં રામત કરતા :** *સખીઓના* ૨૦૯
*જીવના જીવણજી અંતર્ધ્યાન થતાં તેઓ વિરહમાં વિહ્વળ બની છે. શ્યામાજી સખીઓને પોતાનો દોષ શોધવા કહે છે, તો વૃંદાવનની વેલડીઓ વ્હાલાજીને અનન્ય નિષ્ઠાપૂર્વક વળગી રહેવાનો બોધ કરાવે છે. વ્હાલાજીને પુનઃ પ્રગટ કરવા માટે ઈન્દ્રાવતીજી વ્રજમંડળની બાળલીલાનું પુનરાવર્તન કરવાનો પ્રસ્તાવ મૂકે છે.*

૩૩ **આનંદે રોતાં રમીએ એમ :** *બ્રહ્માત્માઓ દ્વારા વ્રજ તથા* ૨૧૮
*રાસલીલાનું અનુકરણ કરી, નૂતન શૃંગાર ધારણ કરી ભજનાનંદી સ્વરૂપનું પ્રગટ થવું તથા પ્રેમલક્ષણાની વિશેષતાની સમજ. વ્રજલીલાની વિવિધ રામતો બાદ સૌના આનંદ-ઉછરંગની પરાકાષ્ઠાએ ઈન્દ્રાવતીજીના બંસીનાદથી અંતર્ધ્યાન થયેલ વ્હાલાજી પ્રગટ થાય છે અને પ્રત્યેક સખીને એકાંત મિલનનો અહેસાસ કરાવે છે.*

૩૪ **ઉછરંગ અંગ સુંદરી :** *અંતર્ધ્યાન થયેલ વ્હાલાજીના પુનઃ પ્રગટ* ૨૨૫
*થવાથી અપાર ઉમંગ તથા સ્નેહસભર સખીઓ સાગરના મોજાંઓની માફક વ્હાલાજી તરફ ધસી પડી. વ્હાલાજીએ સખીઓ જેટલાં રૂપો ધારણ કરીને સૌને રાસલીલા રમાડી, આનંદિત કરીને વિરહનું દુઃખ દૂર કર્યું.*

૩૫ **આપણ રંગભર રમીએ રાસ :** *શ્રી શ્યામશ્યામાજીની જોડી પુનઃ* ૨૨૬
*અધિક સુખ લઈને પધારે છે. સખીઓ હાથ મિલાવી તેમને મધ્યમાં ઘેરીને અભેદવાડ બનાવી લે છે અને પલભર માટે પણ વ્હાલાજી*



D:\Pranam/Chitvani/8

*અલગ ન થાય તેનો ઊપાય કરે છે. સૌ સખીઓના મુખ પર વ્હાલાજીને ફૂલવેલડીની જેમ વળગી રહેવાની એક જ વાત છે. વ્હાલાજી આનંદપૂર્વક ગાતાં ગાતાં વિવિધ કલાઓ દ્વારા અનંત સુખો બક્ષી સૌનાં ચિત્તડાં હરી લે છે.*

૩૬ **રમત રાસ કરત હાંસ :** *વ્હાલાજી અંતર્ધ્યાન થયા તે વિરહ* ૨૨૯
*દુઃખને કદી ન ભુલવા માટે શ્રી ઈન્દ્રાવતીજી સખીઓને ચેતવે છે અને કનૈયાને વનવેલડીઓની માફક દૃઢતાપૂર્વક વળગી રહેવા પ્રબોધે છે.*

૩૭ **જુઓ રે સખીઓ તમે વાણી વાલા તણી :** *વ્હાલાજીની મધુર* ૨૩૨
*વાણી તથા તેમના હેતપૂર્ણ હાવભાવથી ઘાયલ થયેલ શ્રી ઈન્દ્રાવતીજી તેમનાં શ્રી ચરણોને પોતાનાં ચક્ષુઓની પલક પર ધરી દેવાની ઈચ્છાપૂર્તિ યુક્તિપૂર્વક કરી લે છે! વ્હાલાજી ઈન્દ્રાવતીને આલિંગન આપી, તેમનાં ચક્ષુઓને પ્યારપૂર્ણ ચુંબન કરી, તેમને આનંદરસમાં એકાકાર કરી, અનેક પ્રકારનાં સુખો આપે છે.*

૩૮ **બલિયામાં દીસે બલ :** *વ્હાલાજીનું જોમ તથા તેમનાં અંગોમાંથી* ૨૩૪
*છલકાતી મસ્તી જોઈને ઘેલી બનેલી શ્રી ઈન્દ્રાવતીજી મૂળના સંગાથીને પરણવાની પોતાની ખેવના સૌ સખીઓ સમક્ષ વ્યક્ત કરે છે. વ્હાલાજીને એકાંતમાં ખેંચી જઈ પ્રેમનું પ્રાબલ્ય બતાવતાં તે સૌ સખીઓને પડકારે છે.*

૩૯ **કેસરબાઈનો ઝગડો - આવી કેસરબાઈ કહે રે બહેની :** *વ્હાલાજી* ૨૩૭
*સાથે પ્રેમે રમવા બાબતે કેસરબાઈ પોતાનો તથા સૌ સુંદરસાથજીનો અધિકાર શ્રી ઈન્દ્રાવતીજી સમક્ષ વ્યક્ત કરતાં ઝગડાપૂર્ણ વાર્તાલાપ છેડે છે. ઈન્દ્રાવતીજી કહે છેઃ "પ્રાણનાથ તો બસ એક મારા જ છે," તો કેસરબાઈ કહે છેઃ "પ્રાણનાથ તો આપણા સૌના છે!" આ બન્ને પ્રકારના ભાવોની ફલશ્રુતિસ્વરૂપ પ્રત્યેક સખી વ્હાલાજીને પોતાની સાથે હોવાનો અનુભવ કરે છે!*

૪૦ **છેડો ન છટકે, અંગ ન અટકે :** *પ્રેમની પરાકાષ્ઠાએ, હવે વ્હાલાજી* ૨૪૩
*પ્રત્યેક સખી સાથે અલગ અલગ નૂરી તન ધારણ કરી એક એકથી ચઢિયાતી તથા અગાઉ રમાયેલી બધી જ રામતોનું મિશ્રણ કરીને સારરૂપ રસાનંદનું પાન કરાવે છે.*

૪૧ **ઊભા ને રહો રે વાલા ઉભા ને રહો :** *શ્રી ઈન્દ્રાવતીજી કહે છે,* ૨૫૦
*"હે વ્હાલાજી! થોભો! હજી તો રમવાની અતિ ઘણી ઈચ્છા છે.*

*પણ હવે, તમે અમને અમારા મનની ચાહના મુજબ રમાડો! હવે, આપણે મલ્લયુદ્ધની રમત રમીશું. જોઈએ છે કે કોણ હારે છે! સખીઓ! તમે સૌ નિર્ણાયક બની ઊભા રહી નિષ્પક્ષ રીતે સાચો ન્યાય કરજો. હારીને હું તમને કદી નીચું નહિ જોવડાવું!"*

૪૨ **એણે સમે રમત ગમે :** *એક તરફ તો શ્રી ઈંદ્રાવતીજી પોતાના* ૨૫૮
*વ્હાલાજીને હરાવવાનો સંકલ્પ કરી પોતાના હૈયાના પ્રેમની પરાકાષ્ઠાનાં દર્શન કરાવે છે, તો બીજી તરફ વ્હાલાજી તેનો પ્રેમ જોઈને તેને સઘળાં સુખો બક્ષીસ કરી દે છે! આત્માના આધારને પૂર્ણતઃ સમર્પિત થઈ તેમનો પ્રેમ જીતી લેવાથી તેના મુખ પર બ્રહ્માનંદ છવાઈ રહે છે.*

૪૩ **છેલ છંછેરીને :** *શ્રી ઈન્દ્રાવતીજીને આલિંગન અને ચુંબન અર્પતાં* ૨૫૯
*વ્હાલાજી પુનઃ રમત આદરે છે. બન્નેની દિવ્ય જોડી જાણે એક જ અંગ હોય એમ દીસે છે. શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, હે વ્હાલાજી! હવે, આપ અમારી સૌની સાથે આ અલૌકિક પ્રેમલીલા સદૈવ કરતા રહો. પ્રિયતમ સૌની એ પ્રેમમયી ચાહના પૂર્ણ કરે છે.*

૪૪ **સખી સખી પ્રત્યે શ્યામ :** *વ્હાલાજી સાથે રમવાથી શ્રી* ૨૬૧
*ઈંદ્રાવતીજીની અને સૌ સખીઓના હૈયાની હામ ભાગી! એ સમયના આનંદની વાત કાં તો એ આનંદ આપનાર પ્રાણવલ્લભ જાણે કાં તો એને માણવાવાળી અમારી આત્મા જાણે. રમત રમીને સૌ યમુના તટ પધારે છે.*

૪૫ **અણી હાંરે ઝીલણ રંગ સોહાંમણાં :** *શ્રી ઈન્દ્રાવતીજી* ૨૬૩
*જમુનાજળમાં ઝીલણાંની રમત માટે પ્રસ્તાવ મૂકે છે. પ્રથમવાર સૌ સખીઓ કિનારા તરફ દોડે છે તો બીજીવાર સૌ અલગઅલગ જૂથોમાં વહેંચાઈ જાય છે. જળના છાંટાથી સર્જાયેલ અંધકારમાં શ્રી ઈન્દ્રાવતીજી સમયસૂચકતા વાપરી વ્હાલાજી સાથે રમી હૈડાની ચાહના પૂર્ણ કરી લે છે. સુંદરસાથના પ્રસ્વેદભીનાં વસ્ત્રો પર બિરાજી વ્હાલાજી પોતાનો પ્રેમ વ્યક્ત કરે છે.*

૪૬ **ફરતન ફેર બાજોઠીયા :** *ભોજનલીલામાં સૌ સુંદરસાથ શ્રી* ૨૬૯
*ઠકુરાણીજી તથા શ્રી વ્હાલાજીને મન ભાવન ભોજન આરોગાવે છે. શ્રી પ્રાણનાથજી સ્વહસ્તે શ્રી ઈન્દ્રાવતીજીના મુખમાં કોળિયો મૂકે છે અને પીરસનાર સુંદરસાથને પણ પરિતૃપ્ત કરે છે. એવામાં શ્રી ઈન્દ્રાવતીજીને અંતર્ધ્યાનલીલાની યાદ આવી જાય છે!*



D:\Pranam/Chitvani/9

૪૭ **રમત વિરહસ્મૃતિની...વાલા વાલમજી મારા :** *સખીઓને* ૨૭૪
*વ્હાલાજીના અંતર્ધ્યાન થવાના વેદનાપૂર્ણ પ્રસંગની યાદ આવતાં વ્હાલાજી સાથે 'દ્વિતીય ઉથલા' સંવાદ થાય છે. શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, "હે વ્હાલાજી! હવે, જ્યાં અમને તમારો વિરહ કદાપિ ન થાય, તે ઘેર લઈ ચાલો." અતઃ અક્ષરાતીતની આવેશશક્તિ તથા બ્રહ્માત્માઓની સૂરતાઓ પોતાના મૂળસ્વરૂપમાં અને અક્ષરબ્રહ્મ પોતાના ધામમાં જાગૃત થયા.*

**શ્રી રાસ શબ્દ સૂચી** ૨૯૨

# શ્રી રાસવાણી : અવતરણ પરિચય

'શ્રી કુલજમ સ્વરૂપ' એ અક્ષરાતીત સત્-ચિદ્-આનંદ પારબ્રહ્મનું જ્ઞાનમયી દિવ્યશરીર છે, રસ-રાજ શ્રી રાજજીનું 'વાઙ્મય સ્વરૂપ' છે. સંવત ૧૭૧૫ થી ૧૭૪૮ દરમ્યાનના લગભગ ૩૩ વર્ષના ગાળામાં અવતરેલ આ અખંડવાણીના કુલ ૧૭ ઉપગ્રંથોમાંનો સર્વપ્રથમ દિવ્ય ગ્રંથ તે 'શ્રી રાસ' છે. મોહમાયાના વાસ્તવિક સ્વરૂપને સમજી લઈ, પારબ્રહ્મ ધણીની ઓળખાણ કરી તથા શ્રી રાસલીલાની રસિકતાનો અહેસાસ કરીને શ્રી અક્ષરાતીત નિજધામનાં અખંડ સુખોનો રસ લેવા માટે તે પ્રથમ સોપાન છે. આત્મ-જાગૃતિના માર્ગે આધારસ્તંભ સમાન હોવાથી તેને શ્રી ધણીજીના સ્વરૂપનું 'ચરણ' અંગ પણ મનાય છે.

'શ્રી રાસ'ની દિવ્ય વાણી મુખ્યત્વે સંવત ૧૭૧૪-૧૭૧૫માં આવિર્ભૂત થયેલી છે. તેમાં કુલ ૪૭ પ્રકરણ અને કુલ ૯૧૩ ચોપાઈઓનો સમાવેશ છે. તેમાં પોતાની આનંદ સ્વરૂપા બ્રહ્માત્માઓની સૂરતાને વર્તમાન 'જાગણી'બ્રહ્માંડમાં ઉતારતાં પૂર્વે પારબ્રહ્મ ધામદુલ્હાએ રચેલી વ્રજ તથા મહારાસની મુખ્ય મુખ્ય લીલાઓનું અજોડ નિરૂપણ છે. વાસ્તવમાં તો તેમાં અખંડ પરમધામની લીલાઓનું પ્રતિબિંબ ઝીલાયું છે, જે પારબ્રહ્મના સત્અંગ અક્ષરબ્રહ્મની ઈચ્છાપૂર્તિ કાજે રચવામાં આવી હતી. પરંતુ સૌથી મહત્વની બાબત તો એ છે કે શ્રી રાસવાણી દ્વારા અક્ષરાતીત ધામદુલ્હા વ્રજ અને રાસલીલાની રામતોનાં સુખો નિજધામની આત્માઓ માટે વર્તમાન જાગણીલીલામાં લાવ્યા છે!

અક્ષરાતીત પારબ્રહ્મે પોતાનાં આનંદઅંગ શ્રી શ્યામાજી તથા બ્રહ્માત્માઓ અને સત્-અંગ અક્ષરબ્રહ્મની આત્મશક્તિ તથા તેમની સુરતાઓ સહિત કરેલી દિવ્ય રાસલીલાનું તેમાં વર્ણન છે. આ રાસલીલા આ કાળમાયાના બ્રહ્માંડમાં નહીં, પણ અક્ષરબ્રહ્મના બુધ્ધિપાદ 'કેવલબ્રહ્મ'ના ધામમાં નવ-નિર્મિત નિત્ય-વૃંદાવનમાં, જેને 'આનંદ યોગમાયા' કહેવાય છે, ત્યાં રમાઈ હતી. યોગમાયાના બ્રહ્માંડમાં જઈને



D:\Pranam/Chitvani/10

'શ્રી કૃષ્ણ' નામથી મહારાસ લીલા કરનાર પારબ્રહ્મે જ સ્વયં શ્રી મિહિરરાજજી (મેહેરાજજી)ના તનમાં બિરાજમાન થઈને આ જાગણીના બ્રહ્માંડમાં આપણા સૌના સુખ કાજે આ વર્ણન કર્યું છે! તેથી જ શ્રી યુગલસ્વરૂપ પારબ્રહ્મ તથા બ્રહ્માત્માસ્વરૂપ સખીઓના દિવ્ય શૃંગાર તથા રાસની વિવિધ રામતોનું જેવું પ્રત્યક્ષ વર્ણન શ્રી કુલજમ સ્વરૂપમાં છે, તેવું સંસારના કોઈપણ ગ્રંથમાં ઉપલબ્ધ નથી!

જાહેરી રૂપમાં શ્રી રાસવાણીનું અવતરણ પોતાના સત્ગુરુ ધણી શ્રી દેવચંદ્રજીના વિરહમાં, તથા બાતુની દ્રષ્ટિએ પરમધામ સ્થિત મૂળસ્વરૂપના વિરહમાં અવતરિત થયેલ છે. શ્રી મિહિરરાજજીના તનમાં પરમધામની 'શ્રી ઈન્દ્રાવતી'ની આત્મા બિરાજમાન હતી. તેની અનન્ય પ્રેમપૂર્ણ રહેણી, અજોડ નિષ્ઠા, સર્વસ્વ સમર્પણની ભાવના, સદ્ગુરુ-સેવાભાવ તથા મૂળધામની નિસ્બત અને ધામધણીજીની અપાર અનુકંપાથી તેને થયેલ સાક્ષાત્કારની આ ફળશ્રુતિ છે. જેનું દિલ અક્ષરાતીત પારબ્રહ્મનું હ્રદય-ધામ બની ગયું હોય એવી નિર્મળ આત્મા જ એકરસ, વાહેદતમય સ્થિતિ કે 'હાલ'માં અખંડ રાસની લીલાઓમાં આત્મા-સ્વરૂપે સ્થિત થઈ, તે સર્વે રામતો રમીને પુનઃ તેનું સચોટ વર્ણન પણ કરી શકે.

શ્રી મુખવાણીનું સર્વપ્રથમ મંગલમયી અવતરણ સંવત ૧૭૧૫માં નવતનપુરી (જામનગર) સ્થિત હબ્સામાં શ્રી રાસ ગ્રંથના છઠ્ઠા પ્રકરણમાં વર્ણવાયેલ શ્રી શ્યામાજીના શૃંગાર *"અખંડ સ્વરૂપની અસ્થિર આકારે"*થી થયું હોવાનું મનાય છે, જ્યાં શ્રી મિહિરાજજી (શ્રીજી) લગભગ બાર મહિના સુધી નજરકેદ રહ્યા હતા. શ્રી વીતક સાહેબના પ્રકરણ ૧૭/૫૩માં કહ્યું છે કે : *અંજીલ કિતાબ ઈન સમેં, ઉતરી કહી ફિરકાન । હબ્સે કે પાતસાહ પર, એ બડા લિખા નિસાન ॥* અર્થાત્, આ સમયે જે શ્રીરાસવાણી (ઇંજિલ કિતાબ) અવતરિત થઈ, તેનાથી કુરાનમાં દર્શાવેલ સૌથી મોટી એ નિશાની સત્ય સિધ્ધ થઈ કે જ્યારે અલ્લાહતાલા હબ્સામાં પ્રવેશ કરશે ત્યારે આકાશમાંથી સાકરની ઈંટો પડશે, અર્થાત્ તેમના થકી આ અખંડવાણી અવતરશે. તેને અર્શ પરમધામની આત્માઓ હશે તે

ચૂસસે. આ દિવ્ય પ્રસંગનો સંકેત શ્રીજીએ કુરાનની આ ઘટનામાં જોયો છે : ઈસ્લામના પ્રારંભિક તબક્કામાં જ્યારે મહંમદ સાહેબે સ્થાનીય કુરેશીઓને મૂર્તિપૂજા (બૂતપરસ્તી) ન કરવા બાબતે આદેશ કર્યો, ત્યારે તે તેમને ના ગમ્યું. તેથી તેઓ નવા-નવા મુસલમાન અનુયાયીઓની કનડગત કરવા લાગ્યા. કનડગતની ચરમસીમાએ તેમણે લગભગ ૩૦૦ જેટલા અનુયાયીઓને હબ્સા પ્રદેશ તરફ હિજરત કરાવવી પડી. પરંતુ મહંમદ સાહેબે પોતે તેમની સૌની સાથે હિજરત નહોતી કરી. કહેવાય છે કે હબસાનો બાદશાહ ખ્રિસ્તી હતો તથા તે ખુબજ ન્યાયી હતો. તેથી તેણે પોતાને શરણે આવેલા મુસલમાનોને સુરક્ષા બક્ષી હતી. આ પ્રસંગના અનુસંધાનમાં અહીં ગુરૂપુત્ર બિહારીજી અને તેમના સાગરિતો પેલા કુરેશીઓ (કનડગત કરનાર માયા)ના પ્રતીક છે. તેમનાથી શ્રીજીનું સેવા-સમર્પણ સહન નથી થતું અને ત્યાંના રાજા સમક્ષ તેઓ તેમની વિરુદ્ધ ખોટી ભંભેરણી કરે છે. શ્રીજીને 'હબસાના દયાળુ પાતશાહ' કહ્યા છે, જેમણે પોતાની જાતને કષ્ટ આપી પોતાના સુંદરસાથને માયા રૂપી દુશ્મનથી બચાવ્યા. વિના ગુન્હે પોતે નજરકેદમાં પુરાઈ રહ્યા અને અખંડ બ્રહ્મવાણીનો ખોરાક બક્ષિશ કરીને સૌ આત્માઓને માયા રૂપી દુશ્મનથી બચાવી લીધા. વાસ્તવમાં તો હબ્સા કેદ નહીં પણ એક એવું 'શાંત સુરક્ષિત સ્થાન' પુરવાર થયું કે જ્યાં શ્રી મિહિરાજજીને શ્રી યુગલસ્વરૂપનાં દર્શન પણ થયાં અને આત્માઓ માટે અખંડ વાણી રૂપી ખોરાક પણ તૈયાર થયો.

બિહારીજી દ્વારા થયેલ વ્યક્તિગત અન્યાય અને માનસિક કનડગતોથી શ્રી મિહિરાજજીની વ્યથાનો પાર નથી રહેતો. તેઓ પોતાનું અંતઃનિરીક્ષણ તો કરે જ છે, પણ સાથે સાથે શ્રી રાજજીને અરજી પણ કરે છે. તેમનું દિલ નિર્મળ 'નીર સાગર' બની રહે છે. આ દુઃખમાંથી તેમનામાં સદ્‌ગુરુ અને ધામધણીજી માટે અસહ્ય વિરહભાવ જાગ્રત થાય છે. તે કહે છે કે હે ધણી! મને પ્રાપ્ત દુઃખો તો કાંઈ જ નથી, પણ હવે તમે મારી સમક્ષ પ્રગટ નથી થતા તેનું મને મોટું દુઃખ છે. તમારાં દર્શન વિના મારા



D:\Pranam/Chitvani/11

આ દેહનું ટકી રહેવું હવે સંભવ નથી. વિરહની ચરમસીમાએ બેહોશીની હાલતમાં તેમના શ્વાસ પણ સ્થગિત થઈ ગયા. તુરંત જ તેમણે યુગલ સ્વરૂપે નવ-જીવન બક્ષિશ કર્યું અને પોતાના દિવ્ય સ્વરૂપનાં દર્શન આપી 'તારતમ' વાર્તાલાપ કર્યો. આમ, અત્યંત દુઃખદાયી અનુભવોની શ્રૃંખલા અખંડ આનંદમાં પરિણમી. જેથી હબસામાં પ્રવેશ કરનાર મિહિરાજજી હવે પોતાના હૃદયમાં શ્રી યુગલ સ્વરૂપને બેસાડી તથા તેમની દિવ્ય શક્તિઓ સહિત બહાર નીકળે છે. એક આત્માનો દુઃખનો અનુભવ સમસ્ત બ્રહ્માંડના અખંડ સુખ માટે નિમિત્ત બને છે. હવે તે દિવ્ય દૃષ્ટિ સાથે, પૂર્ણતઃ નમ્રતાભાવ પૂર્વક જાગણી સેવા કાજે નીકળી પડે છે.

પ્રથમ પાંચ પ્રકરણો સંવત ૧૭૨૪માં દીવબંદરમાં જયરામભાઈ કંસારા નામના સુંદરસાથની જાગણી નિમિત્તે તથા સૌની આત્મ-જાગૃતિ હેતુસર અવતરિત થયાં મનાય છે. માયાથી, અર્થાત્ પંચભૌતિક દેહવૃત્તિથી, ઉપર ઉઠીને જ અખંડ રાસલીલાનો વાસ્તવિક આનંદ લઈ શકાય તેથી માયા સબંધિત આ પાંચ પ્રકરણોને સૌ પ્રથમ મુકવામાં આવ્યાં છે. શ્રી મિહિરાજજીને અહીં હબ્સામાં અખંડ વાણીનો પ્રબોધ થવાથી તે સ્થાનને 'પ્રબોધપુરી' પણ કહેવાય છે. આ વાણી જેમ જેમ અવતરિત થતી હતી, તેમ તેમ તેમના બંને ભાઈઓ - શ્રી શામલિયા ઠાકુર તથા શ્રી ઉધ્ધવ ઠાકુર - તેને દિવાલો પર લખી બાદમાં તેને પુસ્તકના રૂપમાં લિપિબદ્ધ કરી લેતા. પ્રકરણ-૧૧થી૪૭માં વિવિધ પ્રકારની ૩૭ રાસ રામતોનું આબેહૂબ વર્ણન છે. તેમાંની કેટલીક રામતોનું અવતરણ શ્રીજીની જાગણીયાત્રા દરમ્યાન મેરતા (રાજસ્થાન)માં થયું હોવાનું મનાય છે. શ્રી રાસ વાણીની સાથે સાથે હબ્સા મધ્યે શ્રી પ્રકાશ અને શ્રી ખટરુતી ગ્રંથ પણ અવતર્યા.

શ્રી રાજજી મહારાજના આવેશ દ્વારા હબ્સામાં થતી રાસની આ રામતોના દિવ્ય પ્રકાશને જામનગરના રાજાની રાણીઓએ અનુભવ્યો! રાણીઓએ તો તુરત જ વજીરને બોલાવી પોતાની વાત નિશ્ચયપૂર્વક રજૂ કરી. તેમણે વજીરને કહ્યું, ''શ્રી મહેરાજજીમાં તો કોઈક અલૌકિક

દિવ્યશક્તિ બિરાજમાન થઈ કાર્ય કરી રહી છે! તે કદીયે ગુન્હેગાર હોઇ જ ના શકે! તેમને તો આ સજામાંથી ત્વરિત મુક્ત કરી દેવા જોઇએ! આ તો ઘોર અન્યાય કહેવાય! એક તો તેમનું ઘર લૂંટી લીધું અને પાછા નજરકેદ પણ કરી રાખ્યા છે! જાઓ, તેમને મુક્ત કરો, દિલાસો આપો અને શિરપાવ આપી માનભેર વિદાય આપો!'' વજીરે તુરત જ રાજા સાથે વિચારવિમર્શ કર્યો અને પોતાની ભૂલના પશ્ચાત્તાપ રૂપે રાજાએ શ્રીજીને માનભેર મુક્ત કર્યા. કહેવાય છે કે રાજાએ પોતાના કુલ રાજ્યનો અમુક હિસ્સો તેમને બક્ષિસમાં આપવા કહ્યું હતું. પરંતુ શ્રીજીને તો માત્ર પોતાને પ્રાપ્ત થયેલી અખંડ બક્ષિસની જ પરવાહ હતી. તેથી તેમણે તો માત્ર શ્રી રાસ, શ્રી પ્રકાશ, અને શ્રી ખટરુતી - આ ત્રણ વાણીરૂપી અખંડ બક્ષિસોને માથે ચઢાવીને કોઈપણ પ્રકારની સાંસારિક અપેક્ષા વિના ત્યાંથી ત્વરિત વિદાય લઈ લીધી!

પ્રણામજી.



## શ્રી રાસલીલામાં 'જાગણીરાસ'નું પથદર્શન

સુંદરસાથજી! આપણા અક્ષરાતીત ધામધણીજીના સત્-અંગ અક્ષરબ્રહ્મ, જે નિજધામની આનંદલીલાના અધિકારી નથી, તેમને ધામલીલાની રસાનુભૂતિ કરાવવા માટે તથા આપણ બ્રહ્માત્માઓને ધણીજીના ઈશ્કની વિશેષ અનુભૂતિ કરાવવા માટે તેમણે આપણને રાસલીલામાં ગોપીસ્વરૂપે રમાડયાં છે. રાસ રમી આપણ સૌ બ્રહ્માત્માઓ, શ્રી શ્યામાજી તથા શ્રી રાજજી પોતાના નિજધામ - પરમધામ વિશે પધાર્યાં. આપણ બ્રહ્માત્માઓનો માયા જોવાનો મનોરથ અપૂર્ણ રહી જતાં, વળી પાછા આ ત્રીજા જાગણી બ્રહ્માંડમાં સૌનું આવવાનું થયું. આત્મ-જાગૃતિ માટે શ્રી કુલજમ સ્વરૂપ રૂપી બ્રહ્મજ્ઞાન અવતર્યું. વર્તમાન જાગણીલીલામાં આપણે તારતમજ્ઞાન અંગીકાર કરી 'સુંદરસાથ' હોવાની વિશેષ શોભા પ્રાપ્ત કરી છે. તો હવે આપણે આપણી આત્માને રાસલીલામાં સામેલ હોવાનો અનુભવ કરીશું તો જ શ્રી રાસવાણીના પઠનનો અપેક્ષિત રસાનંદ મળશે. એક જિજ્ઞાસુ તરીકે પણ આપે 'આત્મ-ગોપી સ્વરૂપ' તો બનવું જ પડશે! જો આ પ્રકારની માનસિક ભૂમિકા બંધાય તો જ આ 'કુલજમીય' રાસલીલાનું હાર્દ સમજી તેના દિવ્ય રસનો લ્હાવો લઈ શકાય

વ્રજલીલામાં તો આપણ સૌ બ્રહ્માત્મા સુંદરસાથે ગોપી સ્વરૂપે *''કામ કરતાં અતિ ઘણાં, પણ ખિન નવ છોડ્યો નેહ''* અને *''રાત-દિવસ વ્હાલાજીની વાતો, બીજો ચિત્તમાં નથી ઉચ્ચાર''* આ પ્રકારની શુદ્ધ પ્રેમ-સેવા કરી બતાવી. પ્રેમ-સેવાના આ ફળ સ્વરૂપે જ આપણે યોગમાયાના અખંડ બ્રહ્માંડમાં થયેલ બંસીનાદ સાંભળી શક્યા! એટલું જ નહિ, *''તતખિણ વેણ સાંભળતાં વલ્લભની, ખિણ નવ લાગી વાર''* એવા દૃઢ નિશ્ચયાત્મક પગલાં ભરી, ભવસાગરને *'ગૌવત્સ-પદ'* સમજી પાર કરી ગયાં! આપણ સૌનાં કાલમાયિક બંધનો પિયા વિરહના અગ્નિમાં સ્વતઃ ભસ્મીભૂત થઈ ગયાં! આમ, આત્મ-સૂરતાઓ યોગમાયામાં પ્રતિષ્ઠિત થઈ ગઈ! બરાબર એજ રીતનું અનુકરણ કરી, રહેણીમાં શુદ્ધ પ્રેમપૂર્ણ

D:\Pranam/Chivani/12

સેવાભાવ લાવી, હૃદયમાં વિરહાગ્નિ પ્રગટાવી, જાગણી રાસલીલામાં તન્મય બની, હવે આપણે સૌએ સાથે મળીને એક મોટી છલાંગ મારીને પરમધામમાં મૂળ સ્વરૂપ વિશે જાગ્રત થવાનું છે.

કાલમાયાના શૃંગારનો ત્યાગ કરીને યોગમાયાના શૃંગાર સજ્યા વિના આપણે સખીઓ રાસલીલામાં પ્રવેશી શક્યાં નહિ અને તેનો રસાનંદ પણ માણી શક્યાં નહિ. બરાબર એ જ રીતે વર્તમાન જાગણીલીલામાં રૂહ-આત્મની રહેણીના શૃંગાર સજ્યા વિના પરમધામમાં પ્રવેશી શકાય નહિ. રાસલીલાની અનુભૂતિ તથા તેનું જાગણીલક્ષી ચિતવન જ નિજધામમાં પ્રવેશ માટેનું પ્રથમ સોપાન બની રહેશે.

કાલમાયાના પ્રલયાધીન અર્થાત્, સમયને આધીન, એવા આ બ્રહ્માંડથી પરે કાલાતીત એવા અખંડ યોગમાયાના બ્રહ્માંડમાં પ્રવેશતી વેળા પિયાજીએ આપણ બ્રહ્માત્માઓને ઉથલાવચનો કહ્યાં. તે વચનો સાંભળી, તેમને હૃદયપૂર્વક ગ્રહણ કરી આપણે વાલાજીને જાગૃતિપૂર્ણ સચોટ પ્રત્યુત્તર પણ આપ્યા હતા, તે યાદ કરો. જો કે તારતમજ્ઞાનના પ્રકાશમાં તો આત્માઓની તે સ્થિતિ અર્ધ-જાગૃતાવસ્થાની જ હતી! સૌ સખીઓને વાલાજીનું આકર્ષણ તો થયું; પરંતુ, નિજધામની સ્મૃતિ આવી નહિ! તેથી, સૌ વૃંદાવનમાં રાસલીલા રમવામાં મગ્ન બની ગયાં. બરાબર એજ પ્રમાણે આપણે શ્રીમુખ 'કુલજમ' વાણીને હૃદયસ્થ કરી, વાલાજીને કરેલા વાયદા વચન (કૌલ) નિભાવી, અખંડ આનંદમય પરમધામમાં પ્રવેશવાનું છે.

સુંદરસાથજી! રાસની હાથતાળીની રામતને જાગણી લીલાના સંદર્ભમાં પણ ગ્રહણ કરીએ. આ ખેલમાં પણ વાલાજી આપણને હાથતાળી આપી ફેરવી રહ્યા છે, પણ આપણે તો વાલાજીનો હાથ બરાબર ઝાલી રાખવાનો છે. એ બાબતનું ધ્યાન સતત રાખીએ. વૃંદાવનમાં વાલાજીએ ધારણ કરેલ બંસરી *"મોહોવડ લીલા, મધ્ય લાલ, છેડે આસમાની રંગ સોહાય"*ની યાદ શ્રી કુલજમ સ્વરૂપની વાણીરૂપી બંસરીનું ચિતવન કરાવનાર છે. વૃંદાવનમાં લીલાંછમ વનમાં શ્રી શ્યામાજી તથા સખીઓના શૃંગારની લાલિમા જોતાં વાલાજીમાં દિવ્યપ્રેમનો દરિયો



D:\Pranam/Chitvani/13

ઉભરાઈ આવ્યો. વર્તમાન જાગણીબ્રહ્માંડમાં સંપૂર્ણ શ્રી મુખવાણીરૂપી બંસરી આપણને પરમધામના દધિસાગરની હરિયાળા રંગની શીતળતા, રૂહોંની શોભાના નીરસાગરની લાલિમા તથા આસમાની રંગના ઈશ્કસ્વરૂપ ઘૃતસાગરની લજ્જત અનુભવવા પ્રેરે છે.

સુંદરસાથજી! રાસલીલામાં આત્મા પોતાના પ્રિયતમ સાથે કેવો ત્રિવિધ આનંદ લે છે, તે જુઓ!*"અમૃત પિજે ને ચુંબન દીજે, કંઠડે વાલાને વલૈયે રે ।"* બરાબર એવી જ રીતે વર્તમાન જાગણીલીલામાં પણ શ્રી મુખવાણીના અમૃતમય વચનોનું પાન કરતાં કરતાં *(અમૃત પીતાં)*, એ વચનો પર પૂર્ણ ઈમાન લાવી *(ચુંબન દેતાં)*, ધામ અને ધણીના ચિતવનમાં રંગમોહોલની આનંદમયી લીલામાં મગ્ન રહી *(કંઠડે વાલાને વળગી રહેતાં)* – જાગણી રાસલીલા અને પરમધામના એ અખંડ આનંદની અનુભૂતિ કરીએ. શ્રી કુલજમ સ્વરૂપમાં 'રાસ' શબ્દ લગભગ ૨૧૨ વખત આવે છે. તે પૈકી, ૧૮૩ વખત 'રાસ' શબ્દનો પ્રયોગ શ્રી રાસલીલાના સંદર્ભમાં તથા ૨૯ વખત 'જાગણી'લીલાના સંદર્ભમાં થયેલ છે, જે નોંધપાત્ર છે. સેવાપૂજામાં સંધ્યા સમયે ગવાતી *"શ્રી પ્રાણનાથ મન ભાયે"* ગૌરીમાં *"શ્રી ઠકુરાણીજી સાથ સકલ મિલિ જાગણી રાસ ખેલાયે"* તથા નવખંડ આરતીમાં *"શ્રી બુધજીકી જ્યોતેં કિયો પ્રકાશ, ત્રિલોકીકો તિમર કિયો નાસ । લીલા ખેલે અખંડ (જાગણી) રાસ વિલાસ, ભઈ નઈ રે નવોં ખંડો આરતી ॥* દ્વારા પણ જાગણીરાસનું માહાત્મ્ય સમજાવ્યું છે. આ રીતે, શ્રી રાસવાણીના મંથન દ્વારા *"સુખ વિલાસ માંહે નિત્ય વૃંદાવન"* એ સંપ્રદાય પધ્ધતિના કથનનું રૂપાંતર "જાગણીરાસ"માં થતું સ્પષ્ટ અનુભવી શકાય છે.

'રસ સાગર' ગ્રંથ*(ચોપાઈ : ૧૪૭-૧૭૫)*માં શ્રી નવરંગ સ્વામી પોતાના 'રસિક જીવન' શ્રી રાજજીનાં શ્રી ચરણોમાં અરજી કરે છે કે **હે પ્રિયતમ! મહારાસલીલામાં આપશ્રીના સાન્નિધ્યથી અમને જેવો પ્રેમ મળતો રહેતો હતો તેવો જ પ્રેમ અને તેવા જ સાન્નિધ્યનું સુખ અમને સૌ સુંદરસાથને વર્તમાન જાગણીરાસ લીલામાં આપો!** અરજી

કરતાં નવરંગની આત્મા આગળ કહે છે કે :

**"બ્રહ્મસૃષ્ટિની રહેણીની વિધિ સમજ્યા વિના તેના પર આચરણ કઠિન છે, અને સમજ્યા બાદ પણ જો નિષ્ઠા ના હોય તો તેને ભોગ વિલાસ જ સારો લાગે છે. સત્ય આચરણ અને નિષ્ઠા ધારણ કર્યા પછી પણ પ્રિયતમ પ્રત્યેના પ્રેમ વિના તે પ્રેમ દૃષ્ટિમાં આવતો નથી. એ પ્રેમ પિયુજીના હાથમાં છે. જ્યારે પ્રિયતમ નજીક હોય ત્યારે જ નિષ્ઠા આદિ સાધનો સિધ્ધ થાય છે, અને ત્યારે જ પ્રેમવિલાસ દૃષ્ટિએ આવે છે."**

**"હે ધણી! આપે સુંદરસાથનું સાતત્ય સ્વીકાર્યું છે તો આપ હવે અમારી નિકટમાં પધારો. તો જ વ્રજ અને રાસની લીલા ફરી વાર શરૂ થાય, અને તો જ અમને આપનો સાક્ષાત્કાર થઈ શકે. ધામ, વ્રજ, રાસ અને ચોથી જાગણી લીલા — એ બધી લીલાઓમાં જ્યારે આપ પ્રિયતમ પોતે અમારી સાથે હતા ત્યારે જ આનંદ આવ્યો હતો."**

**"હે ધણી! વ્રજ અને રાસલીલામાં તો બ્રહ્મસૃષ્ટિમાં કાંઈ બળ ન હતું. એ બધી લીલામાં આપ પ્રિયતમનું જ બળ હતું. જાગણીરાસના આ ત્રીજા ફેરામાં પણ સુંદરસાથની એવી જ ગતિ થઈ છે. હે પ્રિયતમ! જેવી રીતે વ્રજરાસમાં આપે અમને પ્રેમ આપ્યો હતો તેવી જ રીતે હવે સુંદરસાથને પ્રેમની બક્ષિસ કરો અને અમારી સાથે રંગવિલાસ પૂર્વક વિશેષ જાગણીરાસલીલા કરો."**

**"હે પિયુજી! આપ પ્રગટ થઈને સુંદરસાથને પ્રેમ આપી એવી જાગણી કરો કે જેને ઈશ્વર, વિષ્ણુ અને શિવજી પણ જોયા કરે! હે પ્રિયતમ! તમે રાસલીલા દરમ્યાન જેવી નટવરસ્વરૂપે લીલા કરી હતી, તેવી જ રીતે અમારી સાથે જાગણીરાસલીલા કરો."**

**"હે રસિક જીવન શ્રી રાજજી! સુંદરસાથને પ્રેમ આપીને પૂર્ણ જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવો, અને તે દ્વારા જાગણીરાસ ખેલીને સૌને**



D:\Pranam/Chivani/14

**જાગ્રત કરો. સૌ સુંદરસાથના દિલમાં બિરાજી તેમની સાથે રાસક્રીડા કરો જેથી ઘેર ઘેર આપનાં મંગલ ગાન થતાં રહે, અમારી સૂરતા જાગ્રત થઈ પિંડ-બ્રહ્માંડને ભેદીને મૂલમિલાવામાં સ્થિર થાય, અમે અખંડ લીલાને અનુરૂપ દિવ્ય શૃંગાર સજી જમુનાજીમાં ઝીલણાં કરી શકીએ અને પુનઃ મૂલમિલાવામાં એ જ હાસ્યરસના રંગમાં તરબોળ થઈ જઇએ."**

વ્હાલા સુંદરસાથજી! જાગણીરાસ રમવાનો આ પ્રકારનો ભાવ લઈ તન, મન, જીવ અને આત્માથી શ્રી રાસલીલાનું રસપાન કરીએ. પ્રત્યેક રામતનો રસ ત્યારે જ પૂર્ણ રીતે લીધો કહેવાય જ્યારે તેનું મંથન કરતાં કરતાં કે તે રામત રમતાં રમતાં આપણી સૂરતા જાગણીલીલા અને પરમધામની લીલાઓનું અનુસંધાન થતું અનુભવે.

શ્રી અક્ષરાતીત પરમધામ મધ્યે મૂલમિલાવામાં બિરાજમાન શ્રી ધામધણીજીના શ્રી ચરણોમાં એ નમ્ર અરજ કરીએ કે "હે વ્હાલાજી! અમ સખીઓની ભાવનાને માન આપીને મહારાસ લીલામાં આપશ્રીએ જેટલી સખીઓ હતી એટલાં તન ધારણ કરી - *એક પિયુને એક સખી* - એમ સૌને અતિ વિશેષ ઉમંગ તથા આનંદપૂર્વક રાસ રમાડ્યાં. પરમધામના માણેકપહાડના હિંડોળાની લીલામાં પણ આપશ્રી પ્રત્યેક સખી સાથે અલગ અલગ દેહ ધરી લીલા કરી અખંડ સુખ આપતા રહ્યા છો. હે ધણી! બસ એજ પ્રમાણે, વર્તમાન છઠ્ઠા દિવસની જાગણીલીલામાં પણ પ્રત્યેક સુંદરસાથજીના દિલમાં બિરાજમાન થઈ લીલા કરવાનું વચન આપશ્રીએ આપેલ છે. હવે, એ વચન મુજબ અમારી આત્મા જાગણીરાસનો રસ માણી શકે તે માટે સત્વરે ઉચિત ઉપાય કરો. એ જ અમારી અંતરાભિલાષા અને મંગલ કામના છે."

પ્રણામજી.

## શ્રી રાસલીલાનો મૂળ ઉદ્દેશ્ય તથા
## બ્રહ્મલીલાનાં રહસ્યોનો ખુલાસો

શ્રી રાસ ગ્રંથમાં નિરૂપાયેલ રાસલીલાઓમાં અખંડ પરમધામની લીલાઓનું પ્રતિબિંબ ઝીલાયું છે, જે અક્ષરાતીત પારબ્રહ્મના સત્-અંગ અક્ષરબ્રહ્મની ઈચ્છાપૂર્તિ કાજે રચવામાં આવી હતી[1]. અતઃ અક્ષરબ્રહ્મને પરમધામની વાહેદત[2]ના આનંદની અનુભૂતિ કરાવવા માટે ૧૨,૦૦૦ બ્રહ્મસૃષ્ટિ આત્માઓના તનમાં ૨૪,૦૦૦ અક્ષરબ્રહ્મની સુરતા સ્વરૂપ ઈશ્વરીસૃષ્ટિ (એક-એક સખી સાથે બે-બે અક્ષરની સુરતાઓ) બિરાજમાન થઈ અને મહારાસલીલાનો રસ માણ્યો. શ્રી કૃષ્ણજીના તનમાં પણ અક્ષરબ્રહ્મની આત્મા શ્રી અક્ષરાતીત ધણીજીના જોશ સહિત લીલામાં જોડાઈ.

આમ, વિવિધ રાસલાલીઓ દ્વારા અક્ષરબ્રહ્મને શ્રી પરમધામની બંને પ્રકારની વાહેદતમય આનંદલીલાઓનું રસપાન કરાવ્યું. પરમધામના વિવિધ પક્ષોમાં થતી શ્રી રાજજી તથા ૧૨,૦૦૦ સખીઓ સાથેની સામુહિક લીલાઓનો રસ (રાસલીલા) તથા રંગ પરવાલી મંદિરમાં પ્રત્યેક સખી સાથે શ્રી રાજજીના ૧૨,૦૦૦ સ્વરૂપની લીલાનો ('ભજનાનંદ' સ્વરૂપની મહારાસલીલાનો) અનુભવ કરાવ્યો. અક્ષરબ્રહ્મની આત્મ-સુરતાઓએ શ્રી રાજજીનાં ૧૨,૦૦૦ 'શ્રી કૃષ્ણ'રૂપમાં બિરાજી તથા બ્રહ્મસૃષ્ટિઓના 'ગોપી' સ્વરૂપમાં બેસી પરમધામની પ્રતિકાત્મક લીલા માણી.*''દૂસરી આરતી રાસ મેં આયે, અક્ષર મનોરથ પૂરણ કરાયે.''* મહારાસ લીલા દ્વારા અક્ષરબ્રહ્મના મનોરથ પૂર્ણ કરી હવે, શ્રીજી સાહેબજી 'શ્રીરાસવાણી' દ્વારા વર્તમાન જાગણી બ્રહ્માંડમાં તે લીલાની રસાત્મકતાનો અહેસાસ કરાવી આપણ સૌને શ્રી નિજધામનાં અખંડ

[1] *અક્ષરાતીત કે મોહોલ મેં, પ્રેમ ઈશક બરતત । સો સુધ અક્ષર કો નહિ, જો કિન વિધ કેલ કરત ॥* શ્રીમુખવાણી.

[2] *એકાત્મતા, એકદિલી, એક લક્ષ તથા વિચાર, વાણી અને વર્તનમાં એકતા આદિ 'વાહેદત'ના અર્થો થાય છે.*



સુખોમાં મહાલવા માટે વ્રજ તથા રાસલીલા સાથે અનુબંધ જોડી આપે છે.

ઉપરોક્ત મૂળસ્વરૂપ અક્ષરાતીત પારબ્રહ્મ તેમના આનંદઅંગ શ્રી શ્યામાજી તથા બ્રહ્માત્માઓ (રૂહો) વચ્ચે પરમધામમાં સદૈવ ઈશ્ક-રબ્દ (વિશુદ્ધપ્રેમનો પરિસંવાદ) થતો રહે છે. જ્યારે પારબ્રહ્મે રૂહોને પોતાના દિલનાં લાડ-પ્યાર દર્શાવવાનું ચિત્તમાં લીધું, ત્યારે અક્ષર તથા રૂહોના દિલમાં અનુક્રમે પરમધામની તથા અક્ષરની લીલાનો અનુભવ કરવાની વાત ઉપજી. આમ અક્ષર તથા રૂહોને પરસ્પરની લીલાનું જ્ઞાન કરાવવાના હેતુસર મૂળ સ્વરૂપે વ્રજ, રાસ તથા વર્તમાન જાગણીલીલા બતાવવાની વાત પોતાના દિલમાં લીધી. તે દર્શાવવા માટે તેમણે શ્રી શ્યામાજી તથા સૌ સખીઓને પરમધામ રંગમહોલની પ્રથમ ભોમની પાંચમી હવેલી, જે ગોલાકૃત છે, તેમાં પોતાના સન્મુખ બેસાડી તે સૌ પર તથા અક્ષરબ્રહ્મ પર 'ફરામોશી'નો પડદો કરી મૂળસ્વરૂપ શ્રી રાજજી જ આ લીલાઓનો અનુભવ કરાવી રહ્યા છે.

વ્હાલા સુંદરસાથજી! પરમધામમાં બિરાજમાન પારબ્રહ્મના ચિદ્‌ઘનસ્વરૂપને શ્રી રાજજી, આનંદ-અંગને શ્રી શ્યામાજી (બ્રહ્માત્માઓ સહિત) અને સત્-અંગને શ્રી અક્ષરબ્રહ્મ કહેવામાં આવેલ છે. વ્રજ તથા રાસલીલાઓમાં મૂળસ્વરૂપ શ્રી રાજજી મહારાજ અક્ષરની આત્મા સહિત શ્રી કૃષ્ણરૂપે, શ્રી શ્યામાજી રાધિકારૂપે, તથા બ્રહ્માત્માઓ ગોપીરૂપે અવતરેલ. સામાન્ય રીતે તારતમજ્ઞાનનાં ગૂઢ રહસ્યો સ્પષ્ટ ન થવાને કારણે અક્ષરાતીત પરમધામના મૂળસ્વરૂપ, જેને શ્રીમુખવાણીમાં 'શ્રી રાજ' તથા 'શ્રી પ્રાણનાથ' કહેવામાં આવ્યા છે, તેમને જ 'શ્રી કૃષ્ણ' કહી દેવાની ભૂલ સંપ્રદાયમાં પરંપરાગત ચાલતી આવે છે! વાસ્તવમાં વ્રજ તથા રાસનું શ્રી કૃષ્ણ સ્વરૂપ (અને અરબનું મહંમદ રસૂલ સ્વરૂપ), શ્રી દેવચંદ્રજીનું સ્વરૂપ અને શ્રી મહામતિજીનું સ્વરૂપ - આ ત્રણે સ્વરૂપો નિજ-મૂલ સ્વરૂપનાં અભિન્ન અંગ છે. બસરીમાં (શ્રી કૃષ્ણજી અને રસૂલ), મલકીમાં શ્રી દેવચંદ્રજી અને હકકીમાં શ્રી મહામતિજી. સમયાનુકૂલ જે સ્વરૂપથી જેટલું કાર્ય લેવાનું હતું એટલું મૂળ સ્વરૂપની



D:\Pranam/Chitvani/15

પ્રેરણાથી સંપન્ન થયું છે. અન્યથા, શ્રીમુખવાણીમાં, 'પ્રાણનાથ' તો આ તમામ સ્વરૂપોને કહેવામાં આવેલ છે. એટલું જ નહિ, મૂળ સ્વરૂપ સચ્ચિદાનંદ અક્ષરાતીતને પણ પ્રાણનાથ કહેવામાં આવ્યા છે. આમ 'પ્રાણનાથ' એ અક્ષરાતીતની શક્તિઓનો દ્યોતક છે. 'શ્રી કૃષ્ણ' તો માત્ર એ અક્ષરાતીત પ્રાણનાથજીએ ધારણ કરેલું વ્રજ તથા રાસ લીલાનું સ્વરૂપ છે, તો 'શ્રી દેવચંદ્રજી' અને 'શ્રી મિહિરાજજી' આ બંને જાગણીલીલાનાં સ્વરૂપો છે. આ ત્રણે સ્વરૂપો કુલજમીય આધ્યાત્મની દષ્ટિએ ઉત્તરોત્તર વૃદ્ધિ દર્શાવે છે.

સાથે સાથે, મહારાજા શ્રી છત્રસાલજી રચિત કહેવાતા સાહિત્યને શ્રીમુખવાણીની સાક્ષીઓ કરતાં પણ વધુ પ્રાધાન્ય આપી શ્યામાજીને જ રાધિકાજી કહી, શ્રીરાધાકૃષ્ણને પરમધામમાં અને પરમધામની નિજ-આનંદની લીલાને 'મહારાસ' કહી દેવામાં આવે છે! આ ભ્રમણાનું મુખ્ય કારણ વેદશાસ્ત્રોમાં પારબ્રહ્મને 'એક પરમાનંદ સ્વરૂપ' તથા તેમને જ 'શ્રી કૃષ્ણ' તથા 'રસ રાજ' પણ કહેવામાં આવ્યા છે, તે છે. વધુમાં, શાસ્ત્રોના કથન*''રસાનામ્ સમૂહઃ રાસઃ''* તથા *''રસોવૈ સહઃ''* ના આધારે 'મહારાસ' તથા 'શ્રી કૃષ્ણ'ને પરમધામમાં દર્શાવી દેવામાં એક સાંસ્કૃતિક સરળતા પણ રહે છે. પરંતુ, શ્રી તારતમવાણીના અવતરણ બાદ તો બ્રહ્મલીલાના ભેદોનું સ્પષ્ટીકરણ અને શાસ્ત્રોના ઉપરોક્ત કથનોની યથાર્થતા, સત્યતા તથા તેમના જ્ઞાનની મર્યાદા છતી થઈ જાય છે.

શ્રી મુખવાણી એ વાત પણ સ્પષ્ટ સમજાવે છે કે શ્રી રાસ ગ્રંથમાં વર્ણિત રાસ તથા મહારાસલીલા યોગમાયા[૧]ના બ્રહ્માંડમાં સંપન્ન થયા બાદ ત્યાં જ અખંડ થયેલ છે, પરમધામમાં નહિ! વધુમાં, આ યોગમાયાના બ્રહ્માંડનું સ્થાન તો કાલમાયા તથા પરમધામથી ભિન્ન છે, એ વાત પણ સ્પષ્ટ છે : *''ઘરથી તીત બ્રહ્માંડથી અળગો, તે તારતમે કીધો નિરધાર ।''*

*૧ યોગમાયા અક્ષરબ્રહ્મની એ અનંત લીલાશક્તિ છે, જે વિયોગમાં યોગ અને યોગમાં વિયોગની સ્થિતિ પેદા કરી શકવામાં સક્ષમ છે. આ યોગમાયાશક્તિ સંપૂર્ણ સૃષ્ટિને પોતાનામાં સમાવી લઈ તત્ક્ષણ તેને ઉત્પન્ન કરવાની અદ્ભુત ક્ષમતાવાળી છે! તે ત્રણ ભાગ નિંદ્રા અને એક ભાગ જાગ્રતાવસ્થાવાળી અર્થાત્, સ્વપ્ન-જાગૃતમય એવા*



D:\Pranam/Chivani/16

પરમધામના સ્વરૂપ તથા લીલાનું ઐશ્વર્ય યોગમાયાના સ્વરૂપ તથા લીલાના ઐશ્વર્ય કરતાં કરોડોગણું વિશેષ છે અને યોગમાયાનાં સ્વરૂપ તથા લીલાનું ઐશ્વર્ય કાળમાયા કરતાં કરોડોગણું વિશેષ છે એ વાત તો *'તારતમ પ્રણાલિકા' પણ સ્પષ્ટ કરી દે છે.* હવે, જાગણીલીલાના વર્તમાન તબક્કે 'મહામતિ'ની વાણી થકી ક્ષર, અક્ષર તથા અક્ષરાતીત વિષયક શક્તિ તથા શક્તિમાન વચ્ચેના ભેદો તથા લીલા રહસ્યો સ્પષ્ટ થઈ ગયા પછી આ

*મિશ્રિત સ્વભાવવાળી મનાય છે (પુ. સં. ૨૮/૩૭). પરંતુ યોગમાયાના શક્તિપ્રદેશમાં કાળમાયા જેવી 'માયા'નો અંશ લેશ માત્ર નથી હોતો. યોગમાયા તો માયા કહી, પર નેક ના માયા ઈત.*

*જ્યાં યોગમાયાની શક્તિ અખંડ પ્રવર્તમાન હોય છે, કે જ્યાં તે અવનવી સામગ્રીયુક્ત નિત્ય (અખંડ) લીલા તથા લીલાસ્થાન સર્જી શકે છે, તે દિવ્ય લીલાપ્રદેશને તારતમવાણીમાં સ્વતઃપ્રકાશિત, કાળમાયાના બ્રહ્માંડથી પરે અને પરમધામથી ભિન્ન દર્શાવ્યો છે. આને જ અક્ષરબ્રહ્મનો અંતઃકરણ પ્રદેશ અને એ જ યોગમાયાનું બ્રહ્માંડ પણ કહેવાય છે. તેમાં અવ્યાકૃતબ્રહ્મ મનનું સ્વરુપ છે તો સબલિકબ્રહ્મ ચિત્તનું; કેવલબ્રહ્મ બુદ્ધિનું (પૂર્ણઆનંદમયી રસયુક્ત) સ્વરુપ છે તો સત્-સ્વરુપબ્રહ્મ અહંકારનું સ્વરુપ છે. અવ્યાકૃત અને સબલિક એ 'ચિદાકાશ' કહેવાય છે તો કાલમાયા 'માયાકાશ' કહેવાય છે (પુ. સં. ૨૮/૬૦).*

*પુ. સં. ૨૮/૫૭, ૫૮માં કહ્યું છે કે જેમ પ્રકાશથી અંધકાર ઊડી જાય તેમ યોગમાયાની શક્તિના પ્રાદુર્ભાવથી કાર્યરૂપ કાળમાયા સમાપ્ત થઈ જાય છે. યોગમાયાના આ પ્રભાવથી કાળમાયાનો સ્વરુપતઃ નાશ નથી થતો પણ અર્થતઃ નાશ થતો હોય છે એવું પણ વિદ્વાનો માને છે. જેમ જાગ્રતાવસ્થા પ્રાપ્ત થતાં નિદ્રા ઊડી જાય, તેમ યોગમાયા આગળ કાલમાયા ઊડી જતી હોય છે.*

*અક્ષરબ્રહ્મ જ્યારે બુદ્ધિથી યોગમાયાજન્ય સ્વપ્ન(રાસલીલા) જોવા લાગ્યા ત્યારે કાળમાયા આપોઆપ લય પામી. વ્રજલીલા બાદ કાળમાયાનો લય આ રીતે થયો સમજવો તથા રાસલીલા સંપન્ન થઈ ત્યાર પછી યોગમાયા તિરોહિત થઈ, અર્થાત્ સૌ પોતાના મૂલ સ્વરૂપમાં જાગ્રત થયાં. પરમધામની શક્તિની ઉપસ્થિતિમાં યોગમાયા તિરોહિત થાય, અને યોગમાયાની શક્તિની ઉપસ્થિતિમાં કાળમાયાનો લય થાય. જેવી યોગમાયાની શક્તિ અક્ષરના અંતઃકરણમાં અને પરમધામની શક્તિ પરમધામમાં પોતપોતાને ઠેકાણે પહોંચી, તેવી જ કાળમાયા પુનઃ પ્રગટ થઈ. શ્રી કૃષ્ણ (ગોલોકી શક્તિયુક્ત) અને ગોપીઓ(વેદઋચાઓ) સ્વ-ઘેરથી સૂતાં ઊઠ્યાં. વેદઋચાઓ (જ્ઞાનશક્તિ સરસ્વતીના સંતાનરૂપ વેદો)ના નિમિત્તે થયેલ આ લીલાકાળને શાસ્ત્રોમાં 'સારસ્વતકલ્પ' પણ કહ્યો છે.*

પ્રકારની 'માનવમતિ'ની ભેળસેળ કરતા રહીશું તો ખીર તથા નીરનો જે નિવેડો થયો છે તે નિરર્થક થઈ રહેશે! 'કુલજમીય' દૃષ્ટિએ આ પ્રકારની વિચારધારા વિસંગત તથા એક પ્રકારના લૌકિક સમીકરણથી વિશેષ કાંઈ જ નથી! સત્ય હકીકત તો એ છે કે સંપૂર્ણ શ્રી કુલજમ સ્વરૂપ તથા શ્રી વિતક સાહેબમાં 'મૂળ સ્વરૂપ' અને ધામલીલાને ઉદ્દેશીને ક્યાંયે પણ આ પ્રકારનો ગૂંચવાડો જોવા નથી મળતો, જેવો વર્તમાન 'પ્રણામી' સાહિત્યમાં નજર આવે છે! આ વિષયે વિસ્તૃત સ્પષ્ટીકરણ માટે જિજ્ઞાસુ સુંદરસાથજીએ શ્રી નિજાનંદ આશ્રમ, વડોદરાથી પ્રકાશિત શ્રી વીતક સાહેબની ગુજરાતી ટીકાનાં પ્રારંભિક પ્રકરણો જોઈ લેવાં.

શ્રીમદ્ભાગવત મહાપુરાણ, જે શ્રી કૃષ્ણ પ્રેમલીલારસગ્રંથ છે, તેમાં પંચઅધ્યાયી *(અધ્યાય ૨૯ થી ૩૩)* ના રૂપમાં શ્રી શુકદેવ મુનીજીએ રાસલીલાનું સીમિત વર્ણન તો કર્યું જ છે, પરંતુ અખંડમુક્તિના ઈચ્છુક એવા રાજા પરીક્ષિતના અનુચિત સંદેહયુક્ત પ્રશ્નથી[1] *રાજા પરીક્ષિતને અખંડ રાસની વાત કહેતાં પહેલાં શુકદેવજીએ તેને સતર્ક કરી દીધેલ કે જ્યારે તેઓ અખંડ રાસલીલાનું વર્ણન કરી રહ્યા હોય ત્યારે તે વચ્ચે કોઈ પ્રશ્ન પૂછવાની ચેષ્ટા ન કરે. અન્યથા, તેમની સુરતા (ધ્યાન) તૂટી જશે. આ ચેતવણી છતાં, જેવા શુકદેવજી વર્ણન કરવા લાગ્યા, કે તુરત જ રાજા પરીક્ષિતથી રહેવાયું નહિ અને તેણે પ્રશ્ન પૂછી જ કાઢ્યો કે ધર્મની મર્યાદાઓનો ઉપદેશ કરવાવાળા તથા ધર્મની રક્ષા કરવાવાળા શ્રી કૃષ્ણ ભગવાનને પારકી સ્ત્રીઓના સંગ રૂપી 'અધર્મ'નો સહારો કેમ લીધો? તથા,*

[1] *રાજા પરીક્ષિતને અખંડ રાસની વાત કહેતાં પહેલાં શુકદેવજીએ તેને સતર્ક કરી દીધેલ કે જ્યારે તેઓ અખંડ રાસલીલાનું વર્ણન કરી રહ્યા હોય ત્યારે તે વચ્ચે કોઈ પ્રશ્ન પૂછવાની ચેષ્ટા ન કરે. અન્યથા, તેમની સુરતા (ધ્યાન) તૂટી જશે. આ ચેતવણી છતાં, જેવા શુકદેવજી વર્ણન કરવા લાગ્યા, કે તુરત જ રાજા પરીક્ષિતથી રહેવાયું નહિ અને તેણે પ્રશ્ન પૂછી જ કાઢ્યો કે ધર્મની મર્યાદાઓનો ઉપદેશ કરવાવાળા તથા ધર્મની રક્ષા કરવાવાળા શ્રી કૃષ્ણ ભગવાનને પારકી સ્ત્રીઓના સંગ રૂપી 'અધર્મ'નો સહારો કેમ લીધો? તથા, હે મુનિજી! જો આપ તેમના આ કર્મને અધર્મરૂપ ન માનતા હોય તો તેમના આ પ્રકારના નિંદાજનક કાર્યનો હેતુ શો હોઈ શકે તે સમજાવો. આપ મારા આ સંશયનું નિવારણ કરો. ત્યારબાદ, શુકદેવજીની સુરતા તૂટતાં રાસલીલાનું વર્ણન ન થઈ શક્યું. શ્રીમદ્ભાગવતઃ ૧૦/૩૩/૨૭,૨૮*



D:\Pranam/Chivani/17

*હે મુનિજી! જો આપ તેમના આ કર્મને અધર્મરૂપ ન માનતા હોય તો તેમના આ પ્રકારના નિંદાજનક કાર્યનો હેતુ શો હોઈ શકે તે સમજાવો. આપ મારા આ સંશયનું નિવારણ કરો. ત્યારબાદ, શુકદેવજીની સુરતા તૂટતાં રાસલીલાનું વર્ણન ન થઈ શક્યું. શ્રીમદ્ભાગવત : ૧૦/૩૩/૨૭, ૨૮*

શુકદેવજીમાં બિરાજીત અખંડશક્તિ - જોશ લુપ્ત થઈ ગયો હતો! તેથી તેઓ રાસલીલાનું વર્ણન કરી શકયા નહિ! શ્રી પ્રાણનાથજી દ્વારા પ્રકાશિત ક્ષર, અક્ષર અને અક્ષરાતીત વિષયક બ્રહ્મજ્ઞાનથી અપરિચિત વાચકને એ વાત જાણી આશ્ચર્ય થશે કે શ્રીમદ્ભાગવત્માં તો યોગમાયાની શક્તિ દ્વારા આ કાળમાયાના બ્રહ્માંડમાં થયેલ પ્રતિબિંબ રાસલીલાનું વર્ણન છે! પરંતુ વાસ્તવિક મહારાસલીલા, કે જે યોગમાયામાં સ્વયં પારબ્રહ્મ દ્વારા થઈ તે લીલાનું તેમાં વર્ણન નથી! હાલ, યોગમાયામાં અખંડ થયેલ વ્રજ તથા રાસલીલાઓમાં અક્ષરાતીત પારબ્રહ્મની કોઈપણ શક્તિ હાજર નથી કારણ કે આ તમામ શક્તિઓ અત્રે વર્તમાન જાગણી બ્રહ્માંડમાં અવતરેલ છે. આમ, શ્રી કુલજમ સ્વરૂપ નિહિત શ્રી રાસલીલા તથા તેના પાત્રો અને શ્રીમદ્ભાગવત્માં વર્ણિત લીલા વચ્ચેનો સંબંધ શ્રીમુખવાણીના મંથન દ્વારા સ્પષ્ટ થઈ જાય છે.

## આત્માઓની વ્રજથી રાસ સુધીની યાત્રા - 'ગોપદવચ્છ'

વ્હાલા સુંદરસાથજી! પ્રથમ ફેરામાં અગિયાર વર્ષની પ્રેમપૂર્ણ વ્રજલીલા થઈ ત્યારે સખીઓને માયાનો સ્પર્શ કેટલો થયો છે, તેનો ક્યાસ કાઢવા તેમણે વૃંદાવનમાં રાત્રિ ટાણે રાસ રમવા માટેનો પ્રસ્તાવ મૂક્યો. તો ગોપીઓએ તે માટે સ્પષ્ટ ઈન્કાર કર્યો. આમ કરી, તેમણે શ્રી વ્હાલાજીને એ બાબતની પ્રતિતી કરાવી કે પોતે સાંસારિક બંધનો - ગૃહસ્થીના મોહમાં ફસાયેલી છે! અધૂરામાં પૂરું તે સૌએ પોતાની આત્માના માલિકને ન કહેવા યોગ્ય વચનો પણ કહી દીધાં! આના પરિણામે શ્રી કૃષ્ણજીએ તે સૌ સાથે બાવન દિવસનાં અબોલા લીધાં! અર્થાત્, આ સમય દરમ્યાન તેમના વચ્ચે કોઈ જ વાર્તાલાપ ન થયો! આ રીતે, સખીઓ બાવન દિવસ સુધી વિરહાગ્નિમાં તડપતી રહી. પરંતુ, ક્ષમા કરવાની પહેલ તો એ જ વ્યક્તિ કરી શકે જેનામાં મહાનતા હોય! *'ક્ષમા વીરસ્ય ભૂષણમ્.'* શ્રી રાજજીથી વિશેષ ઉદાર તો કોઈ હોય જ નહિ! તેથી તેમણે બંસીનાદ દ્વારા સખીઓને પોતાના સાન્નિધ્યમાં બોલાવવાની વાત દિલમાં લીધી.

આમ, બાવનમા દિવસની સંધ્યાએ ગોવાળો, બલદેવજી તથા કલ્યાણજીને યુક્તિપૂર્વક વ્રજ ગામ તરફ વિદાય કરી શ્રી કૃષ્ણજી પોતે વનમાં જ રહ્યા. અહીં તેમણે પોતાની સાથે રહેલ વૈકુંઠવાસી વિષ્ણુ ભગવાનને પોતાના સન્મુખ પ્રગટ થવા આદેશ કર્યો અને ભવિષ્યમાં તેમને અખંડ કરવાનું વચન આપી વૈકુંઠ વિદાય કર્યા. ત્યાર બાદ પોતાનો પંચભૌતિક દેહ છોડી, શ્રી કૃષ્ણજીના તનમાં બિરાજમાન અક્ષરાતીત પારબ્રહ્મનો આવેશ(જોશ શક્તિ) તથા અક્ષરબ્રહ્મની આત્મા પોતાના દ્વિતીય ચરણ (રાસલીલા)ની ભૂમિકા તૈયાર કરવા માટે આ ચૌદલોક, નિરાકારના ક્ષર બ્રહ્માંડથી પરે સ્થિત અખંડ યોગમાયાના બ્રહ્માંડમાં પહોંચી. ત્યાં એમણે યોગમાયાનો નવીન નૂરી દેહ ધારણ કર્યો. મહારાસ લીલા માટે નિત્યવૃંદાવન તૈયાર કર્યું. ત્યાર પછી કાળમાયા સ્થિત વ્રજમંડળમાં રહેલી પોતાની સખીઓને દિવ્ય બંસીનાદ દ્વારા બોલાવી. બાવન દિવસના વિરહાગ્નિમાં તેઓનાં મોહ-માયા વિષેનાં બંધનો ખત્મ થઈ ચૂકયાં હતાં. તે



D:\Pranam/Chitvani/18

સૌ પોતપોતાનાં સ્વભાવાનુસાર વેણુનાદની દિશામાં દોડવા લાગી. પોતાનો નશ્વર દેહ ત્યાગ કરી તેઓ યોગમાયાની સન્મુખ જઈ પહોંચી. ગાયના વાછરડાની ખરીથી બનેલ નાનકડો ખાડો જેટલી સહેલાઈથી ઓળંગી શકાય એટલી સરળતાથી સખીઓએ ભવસાગર પાર કરી દીધો! આ સાથે જ વ્રજલીલાના પ્રથમ (કાળમાયાના) બ્રહ્માંડનો અલ્પકાલિક (અવાંતર) પ્રલય થયો અને તે વ્રજલીલા અક્ષરબ્રહ્મના ચિત્તમાં અખંડ થઈ ગઈ. રાસલીલાપર્યંત કાળમાયાનું બ્રહ્માંડ પુનઃ યથાવત્ બની ગયું.

*એક સુખ સુપનકે, દૂજે જાગતે જ્યોં હોએ ।*
*તીન લીલા પેહેલે એ ચૌથી, ફરક એતા ઈન દોએ ॥*

*પેહેલે દૃષ્ટેં હમારે જો આઈયા, તેતે મિને ઉજાસ ।*
*હમ ખેલેં તિન ઉજાસમેં, ઔર લોક સબ કો નાસ ॥*

*અબ લોક ચૌદે તરફ ચારોં, પ્રકાસ હોસી સાથ જોગ ।*
*જીવ સબકો જગાએ કે, ટાલૂં સો નિદ્રા રોગ ॥*

*હમ જાહેર હોએ કે ચલસી, સબ ભેલે નિજ ઘર ।*
*વૈરાટ હોસી સનમુખ, એક રસ સચરાચર ॥ કલશઃ ૨૩/૭૫-૭૮*

# રાસલીલાના ચાર મુખ્ય ભેદો

વ્હાલા સુંદરસાથજી! તારતમજ્ઞાન થકી રાસલીલાના મુખ્ય ચાર ભેદો સમજી શકાય છે (જુઓ ચાર્ટ). તારતમજ્ઞાનના અભાવે શ્રીમદ્‌ભાગવતમાં શુકદેવજી રાસલીલા સંબંધી આ સ્પષ્ટીકરણ કરી શક્યા નથી એ વાત શ્રી મુખવાણીમાં કહી છે. અક્ષરાતીતના અનાદિત્વ વિશેના તારતમજ્ઞાનના અભાવે શિવજી યોગમાયામાં રાસલીલાને જ અનાદિ દર્શાવે એ સ્વાભાવિક છે. પરંતું આલમંદાર સંહિતા, જે 'પુરાણ સંહિતા' ગ્રંથના અંત ભાગમાં છે, તેમાં વર્ણવેલ શિવજી અને પાર્વતી વચ્ચેના સંવાદનો આધાર લઈ, 'વાસ્તવિક રાસલીલા'ને અક્ષરબ્રહ્મના હૃદયમાં અનાદિકાળથી ચાલતી દર્શાવવી એ શ્રી મુખવાણીના પ્રકાશમાં ઉચિત નથી. અખંડ રાસલીલા તથા વ્યવહારિકી(પ્રતિબિંબ)લીલાનો ભેદ સ્પષ્ટ કરતાં શ્રી મુખ પ્રગટવાણી સ્પષ્ટ ફરમાવે છે કે : "*એ પ્રતિબિંબ લીલા હુઈ જો ઈત, સો કારણ બ્રહ્મસૃષ્ટી કે સત । જો પ્રગટ લીલા ના હોવે દોય, તો અસલ નકલ કી સુધ ક્યોં હોય ॥*" રાસલીલાના મુખ્ય ચાર ભેદો આ પ્રમાણે છે :

(૧) ગોપીઓ દ્વારા ભવસાગર છોડવાથી લઈને વિરહ-વિલાસ લીલાઓ સુધીની હકીકત જે 'શ્રી રાસગ્રંથ'માં વર્ણવાયેલ છે, તેને *મહારાસલીલા અથવા તો વાસ્તવિક રાસલીલા* કહેવાય છે. આ લીલા અક્ષરબ્રહ્મના કેવલ(બુધ્ધિ)પાદમાં સંપન્ન થઈ અને અક્ષરના હૃદય સ્વરૂપ સબલિક(ચિદ્)પાદમાં અખંડ થઈ. "*એહ સ્વરૂપને એહ વૃંદાવન, એહ જમુના ત્રટ સાર । ઘરથી તીત બ્રહ્માંડ થી અલગો, એહ તારતમે કીધો નિરધાર ॥*" અક્ષરાતીતના આવેશ[1] તથા અક્ષરબ્રહ્મની આત્મ-શક્તિયુક્ત

[1] જોશ કે આવેશ પરબ્રહ્મની એ ચુંબકીય શક્તિ છે, જે પરમધામમાં ઈશ્ક અને યોગમાયા તથા કાલમાયામાં હુકમની લીલા કરાવવામાં નિમિત્ત રૂપ છે. આવેશનો સંગાથ હોય ત્યારે આત્મા પિયાજીનું સાન્નિધ્ય અને અલગ થાય ત્યારે તેમનો વિરહ અનુભવે છે. આવેશ સાધારણ રીતે વ્યક્ત થતી ભાવાવેશની સ્થિતિ નથી, પણ તેની ઉપસ્થિતિ ઈશ્કમૂલક ઈલમથી પરિપૂર્ણ એ જાગ્રત અવસ્થાની અનુભૂતિ કરાવે છે કે જેમાં આત્માને પ્રેમસેવામાં પૂર્ણતઃ સમર્પિત થવા પ્રેમ મળે છે.



D:\Pranam/Chitvani/19

શ્રી કૃષ્ણ સ્વરૂપ અને ૧૨,૦૦૦ બ્રહ્મસૃષ્ટિ સાથે (૨૪,૦૦૦ ઈશ્વરીસૃષ્ટિ સહિત) આ લીલા રમાઈ. "*યોગમાયામેં ખેલ જો ખેલે, સંગ જોશ ધનીકે ભેલે । યોગમાયામેં બાઢયો આવેસ, સુધ નહિ દુઃખ સુખ લવલેસ ॥*" આ લીલાનો મૂળ ઉદ્દેશ્ય અક્ષરબ્રહ્મને પરમધામની આનંદલીલાની અનુભૂતિ કરવાની જે ઈચ્છા હતી તે પરિપૂર્ણ કરવાનો હતો. અક્ષરાતીતનો આવેશ દૂર થતાં અક્ષર ચોંક્યા : "*કૌન બન કૌન સખી કોન હમ, યોં ચોંક કે ફિરી આતમ । રાસ આયા મિને જાગ્રત બુધ, ચુભ રહી હૃદયમેં સુધ ॥" પ્રકાશ.*

(૨) મહારાસ બાદ પરમધામની તમામ શક્તિઓ પરમધામ પહોંચી, પરંતુ અક્ષરબ્રહ્મના ચિત્તમાં તે લીલા અખંડ રહી. અક્ષરની શક્તિયુક્ત આ અખંડરાસને *પ્રતિભાસિકી રાસલીલા* કહેવાય છે.

(૩) પ્રતિભાસિકી અખંડ રાસલીલાનું પ્રતિબિંબ અક્ષરબ્રહ્મના અવ્યક્તપાદમાં સ્થિત વેદરુચાઓએ જોયું અને તેમણે તે લીલા માણવાની ખેવના પ્રગટ કરેલી, એ લીલા તે *પ્રતિબિંબ રાસલીલા.* (વેદઋચાઓ મૂલતઃ અક્ષરબ્રહ્મની સુરતાઓ જ છે જેમણે વાસ્તવિક રાસલીલા પૂર્વે પ્રથમ વ્રજમંડળમાં કુમારીકા સખીઓ બની લીલા કરેલી.)

(૪) વેદઋચાઓને શ્રી રાજજી દ્વારા અપાયેલ વરદાનને પૂર્ણ કરવા માટે દ્વિતીય સ્વપ્રરૂપ કાલમાયિક જગતમાં સંપન્ન થયેલ લીલાને *વ્યાવહારિકી રાસલીલા* કહેવાય છે, જેને 'છ માસની રાસ રાત્રિ'ની ઉપમા પ્રાપ્ત છે. આ લીલામાં રમનાર ગોપીકાઓને પ્રતિબિંબ વેદઋચાઓ કહેવાય છે કારણ કે તેમની સુરતા અવ્યાકૃત(મન)પાદ સ્થિત વેદઋચાઓની છે.

શ્રીમદ્‌ભાગવતમાં 'વેણુગીત' તથા 'યુગલગીત'નો સંદર્ભ આવે છે તો પરમધામની આત્માઓનો એ 'વેણુગીત' તથા 'યુગલગીત' સાથે શો સંબંધ? આપણને એ પ્રશ્ન થઈ શકે. તો તારતમજ્ઞાન દ્વારા એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે ઉપર વર્ણવેલ વ્યાવહારિકીલીલાના ભાગરૂપે જ શ્રી કૃષ્ણના વિરહમાં દિવસના સમયે જ ગોપીજનો 'વેણુગીત' તથા

'યુગલગીત' ગાતાં હતાં, જેનું વર્ણન શ્રીમદ્ભાગવતમાં છે. પરમધામની આત્માઓનો એ 'વેણુગીત' તથા 'યુગલગીત' સાથે કોઈ સંબંધ નથી, કારણ કે તે સમયે તો બ્રહ્માત્માઓની સુરતાઓ હજી ખેલમાં અવતરી પણ નહોતી! શ્રી કૃષ્ણ ત્રિધાલીલા સંબંધી વિસ્તૃત વર્ણન તથા સ્પષ્ટીકરણ *"સંસાર અને મારો ભરથાર"* તથા *"સત્ય દર્શન"* ગ્રંથમાં ઉપલબ્ધ છે, જે આત્મખોજી સુંદરસાથજીએ મંથન કરવા યોગ્ય છે.



D:\Pranam/Chivani/20

## માયા : ઉત્પત્તિ, શક્તિ, સ્વભાવ તથા તેને વશ કરવાના ઉપાયો

વ્હાલા સુંદરસાથજી! શ્રી રાસ ગ્રંથના શરૂઆતનાં ત્રણ પ્રકરણોનો કેન્દ્રિય વિષય માયાની ઉત્પત્તિ, શક્તિ, સ્વભાવ તથા તેને વશ કરવાના ઉપાયો છે. શ્રી કુલજમ સ્વરૂપમાં શ્રી રાસ ગ્રંથથી લઈ અંતિમ ગ્રંથ 'કયામતનામા' સુધી માયા વિષે વિવિધ સ્પષ્ટીકરણો મળે છે. માયાનો જેટલો વ્યાવહારિક તથા સર્વથા પૂર્ણ પરિચય શ્રી કુલજમ સ્વરૂપમાં છે, એટલો સંસારના કોઈપણ ગ્રંથમાં નથી. સનંધ ગ્રંથના ૩૧મા પ્રકરણમાં પણ માયા (દજ્જાલ)ના સ્વરૂપનું વિસ્તૃત વર્ણન છે. મારફતસાગર ગ્રંથમાં પણ આત્મ-જાગૃતિના સમય, એટલે કે કયામતનાં સાત નિશાનોમાંથી પ્રથમ ચાર નિશાનો મનુષ્ય જીવો પર માયાનો જે પ્રભાવ છે તે દર્શાવે છે, તો બાકીના ત્રણ નિશાનો પારબ્રહ્મની શક્તિઓના આગમન સંબંધી છે. માયાનો પરિચય કરી તેને વશ કર્યા વિના શ્રી રાસલીલાનો રસ શી રીતે માણી શકાય? તેથી શ્રી રાસવાણીનું મંથન કરતાં પહેલાં માયાવિષયક વિસ્તૃત વિચાર કરીશું.

માયા :- જીવ કે આત્માને પોતાના મૂળ સ્વરૂપની ઓળખાણ (આત્મપહેચાન) કે પારબ્રહ્મના સ્વરૂપ, ધામ અને લીલાના પરિચયના માર્ગથી જે ભ્રમિત કરે તે માયા. આમ, માયા એ પારબ્રહ્મ ધણીથી વિમુખ કરનાર પરિબળ છે. જે મોહ, અજ્ઞાન, નિંદ્રા, ભ્રમ, શૂન્ય, નિરાકાર, સાકાર, નિર્ગુણ, સગુણ, આદિ નામો દ્વારા ઓળખાય છે. વાસ્તવમાં માયાનું કોઈ અસ્તિત્વ જ નથી – સંસ્કૃતમાં 'મા' એટલે 'નહિ' અને 'યા' એટલે 'જે', અર્થાત્ 'જે નથી' તેનું નામ માયા. શાસ્ત્રોમાં તેની વાસ્તવિક અસ્તિત્વહીનતા દર્શાવતાં વિવિધ રૂપકો - જેવાં કે, સસલાને શિંગડાં હોવાં, વાંઝણી સ્ત્રીને પુત્ર થવો તથા આકાશમાં ફૂલ ખીલવું - દ્વારા માયાનું વર્ણન છે. બાઈબલ તથા કુરાનમાં માયાને 'શેતાન' કે 'દજ્જાલ' તથા શ્રીમુખવાણીમાં તેને 'ખેલ', 'નાટક', 'સ્વપ્ન' તથા 'ગોવિંદભેડાની નગરી' પણ કહેલ છે.

જ્યાં સુધી માયાના મૂળ, ઉત્પત્તિ સ્વરૂપની હકીકતો, સ્વભાવ, તથા કાર્યપ્રણાલીની તમામ વાસ્તવિકતાઓને સમજી લઈશું નહિ ત્યાં સુધી શ્રી તારતમવાણીનાં ગૂઢ રહસ્યો પર યથાર્થ રૂપે વિચાર થઈ શકશે નહિ. તેથી જ શ્રી મુખવાણીમાં ફરમાવેલ છે કે હવે *"માયાનો જે પામશે પાર તારતમ કરશે તેહ વિચાર"(રાસ : ૧/૪૧)* તારતમજ્ઞાનના અભાવે દુનિયામાં માયાના પૂર્ણ સ્વરૂપ વિશે અજ્ઞાન પ્રવર્તે છે. આથી સંસારીજનો ભ્રમિત થઈ એ નથી સમજી શકતા કે સ્થૂળ, સાકાર કે ગહન નિંદ્રાનું નામ જ 'નિરાકાર' છે! તેથી તેઓ માયાના વિવિધ સ્વરૂપોને જ પારબ્રહ્મ માની બેસે છે! અંતતઃ તેઓ પોતાના પારમાર્થિક લક્ષને ન પામતાં પાંચતત્વ, ત્રણગુણ, ચૌદલોક યુક્ત નિરાકાર ક્ષરજગતમાં, એટલે કે આવાગમનના ચક્રમાં ફસાઈ રહે છે. સૌ કોઈ મોહવશ એમાં જ પૂર્ણ સંતુષ્ટિનો અનુભવ કરતા રહે છે.

<u>માયાની ઉત્પત્તિનું બીજરૂપ કારણ (મહાકારણ)</u> :- શાસ્ત્રોમાં માયાને પરમાત્માની પ્રકૃતિ કહી છે. પણ સૃષ્ટિને સર્જનાર તો માયા જ છે; બ્રહ્મ તો એક નિમિત્ત માત્ર જ છે. સાધારણતઃ સત્‌અંગ અક્ષરબ્રહ્મના આદેશથી જ માયાવી સૃષ્ટિની રચના થતી હોય છે. અક્ષરબ્રહ્મના મન (અવ્યાકૃત) સ્વરૂપમાં અસંખ્ય બ્રહ્માંડોને પેદા કરવાની ઈચ્છા કરનાર 'સુમંગલા' શક્તિ છે. તેનો સંગ અક્ષરબ્રહ્મના ચિત્ત (સબલિક) ની શક્તિ 'ચિદાનંદલહેરી' સાથે થવાથી કાર્ય-કારણરૂપ મૂળપ્રકૃતિ પ્રગટ થાય છે. આ કાર્યકારણરૂપ મૂળપ્રકૃતિમાં વિક્ષોભ થવાથી વિકારસ્વરૂપ મોહતત્ત્વ, મોહસાગર કે મોહજળ પ્રગટ થાય છે, જેમાંથી જગતનું સર્જન થાય છે. આમ, માયાજન્ય ખેલ બનવા-મટવાની પ્રક્રિયા અનાદિ રૂપથી ચાલ્યા કરે છે. 'ઈશ્વર' (આદિનારાયણ, મહાજીવ) તથા 'જીવ' પણ માયાનો પ્રવાહ શરૂ થયા બાદ જ અસ્તિત્વમાં આવે છે! પરંતુ તારતમજ્ઞાન વિના સંસારના જ્ઞાનીજનો જીવ, ઈશ્વર અને માયાને વાસ્તવિક સ્વરૂપે અનાદિ તેમજ અખંડ માની લેવાની ભૂલ કરે છે.

જીવનું સ્વરૂપ મહાપ્રલય સમય સુધી અવિનાશી છે. મૂલતઃ જીવ



D:\Pranam/Chitvani/21

એ આદિનારાયણની ચેતનાનો પ્રતિભાસ (ચિદાભાસ) છે. જેવી રીતે બિંબમાં પ્રતિબિંબ સમાઈ જાય છે તેવી રીતે મહાપ્રલય દરમ્યાન સર્વે જીવો આદિનારાયણમાં સમાઈ જાય છે. ત્યારે કોઈ પણ જીવ કે મહાજીવનું સ્વતંત્ર અસ્તિત્વ (તેમના સંસ્કારો સહિતનું વ્યષ્ટિ સ્વરૂપ) નથી રહેતું. મહાપ્રલય પશ્ચાત્ સૃષ્ટિ રચના સમયે તમામ જીવોની સામૂહિક (સમષ્ટિ સ્વરૂપ) ચેતના પુનઃ અસંખ્ય જીવોના રૂપમાં પ્રગટ થાય છે. ચેતનાના આ નવાં રૂપોનો મહાપ્રલય પહેલાના બ્રહ્માંડોના કોઈ રૂપ-વિશેષ સાથે સ્વતંત્ર રૂપે સંબંધ નથી હોતો – તે જીવો પૂર્વસંસ્કારોથી રહિત હોય છે, કારણ કે સંસ્કારો અંતઃકરણમાં રહે છે, અને મહાપ્રલયમાં અંતઃકરણ રહેતું નથી. પરંતુ, ચેતનમાં કર્મની પ્રવૃત્તિ અવશ્ય રહેતી હોવાથી તેના અંતઃકરણમાં નવા સંસ્કારો ઉમેરાતા જાય છે. આ રીતે જીવ, ઈશ્વર અને માયાનો આ ઉત્પત્તિ અને લયનો પ્રવાહ હરહંમેશથી જ ચાલ્યા કરે છે. આમ, હકીકતમાં તો જીવ, ઈશ્વર અને માયાને જ્યાં અનાદિ અને અખંડ કહ્યાં છે, તે આ પ્રવાહ માત્રને કારણે જ. હકીકતમાં જે અનાદિ અને અખંડ છે, તે તો મહાપ્રલયની પ્રક્રિયાથી પરે છે.

તારતમ દ્વારા એ સ્પષ્ટ થઈ જાય છે કે માયાના ધણી અક્ષરાતીત નહિ પણ ક્ષરપુરુષ આદિનારાયણ જ છે. શ્રીમુખવાણીમાં કહ્યું છે કે, *"એ માયા છે અતિ બલવંતી, ઉપની છે મૂલ ધણી થકી ।" આમ કહેવાનું* તાત્પર્ય એ જ છે કે આ બ્રહ્માંડ ધામધણીના વિશેષ આદેશ કે તેમની પ્રેરણાથી પેદા થયેલ છે; અન્યથા માયાના ધણી તો 'ક્ષરપુરુષ' આદિનારાયણ જ છે. અક્ષરાતીત અને તેમનું ધામ, જે ત્રિગુણાતીત, અદ્વૈત, અખંડ અને સચ્ચિદાનંદમયી છે, તેમનામાં માયા સંભવી જ ના શકે.

બ્રહ્મસૃષ્ટિના અભૂતપૂર્વ અવતરણ નિમિત્તે, માત્ર વર્તમાન સૃષ્ટિના સર્જન માટે ધામધણીએ સ્વયં અક્ષરબ્રહ્મને વિશેષ પ્રકારનો આદેશ આપેલ છે. વર્તમાન માયાના ખેલનું મૂળ કારણ(મહાકારણ) પરમધામમાં ધામધણીએ દિલમાં લીધેલ 'ઈશ્ક-રબ્દ' જ છે. પોતાની સૂરતા દ્વારા પરમધામમાં બેઠાં બેઠાં જ બ્રહ્માત્માઓ માયા ખેલ અનુભવી રહેલ છે.

પોતાના હુકમની કારીગરીથી ધણી પિંડ (શરીર) તથા બ્રહ્માંડ (જગત) રૂપી બે પડદાઓ દ્વારા આનંદ સ્વરૂપ પર-આત્મની સૂરતાઓને અક્ષરબ્રહ્મ રચિત માયાનો ખેલ દર્શાવી રહ્યા છે. જેમ કે,

*એ જૂઠ ના આવે અર્સમેં, ના કછુ રહે રુહોં નજર ।*
*તાથેં દોઉ કામ ઈન વિધ, હકકે કિયે હિકમત કર ॥ સિનગાર*

*બ્રહ્મસૃષ્ટિ બીચ ધામ કે, એ દેખેં ખેલ સુપન ।*
*મોહે સ્યામાજીએં યો કહ્યા, જો આએ ધામ સે આપન ॥ કિરંતન : ૧૨૨/ ૧*

*અસલ તન રુહોં અર્સ બીચમેં, તન નાસૂતમેં આયા ઈજન ॥*
*સિનગાર તથા હમ જુદે ના હુએ અર્સસે, ઔર જુદે હુએ બેસક ।*
*હમ રુહોં ખેલ દેખ્યા નહિ, ઔર ખેલ કી બાતેં કરે મુતલક ॥ સિંધી*

માયા માટે કહ્યું છે કે "ઉપની છે મૂલ ધણી થકી." તો શું પરમધામના ધણી પારબ્રહ્મ અક્ષરાતીત માયાની ઉત્પત્તિના કારણરૂપ હોઈ શકે ખરા? આ પ્રશ્નનું નિરાકરણ આ પ્રમાણે છે : વસ્તુતઃ તો ચિદ્‌ઘન સ્વરૂપે જ પોતાના ઈશ્ક તથા સાહેબીની ઓળખાણ કરાવવા હેતુથી મૂળસ્વરૂપ અક્ષરબ્રહ્મ (સત્) અને આનંદ સ્વરૂપ (શ્રી શ્યામાજી તથા બ્રહ્માત્માઓ)ના દિલમાં એકબીજાની લીલા જોવાની ઈચ્છા પ્રગટ કરી : "*પેહેલે લઈ હકેં દિલમેં, પીછે આઈ માંહેં નૂર । તા પીછે હાદી રૂહનમેં, યોં કર હુઆ જહૂર ॥*" આમ, આપણે આજે જે ચૌદલોકના બ્રહ્માંડમાં છીએ, એ બ્રહ્માંડની ઉત્પત્તિ એક સવિષેશ ખાસ કારણસર થયેલ છે.

કાળમાયાના મહાબ્રહ્માંડમાં બનવા-મટવાનો ક્રમ તો અનાદિ પ્રક્રિયા છે, જે અક્ષરબ્રહ્મના પ્રવૃત્તિશીલ અંતઃકરણ (અવ્યાકૃત તથા સબલિકબ્રહ્મ) દ્વારા હરઘડી સંપન્ન થતી રહે છે. તેમાં અક્ષરબ્રહ્મના 'નિવૃત્તિ સ્વરૂપ' કેવલબ્રહ્મ અને સત્-સ્વરૂપબ્રહ્મનું તથા અક્ષરાતીત પૂર્ણબ્રહ્મનું કોઈપણ યોગદાન નથી હોતું, કે નથી તેવી કોઈ આવશ્યકતા રહેતી! જે પૂર્ણ હોય એમાં ઈચ્છા પેદા થવાનો પ્રશ્ન જ નથી ઉઠતો.



D:\Pranam/Chitvani/22

મૂળસ્વરૂપ અક્ષરબ્રહ્મ (સત્) પોતાની સત્તાની લીલામાં અને આનંદસ્વરૂપ (શ્રી શ્યામાજી તથા બ્રહ્માત્માઓ) પોતાની પૂર્ણાનંદ લીલામાં જ એટલાં બધાં મગ્ન રહેતાં હોય છે કે એમના દિલમાં માયાનો ખેલ જોવાની ઈચ્છા પેદા થવી અસંભવ છે. આ સવિષેશ બ્રહ્માંડ તો સ્વયં શ્રી રાજજી મહારાજે અક્ષરબ્રહ્મને આદેશ કરીને પોતાની આત્માઓને માયાનો ખેલ દર્શાવવાનો હેતુથી બનાવેલ છે.

**માયાનો સ્વભાવ** : માયા પોતાના સ્વભાવથી સંમોહક, અર્થાત્ મનમાં મોહ, અજ્ઞાન, નિદ્રા યા ભ્રમ પેદા કરનારી છે. તે પોતાના અતિબલવંત તથા વિષમય પ્રભાવ દ્વારા આત્મખોજીની અંતઃયાત્રામાં વિવિધ રૂપે બાધક બની ઊભી રહે છે. તે જીવના મનમાં પિંડમાં તેમજ બ્રહ્માંડમાં સર્વત્ર ઉપસ્થિત રહી અદ્રશ્ય રૂપે પોતાનું કાર્ય કરતી રહે છે. કામ[૧], ક્રોધ[૨], લોભ, મદ[૩], મત્સર[૪], દ્વેષ[૫], આદિ મોહજન્ય વિકારો રૂપી દાવાનળ સમાન મહાઅગ્નિ દ્વારા તે જીવ માત્રને ભસ્મીભૂત કરી દેનારી છે. પોતાના ગુણ, અંગ તથા ઈન્દ્રિયોના માધ્યમે, ત્રણ ગુણોથી પ્રેરાઈને જીવ કર્મ તથા જન્મ-મરણ (આવાગમન)ના ચક્રમાં કરોળિયાની માફક પોતાના જ દ્વારા તૈયાર કરાયેલા જાળામાં ફસાયેલો રહે છે.

માયાના પ્રભાવનો વ્યાપ સર્વત્ર છે : આપણું સંપૂર્ણ દશ્યજગત (અર્થાત, ક્ષરબ્રહ્માંડ, જે પાંચ સ્થૂળ તત્ત્વ, ત્રણગુણ તથા ચૌદલોકનું બનેલ છે તે) માયાને આધીન છે. નાનામાં નાના જીવથી લઈને મોટામાં મોટા ઋષિમુનિ, દેવી-દેવતાઓ, ત્રિદેવો, સાધુઓ તેમજ દુષ્ટો - આ સર્વેને માયા પોતાના વિવિધ પ્રકારના અવનવાં શક્તિશાળી શસ્ત્રો દ્વારા વશમાં કરી લે

---

*૧ કામ : વિષયવાસના, ઈન્દ્રિયસુખની પ્રબળ ઈચ્છા*

*૨ ક્રોધ : પ્રતિકૂળ વસ્તુ બનવાથી કે ઈચ્છેલ અર્થનો નાશ થવાથી મનમાં જાગ્રત થતી તીક્ષ્ણતા, ગુસ્સો*

*૩ મદ : પોતાને બીજા કરતાં મોટો કે હલકો માની લેવાની વૃત્તિ. વિદ્યામદ, ધનમદ, કુળમદ, જ્ઞાનમદ, રૂપમદ, તપમદ આદિ તેના પ્રકાર છે*

*૪ મત્સર : બીજાના શુભની, સંપત્તિ કે સંતાનની ઈર્ષ્યા કે અદેખાઈ થવી*

*૫ દ્વેષ : ધિક્કાર કે તિરસ્કાર, પ્રીતિથી ઉલટો ચિત્તનો વિકાર*

છે. નાનામાં નાના જીવથી માંડી સંપૂર્ણ ક્ષરબ્રહ્માંડ, જે પાંચ તત્ત્વ, ત્રણ ગુણ તથા ચૌદ લોકને ધારણ કરી ઊભેલું છે. તે પૂર્ણતઃ માયાને આધીન છે. અર્થાત્ સ્વર્ગ, સત્‌લોક, વૈકુંઠ, કૈલાસ, ક્ષીર સાગર, ભૈરવાદિક આ સર્વે માયાને વશ તથા માયાનાં જ સ્વરૂપ બનીને રહેલ છે. વિશ્વામિત્ર ઋષિ ઉર્વષિ નામની અપ્સરાથી મોહિત થઈ એક કન્યાને જન્મ આપવામાં નિમિત્ત બની જીવનભર તેનાં દુઃખોમાં સંતપ્ત રહેલા, જીવનની અંતિમ અવસ્થામાં પણ ભર્તૃહરિ તૃષ્ણાઓથી ગ્રસિત રહેલા. ભરત નામના ઋષિ પણ એક હરણના મોહમાં ફસાઈ મૃત્યુ સમયે હરણની ચિંતાથી ગ્રસિત રહેલા અને બીજા જન્મે હરણની યોનિમાં જન્મેલા. જીવનની અંતિમ ક્ષણોમાં બીજા એક ઋષિ વૃક્ષની છાયામાં સુતા હતા ત્યારે તેમની સૂરતા એ વૃક્ષ પર લાગેલ ફળના રસાસ્વાદમાં રહી હતી તો તેમનો જીવ એ ફળમાં કીડો બની ફસાઈ રહ્યો. એટલું જ નહિ, વિષ્ણુ, શિવ તથા બ્રહ્માજી પણ પોતાને ઉત્પન્ન કરનાર માતૃસ્વરૂપા માયાને જ પત્નીરૂપે (લક્ષ્મી, ઉમા અને સરસ્વતી)ધારણ કરી તેમના સંકેતોને અનુરૂપ વર્તતા રહે છે! વિષ્ણુ ભગવાનના અવતાર શ્રી રામે પણ છળપૂર્વક વૃક્ષ પાછળ સંતાઈને સુગ્રીવના અહંકારી ભાઈ વાલીને મારવો પડેલ કારણકે વાલીને વરદાન હતું કે જે કોઈ એની સન્મુખ આવીને યુધ્ધ કરશે તો એનું અડધું બળ વાલીને મળી જશે. આમ, માયાની જ બુદ્ધિ તથા માયારૂપ જ્ઞાન દ્વારા માયાને કદી ન જીતી શકાય.

<u>**માયા ક્યાં છે? ક્યાં નથી?**</u> ઉપર જોયું તેમ માયાના પ્રભાવનો વ્યાપ આ ક્ષરજગતમાં સર્વત્ર છે. માયા વ્યષ્ટિ *(local)* તેમજ સમષ્ટિ *(nonlocal)* આ બંને રૂપે સંપૂર્ણ જગતમાં વ્યાપ્ત છે. જીવ માત્રના પિંડમાં અને બ્રહ્માંડમાં તેની ઉપસ્થિતિ રહેલી છે. પરંતુ પૂર્ણબ્રહ્મ સચ્ચિદાનંદ ધામ, અક્ષરાતીત પરમધામમાં તથા તેમાં સ્થિત અક્ષરધામમાં કે યોગમાયામાં માયાનો રજમાત્ર પ્રવેશ નથી.

આપણને એ પ્રશ્ન થઈ શકે કે બ્રહ્મસૃષ્ટિ તો પરમધામમાં બેઠાં બેઠાં જ માયાનો ખેલ જોઈ રહી છે, તો પછી શું માયા પરમધામમાં ગઈ



D:\Pranam/Chivani/23

કે નહિ? શ્રી મુખ કિરંતનવાણીમાં પણ કહેલ છે કે *"બ્રહ્મસૃષ્ટિ બીચ ધામ કે, દેખે ખેલ સુપન !"* તો આનું સ્પષ્ટીકરણ એ છે કે બ્રહ્મસૃષ્ટિ તો માત્ર પોતાની સુરતા દ્વારા જ ખેલ નો અનુભવ કરી રહેલ છે. તે પોતાના ધામધણી પારબ્રહ્મ શ્રી રાજજીથી તો અલગ થઈ જ નથી. તે સર્વે બેઠી તો છે શ્રી યુગલસ્વરૂપના ચરણોમાં પરંતુ તેમનું ધ્યાન લાગેલું છે અક્ષરના મનઃપટલ પર ચાલી રહેલ સ્વપ્નરૂપી માયામાં. શ્રી રાજજીએ પોતાના હુકમ કે આદેશની શક્તિની હિકમત (કારીગરી) દ્વારા આપણાં મૂળ સ્વરૂપો, જે 'પર-આત્મ' તરીકે ઓળખાય છે, તેમની સુરતાઓને અહિં સુંદરસાથ કે બ્રહ્મસૃષ્ટિ મોમિન રૂપે મોકલેલ છે. આ રીતે પિંડ તથા બ્રહ્માંડરૂપી બે પડદાઓ દ્વારા ધણીજી આપણને માયા ખેલ દર્શાવી રહ્યા છે. તેથી જ શ્રી મુખ સિંધી વાણીમાં ફરમાવેલ છે કે, *"હમ જુદે ન હુએ અર્સ સે, ઔર જુદે હુએ બેસક !"*

જિજ્ઞાસુને બીજો એક પ્રશ્ન એ પણ થઈ શકે કે, ઠીક છે માયા આપણા સૌના (સર્વ જીવોના) દિલમાં તથા બહાર બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. પરંતુ માયાના બાહ્ય અસ્તિત્વની માન્યતાને લઈને માનવી સહજતાપૂર્વક પલાયનવાદી મનોવૃત્તિનો શિકાર બની પોતાની જવાબદારીઓથી વિમુખ થઈ જતો જણાય છે. તો આ પ્રકારની માનસિકતાથી માણસને બચાવવા માટે શું આપણે માયાના બાહ્ય અસ્તિત્વની વાતને એક તરફ મુકી દઈએ તો ના ચાલે? તો તેનો ઉત્તર છે, સ્વ-સુધારાની વાત આવે છે ત્યારે વ્યક્તિ માયાને પોતાની અંદર ન જોતાં પોતાનાથી અલગ હોવાનું સહેલાઈથી માની લે છે. આમ પોતાનાથી અલગ એવી માયા પર દોષારોપણ કરી દેવાની નકારાત્મક માનસિકતાનો તે ભોગ બની જાય છે. જે કાંઈ પણ અનૂચિત કે ખરાબ થયું, થઈ રહ્યું છે કે થશે, તે સર્વે માટે પોતાનાથી અલગ એવા અન્ય *(the Other)*ને તે દોષિત કે જવાબદાર માને છે. આ પરિસ્થિતિમાં તે પોતાનો કોઈજ દોષ કે કર્તવ્ય જોઈ શકતો નથી! બરાબર આ જ રીતે માણસ પરમાત્માના હુકમ (આદેશ, તેમની ઈચ્છા)નો પણ અનાદર કરતો આવ્યો છે. પરંતુ આ નકારાત્મક પાસા માત્રને ધ્યાનમાં લઈ અંદર-

બહારના બંન્ને સ્વરૂપોનો સ્વીકાર ન કરીએ તો પણ આત્મ-જાગૃતિનું પૂર્ણ ફળ પ્રાપ્ત થઈ શકતું નથી એ હકીકત પણ એટલી જ સચોટ છે, માટે તેને માનવી જ રહી.

ઉપરોક્ત વાતના સારરૂપે મનુષ્ય માત્ર પારબ્રહ્મની સર્વોપરિતા સ્વીકારી, ત્યાર પછી શાસ્ત્રોક્ત વ્યક્તિગત કર્તવ્યનું પાલન કરી, તેનું પરિણામ પારબ્રહ્મનાં ચરણોમાં તથા તેમના હુકમના આશરે છોડી જીવન જીવે એ જ સર્વશ્રેષ્ઠ છે. કર્તવ્યપાલન હંમેશાં આત્મ-જાગૃતિપૂર્વક કરવું. અર્થાત્ પોતાની શક્તિઓ, નબળાઈઓ, શક્યતાઓ અને સંભાવનાઓથી વાકેફ રહી પોતાના ચિત્તમાં ઉઠતી સંવેદનાઓ પ્રતિ સજાગ રહી, લોકો તથા વ્યવસ્થાની ખામીઓ તથા શક્તિઓ પ્રત્યે જાગૃત રહી, સતત બદલાતી પરિસ્થિતિ તથા વાતાવરણમાં થનાર પરિવર્તનોની શક્યતાઓ પ્રતિ સતર્ક રહી, પરમ ધ્યેયનિષ્ઠા રાખી કર્તવ્યનું પાલન કરવું આમ કરવાથી માયાના બાહ્ય અસ્તિત્વ માત્રની ભ્રમણા આપોઆપ ઓગળવા લાગશે અને તેના પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન થઈ શકશે.

માયામાં ફસાયેલ વ્યક્તિ જ એમ વિચારે છે કે હું તો તેનાથી મુક્ત છું તથા દુનિયાના અન્ય લોકો તેનાથી ગ્રસિત છે! તેને હંમેશા એવી ભ્રમણા રહે છે કે સુધારાની શરૂઆત 'સ્વ'થી નહિ, પરંતુ અન્યથી જ થાય! આપણી કેહેની(કૌલ) કરની(ફૈલ) તથા જીવન રહેણી(હાલ) માં રહેલ વિસંગતતા કે વિરોધાભાસોના મૂળમાં માયા જ છે! જેમ જેમ માયાનાં આવરણો દૂર થતાં જાય, તેમ તેમ આ ત્રણેય એકરૂપતા તરફ આગળ વધવા લાગે. અતઃ સ્વયંને તૈયાર કરવાનો પુરુષાર્થ કર્યા વિના માયાનાં શસ્ત્રો સામે લડી શકાય નહિ.

**<u>માયાનાં વિવિધ શસ્ત્રો</u>** *:* માયા પોતાના વિવિધ શસ્ત્રો દ્વારા જીવાત્મા પર પ્રહાર કરતી જ રહે છે. રોજ રોજ તે પોતાના શસ્ત્રાગારમાં અવનવા શસ્ત્રો ઉમેરતી જ રહે છે. તથા કદીયે ન બુઝાય એવા દાવાનળની પેટે સૌને જીવન-પર્યંત ત્રિવિધે દુઃખી કરતી રહે છે. શારીરિક અને માનસિક પ્રકારનું *આધ્યાત્મિક દુઃખ*, પંચભૌતિક સ્થાવર-જંગમ



D:\Pranam/Chitvani/24

પદાર્થોથી ઉત્પન્ન થતું *આધિભૌતિક દુઃખ* અને દૈવી કે પ્રાકૃતિક કારણોથી ઉત્પન્ન થતું *આધિદૈવિક દુઃખ* આપતી રહે છે. તેનાં અગણિત શસ્ત્રોમાંના મુખ્ય આ પ્રમાણે છે : *"એહેના આઉધ અમૃત રૂપ રસ, છલ બલ વલ અકલ । અગ્નિ કુટિલ ને કોમલ, ચંચલ ચતુર ચપલ ।।" શ્રી રાસ : ૧/૯.* અર્થાત, જીવને પોતાના વશમાં રાખવા માટે આ માયા પોતાના શસ્ત્રાગારમાં વિવિધ પ્રકારનાં અદ્યતન શસ્ત્રો રાખે છે : ૧) વિવિધ પ્રકારનાં ભૌતિક સુખોને અતિઆવશ્યક તથા <u>અમૃત</u> સમાન હોવાનો આભાસ કરાવી જીવને જૂઠાં પ્રલોભનોમાં ફસાવી લેવાની શક્તિ ધરાવે છે, ૨) વિવિધ પ્રકારનાં સુંદર <u>રૂપો</u> દ્વારા પ્રગટ થઈ, જોનારને મોહિત કરી, તેના યથાર્થ જ્ઞાનને ભુલાવી દેવાની શક્તિ ધરાવે છે, ૩) પંચતન્માત્રાઓ - *શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ* - દ્વારા તે અવનવા <u>રસાસ્વાદના</u> મોહમાં ફસાવી દેવાની અજબની શક્તિ ધરાવે છે, ૪) પોતાના <u>છળ</u> દ્વારા તે મનને ભ્રમિત કરીને જૂઠાને સાચું અને સાચાને જૂઠું હોવાની પ્રતીતિ કરાવવાની ક્ષમતા ધરાવે છે, ૫) લૌકિક <u>બળ</u>ના પ્રદર્શન દ્વારા આકર્ષિત કરી તે જીવોને સત્યમાર્ગથી વિચલિત કરવાની અદ્‌ભુત ક્ષમતા ધરાવે છે, ૬) પોતાના અવનવા દાવપેચો, <u>વળ(કળ</u> તથા ચાલબાજીઓ) દ્વારા તે સત્યમાર્ગના પથિકને પરાસ્ત કરી તેનું અધઃપતન કરવાની ક્ષમતા ધરાવે છે, ૭) પોતાની <u>અકકલ</u>, અર્થાત્ કપટપૂર્ણ વાણીચાતુર્ય આદિના પ્રદર્શન દ્વારા તે સૌને વશીભૂત કરી દેવાની ક્ષમતા ધરાવે છે, ૮) કામ અને ક્રોધરૂપી <u>અગ્નિ</u> સમાન વિકારોમાં ફસાવી દઈ પતન કરવાની ક્ષમતા ધરાવે છે, ૯) પોતાની <u>કુટિલતા</u> - દુષ્ટવૃત્તિ દ્વારા તે જીવનાં વાણીવચન (કેહેની) તથા કર્મો (કરની)માં વિસંગતતા ઊભી કરીને તેને ગુમરાહ કરવાની ક્ષમતા ધરાવે છે, ૧૦) <u>કોમળતા</u> કે નમ્રતાનો ઢોંગ કરી તે સૌને ભ્રમિત કરવાની ક્ષમતા ધરાવે છે, ૧૧) દિલને મોહિત કરી તેમાં <u>ચંચળતા</u> કે અસ્થિર મનોવૃત્તિ પેદા કરવાની તે ક્ષમતા ધરાવે છે, ૧૨) પોતાના <u>ચાતુર્ય</u> તેમજ ચપળતા દ્વારા તે હરપલ કાચિંડાની જેમ પોતાનો રંગ બદલતા રહી બીજાને પોતાની અસલિયતનું જ્ઞાન ન થવા દેવાની ક્ષમતા ધરાવે છે, અને છેલ્લે, ૧૩) : <u>ચપળતા</u>પૂર્વક, વીજળીની ઝડપે, ખબર

પણ ન પડે એ રીતે તે સત્કાર્યોમાં વિઘ્નો ઉભા કરવાની ક્ષમતા પણ ધરાવે છે!

આ સિવાય બીજાં કેટલાંયે અવનવાં શસ્ત્રો દ્વારા માયા મનુષ્યના દિલમાં બેસીને કે અન્યત્ર બહાર રહીને તેને પથભ્રષ્ટ કરતી રહે છે. આવી અનેક યુક્તિઓથી પરિપૂર્ણ માયા સામે લડી સફળ થવા માટે એનાથીયે વધુ શક્તિશાળી શસ્ત્રોની આવશ્યકતા સ્વાભાવિક છે.

**માયાને શી રીતે જીતાય?** એક તરફ તો પારબ્રહ્મ ધણીએ માયાને પોતાની શક્તિ આપી બ્રહ્માત્માઓને પોતાના પરમલક્ષથી પદભ્રષ્ટ કરવાનો આદેશ આપેલ છે. તો બીજીતરફ એ જ ધામધણીએ બ્રહ્માત્માઓને જાગૃત કરવા માટે અમોઘશસ્ત્ર શ્રી તારતમ્‌વાણી બક્ષિસ કરી છે. તેઓ આપણા પર પોતાની અપાર મેહેર કરી આપણને માયાની પૂર્ણતઃ ઓળખાણ કરાવી રહ્યા છે. એકમાત્ર ધામધણીજીની કૃપા થકી તેમના તારતમવિજ્ઞાનને હૃદયસ્થ કરી લઈ મનુષ્યાત્મા માયા પર વિજય પ્રાપ્ત કરી શકે  છે. એમની કૃપાનું માહાત્મ્ય સમજી લઈ, એમના દિવ્ય ચરણોમાં અનન્ય પ્રેમભાવ બાંધીને કુરબાન થઈ જવાથી, સત્‌ગુરુ સુંદરસાથ સેવામાં સમર્પિત થવાથી માયાજનિત સર્વે વિકારોનું નિર્મૂલન અને અખંડ સુખની પ્રાપ્તિ પણ થઈ શકે છે.

**એહેને લાગ્યો કોઈ એવો ખાર, મારો કેડ ન મૂકે નાર ।**
**મેં બાંધ્યાં સામાં હથિયાર, તો જાણ્યો જોપે એહેનો માર ॥ ૧/૧૧**

**"સુકર, ગરીબી અને સબર"** એ માયાની ઘાતક શક્તિ સામે લડવા માટે સદ્‌ગુરુએ દર્શાવેલ મુખ્ય શસ્ત્રો છે : ધણીજીનાં અલેખે અહેસાનો માટે હૃદયમાં કૃતજ્ઞતાભાવ (શુકર, *thanksgiving*નો ભાવ)સદૈવ પ્રગટ થતો રહેવો, ધામની નિસ્બતની ગરિમા હૃદયમાં ગ્રહી લઈ સુંદરસાથજીની ચરણરેણુ બની રહેવાની ગરીબ ભાવના પ્રત્યે સતત જાગૃતિ રહેવી, તથા પ્રેમ-સેવા દ્વારા ઈમાન અને ઈશ્કની અભિવ્યક્તિમાં જ મોટાઈ તથા એમાં જ પૂર્ણ સંતોષ (સબર) માનતા રહેવું. આ દિવ્ય હથિયારો સજાગતાપૂર્વક સંભાળી લઈ તેમના ઉચિત પ્રયોગ દ્વારા માયાની



*D:\Pranam/Chivani/25*

ઘાતક શક્તિનો પ્રતિકાર થઈ શકે છે.

**જ્યારે ધણી ધણવટ કરે, ત્યારે બલ વેરી ન હરે ।**
**વળી ગયેલા કામ સરાડે ચઢે, મન ચિતવ્યા કારજ સરે ॥**

(શ્રી રાસ : ૧/૧૭)

ધામધણીની મેહેરને આપણા હૃદયમાં ઝીલવા માટે પહેલાં તો તેને સુપાત્ર બનાવવું જરૂરી છે. તે માટે શ્રીજીએ ઓછામાં ઓછા આ પંચ-પરહેજ દર્શાવ્યા છે, જે સૌ સુંદરસાથે પાળવા આવશ્યક છે : સત્ય તથા અહિંસાધર્મનું પાલન, કેફી પદાર્થોના સેવનનો ત્યાગ, માંસાહારનો ત્યાગ, વ્યભિચારપૂર્ણ જીવનશૈલીનો ત્યાગ તથા કામવૃત્તિઓ ભડકાવનાર અશ્લીલ પ્રચાર-પ્રસારનાં વિવિધ માધ્યમોના અવિવેકી ઉપયોગનો ત્યાગ. આટલું કરી, શ્રી પરમધામના સ્વરૂપ તથા લીલાનું ચિતવન તથા શ્રી મુખવાણી મંથન કરતા રહેવાથી સુંદરસાથના સર્વે મનોરથ પૂર્ણ થઈ શકે છે. વળી, જેમ જેમ આ કરતા જઈશું તેમ તેમ માયાની શક્તિઓને નિજાનંદના પંથે વાળી શકીશું!

# શ્રી કુલજમ સ્વરૂપ

## શ્રી તારતમ - 'નિજનામ'

*પરમધામમાં બિરાજીત મૂળસ્વરૂપ અનાદિ અક્ષરાતીત શ્રી રાજજી મહારાજે પોતાની દિવ્ય આવેશ શક્તિ દ્વારા ભવસાગરમાં ભૂલેલી પોતાની આનન્દસ્વરૂપા આત્મા(શ્રી દેવચંદ્રજી : ઈ. સં. ૧૫૮૧-૧૬૫૪)ને નવતનપુરી મધ્યે (ઈ. સં. ૧૬૨૧માં) દર્શન આપ્યાં ત્યારે તેમનો પરસ્પર જે પ્રથમ વાર્તાલાપ[1] થયો તે 'શ્રી તારતમ' અથવા 'નિજનામ' કહેવાય છે. તેમાં 'બીજરૂપે' ધામધણીની તથા નિજ-આત્મ સ્વરૂપની પહેચાન, તેમના પરસ્પર દિવ્ય સંબંધનો અહેસાસ, એકરાર તથા તે સંબંધને તેના વાસ્તવિક સ્વરૂપમાં મન, વચન તથા કર્મથી પૂર્ણતઃ નિભાવવાનો અંતઃકરણ પૂર્વકનો કરાર મંત્ર રૂપમાં  છે. આ કરારની ફલશ્રુતિ શ્રી પ્રાણનાથજી - શ્રીજી સાહેબજીનાં દિવ્ય ચરણકમલોમાં અખંડઆનંદ - નિજાનંદ છે. સંપૂર્ણ શ્રી કુલજમ સ્વરૂપ એ આ બીજ તારતમનું ફલિત વૃક્ષ છે. શ્રી તારતમની આ છ ચોપાઈઓનું આવેશ-અવતરણ જામનગર (સંવત ૧૭૧૫) થી શરૂ થઈને મેરતા કે હરિદ્વાર સુધી (સંવત ૧૭૩૫)ની જાગણીયાત્રાના ગાળામાં થયું હોય એમ મનાય છે.*

**નિજનામ શ્રી કૃષ્ણજી (શ્રી જી સાહિબ જી)[2], અનાદિ અક્ષરાતીત ।**
**સો તો અબ જાહેર ભએ, સબ વિધ વતન સહીત ॥૧॥**

[1] *શ્રી દેવચંદ્રજીને થયેલ આવેશ સ્વરૂપનાં દર્શનનો પ્રસંગ શ્રી લાલદાસકૃત વિતક સાહેબમાં પ્રકરણ ૬/૨૬-૩૫ સુધીમાં વર્ણવાયો છે.*

[2] *સંપ્રદાય પરંપરામાં તથા શ્રી કુલજમ સ્વરૂપની પ્રમાણિત પ્રાચીન પ્રતિઓમાં તારતમ મંત્ર 'શ્રીકૃષ્ણજી' અને 'શ્રીજી સાહિબજી' એમ બંને રૂપમાં જોવા મળે છે. તારતમમાં જોવા મળતો આ શબ્દભેદ પોતપોતાને સ્થાને ઉચિત જ છે, જેનો આદર સંપ્રદાયના ઘણા વિદ્વાનો કરતા આવ્યા છે. આ શબ્દભેદનું રહસ્ય સમજી લેવાથી અક્ષરાતીત પારબ્રહ્મની શ્રીકૃષ્ણજીના તનથી થયેલી દિવ્ય લીલાઓનું અનુસંધાન શ્રીજી સાહિબજીની જાગણીલીલા સાથે સરળ રીતે થઈ જાય છે અને તેમની પૂર્ણ પહેચાન પણ થઈ શકે છે. આ પ્રકારની સમજ જ વર્તમાન જાગણીલીલાની શોભા છે.*



D:\Pranam/Chitvani/26

"હે આત્મા! હું ક્ષર[1] એટલે કે નાશવંત, પરપ્રકાશિત કાર્યરૂપ કાલમાયા તથા અસંખ્ય બ્રહ્માંડોની સર્જન-વિર્સજન શક્તિના સ્રોત અવિનાશી અક્ષરબ્રહ્મ[2]ની સ્વતઃપ્રકાશિત યોગમાયાથી પરે રહેવાવાળો એ અનાદિ ઉત્તમપુરુષ અક્ષરાતીત છું, જેણે આ પૂર્વે શ્રી કૃષ્ણરૂપે વ્રજ તથા રાસલીલા કરી છે. આ મારી *વાસ્તવિક* 'પહેચાન' એટલે કે 'નિજનામ' છે. આજ દિન સુધી 'શ્રીકૃષ્ણ'ના તન દ્વારા થયેલ મારી બ્રહ્મલીલાના ગૂઢ ભેદો આ સંસારમાં કોઈએ પણ જાણ્યા નથી. હવે, હું સ્વયં મારા નિજ દિવ્ય સ્વરૂપ, ધામ તથા લીલા સંબંધી સંપૂર્ણ અખંડ વૈભવવિજ્ઞાન સહિત આ જગતમાં 'શ્રીજી સાહેબજી'ના તન થકી જાહેર થઈ રહ્યો છું."

**શ્રી શ્યામાજી(શ્રી દેવચંદ્રજી)[3] વર સત્ય હૈ, સદા સત સુખ કે દાતાર ।**
**વિનતી એક જો વલ્લભા, મો અંગના કી અવિધાર ॥૨॥**

"હે આનંદ સ્વરૂપ શ્રી શ્યામાજીના પ્રિયવર! આપશ્રી પરમસત્ય છો. માત્ર આપશ્રી જ *સદા સત્સુખ* ના દાતાર છો એવો મને દૃઢ નિશ્ચય થયો છે! માટે, હે વલ્લભા! હું આપશ્રીની આત્મ-અંગના આપને નમ્ર વિનંતી કરું છું કે, આપ મને આપશ્રીનાં પવિત્ર ચરણોમાં કાયમી આશ્રય બક્ષો - મને સદા સદાને માટે અંગીકાર કરી લો!"

[1] *'ક્ષર'નો અર્થ ક્ષરિત એટલે કે નાશવંત એવો થાય છે. પંચભૌતિક, ત્રણગુણ તથા ચૌદલોકનાં કાળને આધીન અસંખ્ય બ્રહ્માંડો તથા તેમાં રહેતા જીવો, સર્વે અવતારો તથા આદિનારાયણ સહિતની તમામ શક્તિઓ મહાપ્રલય દરમ્યાન ક્ષરિત થવાથી 'ક્ષર' કહેવાય છે.*

[2] *અક્ષર' અખંડને કહેવામાં આવે છે. કુટસ્થ અક્ષરબ્રહ્મ, જે અક્ષરાતીત પારબ્રહ્મનું અખંડ સત્-અંગસ્વરૂપ છે, તે 'અક્ષર' કહેવાય છે. તેમના અંતઃકરણ લીલાપ્રદેશને અખંડ યોગમાયાનું બ્રહ્માંડ કહેવાય છે.*

[3] *શ્રી શ્યામાજી ને બદલે 'શ્રી દેવચંદ્રજી' એ શબ્દપ્રયોગ પણ પ્રાચીન પ્રતિઓમાં જોવા મળે છે.*

**વાની મેરે પિઉ કી, ન્યારી જો સંસાર ।**
**નિરાકાર કે પાર થેં, તિન પાર કે ભી પાર ॥૩॥**

“હે મારા પ્રિયતમ! આપશ્રીની અખંડ શ્રી મુખવાણી આ સંસારમાં સૌથી નિરાળી તેમજ અદ્વિતીય છે. તે તો અમને સાકાર તથા નિરાકાર[૧]ની ઉપમાઓ યુક્ત અસત્ય, જડ તથા દુઃખરૂપી કાળમાયિક બ્રહ્માંડથી પાર અખંડ યોગમાયા, તેનાથી પાર અક્ષરબ્રહ્મના અક્ષરધામ તથા તેનાથીયે પરે જે સર્વશ્રેષ્ઠ અક્ષરાતીત પરમધામ છે, ત્યાં પહોંચાડવામાં સક્ષમ છે. તે મારી આત્માને ઈશ્ક તથા આનંદથી પરિપૂર્ણ મૂળ નૂરી સ્વરૂપમાં જાગ્રત કરનારી છે.

**અંગ ઉત્કંઠા ઉપજી, મેરે કરના એહ વિચાર ।**
**એ સત વાણી મથ કે, લેઉં જો ઇનકો સાર ॥૪॥**

“હે પ્રિયતમ! આપશ્રીની આ વાણીના શ્રવણ તથા મનનથી મારા રોમ-રોમમાં બસ એક જ તીવ્ર અભિલાષા - ઉપજી રહી છે કે હવે તો બસ, એકમાત્ર આ પરમ સત્યસ્વરૂપ વાણી વિશે ગંભીરતાપૂર્વક વિચાર કરવો છે, તથા તેનું આત્મમંથન કરી સર્વ વાતોના સારરૂપ આપણો દિવ્ય પ્રેમ - ‘ઈશ્ક’ - ગ્રહણ કરવો છે.”

*[૧] સગુણ કે સાકાર અથવા નિર્ગુણ કે નિરાકાર આ બંને પરસ્પર સંબંધિત ઉપાધિઓ સંયુક્ત રીતે માયાનાં જ સ્વરૂપો છે; પારબ્રહ્મનાં નહિ. તેથી તે બંને અગ્રાહ્ય છે એવું શ્રીમદ્ભાગવત : ૨/૧૦/૩૩,૩૪ માં સ્પષ્ટ કહ્યું છે. જેનો આકાર કે રૂપ હોય છે, તે સાકાર છે. જેનું રૂપ નથી હોતું, તે નિરાકાર છે. મહાપ્રલયપર્યંત આ ક્ષરજગતની તમામ શક્તિઓ, અવતારો તથા આદિનારાયણ સુધીનો આકાર કે તેમનું સ્વરૂપ નથી રહેતું. એટલા માટે જ યજુર્વેદઃ ૪૦/૧૯માં કહ્યું છે કે અવ્યક્ત કારણ અથવા નિર્ગુણી ઉપાસના કરવાવાળો ઘોર અંધકારમાં તથા કાર્યબ્રહ્મ હિરણ્યગર્ભની ઉપાસના કરવાવાળો તેનાથી પણ અધિક ઘોર અંધકારમાં જાય છે.*



D:\Pranam/Chivani/27

**ઈન સાર મેં કઈ સત સુખ, સો મૈં નિરને કરું નિરધાર ।**
**એ સુખ દઊં બ્રહ્મસૃષ્ટ કો (મારા સાથને)[૧], તો મૈં અંગના નાર ॥૫॥**

“હે પ્રિયતમ! આપશ્રીના મિલન થકી મને એ વાત દઢ થઈ ગઈ છે કે આ અખંડ વાણીનો સાર - ઈશ્કનો રસ - ગ્રહણ કરવાથી અમને અગણિત સત્સુખો પ્રાપ્ત થાય તેમ છે! આ સર્વે પ્રાપ્ત સુખોને જો હું સૌ બ્રહ્મસૃષ્ટિ આત્માઓમાં વહેંચીશ તો જ હું આપ ધામધણીજીની અર્ધાંગિની - પ્રિયતમા - કહેવડાવવાને યોગ્ય બની શકીશ! હે વ્હાલા! આ હકીકત હું નિશ્ચિત રૂપે સમજું છું!”

**જબ એ સુખ અંગ મેં આવહીં, તબ છૂટ જાએ વિકાર ।**
**આયો આનન્દ અખંડ ઘર કો, શ્રી અક્ષરાતીત ભરતાર ॥૬॥**

“હે પિયા! જ્યારે જાગણીનાં *(સ્વયં જાગવાનાં અને બીજાને જગાડવાનાં)* આ અખંડ સુખો મારા પ્રત્યેક અંગમાં વ્યાપી જશે ત્યારે અમારા માયાના તમામ વિકારો અવશ્ય છૂટી જશે! અમારી ફરામોસી[૨] સામૂહિક રીતે દૂર થઈ જશે! આત્મજાગૃતિ થઈ જતાં અમને અમારા અખંડઘર પરમધામનો ‘નિજ-આનંદ’ પણ પ્રાપ્ત થઈ જશે! ત્યારે જ, હે ધણી! આપ અક્ષરાતીત જ મારા સાચા ભરથાર છો એ હકીકતનો અમને સાક્ષાત્ અનુભવ થશે.”

*[૧] ‘બ્રહ્મસૃષ્ટ’ને બદલે ‘મારા સાથને’ એ શબ્દપ્રયોગ પણ પ્રાચીન પ્રતિઓમાં જોવા મળે છે.*

*[૨] હકીકતમાં જ્યાં હોવા છતાં, ત્યાં ન હોવાનો અનુભવ થવો, પોતાના તથા પારબ્રહ્મના વાસ્તવિક સ્વરૂપ વિશે વિસ્મૃતિ હોવી, એને ‘ફરામોશી’ કહેવાય છે.*

# શ્રી રાસ

## શ્રી શ્રી શ્રી ગ્રંથ રાસ કિતાબ અંજીલ વાણી પુરાની પ્રમોધપુરી હબ્સા મધ્યે ઉતરી સો શુરૂ હુઈ ॥ ચાલ ॥

શ્રી કૃષ્ણજીની પ્રેમલીલા તથા પરમાત્માને 'અનન્ય પ્રેમ' માર્ગ દ્વારા પ્રાપ્ત કરવાનો મહિમા શ્રીમદ્‌ભાગવત ગ્રંથમાં વર્ણવેલ છે. શ્રીમદ્‌ભાગવતની જેમ જ ખ્રિસ્તી ધર્મગ્રંથ બાઈબલ, જેને 'અંજીલ' પણ કહેવામાં આવે છે, તેમાં પણ પરમાત્માને 'અનન્ય પ્રેમ' દ્વારા પ્રાપ્ત કરવાનો માર્ગ સર્વશ્રેષ્ઠ કહ્યો છે. શ્રી પ્રાણનાથજીના મતે પાશ્ચાત્ય ધર્મગ્રંથો – તોરેત, બાઈબલ અને કુરાનમાં જેને 'ખાસ ઉમત', 'મોમિન' કે ***'Chosen People'*** કહેલ છે, તેનો સંકેત સદા જાગૃત તથા આનંદ સ્વરૂપ આત્માઓ પ્રતિ છે. આ આત્માઓને શ્રીમુખવાણીમાં બ્રહ્મસૃષ્ટિ[૧] કહી છે, જે બ્રહ્મનું જ આનંદ સ્વરૂપ છે અને વર્તમાનમાં પોતાના પારબ્રહ્મધણીની સાહેબીનો તથા તેમના ઈશકની મહિમાનો અનુભવ કરવા આ સંસારરૂપી ખેલ જોવા અવતરેલ છે. તેઓને પારબ્રહ્મના સાચા પ્રતિનિધિ, અત્યંત નિકટના સંબંધી તથા સદા તેમના પ્રેમમાં મગ્ન રહેનાર કહેલ છે. વ્રજ અને રાસલીલામાં શ્રી કૃષ્ણરૂપ અક્ષરાતીત પારબ્રહ્મ સાથે રમનાર ગોપીકાઓ તે આ બ્રહ્મસૃષ્ટિ જ છે.

બાઈબલમાં વર્ણિત ઈસુ ખ્રિસ્તનું પુનઃ આગમન ***(Second Coming of Christ)*** પણ શ્રી પ્રાણનાથજીની અંતર્ગત થઈ ચૂક્યું છે, તે તેમની આ તારતમ વાણી દ્વારા સ્પષ્ટ થઈ જાય છે. જુના કરાર ***(Old Testament)*** માં સુલેમાનનાં સર્વશ્રેષ્ઠ ગીતોમાં પણ શ્રીમુખવાણીની જેમ પારબ્રહ્મને દુલ્હા કે વર ***(Bridegroom)*** તથા બ્રહ્માત્માઓના સમૂહ

[૧] શ્રી પ્રાણનાથજીના મતાનુસાર બ્રહ્મસૃષ્ટિનું અવતરણ વિશ્વની કોઈપણ જ્ઞાતિમાં હોવાનું સ્પષ્ટ કહેલ છે. આમ, બ્રહ્મસૃષ્ટિ અથવા *'Chosen People'*, 'ખાસ ઉમ્મત' કે 'મોમિન' એ લૌકિક જગતથી પરેની ઓળખાણ છે. તેનો સંદર્ભ વિશ્વના કોઈ ખાસ માનવસમુદાય વિશેષ માટે ટાંકવામાં નથી આવ્યો, જેવું સાધારણ રીતે સમજવામાં આવે છે.



***(Church)***ને દુલ્હન કે વધૂ ***(Bride)*** ના રૂપમાં ચિત્રિત કરવામાં આવેલ છે. બાઈબલ, નવા કરાર ***(New Testament)*** માં પણ આ જ પ્રકારનું વર્ણન મળે છે. બાઈબલ જે પરમાત્મા***(God)*** અને એમના દિવ્યપ્રેમ ***(Divine love)*** પ્રતિ અંગુલિનિર્દેશ કરે છે, તેનું વાસ્તવિક સ્વરૂપ વ્રજ અને રાસલીલામાં રમનાર ગોપીકાઓની જીવન રહેણી દ્વારા શ્રી રાસગ્રંથમાં વધુ ઉત્કૃષ્ટ સ્વરૂપે પ્રગટ થયેલ છે. એજ પ્રમાણે કુરાને પાક *(સિપારા : ૧૬/ સુરત૧૯)*માં આખરૂલજમા ઈમામ મહેંદી સાહેબનું આગમન હબ્સા(કારાગૃહ)માં થવાનો સંકેત છે. તે મુજબ, નૌતનપુરી, જામનગરમાં શ્રી મહેરાજજીનું લગભગ બાર મહિના સુધી કારાગૃહ(હબ્સા)માં નજરકેદ રહેવાનું થયું. અહીં, તેમના તનમાં બિરાજમાન પરમધામની આત્મા 'શ્રી ઈન્દ્રાવતીજી'ને પોતાના આત્મ-ધણીનો તથા પોતાના નિજ-આનંદસ્વરૂપનો 'પ્રબોધ' થયો. તેના ફળસ્વરૂપે સુંદરસાથ બ્રહ્માત્માઓને પ્રબોધ કરતી બ્રહ્મવાણીનું અભૂતપૂર્વ અવતરણ થયું. તેથી હબ્સાનું આ સ્થાન જ કુરાનમાં સંકેત કરેલ 'પ્રબોધપુરી' છે.

આમ, શ્રીમદ્‌ભાગવત, બાઈબલ અને કુરાનના અદ્‌ભૂત અનુબંધનો સંકેત કરતી શ્રીરાસવાણી શ્રી પ્રાણનાથજીની શ્રીમુખે પ્રારંભ થઈ રહી છે.

## શ્રી રાસ પ્રકરણ - ૧ : હવે પહેલાં મોહજલની કહું વાત...

### પ્રકરણ સાર

પ્રથમ પ્રકરણમાં મૂળધણી અક્ષરાતીત પારબ્રહ્મ થકી ઉત્પન્ન મોહજલ કે માયા શું છે, તેની શક્તિ અને પ્રભાવનો વ્યાપ ક્યાં સુધી છે, જીવાત્મા પર પ્રહારો કરવા માટેનાં તેનાં શસ્ત્રો કયાં કયાં છે, તેના નિત્ય દુઃખદાયી સ્વભાવનો પરિચય અને તેને વશ કરવાના વિવિધ ઉપાયોનું સ્પષ્ટીકરણ છે. સમર્થ પારપુરૂષ ધામધણીજી તથા તેમના સાક્ષાત્ સત્‌ગુરુસ્વરૂપની સાચી ઓળખાણ, પોતાની ભૂલોનો નિર્મળ હૃદયે સ્વીકાર



D:\Pranam/Chitvani/28

તથા પ્રાયશ્ચિત અને ધણીજીની સેવાનો દ્રઢ સંકલ્પ આદિ ઉપાયો દ્વારા હાથ આવેલ અવસરને ધન્ય બનાવી દેવાનું મહાત્મ્ય સમજાવ્યું છે. તેમાં અક્ષરાતીત પરમધામની આત્મા 'ઈન્દ્રાવતીજી' એકતરફ તો પોતાના અખંડ ધણી પ્રત્યેનું પ્રેમાકર્ષણ અને બીજીતરફ માયાનો પ્રબળ પ્રવાહ - આ બન્ને વચ્ચે જે રીતે ઝોલા ખાઈ રહી છે તેનું વર્ણન છે. મોહજલ, દાવાનળ, વ્રાધ[1], સાગર, શિખર, નિદ્રા, દીવાનો સુહાગ શૂન્ય, માછલીનું જીવન પાણી, અંધનાં અંતર્ચક્ષુ આદિ રૂપકો દ્વારા ધણીજી જીવને જાગ્રત થવા પ્રેરે છે. શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, હે ધણી! આપશ્રીની બાંહો પકડીને તેના સહારે હું માયાના વિકરાળ ફંદામાંથી એક પછી એક એમ ત્રણ-ત્રણ યુધ્ધો જીતીને હેમખેમ બહાર આવી શકી છું, પણ આટઆટલું કરવાં છતાંય ચોથીવારના યુધ્ધમાં તેણે મારી રહેની-કરની તથા બુધ્ધિને ઉલટાવી દઈને મને પુનઃ પોતાના વશમાં કરી લીધી! આ તમામ વીતક પ્રસંગોને યાદ કરાવીને તે આપણને આપણા જાગણી જીવનનું દર્શન કરવા પ્રેરે છે.

સંવત ૧૭૨૪માં દીવબંદરમાં જયરામભાઈ કંસારા નામના સુંદરસાથની જાગણી નિમિત્તે તથા આપણા સૌની આત્મ-જાગૃતિ હેતુ અવતરિત થયેલ આ*(અને બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા)* પ્રકરણમાં માયા સાથેના પોતાના અનુભવોના પ્રકાશમાં શ્રી ઈન્દ્રાવતીજીની આત્મા સૌ સુંદરસાથજીને માયાની સામે લડવાની યુક્તિઓથી પરિચિત કરે છે. માયારૂપી દુશ્મનને પરાજીત કરવા માટે પોતે સફળતાપૂર્વક અજમાવેલ ઉપાયો સૌ સુંદરસાથ પણ પોતપોતાના જીવનમાં લાગુ કરે તે માટે તે સૌને આહ્વાન આપે છે. સૌને અટલ વિશ્વાસ તથા હિંમત પ્રદાન કરતાં તે કહે છે કે હે સાથજી! તમારે માયાથી ડરવાની કોઈ જરૂર નથી પણ તેના પ્રત્યે બસ સાવધાન-જાગ્રત રહો એ જ મહત્ત્વની બાબત છે. બાકી તો ધણી જ્યારે પોતાનું ધણીપણું નિભાવે છે ત્યારે આપણાં બગડેલાં સર્વે કાર્યો આપોઆપ સારા થઈ જાય છે! સાથજી! પ્રેમ-સેવા ધર્મપાલન કરવાના માર્ગમાં માયા અવશ્ય અડચણો નાંખશે! પરંતુ જો આપણે શ્રી

*૧ એક પ્રકારનો અસાધ્ય રોગ*



D:\Pranam/Chitvani/29

તારતમવાણીનાં વચનોને હૃદયમાં દ્રઢતાપૂર્વક ગ્રહણ કરી તેમને સતત વાગોળતા રહીશું તો અવશ્ય માયાની પીછેહઠ થશે.

અક્ષરબ્રહ્મના મન સ્વરૂપ(અવ્યાકૃત)માં અસંખ્ય બ્રહ્માંડોને પેદા કરવાની ઈચ્છા કરનાર 'સુમંગલા' શક્તિનો જ્યારે તેમના ચિત્ત (સબલિક)ની 'ચિદાનંદ લહેરી' નામની શકિત સાથે સંગ થાય છે ત્યારે કાર્ય-કારણરૂપ મૂળપ્રકૃતિ પ્રગટ થાય છે. આ મૂળપ્રકૃતિમાં વિક્ષોભ થતાં વિકારસ્વરૂપ મોહતત્ત્વ, મોહસાગર કે મોહજળ પ્રગટ થાય છે, જેમાંથી આ દ્રશ્યજગતનું સર્જન થાય છે. આ રીતે, માયાનો ખેલ બનવા તથા મટવાનો પ્રવાહ અનાદિકાળથી વહેતો રહે છે અને તેના પ્રભાવમાં જીવના મનમાં મોહ, અજ્ઞાન, નિદ્રા કે ભ્રમ પેદા થાય છે. આમ, જીવાત્માને પોતાના મૂળ આત્મ-સ્વરૂપની પહેચાન તથા પારબ્રહ્મના સ્વરૂપ, ધામ અને લીલાની પહેચાનના માર્ગથી ભ્રમિત કરનાર, ધણીજીથી વિમુખ કરનાર પરિબળ તે માયા. તે પોતાના અતિબળવાન તથા વિષમય પ્રભાવ દ્વારા આત્મખોજીની અંતઃયાત્રામાં વિવિધ રૂપે બાધક બની ઉભી રહે છે. જીવના મનમાં, પિંડમાં તેમજ બ્રહ્માંડમાં સર્વત્ર ઉપસ્થિત રહી અદ્રશ્યરૂપે તે પોતાનું કાર્ય કરતી રહે છે. ઈર્ષ્યા, ક્રોધ, દ્વેષ, કામ, લોભ, મદ, મત્સર, આદિ મોહજન્ય વિકારોરૂપી દાવાનળ સમાન મહાગ્નિ દ્વારા તે જીવમાત્રને ભસ્મીભૂત કરતી રહે છે.

પોતાનાં વિવિધ શસ્ત્રો દ્વારા માયા જીવાત્મા પર સતત પ્રહાર કરતી જ રહે છે, રોજ રોજ તે પોતાના શસ્ત્રાગારમાં અવનવાં શસ્ત્રો ઉમેરતી જ રહે છે અને કદીયે ન બુઝાય એવા દાવાનળની પેટે સૌને જીવન-પર્યંત દુઃખી કરતી રહે છે. જીવને પોતાના વશમાં રાખવા માટે તે પોતાના શસ્ત્રાગારમાં અનેક પ્રકારનાં અદ્યતન શસ્ત્રો રાખે છેઃ ભૌતિક સુખોની અતિ આવશ્યકતાનો અનુભવ કરાવી તે પ્રલોભનોમાં ફસાવે છે; અતિસુંદર રૂપ ધારણ કરીને મોહિત કરી તે મનુષ્યને આંધળો કરી દે છે; શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આદિ પંચતન્માત્રાઓ દ્વારા સુમધુર રસાસ્વાદ માણવાના મોહમાં ફસાવી દે છે; મનને ભ્રમિત કરવા માટે તે સાચાને જૂઠું

અને જૂઠાને સાચું હોવાની પ્રતીતિ કરાવે છે; લૌકિક શક્તિઓના પ્રદર્શન દ્વારા મનુષ્યને પ્રભાવિત કરી યથાર્થ સત્યમાર્ગથી વિચલિત કે લાપરવાહ બનાવી દે છે; અવનવા દાવપેચો કે યુક્તિઓ દ્વારા સત્યમાર્ગના પથિકને પથભ્રષ્ટ કરે છે; વાણી - જ્ઞાનાદિ ચાતુર્યના અદ્‌ભૂત પ્રદર્શન, પ્રકાશન કે આકર્ષણ દ્વારા મનુષ્યને વશીભૂત કરી તેની બુધ્ધિને ફેરવી દે છે અને દોસ્તને દુશ્મન દર્શાવે છે; કામ અને ક્રોધરૂપી અગ્નિ સમાન વિકારોમાં ફસાવી દઈ મનુષ્યનું પતન કરે છે; કૂટિલતા કે ઢોંગવૃત્તિ દ્વારા તે મનુષ્યો, અને તેમાંયે ખાસ કરીને જ્ઞાનીજનોને, તેમની કહેણી અને કરણીમાં વિસંગતા આવે એમ કરવા મજબૂર કરે છે; કોમળતા કે નમ્રતાનો ઢોંગ કરી મનુષ્યને છેતરે છે;  મનને ચંચળ અર્થાત્ અસ્થિરતાયુક્ત મનોવૃત્તિથી ગ્રસિત કરી દે છે; ચતુરાઈ દ્વારા કાચિંડાની માફક પોતાનો રંગ બદલતા રહી તે ભોળાભલા મનુષ્યોને મૂર્ખ બનાવતી રહે છે; વીજળીની ઝડપે ખબર પણ ન પડે એ રીતે સત્કાર્યોમાં વિઘ્નો ઉભા કરતી રહે છે!

આ ક્ષરજગતમાં માયાના આ પ્રકારના પ્રભાવનો વ્યાપ સર્વત્ર છે. આપણું સંપૂર્ણ દ્રશ્યજગત અર્થાત્ ક્ષરબ્રહ્માંડ, જે પાંચ સ્થૂળતત્વો, ત્રણગુણો તથા ચૌદલોકોનું બનેલ છે, તે આખુંયે માયાને આધીન છે! નાનામાં નાના જીવથી લઈને મોટામાં મોટા ઋષિમુનિઓ, દેવીદેવતાઓ, ત્રિદેવો, સાધુઓ તેમજ દુષ્ટો એ સૌને માયા પોતાના વિવિધ પ્રકારના અવનવાં શક્તિશાળી શસ્ત્રો દ્વારા પોતાના વશમાં કરી લે છે. જીવ પોતાના ગુણ, અંગ તથા ઈન્દ્રિયોના માધ્યમે, ત્રણગુણોથી પ્રેરાઈને કર્મ તથા જન્મમરણના, આવાગમનના ચક્રમાં પોતાનાજ દ્વારા તૈયાર કરાયેલી જાળમાં ફસાયેલ કરોળિયાની માફક બંધાઈ રહે છે. આ રીતે, જીવમાત્રના પિંડમાં અને બ્રહ્માંડમાં, વ્યષ્ટિ *(local)* અને સમષ્ટિ*(non-local)*રૂપે માયાની ઉપસ્થિતિ હોય છે. પરંતું, પૂર્ણબ્રહ્મ સચ્ચિદાનંદ અક્ષરાતીતના પરમધામમાં આ માયાનો પ્રવેશ રજમાત્ર જેટલો પણ સંભવ નથી.

સુંદરસાથજી! આ સર્વે શાસ્ત્રોક્ત ઉદાહરણો દ્વારા બોધ ગ્રહણ કરી, *મોટી મત* (જાગ્રતબુધ્ધિ) કેળવી, પારપુરુષ અક્ષરાતીત શ્રી



D:\Pranam/Chivani/30

પ્રાણનાથજીને રીઝવવામાં મગ્ન થઈ જાઓ. જાગૃત આત્માને પ્રાણપ્રીતમ વિના એક પલમાત્રની જુદાઈ સો વર્ષો જેટલી વસમી લાગે છે. શ્રી રાસમંડલ તથા પરમધામની લીલામાં પણ આ પ્રકારનો ભાવ પ્રગટ થતો યાદ કરી હૃદયપટલ પર અંકિત કરી લ્યો. પરમધામના પચ્ચીસ પક્ષોમાં રાતદિન રંગવિલાસ કરતા રહો. મૂળસ્વરૂપની તથા સાક્ષાત્ સત્‌ગુરુ સુંદરસાથની સેવામાં મગ્ન બની જાઓ. શ્રી ઈન્દ્રાવતીજીની માફક સદૈવ કૃતજ્ઞતા તથા પશ્ચાત્તાપનો ભાવ વ્યક્ત કરતા રહો. શ્રી ઈન્દ્રાવતીજીના જીવનપ્રસંગ દ્વારા એ વાત નિશ્ચિતરૂપે સમજી લો કે આત્માના હૃદયમાં સાક્ષાત્ ધામધણી આવીને બિરાજમાન થઈ ગયા પછી તેને માયા કદી હરાવી શકે નહિ.

શ્રી ધણીજી કહે છે કે જ્યાં સુધી આપણે માયાનાં મૂળ, ઉત્પત્તિ તથા સ્વરૂપની હકીકતો, તેનો સ્વભાવ તથા કાર્યપ્રણાલીની તમામ વાસ્તવિકતાઓને સમજી નહિ લઈએ ત્યાં સુધી શ્રી તારતમવાણીનાં ગૂઢ રહસ્યો પર યથાર્થ રૂપે વિચાર થઈ શકશે નહિ. *હવે માયાનો જે પામશે પાર, તારતમ કરશે તેહ વિચાર.* એકમાત્ર ધામધણીજીની કૃપા થકી, તેમના તારતમવિજ્ઞાનને હૃદયસ્થ કરી લઈને મનુષ્યાત્મા માયા પર વિજય પ્રાપ્ત કરી શકે તેમ છે. એમની કૃપાનું મહાત્મ્ય સમજી લઈ, એમનાં દિવ્ય ચરણોમાં અનન્ય પ્રેમભાવ રાખીને કુરબાન થઈ જવાથી, સદ્‌ગુરુ સુંદરસાથની સેવામાં સમર્પિત થવાથી માયાજનિત સર્વે વિકારોનું નિર્મૂલન અને અખંડ સુખની પ્રાપ્તિ પણ થઈ શકે છે : "*જ્યારે ધણી ધણવટ કરે, ત્યારે બલ વેરીનાં હરે । વળી ગયેલા કામ સરાડે ચઢે, મન ચિંતવ્યાં કારજ સરે ॥*" હે સાથજી! તે માટે આપ સૌ જીવનના અંતિમ શ્વાસ સુધી આ શ્રીમુખવાણીનો સથવારો છોડશો નહિ. આ વચનો કદાચ આપમાંના કોઈકને ન પણ રૂચે! પણ સત્ય વાત તો હું કહીને જ રહીશ! કારણ કે, જો હું તેમ નહીં કરું તો સૌ સુંદરસાથને પરમધામનું સુખ કેવી રીતે મળી શકે?

સુંદરસાથજી! તમે સૌ સાથે મળીને ધ્યાનપૂર્વક સાંભળો - જાગો

અને વિચારો. જેણે આ તારતમજ્ઞાનનો પ્રકાશ કર્યો છે, તે પારપુરુષ પિયા 'શ્રી પ્રાણનાથજી'ને ઓળખો. હજી આપણે એમને પૂર્ણતઃ ઓળખી શક્યા જ નથી! વ્રજ, રાસ તથા પરમધામનાં સુખોની લ્હાણી કરાવનાર આ આપણા 'શ્રી પ્રાણનાથજી' જ છે. એમનાં બક્ષેલાં આ સુખો લઈ જાગવાની ઘડી માત્ર આ જ છે! હાથ આવેલ અવસર માત્ર અર્ધક્ષણમાં ચાલ્યો જવાનો છે. આ પહેલાં પણ ધણીજી આપણા સૌની વચ્ચે સદ્‌ગુરુ ધણીશ્રીદેવચંદ્રજીના તનમાં પધાર્યા હતા. એમની સમયસર ઓળખાણ ન કરીને આપણે બહુ મોટું નુકશાન વેઠ્યું છે. હવે જ્યારે પુનઃ અનુપમ અવસર હાથ લાગ્યો છે, તો ત્વરિત જાગૃત થઈ, લઈ શકાય એટલો મહત્તમ લાભ લૂંટી લો.

હે સાથજી! પતંગિયા જેવા પામર જીવના વૈરાગ્યભાવને તો જુઓ! તે પોતાના સુહાગ સમાન અંધકારની પ્રીતિ કદીયે જતી કરવા તૈયાર નથી હોતું! તેથી તે દીપકની જ્યોતમાં ઝંપલાવી કાંતો તેને બુઝાવી દે છે કાંતો પોતાની કાયાનો ત્યાગ કરી દે છે! અરે સાથજી! જળથી વિખુટી પડેલી માછલીની તડપની પણ તમે કલ્પના તો કરો! પોતાના પ્રાણ સમાન જળથી વિખુટી પડેલી માછલી તો જળનો વિયોગ સહન ન કરી શકવાથી તરફડીને પોતાનો પ્રાણ ત્યાગ કરે છે. જો આપણે પણ પરમ પ્રીતિ સંબંધિત પ્રાણપ્રીતમના એકાદ વચનને પણ યથાર્થ સમજી લીધું હોત તો આપણામાંથી કોઈપણ સદ્‌ગુરુજીનો એક ક્ષણમાત્ર જેટલો પણ વિરહ સહી શકત નહિ. હે સાથજી! આપ તો આંખોથી આંધળા વ્યક્તિ કરતાંયે વધુ અંધ, અર્થાત્ બાહ્ય તથા આંતરિક - એમ બંને રીતે અંધ થઈ ગયા છો! તમારાં હૃદયનાં ચક્ષુઓ ખોલો! હવે તો દુર્મતિની જેમ અમૃત ઢોળીને વિષ પીવાની ચેષ્ઠા છોડી દો! ચિત્તને કોમળ કરી ધણીનાં દિવ્ય વચનોને હૃદયપટલ પર અંકિત કરી દો. પરમધામના પચીસપક્ષોનું ચિતવન કરતાં કરતાં રાતદિન રંગવિલાસ કરતાં રહો. મૂળ તેમજ સાક્ષાત્ પ્રગટ સદ્‌ગુરુસ્વરૂપની સેવામાં મગ્ન બની જાઓ.

હે ધણી! આપશ્રીનાં ચરણોમાં અતિઘણા પ્રેમપૂર્વક પ્રદક્ષિણા કરીને



D:\Pranam/Chitvani/31

દંડવત્ પ્રણામ કરતાં પ્રાર્થના કરું છું કે, "હે ધણી! જેવી રીતે આપે મારા સર્વે મનોરથો પૂર્ણ કર્યા છે, એ જ પ્રમાણે હવે આપ સૌ સુંદરસાથજીના મનોરથ પણ પૂર્ણ કરજો. હું આપશ્રીની આત્મ-અંગના ઈન્દ્રાવતી આપનાં શ્રી ચરણો પર બલિહારી જાઉં છું.

## શ્રીમુખ વાણી : પ્રકરણ ૧

### ૧.૧ માયાનો પ્રભાવ સર્વત્ર

**હવે પહેલાં મોહજલની કહૂં વાત, તે તા દુઃખરુપી દિન રાત ।**
**<u>દાવાનલ બલે કઈ ભાંત, તેણી કેટલી કહૂં વિખ્યાત</u> ॥૧॥**

હે સુંદરસાથજી! હવે સૌ પ્રથમ તો હું (પરમધામની આત્મા ઈન્દ્રાવતી) આપ સૌને મોહજળ[1] કે જેનાથી આ સંપૂર્ણ સંસારરૂપી ભવસાગર ભરેલો છે, તેની હકીકત સમજાવું છું. અસત્, જડ અને દુઃખરૂપ હોવાથી તેના દ્વારા સૃષ્ટિજીવોને ત્રિવિધ[2] પ્રકારનાં દુઃખોનો અનુભવ સતત થતો રહે છે. અર્થાત્ તે માયા મૂલતઃ દુઃખ જ દુઃખનું સ્વરૂપ છે, જેમાં સર્વત્ર દિન-રાત હરપળ રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મોહ, લોભ, મદ(મિથ્યાગર્વ), મત્સર (ઈર્ષ્યા), અભિમાન આદિ વિકારોરૂપી દાવાનળ કેટલાયે વિવિધ પ્રકારે ભભૂકી રહ્યો છે! જેવી રીતે પ્રગાઢજંગલમાં કાષ્ટના પરસ્પર આકસ્મિક ઘર્ષણ માત્રથી જ ન બુઝાય એવો વિકરાળ દાવાનળ અર્થાત્ ભયાનક અગ્નિ પ્રગટીને આખાયે જંગલમાં પ્રસરતો જાય છે, તેવી રીતે પ્રત્યેક મનુષ્યજીવ પણ મોહજન્ય વિકારોરૂપી મહાગ્નિમાં પોતાની જાતને સહજરીતે હોમતો રહે છે! આ મોહજળના વ્યાપ તેમજ તેના સર્વત્ર પ્રભાવ બાબતની હકીકતનું હું કેટલું વર્ણન કરું? તે અવર્ણનીય છે!

---

[1] *મોહજલની અંતર્ગત ચૌદલોક, અષ્ટાવરણ, જ્યોતિ સ્વરૂપ, મોહતત્ત્વ તતા સાત સૂન્ય આદિનો વિસ્તાર છે.*

[2] *શાસ્ત્રોમાં દુઃખો ત્રિવિધ પ્રકારનાં કહ્યાં છે : શારીરિક અને માનસિક પ્રકારનું આધ્યાત્મિક દુઃખ, પંચભૌતિક સ્થાવર-જંગમ પદાર્થોથી ઉત્પન્ન થતું આધિભૌતિક દુઃખ અને દૈવી કે પ્રાકૃતિક કારણોથી ઉત્પન્ન થતું આધિદૈવિક દુઃખ.*

**વિસ્વને લાગી જાણે વ્રાધ, માહેં અગિન બલે અગાધ ।**
**<u>તે તા પીડે દુષ્ટ ને સાધ, નહીં અધખિણની સમાધ</u> ॥૨॥**

સમગ્ર વિશ્વના જીવો મોહ-માયારૂપી જીવલેણ રોગથી ગ્રસિત ભાસે છે. તેમાં સર્વત્ર જીવમાત્રના હૃદયમાં કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, દ્વેષ, ચિંતા, શોક, વિરહરૂપી અશમ્ય તેમજ અમાપ અગ્નિ સદા ભડકે બળતો રહે છે! આ મોહજલની અગ્નિ દુષ્ટો તેમજ સાધુઓ - દુર્જનો કે સજ્જનો - સૌને એકસમાન રીતે પીડિત કરતી રહે છે. તેના પ્રબળ પ્રવાહને કારણે કોઈને પણ ક્ષણાર્ધ પૂરતી ય એકાગ્રતા કે સુખશાંતિ નથી!

**<u>કૃપા કરો છો અમજ તણી, સિખામણ દેઓ છો અતિઘણી ।</u>**
**<u>અહનિસ લેઓ છો અમારી સાર, તો મોહજલ ઉતરસૂં પાર</u> ॥૩॥**

હે ધામધણી! અમને માયાના સકંજામાંથી સહીસલામત છોડાવવા માટે આપશ્રી અમને અતિભારપૂર્વક વિવિધ પ્રકારની શિખામણો આપીને અમારા સૌ પર અતિઘણી કૃપા કરી રહ્યા છો. એટલું જ નહિ, આપશ્રી રાતદિવસ નિરંતર અમારી સારસંભાળ રાખો છો તેથી જ હવે અમે આ દુસ્તર ભવસાગરથી પાર ઉતરી શકીશું.

**એ માયા છે અતિ બલવંતી, ઉપની છે મૂલ ધણી થકી ।**
**મુનિજન ને મનાવ્યા હાર, સિવ બ્રહ્માદિક ન લહે પાર ॥૪॥**

હે સાથજી! આ માયા અતિ બળવાન છે. વિશેષ કરીને આ વખત, તે આપણા મૂળધણી પારબ્રહ્મ અક્ષરાતીતની વિશેષ આજ્ઞાથકી ઉત્પન્ન થયેલ છે. આ માયાએ ઋષિમુનિઓને પણ પોતાની મોહજાળમાં ફસાવીને પરાજીત કરેલ છે! એટલું જ નહિ, શિવજી તથા બ્રહ્માજી આદિ પણ તેની વાસ્તવિકતાનો પાર પામી શક્યા નથી! *નોંધ : ૧ માયાની જ બુદ્ધિ તથા માયારૂપ જ્ઞાન દ્વારા માયાને કદી ન જીતી શકાય. શાસ્ત્રોમાં માયાને પરમાત્માની પ્રકૃતિ કહી છે. પણ સૃષ્ટિને સર્જનાર તો માયા જ છે; બ્રહ્મ તો એક નિમિત્ત માત્ર જ છે. સાધારણતઃ સત્અંગ અક્ષરબ્રહ્મના આદેશથી જ માયાવીસૃષ્ટિની રચના થતી હોય છે. ૨. પર્વત પર તપસ્યા કરતા અત્રિ ઋષિ તથા સાગરમાં તપસ્યા કરતા સૌરભમુનિને માયાએ પોતાના તરંગોમાં લપેટી લીધેલા. વિશ્વામિત્રઋષિ ઉર્વષિ નામની અપ્સરાથી મોહિત થઈ એક કન્યાને જન્મ આપવામાં નિમિત્ત બની જીવનભર તેનાં દુઃખોમાં સંતપ્ત રહેલા, જીવનની અંતિમ અવસ્થામાં પણ ભર્તૃહરિ તૃષ્ણાઓથી ગ્રસિત રહેલા. ભરત નામના ઋષિ પણ એક હરણના મોહમાં ફસાઈ મૃત્યુ સમયે હરણની ચિંતાથી ગ્રસિત રહેલા અને બીજા જન્મે હરણની યોનિમાં જન્મેલા. જીવનની અંતિમ ક્ષણોમાં બીજા એક ઋષિ વૃક્ષની છાયામાં સુતા હતા ત્યારે તેમની સૂરતા એ વૃક્ષ પર લાગેલ ફળના રસાસ્વાદમાં રહી હતી તો તેમનો જીવ એ ફળમાં કીડો બની ફસાઈ રહ્યો. એટલું જ નહિ, વિષ્ણુ, શિવ તથા બ્રહ્માજી પણ પોતાને ઉત્પન્ન કરનાર માતૃસ્વરૂપા માયાને જ પત્નીરૂપે (લક્ષ્મી, ઉમા અને સરસ્વતી)ધારણ કરી તેમના સંકેતોને અનુરૂપ વર્તતા રહે છે! વિષ્ણુ ભગવાનના અવતાર શ્રી રામે પણ છળપૂર્વક વૃક્ષ પાછળ સંતાઈને સુગ્રીવના અહંકારી ભાઈ વાલીને મારવો પડેલ કારણકે વાલીને વરદાન હતું કે જે કોઈપણ એની સન્મુખ આવીને યુધ્ધ કરશે તો એનું અડધું બળ વાલીને મળી જશે. જ્યારે બ્રહ્માજીએ માનસિકસૃષ્ટિ સર્જી ત્યારે માયાથી પ્રભાવિત થઈને તેઓ સરસ્વતી પર મુગ્ધ થયા. એ જ પ્રમાણે શંકરજીનું મન મોહિની તરફ આકર્ષિત થયું જ્યારે તેણે સમુદ્રમંથનની લીલામાં અસુરોને પોતાની સુંદરતાના શિકાર બનાવ્યા. તો વિષ્ણુ ભગવાને વૃંદા (જે પાછળથી તુલસી બની) તથા જાલંધર સાથે છળ કરેલું. જ્યારે નારદજીએ સતી અનસૂયા 'મહાસતિ' હોવા વિશેનો દાવો કર્યો, ત્યારે માયાએ લક્ષ્મીજીના હૃદયમાં સતી અનસુયા પ્રત્યે ઈર્ષ્યાભાવ પેદા કર્યો હતો અને વિષ્ણુભગવાનને તેની પરીક્ષા લેવા મજબૂર કર્યા હતા.*

**સુક સનકાદિક ને નવ ટલી, લખમી નારાયણ ને ફરીવલી ।**
**વિષ્ણુ વૈકુંઠ લીધાં માહેં, સાગર સિખર ન મૂક્યા ક્યાંહે ॥૫॥**

શુકદેવમુનિ તથા બ્રહ્માજીના માનસીપુત્રો સનકાદિક (સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર) જેવા મહાન ઋષિઓને પણ માયાએ પોતાનાથી પ્રભાવિત કર્યા વિના છોડ્યા નથી! લક્ષ્મીનારાયણ, જે જગતના પરમાત્મા મનાય છે, તેમને પણ માયાએ ચારે તરફથી ઘેરી લીધેલ છે! વિષ્ણુભગવાન તથા પાંચેય વૈકુંઠોને પણ તેણે પોતાના ફંદામાં ઘેરી લીધેલ છે! ટૂંકમાં, માયાએ આ ચૌદલોકના બ્રહ્માંડમાં પાતાળ અને ક્ષીરસાગરથી લઈને તે શિખર, એટલે કે ક્ષરપુરુષ આદિનારાયણ ભગવાન સુધી, કોઈને પણ ક્યાંએ છોડયા નથી.

**એ ઊપર હવે સૂં કહૂં, બીજા નામ તે કેહેના લઊં ।**
**એણે વચને સરવાલો થયો, બ્રહ્માંડનો ધન સર્વે આવ્યો ॥૬॥**

હે સાથજી! આનાથી વિશેષ બીજા કોનાં નામો કહું? આટલાં વચનોમાં બધું જ આવી ગયું એમ માનજો, કારણ કે ઉપરોક્ત નામોમાં તો આખાયે ક્ષરપુરુષના બ્રહ્માંડની શક્તિઓનો સમાવેશ થઈ ગયો છે!

**તત્વ સહુ એણીએ જીતી લીધાં, ચૌદ લોક પોતાનાં કીધાં ।**
**વલી લીધો તત્વ મોહ, જે થકી ઉપન્યા સહુ કોએ ।।૭।।**

આ માયાએ સર્વે તત્ત્વો (*પંચમહાભૂત, પંચસૂક્ષ્મભૂત, પંચકર્મેન્દ્રિય, પંચજ્ઞાનેન્દ્રિય તથા ચાર અંતઃકરણ મળીને ચોવીસ તત્ત્વો*)ને જીતી લઈ પોતાના વશમાં કરી લીધાં છે. ચૌદલોક (*પાતાળ, રસાતળ, મહાતળ, તલાતલ, સૂતળ, વિતળ, અતળ, મૃત્યુલોક, ભૂલોક, સ્વર્ગલોક, મર્હલોક, જનલોક, તપલોક, અને સત્‌લોક-વૈકુંઠ*)ને પણ તેણે પોતાના હાથમાં કરી લીધાં છે. એટલું જ નહિ, ચૌદલોકથી પરે મોહતત્ત્વ - નિરાકાર, જેના દ્વારા સમગ્ર સંસારની ઉત્પત્તિ થયેલ છે, તેને પણ માયાએ પોતાના વશમાં કરી લીધેલ છે!

### ૧.૨ માયાનાં અદ્યતન શસ્ત્રો

*સાખી* - **<u>કહે ઇંદ્રાવતી વલ્લભા, એ માયા છે અતિ છલ ।</u>**
**<u>હવે જુધ માંડ્યૂં છે અમસૂં, એહેનો કહ્યો ન જાય બલ</u> ।।૮।।**

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, હે ધણી! આ માયા તો ઘણી જ છલકપટવાળી છે. તેણે અમારી સામે જે યુદ્ધ આદર્યું છે, તેની શક્તિનું વર્ણન થઈ શકે તેમ નથી.

**એહના આઉધ અમૃત રુપ રસ, છલ બલ વલ અકલ ।**
**<u>અગિન કુટિલ ને કોમલ, ચંચલ ચતુર ચપલ</u> ।।૯।।**

જીવને પોતાના વશમાં રાખવા માટે આ માયા પોતાના શસ્ત્રાગારમાં વિવિધ પ્રકારનાં અદ્યતન શસ્ત્રો રાખે છે : ૧) વિવિધ પ્રકારનાં ભૌતિક સુખોને અતિઆવશ્યક તથા *અમૃત* સમાન હોવાનો આભાસ કરાવી જીવને જૂઠાં પ્રલોભનોમાં ફસાવી લેવાની શક્તિ ધરાવે છે,



D:\Pranam/Chivani/33

૨) વિવિધ પ્રકારનાં સુંદર રૂપો દ્વારા પ્રગટ થઈ, જોનારને મોહિત કરી, તેના યથાર્થ જ્ઞાનને ભુલાવી દેવાની શક્તિ ધરાવે છે, ૩) પંચતન્માત્રાઓ - *શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ* - દ્વારા તે અવનવા *રસાસ્વાદના* મોહમાં ફસાવી દેવાની અજબની શક્તિ ધરાવે છે, ૪) પોતાના *છળ* દ્વારા તે મનને ભ્રમિત કરીને જૂઠાને સાચું અને સાચાને જૂઠું હોવાની પ્રતીતિ કરાવવાની ક્ષમતા ધરાવે છે, ૫) લૌકિક *બળના* પ્રદર્શન દ્વારા આકર્ષિત કરી તે જીવોને સત્યમાર્ગથી વિચલિત કરવાની અદ્‌ભુત ક્ષમતા ધરાવે છે, ૬) પોતાના અવનવા દાવપેચો, *વળ* (*કળ, યુક્તિ* કે ચાલબાજીઓ) દ્વારા તે સત્યમાર્ગના પથિકને પરાસ્ત કરી તેનું અધઃપતન કરવાની ક્ષમતા ધરાવે છે, ૭) પોતાની *અકકલ,* અર્થાત્ કપટપૂર્ણ વાણીચાતુર્ય આદિના પ્રદર્શન દ્વારા તે સૌને વશીભૂત કરી દેવાની ક્ષમતા ધરાવે છે, ૮) કામ અને ક્રોધરૂપી *અગ્નિ* સમાન વિકારોમાં ફસાવી દઈ પરાસ્ત કરવાની ક્ષમતા ધરાવે છે, ૯) પોતાની <u>કુટિલતા</u> - દુષ્ટવૃત્તિ દ્વારા તે જીવનાં વાણીવચન (કેહેની) તથા કર્મો (કરની)માં વિસંગતતા ઊભી કરીને તેને ગુમરાહ કરવાની ક્ષમતા ધરાવે છે, ૧૦) <u>કોમળતા</u> કે નમ્રતાનો ઢોંગ કરી તે સૌને ભ્રમિત કરવાની ક્ષમતા ધરાવે છે, ૧૧) દિલને મોહિત કરી તેમાં <u>ચંચળતા</u> કે અસ્થિર મનોવૃત્તિ પેદા કરવાની તે ક્ષમતા ધરાવે છે, ૧૨) પોતાના *ચાતુર્ય* તેમજ ચપળતા દ્વારા તે હરપલ કાચિંડાની જેમ પોતાના રંગ બદલતા રહી બીજાને પોતાની અસલિયતનું જ્ઞાન ન થવા દેવાની ક્ષમતા ધરાવે છે, અને છેલ્લે, ૧૩) *ચપળતાપૂવર્ક,* વીજળીની ઝડપે, ખબર પણ ન પડે એ રીતે તે સત્કાર્યોમાં વિઘ્નો ઉભા કરવાની ક્ષમતા ધરાવે છે!

### ૧.૩ માયા સાથેની મારી લડાઈની વિગત

*ચાલ* - **<u>હવે એહનો કેટલો કહૂં વિસ્તાર, જોરાવર અતિ અપાર ।</u>**
**<u>મોસૂં જુધ માંડ્યૂં આસાધાર, જુધ કરે છે વારંવાર</u> ।।૧૦।।**

હે સાથજી! હવે, આનાથી વિશેષ આ માયાનું કેટલુંક વર્ણન કરું? તે તો અતિ બળવાન છે. એણે મારી સાથે અસાધારણ પ્રકારનું યુધ્ધ આરંભ્યુ છે, જેને લઈને તે મારા પર અવારનવાર હુમલા કરતી જ રહે છે.

**<u>એહેને લાગ્યો કોઈ એવો ખાર, મારો કેડ ન મૂકે નાર ।</u>**
**<u>મેં બાંધ્યાં સામાં હથિયાર, તો જાણ્યો જોપે એહેનો માર</u> ॥૧૧॥**

મારી આત્મજાગૃતિની સફળતા જોઈને એને મારા પ્રત્યે એવી તો ઈર્ષ્યા કે વેરભાવ ઉદ્‌ભવેલ છે કે તે પલભર માટે પણ મારો પીછો નથી છોડતી! એટલે જ મેં પણ તેની સામે લડવા માટે સદ્‌ગુરુએ દર્શાવેલ દિવ્ય હથિયારો - મુખ્યત્વે શુકર, ગરીબી અને સબર - સજાગતાપૂર્વક ધારણ કરી લીધાં છે. આ શસ્ત્રોના ઉચિત પ્રયોગ દ્વારા મને આ માયાની ઘાતકશક્તિનો પ્રતિકાર થઈ શક્યો છે. તે મુજબ, સૌ પ્રથમ તો હું ધણીજીનાં અનંત અહેસાનો માટે હૃદયમાં કૃતજ્ઞતાભાવ - શુકર, *thanksgiving* - નો ભાવ સદૈવ પ્રગટ થતો રહે એ બાબતે સજાગ બની ગઈ. બીજું, ધામની નિસ્બતની ગરિમા હૃદયમાં ગ્રહી લઈ સુંદરસાથજીની ચરણરેણુ બની રહેવાની નમ્રતા-ગરીબી ભાવના પ્રત્યે સતત જાગૃત રહેવા લાગી. અને ત્રીજું, પ્રેમપૂર્ણ સેવા દ્વારા ઈમાન અને ઈશ્કની અભિવ્યક્તિમાં જ મોટાઈ તથા એમાં જ પૂર્ણ સંતોષ - સબર માનવા લાગી : "*શ્રી મહામતિ કહે ઈમાન ઈસક કી, સુકર ગરીબી સબર । ઈન વિધ રુહેં દોસ્તી ધની કી, પ્યાર કર સકે ત્યોં કર ॥" કિરંતન વાણી*

**<u>એણે સમે જે અમમાં વીતી, કેટલી કહૂં તેહ ફજીતી ।</u>**
**<u>મેં તો રૂડી રીતે ગ્રહીતી, પણ મૂને લીધી જીતી</u> ॥૧૨॥**

માયા સાથેની લડાઈના આ કપરા સમયમાં મારા ઉપર જે વીતી છે, મારી જે ફજેતી થઇ છે તેનું શું વર્ણન કરું? મેં તો તેને બરાબર સમજીને સાવધાની તથા પ્રેમપૂર્વકની સેવા દ્વારા તેનો લાભ લેવાનો સંકલ્પ તેમજ પ્રામાણિક પ્રયાસ કર્યો હતો. તેમ છતાંયે તેણે પોતાની અસાધારણ શક્તિ દ્વારા *(પ્રથમ સુંદરસાથ ગાંગજીભાઈનાં બહેન બાલબાઈ તથા સત્‌ગુરુ ધણી શ્રી દેવચંદ્રજીના પુત્ર બિહારીજી આદિના હૃદયને પ્રેરી)* મને અત્યંત દુ:ખી કરી, પુનઃ મારા પર વિજય પ્રાપ્ત કરી લીધો!



D:\Pranam/Chitvani/34

**બાહેં ગ્રહી લઈ નિસરી, મેં ત્રણ જુધ કીધાં ફરી ફરી ।**
**<u>પછે ગત મત મારી હરી, લઈ વસ પોતાને કરી</u> ॥૧૩॥**

હે ધણી! આપશ્રીની બાંહો પકડીને હું તેના સહારે માયાના વિકરાળ ફંદામાંથી એક પછી એક એમ ત્રણ-ત્રણ યુધ્ધો જીતીને હેમખેમ બહાર આવી શકેલ છું. આટઆટલું કરવા છતાં ચોથીવારના યુધ્ધમાં તેણે મારી રહેની, કરની તથા બુધ્ધિને ઉલ્ટાવી દઈને મને પુનઃ પોતાના વશમાં કરી લીધી!

*નોંધ : સૌપ્રથમવાર મેહેરાજજી ઈરાક (બસરા, બગદાદ)માં 'પ્રથમ સુંદરસાથ' ગાંગજીભાઈના ભાઈ ખેતાભાઈનો વ્યવસાય સમેટી તેમને જાગૃત કરી નૌતનપુરી પાછા બોલાવી લાવવા માટે ગયેલા. તો ત્યાંથી પાછા ફર્યા ત્યારે સદ્‌ગુરુ ધણી શ્રી દેવચંદ્રજીએ ગાંગજીભાઈનાં બહેન બાલબાઈની ભંભેરણીથી તેમનાં પ્રણામ ન સ્વીકાર્યા! તો તે સર્વે દુ:ખ સહન કરી લીધું અને અંતે બંનેનું સુખદ સમાધાન થતાં મિલન થઈ શક્યું હતું.*

*બીજા પ્રસંગમાં, ગુરુપુત્ર ગાદીપતિ બિહારીજીના આદેશાનુસાર સુંદરસાથના પ્યારને કાજે પોતાની ધર્મપત્ની ફુલબાઈનો ત્યાગ કરી દીધો હતો. આમ પરમધામના આત્મિક સંબંધનો ભાર નિભાવી બતાવ્યો!*

*ત્રીજા પ્રસંગમાં શ્રી મિહિરાજે જ્યારે સૌ સુંદરસાથને એકત્રિત કરી સદ્‌ગુરુના ભંડારા નિમિત્તે તેમની સેવા કરવાનો મનોરથ કર્યો હતો ત્યારે બિહારીજીને તે પસંદ ન હોવાથી તેમણે રાજાને ભંભેરણી કરી દીધી અને તેથી હબ્સા (નજરકેદ)માં જવું પડ્યું. ત્યાં બેસીને પણ તેમણે બિહારીજી પ્રત્યે કોઈપણ પ્રકારનો દ્વેષભાવ રાખ્યો નહિ અને પોતાના નિર્મળ ભાવથી યુગલ સ્વરૂપને પોતાના હૃદયમાં બેસાડ્યા. ઉપરોક્ત ત્રણેય પ્રસંગોમાં માયાને હરાવ્યા પછી પણ ચોથી વાર, જ્યારે અમદાવાદમાં 'પ્રેમ દરવાજા' પર ફાંસીની સજાથી બચવા માટે, કાનજીભાઈની દબાણપૂર્વકની આજીજીનો સ્વીકારી કરીને, બાઈજૂરાજજીનો પહેરવેશ પોતે ધારણ કર્યો! આમ કરતી વખતે પોતાને એટલું યે ભાન ન રહ્યું કે જ્યારે સાક્ષાત્ ધામધણી અંદર બિરાજમાન છે તો પછી તેમને ફાંસીએ કોણ ચઢાવી શકતું હતું! આમ યુક્તિપૂર્વક કેદ-મુક્ત થઈ જવાના નિર્ણયમાં સહભાગી થઈ પોતે માયાથી છેતરાઈ ગયા એવું આત્મ-મંથન અહીં ચાલી રહ્યું છે!*

*આ ચોથા પ્રસંગમાં ઘટના એવી બની હતી કે સંવત ૧૭૨૦ માં શ્રીજીએ જામનગર રાજ્યની દીવાનગીરીનું કામ સેવાભાવથી પુનઃ સંભાળ્યું હતું. બ્રહ્મસૃષ્ટિ સુંદરસાથ પર આવનાર સંકટની જવાબદારી પોતાના શિરે લઈને તેમણે કુતુબખાન*

*બાદશાહને પત્ર દ્વારા એ વિશ્વાસ અપાવ્યો હતો કે જો એક વર્ષમાં રાજ્યનો તમામ કરવેરો ચૂકવી નહિ દેવાય તો પોતે સામેથી ફાંસીની સજા માટે હાજર થઈ જશે! જ્યારે શ્રીજીએ જોયું કે આ ટેક્ષ સમયસર ચૂકવી શકાશે નહિ તો જાતે જ અમદાવાદની જેલમાં ફાંસીની સજા ભોગવવા પહોંચી ગયા! કાનજીભાઈ નામના સેવાભાવી સુંદરસાથને આ વાતની ખબર પડી ગઈ. તેમણે એક યુક્તિ ઘડી કાઢી. તેઓ તો તુરત જ શ્રીજીનાં ધર્મપત્ની શ્રી તેજકુંવરી મહારાણીની પાસે પહોંચી ગયા અને તેમનાં એક જોડી કપડાં માંગીને તે પોતાની સાથે લઈ ગયા! અમદાવાદ જઈને તેજકુંવરીનાં વસ્ત્રો પહેરીને ધર્મપત્નીના રૂપમાં જેલની કોટડીમાં તેઓ શ્રીજીને મળ્યા! દબાણપૂર્વક આજીજી કરીને તેમણે પોતે પહેરેલાં તેજકુંવરીનાં કપડાં શ્રીજીને પહેરાવ્યાં અને તેમને જેલમાંથી બહાર મોકલી દીધા! અને કાનજીભાઈ પોતે શ્રીજીનાં કપડાં પહેરી ફાંસી માટે શ્રીજીની જગ્યાએ જેલમાં બેસી ગયા! જો કે બાદમાં શ્રી રાજજીની કૃપાથી ચમત્કારિક રીતે કાનજીભાઈ પણ સુરક્ષિત બહાર આવી ગયા! ત્યારબાદ, શ્રીજીએ માયાનું કામ છોડીને બ્રહ્મસૃષ્ટિની જાગણી માટે ગુજરાતથી દીવબંદર જવા પ્રસ્થાન કર્યું. જો કે આ પ્રસંગ દ્વારા શ્રી રાજજીએ કાનજીભાઈનો સેવા-સમર્પણનો ભાવ પૂરો કરવાનો હશે! પરંતુ, અહીં શ્રી ઈન્દ્રાવતીની આત્મા પોતાનું કડક આત્મ-નિરીક્ષણ કરતાં આ રીતે જેલમાંથી બહાર નીકળી જવાના પ્રસંગમાં પણ "માયા સામે પોતાની હાર" તરીકે નિરૂપે છે. શ્રી ઈન્દ્રાવતીજીનો આ પ્રકારનો એકરાર તેની પારદર્શિતા પ્રકાશિત કરે છે, જે અનુસરણીય છે.*

**તમે અનેક સિખામણ કહી, પણ ભરમ આડે મેં કાંઈ નવ ગ્રહી ।**
**મોસૂં એવી તોહજ થઈ, જો વાણી તમારી મેં નવ લહી ॥૧૪॥**

હે ધામધણી! તમે તો મને અનેક પ્રકારની શિખામણો આપી. પરંતુ, માયાથી ભ્રમિત થવાને કારણે મેં તમારી શિખામણોને દૃઢતાપૂર્વક ગ્રહણ કરી નહિ. મારી આવી ફજેતી થઈ છે, કેમ કે મેં તમારાં વાણીવચનોને ગંભીરતાપૂર્વક ગ્રહણ નહોતાં કર્યાં.

**તમે પેરે પેરે સમઝાવી, મૂને તોહે બુધ ન આવી ।**
**જુગતે કરીને જગાવી, લઈ તારતમે લગાવી ॥૧૫॥**

આપે મને શાસ્ત્રો તથા પુરાણોની સાક્ષીઓ દ્વારા અનેક પ્રકારે સમજાવી, તો પણ મને આત્મજાગૃતિ વિશે સમજ ના આવી! પુનઃ આપે યુક્તિપૂર્વક વિવિધ ઉપાયો કરીને મને જાગૃત કરી અને જાગૃતબુદ્ધિયુક્ત તારતમજ્ઞાનમાં રસમગ્ન કરી દીધી.



D:\Pranam/Chivani/35

**તમે અંતરગતે દીધાં દૃષ્ટાંત, ત્યારે ભાગી મારા મનની ભ્રાંત ।**
**હવે તમે આવ્યા એકાંત, સંસાર દસા થઈ સ્વાંત ॥૧૬॥**

જ્યારે આપે વિવિધ પ્રકારના હૃદય-સ્પર્શી દૃષ્ટાંતો દ્વારા તારતમના ગુહ્ય અર્થો સમજાવ્યા, ત્યારે મારા મનની તમામ ભ્રાંતિઓનું નિવારણ થઈ ગયું. હવે, આપ જ્યારે મારા હૃદયમાં બિરાજમાન થયા છો, ત્યારે સંસાર તરફની મારી તમામ વૃત્તિઓનું શમન થઈ ગયું છે.

**જ્યારે ધણી ધણવટ કરે, ત્યારે બલ વેરી ના હરે ।**
**વલી ગયા કામ સરાડે ચઢે, મન ચિતવ્યાં કારજ સરે ॥૧૭॥**

જ્યારે ધણી પોતાની અંગના પ્રત્યે 'ધણવટ' અદા કરે છે, અર્થાત્, પોતાનું ધણીપણું નિભાવે છે, ત્યારે તેઓ માયારૂપી દુશ્મનની તમામ શક્તિઓનું હરણ કરી લે છે. સાથે સાથે, પોતાની અંગનાનાં માયા થકી બગડેલાં તમામ કાર્યો પણ સુધરી જાય છે તથા ધણીજીની કૃપાથી તેનાં મનોવાંછિત તમામ કાર્યો સંપન્ન થઈ જાય છે.

*સાખી* - **માયાના મુખ માહેં થી, જુગતે કાઢી જોર ।**
**દઈ તજારક અતિઘણી, માયા કીધી પાધરી દોર ॥૧૮॥**

હે ધણી! તમોએ મને બળ તથા યુક્તિપૂર્વક માયાના ફંદામાંથી મુક્ત કરી છે. આપે માયાના શિરે એવી તે જબરદસ્ત ચોટ મારી છે કે તે પૂર્ણતઃ શક્તિહીન થઈ ગઈ છે.

**ધણીના જેમ ધણવટ, લીધી ભલી પેરે સાર ।**
**આ દુઃખ રુપણીના મુખ માંહેંથી, બીજો કોણ કાઢે બિના આધાર ॥૧૯॥**

હે ધણી! જેવી રીતે એક જવાબદાર પતિ પોતાની પતિ તરીકેની ફરજ નિભાવી પત્નીનાં સર્વે દુઃખોનું નિવારણ કરે છે, તેવી જ રીતે આપશ્રીએ ખૂબ જ સુંદર રીતે મારી સાર-સંભાળ લીધી છે. અન્યથા, હે ધણી! આ દુઃખરૂપી માયામાંથી અમને તમારા સિવાય બીજો કોણ કાઢી શકવા સમર્થ હતો?

*ચાલ* - <u>તમે કૃપા કીધી અતિ ઘણી, જાણી મૂલ સગાઈ ઘરતણી ।</u>
<u>માયા પાડી પડતાલે હણી, બલ દીધૂં મને મારે ઘણી</u> ॥૨૦॥

મૂળ પરમધામની આત્મ-અંગના હોવાના નાતે આપશ્રીએ અમારા પર વિશેષ કૃપા કરી છે. આપ ધણીશ્રીએ મારા હૃદયમાં બિરાજમાન થઈને મને એટલી પર્યાપ્ત શક્તિ પ્રધાન કરી છે કે જેથી અતિ બળવાન માયાને મેં એક પળમાત્રમાં જમીનદોસ્ત કરી દીધી છે!

**વલી ગત મત આવી સુધસાર, છલ છૂટો ને થયો કરાર ।**
**દયાનો નવ લાધે પાર, ત્યારે અલગો થયો સંસાર ॥૨૧॥**

વળી, મારી રહેણીકરણી તેમજ ભુલાઈ ગયેલી સુધબુધ ફરીથી પાછી આવી ગઈ છે. માયાના છલિયા પ્રભાવથી હું મુક્ત થઈ ગઈ છું. તેથી મારા હૃદયમાં પરમશાંતિ થઈ છે. હે ધણી! આપની દયાનો પાર પામી શકાય તેમ નથી. આપે કૃપા કરી ત્યારે જ તો સાંસારિક મોહબંધનોથી હું મુક્ત થઈ શકેલ છું.

**હવે આવ્યૂં ધન અવિનાસી, દુઃખ દાવાનલ ગયૂં નાસી ।**
**રુદે ગ્રહૂં લીલા વિલાસી, હવે તે હૂં કરું પ્રકાસી ॥૨૨॥**

હવે, પરમધામના પચીસ પક્ષોનું જ્ઞાનરૂપી સત્યધન મને પ્રાપ્ત થયું છે અને તેનાથી દાવાનળની જેમ ભભૂકી રહેલાં માયાનાં દુઃખો દૂર થઈ ગયાં છે. હવે તો બસ એક જ તમન્ના છે કે આ પરમધામના પ્રેમાનંદમયી લીલા-વિલાસને મારા હૈયામાં સંઘરીને બરાબર સુરક્ષિત કરી લઉં અને પછી તેને સંસારમાં જાહેર કરું.

**હવે એ ધન મેં જોપે જાણ્યૂં, જિભ્યાએ ન જાય વખાણ્યૂં ।**
**મારા હૈડામાં આણ્યૂં, અમ વિના કોણે ન માણ્યૂં ॥૨૩॥**

હવે, આ શ્રી મુખવાણી રૂપી ધનને મેં યથાર્થરૂપે સમજી લીધું છે. મારી જિહ્વાથી તેની મહિમાના વખાણ થઈ શકે તેમ નથી. એને તો બસ મેં મારા હૈયામાં અંકિત કરી લીધું છે. એના અખંડસુખનો આનંદ મારા



D:\Pranam/Chitvani/36

સિવાય બીજા કોઈએ પણ માણ્યો નથી.

### ૧.૪ માયાના પ્રભાવમાં સેવાનો અવસર ગુમાવ્યાની વ્યથા

*સાખી* - **બલ નથી આંહીં અમતણૂં, નહીં અમારે વસ ।**
**એ નિધ આવી તમ થકી, તે મેં ચિત કીધૂં ચોકસ ॥૨૪॥**

હે ધણી! મેં મારા ચિત્તમાં એ બાબત ચોક્કસ કરી લીધી છે કે આ સંસારમાં અમારી પાસે અમારું પોતાનું કંઈ જ બચ્યું નથી, કે કંઈ અમારા વશમાં પણ છે. જે કંઈ અખંડનિધિ અમને પ્રાપ્ત થઈ છે તે સર્વે આપની કૃપા થકી જ છે.

<u>મેં ચિત્ત માંહેં ચિતવ્યૂં, જાણ્યૂં કરસૂં સેવા સાર ।</u>
<u>મલ્યો ધણી મૂને ધામનો, સુફલ કરું અવતાર</u> ॥૨૫॥

હબ્સામાં જતાં પહેલાં મેં વળી મારા ચિત્તમાં એવો વિચાર કરેલો કે મને મારા ધામના ધણી મળી ગયા છે. તો હવે તેમની તથા સુંદરસાથની સેવા કરીને મારું જીવન સાર્થક કરી લઉં.

<u>જે મનોરથ મનમાં રહ્યો, મારા ધણી શ્રીરાજ ।</u>
<u>ખરૂં કરતાં ખોટા માંહેંથી, પણ નવ સિધ્યૂં એકે કાજ</u> ॥૨૬॥

પરંતુ, હે મારા ધણી શ્રી રાજજી! આ મિથ્યા માયાની કમાઈ કરીને સાચી સેવા કરવાનો જે મનોરથ મનમાં રહેલો હતો તે મારા મનમાં જ રહી ગયો! મારું ધાર્યું એકેય કાર્ય સિધ્ધ થઈ શક્યું નહિ!

<u>મેં મારૂં બલ જાણ્યૂં, હૂં તો છૂં અતિ મૂઢ ।</u>
<u>એ થાય સર્વે ધણી થકી, તે મેં કીધૂં દંઢ</u> ॥૨૭॥

હવે, મને મારી શક્તિની મર્યાદાઓ બરાબર સમજાઈ ગઈ છે. હું તો અતિ અજ્ઞાની છું! હવે, મને ખાતરી થઈ ગઈ છે કે અહીં જે કંઈ થાય છે, તે સર્વે આપ ધણીજીના હુકમ મુજબ જ થાય છે.  આ વાતને મેં મારા દિલમાં દંઢ કરી લીધી છે.

*ચાલ* - **મૂને દુઃખ સાલે એ મન માંહેં, નવ જાય કહ્યો તે ક્યાંહેં ।**
**ગમે તમને તેહજ થાય, બીજે સામૂં કોણે ન જોવાય ॥૨૮॥**

હે ધણી! મારા મનમાં એક બાબતનું દુઃખ હંમેશાં ખટકતું રહ્યું છે કે જે અન્ય કોઈને કહી શકાય તેમ નથી. પણ હે ધણી! આખરે તો આપને જે ગમે છે એ જ થઈને રહે છે. તેથી, આપશ્રી જેવા સમર્થ ધણીને છોડીને બીજા કોઈની તરફ નજર કરવાની આવશ્યકતા જ રહેતી નથી.

**એ દુઃખ લાગ્યૂં મૂને સહી, એ ઉત્કંઠા મારા મનમાં રહી ।**
**એણી દાઝે તે મૂને દહી, નિધ હાથથી નિસરી ગઈ ॥૨૯॥**

સુંદરસાથજીની સેવા કરવાની મારી ઉત્કંઠા, જે મારા મનમાં જ રહી ગઈ છે, તેનું મને અતિ વિશેષ દુઃખ છે. મનના મનોરથ પરિપૂર્ણ નહિ થવાના અસંતોષથી હું અત્યંત પીડિત છું. સેવાનો આવેલ અણમોલ અવસર મારા હાથમાંથી નાહક ચાલ્યો જવાનો મને અફસોસ છે.

**જાણ્યૂં લાભ માયાનો લેસૂં, નિદ્રાને વાંસો દેસૂં ।**
**ધણીને ચરણે રેહેસૂં, માયા કેહેસે તે સર્વે સેહેસૂં ॥૩૦॥**

મેં વિચાર્યું હતું કે માયામાં પ્રાપ્ત અવસરનો લાભ હું સુંદરસાથજીની સેવા કરીને લઈશ તથા અજ્ઞાનરૂપી નિદ્રાનો પરિત્યાગ કરીને ધણીજીનાં શ્રી ચરણોમાં સદા સમર્પિત રહીશ. તેમ કરતાં જો માયા તરફથી કોઈપણ પ્રકારનાં સંકટો આવશે તો તે સર્વે પણ ખુશીથી સહન કરી લઈશ.

**એણે સમે વલી ફેરવી લીધી, માયાએ સિખામણ દીધી ।**
**ધણી થકી વિમુખ કીધી, પાણીના જેમ પીધી ॥૩૧॥**

પરંતુ બરાબર એ જ સમયે, જ્યારે હું આ પ્રકારના શુધ્ધ પ્રેમપૂર્ણ સેવાભાવમાં લીન હતી, ત્યારે જ માયાએ મારી અંતઃવૃત્તિઓને પુનઃ ધણીજીથી વિમુખ કરી દીધી! તેણે યુક્તિપૂર્વક મને એવી તે 'વ્યાવહારિક' શિખામણો આપી કે તેનાથી ભરમાઈ જઈને હું ધણીજીથી વિમુખ થઈ



D:\Pranam/Chivani/37

ગઈ! આમ, પોતાના ફંદામાં ફસાવીને માયા મને પાણીની જેમ ઘોળીને પી ગઈ.

**એહેવો છલ કરી છેતરી, મન મૂલ માહેંથી ફેરી ।**
**એણે તો આપ સરીખી કરી, ચિત્ત ચિતવણી બહુવિધ ધરી ॥૩૨॥**

આ પ્રમાણે, છળકપટ કરીને માયાએ મને એવી તો છેતરી લીધી કે મારા મનને મૂળમાંથી જ ફેરવી નાંખ્યું અને મને પોતાના સમાન જ બનાવી દીધી. આમ, મારા ચિત્તને પ્રેમ-સેવાભાવથી હટાવી દઈને વિવિધ પ્રકારના માયાજનિત વિચારોમાં પ્રવૃત કરી દીધું!

**મન માંહેં સવલું દેખે, જાણે માયા સુખ અલેખે ।**
**ધણીના સુખ ન પેખે, વિખ અમૃત લાગે વિસેખે ॥૩૩॥**

માયાના છળથી પ્રભાવિત મન શ્રી ધણીજીથી વિમુખ થઈને ઉલ્ટી વાતોને સવળી કે સત્ય તરીકે જોવા લાગે છે. તે માયાનાં ક્ષણિક સુખોને અખંડ માનવા લાગે છે. અખંડધણીનાં સુખોની અવગણના કરવા લાગે છે તથા વિષૈલી માયા તેને અમૃત સમાન ભાસવા લાગે છે.

**જુઓ ભૂલવી છેતરે કેમ, આગે છેતરી મૂને જેમ ।**
**સુકજી તો પુકારે એમ, જે છલ પુરી એ ભરમ ॥૩૪॥**

હે સાથજી! જુઓ! આ માયા કેવી અદ્‌ભૂત રીતે ભાન ભૂલાવી દઈ આપણને છેતરી રહી છે! આ પહેલાં પણ તેણે મને આ પ્રકારની વવિધ યુક્તિઓ દ્વારા અનેકવાર છેતરી છે. તેથી જ તો શુકદેવમુનિએ પોકાર કરી કરીને કહ્યું છે કે આ માયા સત્યમાર્ગથી ભ્રમિત કરવાવાળી 'છળ નગરી' જ છે, જે સદૈવ માત્ર છળથી પરિપૂર્ણ તથા છળરૂપ જ છે.

**આંહી સોહેલી થઈ તમ થકી, એહેને ઓલખતૂં કોઈ નથી ।**
**સુકદેવેં તો કાંઈક કથી, બીજા રહ્યા મથી મથી ॥૩૫॥**

હે ધણી! આ માયાને આજદિન સુધી કોઈ ઓળખી શક્યું નથી. આપશ્રીની અસીમ કૃપાથી જ તે અમને સહજ - સરળ થઈ ગઈ છે.

શુકદેવજીએ તો આ માયાની હકીકતોનું થોડુંઘણુંયે વર્ણન કર્યું છે. પરંતુ તેમના સિવાયના બીજા અનેક મહારથીઓ ઘણા પ્રયત્નો કરવા છતાં તેના વાસ્તવિક સ્વરૂપ, ઉત્પત્તિ તથા લક્ષણો વિષે દ્રઢતાપૂર્વક કંઈ જ કહી શક્યા નથી.

### ૧.૫ બ્રહ્માંડ માંહે તારતમ સાર

**એહેને નિરમૂલ કરી નાખી તમે, હજી જોપે જાણી નથી અમે ।**
**એહેના રમાડ્યાં સહુ રમે, માંહેં બંધાણાં સહુ કો ભમે ॥૩૬॥**

હે ધણી! ભલે, આપે તારતમજ્ઞાન દ્વારા આ માયાનું જડમૂળથી નિર્મૂલન કરી દીધું હોય, તેમ છતાં અમે તો હજી તેને પૂર્ણરૂપે ઓળખી શક્યાં જ નથી. અવશ્ય, આપશ્રીએ દર્શાવેલ વિધિનો પ્રામાણિકતાપૂર્વક પ્રયોગ કરવામાં ક્યાંક કચાશ રહી ગઈ છે! માયા જેવો ખેલ રમાડી રહી છે તે પ્રમાણે સૌ કોઈ રમી રહ્યાં છે. તેના ફંદામાં ફસાયેલાં સૌ કોઈ બસ તેમાંજ બંધાયેલાં રહી જાય છે અને આવાગમનના ચક્રમાં ફર્યા કરે છે.

**એ વચન તો આંહીં કેહેવાય, જે અમે ન બંધાઊં માયાય ।**
**એહના બંધ પડ્યા સહુ કાયાય, અમે છૂટ્યા ધણીની દયાય ॥૩૭॥**

હે સાથજી! તારતમનાં આ વચનો આ ભૂમિમાં એટલા માટે કહેવામાં આવી રહ્યાં છે કે જેથી આપણે સૌ માયાના જટિલ બંધનોમાં ફસાઈ ન જઈએ. એના બંધનોએ પ્રત્યેક શરીરધારીને બાંધી રાખેલ છે. હે ધણી! અમે તો બસ, આપ ધામધણીની કૃપાથી જ આ માયાથી છૂટી શક્યાં છીએ.

**એમ ચૌદ લોકમાં કોઈ નવ કહે, જે પાર માયાનો આ લહે ।**
**મોટી મત ધણીમાં રહે, બીજા ભાર પુસ્તક કેરા વહે ॥૩૮॥**

આ ચૌદલોકના બ્રહ્માંડમાં "મેં માયાની સર્વે વિધ પૂર્ણતઃ સમજી લીધી છે" એવો સ્પષ્ટ દાવો કરનાર કોઈ નથી. જાગૃતબુધ્ધિ *(મોટી મત)* તો એ જ કહેવાય કે જે એક માત્ર ધામધણી શ્રી રાજજી મહારાજમાં જ





નિમગ્ન હોય. આ જાગૃતબુધ્ધિ રહિત અન્ય સર્વે બુધ્ધિમાનો માત્ર દળદાર પુસ્તકોનો બોજ નાહક વહન કરી રહ્યા છે, અર્થાત્ નિરાકાર કે સ્વપ્નબુધ્ધિનું જ્ઞાન ગમે તેટલું વિશાળ અને ગહન હોય, પણ તે અખંડ સુખથી વંચિત રાખનાર હોવાથી અંતતઃ વ્યર્થ તેમજ બોજરૂપ જ બની રહે છે!

*સાખી* - **સાસ્ત્ર પુરાણ વેદાંત જો, ભાગવત પૂરે સાખ ।**
**નહીં કથા એ દંતની, સત વાણી એ વાક ॥૩૯॥**

આ તારતમવાણીની યથાર્થ સત્યતા વિષે તો ચારવેદ, શ્રુતિ આધારિત ઉપનિષદો, છ દર્શનશાસ્ત્રો તથા સ્મૃતિ આધારિત શ્રીમદ્ભાગવત સહિતના વ્યાસજીરચિત અઢાર પુરાણો સાક્ષી પુરાવે છે. તેથી, આ વાણી એ કોઈક કવિ કે લેખકની મનઘડંત કવિતા કે દંતકથા નથી; એ તો અક્ષરાતીત પરબ્રહ્મની અખંડ સત્ય વાણી છે! *નોંધ : ચાર વેદ = ઋગ્વેદ, યજુર્વેદ, શામવેદ અને અથર્વવેદ; શ્રુતિ આધારિત ઉપનિષદો આઠથી બાવન જેટલાં હોવાનું મનાય છે; છઃ દર્શન શાસ્ત્રો = ગૌતમનું ન્યાયદર્શન, જૈમિનીનું મીમાંસાદર્શન, કપિલનું સાંખ્યદર્શન, કનાડાનું વૈશેષિકદર્શન, પાતાંજલિનું યોગદર્શન અને વેદવ્યાસનું વેદાંતદર્શન.*

**આ વેરાટ માહેં દીસે નહીં, પાર વચન સુધ જેહ ।**
**લવો મુખ બોલાય નહીં, તો કેમ પાર પામે તેહ ॥૪૦॥**

આ ચૌદલોકના બ્રહ્માંડમાં નિરાકારથી પાર અક્ષર અને અક્ષરાતીત પરબ્રહ્મની ઓળખાણ કરાવનાર જ્ઞાન ક્યાંયે દ્રષ્ટિગોચર થતું નથી. જ્યાં કોઈ નિરાકારથી પારનો એક શબ્દ સુધ્ધાં પણ ઉચ્ચારણ કરી શકતું નથી, તો ત્યાં સૌ કોઈ અખંડસુખ પ્રાપ્ત જ શી રીતે કરી શકે?

*ચાલ* - **હવે માયાનો જે પામસે પાર, તારતમ કરસે તેહ વિચાર ।**
**બ્રહ્માંડ માંહેં તારતમ સાર, એણે ટાલ્યો સહુનો અંધકાર ॥૪૧॥**

હવે, જે કોઈ મુમુક્ષુ આ માયાના મૂળ, તેની ઉત્પત્તિ તથા સ્વરૂપની હકીકતો, તેના સ્વભાવ, કાર્યપ્રણાલી તેમજ પ્રભાવ સંબંધિત ઉપરોક્ત વાસ્તવિકતાઓને સમજી લઈ, તેમના પ્રત્યે સદૈવ સાવધાન

રહેશે, તે આ બ્રહ્માંડની સર્વે પ્રકારની વિદ્યાઓના સારરૂપ તથા સંપૂર્ણ સૃષ્ટિ પરના જીવોના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવાવાળા તારતમજ્ઞાનના ચિંતન, ચિતવન તથા સેવન કરવાની યોગ્યતા પ્રાપ્ત કરી શકશે. હે સુંદરસાથજી! એ વાત નિશ્ચિતરૂપે સમજી લો કે જીવનમાં સર્વશ્રેષ્ઠ તેમજ હૃદયમાં ગ્રહણ કરવા યોગ્ય બસ એક તારતમજ્ઞાન જ છે. આ બ્રહ્મજ્ઞાન સૃષ્ટિમાં પ્રગટ થવાથી સર્વે પ્રકારનો અંધકાર સમાપ્ત થઈ ગયો છે. આજની ઘડીએ, તારતમ પ્રકાશરૂપી દિવ્યખજાનો સૃષ્ટિ પરના જીવમાત્ર તેમજ ઈશ્વરીસૃષ્ટિ તથા બ્રહ્મસૃષ્ટિની જાગૃતિ માટે ઉપ્લબ્ધ છે. હવે તો બસ, 'નિજાનંદ'નાં દ્વાર ખુલે તે માટે સૌ કોઈ તેનું વિધિવત્ સેવન કરે એટલી જ વાર છે! *નોંધ : બેશક, તારતમ થકી જ માયાની વાસ્તવિક પહેચાન થઈ શકે છે, નિરાકારનો દુસ્તર માર્ગ એટલો સુગમ થઈ શકે છે, જેટલું સહેલું વાછરડાના પગથી પડેલું ખાબોચિયુ ઓળંગવું હોય છે. પરંતુ શ્રી કુલજમ સ્વરૂપના પ્રારંભિક પ્રકરણમાં માયાની ઓળખાણના મહત્ત્વ પર ભાર મુકતાં શ્રીજી કહે છે કે જ્યાં સુધી માયાની વાસ્તવિકતા સમજી લેશું નહિ, ત્યાં સુધી શ્રી તારતમવાણીનાં રહસ્યો પર યથાર્થરૂપે વિચાર થઈ શકશે નહિ. યથાર્થમાં, મુમુક્ષુજન તથા સુંદરસાથજી સર્વપ્રથમ પોતાના આત્મજાગૃતિના માર્ગે દુશ્મન એવી માયાને હરાવવા કટિબધ્ધ થાય તે પ્રાથમિક આવશ્યકતા છે. માટે પુનઃ પ્રથમ ચાલીસ ચોપાઈનું મનોમંથન કરો અને પછી જ આગળ વધો.*

**લોક ચૌદ માયાનો ફંદ, સહુ છલતણા એ બંધ ।**
**સમજ્યા વિના સહુએ અંધ, તારતમ કેહેસે સહુ સનંધ ॥૪૨॥**

આ ચૌદલોકનું બ્રહ્માંડ માયાનો એક ફંદો જ છે! એમાંના સર્વે બંધનો પણ માયાના છળકપટની જ લીલા છે! તેના છલિયા સ્વભાવને ન સમજનાર સૌ કોઈ અંધ એટલે કે અજ્ઞાની જ જાણવા! આ સર્વે બાબતોનું વિગતવાર, સંપૂર્ણ તથા સીધુંસાદું સ્પષ્ટીકરણ તારતમવાણી દ્વારા થઈ જ જશે.

**નહીં રાખૂં સંદેહ એક, પૈયા કાઢૂં સહુના છેક ।**
**આ વાણી થાસે અતિ વિસેક, કહૂં પારના પાર વિવેક ॥૪૩॥**

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે કે, "હે સાથજી! આપનો કોઈપણ





પ્રકારનો સંશય બાકી નહિ રાખું. શ્રી ધણીજીની કૃપાથી હું આપની સમક્ષ સર્વે બાબતોનું પૂર્ણતઃ (આદિથી અંત સુધીનું) સ્પષ્ટીકરણ કરી દઈશ. આ તારતમવાણીનો તો હજી ઘણો બધો વિસ્તાર થવાનો છે. હું આપ સૌ સમક્ષ ક્ષરની પાર અક્ષર તથા અક્ષરથી પાર અક્ષરાતીત પારબ્રહ્મ ધણીજીના પરમધામની એક-એક બાબત સ્પષ્ટ કરી દઈશ."

### ૧.૬ સૌ સાથ મળીને સાંભળો : શ્રી ધણીજીને ઓળખી લો!

**<u>ન કેહેવાય માયા માંહેં આ વાણી, પણ સાથ માટે કહેવાણી ।</u>**
**<u>સાથ આવસે રૂદે આંણી, તે મેં નેહેચે કહ્યૂં જાણી</u> ॥૪૪॥**

વાસ્તવમાં, આ અખંડવાણી આ માયાના પ્રદેશમાં કહેવાય તેવી છે જ નહિ! સંસારી જીવો માટે એને યથાર્થરૂપમાં ગ્રહણ કરવાનું ખુબ જ મુશ્કેલ છે. પરંતુ, સુંદરસાથજી, કે જે આ માયાનો ખેલ જોવા માટે અખંડ પરમધામથી અવતરેલ છે, ખાસ તેમના માટે જ તે કહેવાઈ રહી છે. ધામના સૌ સુંદરસાથજી આ વાણી સમજીને તેને પોતાના હૃદયમાં અવશ્ય ગ્રહણ કરશે અને શ્રી ચરણોમાં આવશે. હે સાથજી! એ વાત નિશ્ચિતરૂપે જાણીને જ મેં તે કહેવાનું ઉચિત માન્યું છે.

**<u>ભારે વચન છે નિરધાર, સાથ કરસે એહ વિચાર ।</u>**
**<u>જો ન કહૂં સતનો સાર, તો કેમ સાથ પોહોંચસે પાર</u> ॥૪૫॥**

બેશક, આ તારતમવાણીનાં વચનો અતિસારગર્ભિત મહામૂલાં તથા અસાધારણ કક્ષાનાં છે. કારણ કે તે હદ(નિરાકાર)થી પાર બેહદ (યોગમાયા) તથા તેનાથી પણ પાર અક્ષર-અક્ષરાતીત પરમધામના અખંડ સુખોથી પરિપૂર્ણ છે. પરમધામના નિસ્બતી બ્રહ્મસૃષ્ટિ સુંદરસાથ તેનું આત્મ-મંથન અવશ્ય કરશે જ. કદાચિત્ મોહ-નિદ્રાના પ્રભાવવશ કોઈકને આ વાણી ઠીક નહિ પણ લાગે; પરંતુ, જો હું આ શાશ્વત સત્યના સારને યથાર્થરૂપે વ્યક્ત ન કરી દઉં તો પછી સૌ સુંદરસાથ પોતાના મૂળવતન પાછા શી રીતે જઈ શકશે?

*સાખી* - **<u>સાથ મલીને સાંભલો, જાગી કરો વિચાર ।</u>**
**<u>જેણે અજવાલૂં આ કરયૂં, પરખો પુરૂખ એ પાર</u> ॥૪૬॥**

હે સુંદરસાથજી! તમે સૌ ભેગા મળીને ધ્યાનપૂર્વક સાંભળો. ત્યારબાદ, આ વચનોનું મનન કરી તથા નિદિધ્યાસનથી બોધ લઈને, જાગૃત થઈને એ બાબતે વિચાર કરો કે જે પારપુરુષ અક્ષરાતીત ધામધણી શ્રી પ્રાણનાથજીએ આ જાગૃતબુધ્ધિનું જ્ઞાન અર્પીને આપણા અંતઃકરણનું અંધારું દૂર કર્યું છે, તેમની ઓળખાણ કરી લો.

**<u>આપણ હજી નથી ઓલખ્યા, જુઓ વિચારી મન ।</u>**
**<u>વિવિધ પેરે સમઝાવિયાં, અને કહી નિધ તારતમ</u> ॥૪૭॥**

આપ સૌ મનમાં ગંભીરતાપૂર્વક વિચારી જોશો તો એ બાબતનો સ્પષ્ટ અહેસાસ થઈ જશે કે શ્રીધામધણીજીએ તો આપણને વિવધ રીતે સમજાવીને, આપણી આત્મસાક્ષી પુરાવીને, અખંડ તારતમજ્ઞાનનો અમુલ્ય ખજાનો ભેટ કરી જ દીધો છે. તેમ છતાં, હકીકત એ છે કે આપણે હજી પણ તે શ્રીપ્રાણનાથજીની - સત્‌ગુરુજીના અંતઃસ્થ સ્વરૂપની - વાસ્તવિક ઓળખાણ કરી શક્યાં નથી!

**નિત પ્રતે સહુ સાથને, વાલોજી દિએ છે એ સાર ।**
**દયા કરીને વરણવે, આપણ આગલ આધાર ॥૪૮॥**

હે સુંદરસાથજી! યાદ કરો! આપણા વ્હાલા શ્રીપ્રાણનાથજી સદ્‌ગુરુ ધણી શ્રીદેવચંદ્રજીના તનમાં બિરાજમાન થઈને નિત્ય-નિયમિતરૂપે આપણા સૌ સમક્ષ કેવી અતિ વિશેષ કૃપા કરીને તારતમજ્ઞાનનું સારતત્વ વર્ણવતા હતા.

**વૃજતણી લીલા કહી, વલી વિસેખે રાસ ।**
**શ્રીધામ તણા સુખ વરણવે, દિએ નિધ પ્રાણનાથ ॥૪૯॥**

સદ્‌ગુરુજીએ અગિયાર વર્ષ અને બાવન દિવસની વ્રજલીલા અને તેનાથીયે ચઢિયાતી એવી અખંડ વૃંદાવનની યોગમાયિક રાસલીલાનું વર્ણન





પણ કર્યું. હવે, આ બંન્ને લીલાઓ સાથેના સંબંધો સમજાવીને આપણા સૌ સમક્ષ તે બંને લીલાઓથી પરે એવા શ્રી પરમધામનાં અખંડ સુખોનો ખજાનો પણ એ જ પ્રાણનાથજી આપી રહ્યા છે!

**હવે એહ ધણી કેમ મૂકિએ, વલી વલી કરો વિચાર ।**
**મૂલ બુધ ચેતન કરી, ધણી ઓલખો આ વાર ॥૫૦॥**

હે સુંદરસાથજી! હવે, આ પ્રકારનાં અખંડ સુખોના દાતાર એવા પ્રગટ ધણીની અવગણના શી રીતે કરી શકાય? એ બાબતે તમે વારંવાર વિચાર કરો. હવે, આપ સૌ વિના વિલંબે પોતાની મૂળબુધ્ધિને વારંવાર જાગૃત કરીને અત્રે પધારેલ ધામધણીજીને ઓળખી લો.

**આ જોગવાઈ છે જાગ્યા તણી, અને વિચાર માહેં સમઝણ ।**
**<u>જે સમઝો તે જાગજો, પણ આ અવસર અરધો ખિણ</u> ॥૫૧॥**

તમને પ્રાપ્ત થયેલ આ મહામૂલો અવસર આત્મજાગૃતિ માટેનો છે. ધામધણીજીનાં વચનોનો વિચાર કરી તેને યથાર્થરૂપે સમજવાનો આ સમય છે. જેને પણ આ અખંડ સુખોની વાત સમજાઈ ગઈ હોય, તે સૌ સત્વરે જાગૃત થઈ જાઓ! કારણ કે પ્રાપ્ત થયેલ આ અવસર, કહેતાં કે આ માનવદેહ, આ સદ્‌ગુરુ, આ તારતમજ્ઞાન અને આ કળિયુગ - આ ચારેનો યોગ માત્ર અર્ધક્ષણ પૂરતો જ છે!

**આગે ધણી પધારયા અમમાં, અમે કરી ન સક્યા ઓલખાંણ ।**
**એ નિખરપણે નિધ નિગમી, થઈ તે અતિ ઘણી હાંણ ॥૫૨॥**

હે સુંદરસાથજી! આ પહેલાં ધામધણીજી આપણા સૌ વચ્ચે શ્રી દેવચંદ્રજીના તનના માધ્યમથી પધારેલા. પરંતુ, આપણે તેમની પૂર્ણ પહેચાન ન કરી શક્યા. ભ્રમણા અને લાપરવાહીને કારણે આપણે હાથમાં આવેલ અમૂલ્ય અવસરરૂપી ખજાનો ગુમાવી દઈને પહેલા પણ ખૂબ મોટી ખોટ ખાધી છે!

**આવ્યા ધણી ન ઓલખ્યા, અમે ભૂલ્યા એણી ભાંત ।**
**વિના વિચારે ન સમજ્યા, નિગમી નિધ સાખ્યાત ॥૫૩॥**

આપણે એવાં તો ભૂલ્યાં કે સામેથી આવેલ ધણીને ન ઓળખી શક્યાં! એ બાબતે ગંભીરતાપૂર્વક વિચાર જ ન કર્યો. તેથી તેમની હયાતીમાં તેમને સમજી શક્યા નહિ! આમ, આપણે સાક્ષાત્ પધારેલ ધણીરૂપી અખંડ નિધિ ખોઈ બેઠાં!

*ચાલ* - **જો એ વિચારિએ એક વચન, તો અલગાં થૈએ પાસેથી કેમ ।**
**દીજે પ્રદખિણા રાત ને દિન, કીજે ફેરો સુફલ ધન ધન ॥૫૪॥**

હવે, જો આપણે તેમના એક પણ વચનનો ગંભીરતાપૂર્વક વિચાર કરીએ, તો તેમનાં શ્રી ચરણોથી અલગ થઈ જ શી રીતે શકીએ? હવે તો બસ, રાતદિન તેમની જ પ્રદક્ષિણા એટલે કે તેમનું જ ચિતવન કરતા રહીએ અને આ જાગણીના બ્રહ્માંડનો આપણો ફેરો સફળ કરી ધન્ય ધન્ય થઈ જઈએ!

### ૧.૭ પતંગિયાની કુરબાની અને માછલીનો વિરહ

**દીવે ટાલ્યો જ્યારે સુંન સોહાગ, ત્યારે પતંગ પામ્યો વેરાગ ।**
**કાં ઝંપાવી ઓલવે આગ, કાં કાયાનો કરે ત્યાગ ॥૫૫॥**

હે સુંદરસાથજી! આ દૃષ્ટાંતથી વિરહનો પ્રભાવ સમજી લઈ જરા વિચારો! જ્યારે દીપકનો પ્રકાશ પતંગિયાના સુહાગના પ્રતિકરૂપ અંધકારનો નાશ કરી દે છે, ત્યારે વિરહથી પીડિત પતંગિયામાં એટલો બધો પ્રબળ વૈરાગ્ય ભાવ પ્રગટ થાય છે કે તેની પાસે માત્ર બે જ વિકલ્પ રહે છે : તે કાંતો દીપકની જ્યોતમાં ઝંપલાવી તેને બુઝાવી દે છે, અથવા તો તેમાં બળી જઈ પોતાની કાયાનો ત્યાગ કરી દે છે!

**જુઓ જીવતણી એ રીત, નવ મૂકે અંધેરની પ્રીત ।**
**ધણી અમારો અછરાતીત, અમે તોહે ન સમઝ્યા પતીત ॥૫૬॥**

હે સાથજી! જુઓ તો ખરા! એક પતંગિયા જેવા પામર જીવની



D:\Pranam/Chitvani/41

પ્રીતની રીતને અર્થાત્, તેની રહેણીને! તે પોતાના સુહાગ સમાન અંધકારની પ્રીત કદીયે જતી કરવા તૈયાર નથી હોતું. જ્યારે આપણને અખંડ સુહાગ બક્ષનાર ધણી તો સ્વયં અક્ષરાતીત શ્રી રાજજી મહારાજ છે! આપણે એટલાં અધમ અને પતિત બની ગયાં છીએ કે આટલુંયે સમજી શક્યાં નહિ! આપણને ધણીનો વિયોગ કંઈ સાલ્યો નહિ.. બસ આપણે તો માયામાં જ મસ્ત રહ્યાં!

**હવે ઘર માંહેં ઊંચૂં કેમ જોસૂં, હંસી કહી વાત ન કરી વરસૂં ।**
**એ ધણી વિના કેને અનુસરસૂં, હવે અમે રોઈ રોઈને મરસૂં ॥૫૭॥**

હે સુંદરસાથજી! અનાયાસે પ્રાપ્ત થયેલા શ્રી ધણીજીને આપણે નહિ ઓળખી શક્યા. તેમની સાથે પ્રેમપૂર્વક આપણે મીઠી મધુર વાતો પણ ના કરી શક્યા! જો આપણે મૂળધામની પ્રીતની રીત નહિ નિભાવીએ તો પરમધામમાં જાગ્યા પછી શ્રી ધણીજીને કયા મુખે પ્રણામ કરીશું? અક્ષરાતીત ધણીજી સિવાય આપણો અન્ય કોઈ આશરો જ નથી રહ્યો. હવે તો બસ આવેલ અવસર વ્યર્થમાં ગુમાવી દેવાના પશ્ચાત્તાપના દુઃખમાં નધણિયાતાની જેમ રોઈ રોઈને મૃત્યુને શરણ થવાનો જ વારો આવશે!

**એ અમારી વીતકની વિધ, મૂને મરડી કીધી બેસુધ ।**
**અમને છેતરયા એણી બુધ, તો ગઈ અખંડ અમારી નિધ ॥૫૮॥**

હે સુંદરસાથજી! માયાએ પોતાના છલ દ્વારા મારા ચિત્તમાં પ્રવેશ કરીને મારા મનને મરડી નાંખી, તેને ભ્રમિત કરી દઈને, મારી સુધબુધ હરી લઈ મને બેભાન જ કરી દીધી. મને સદ્ગુરુ ધણીજીનાં શ્રીચરણોથી વિમુખ કરી, એની કપટી બુધ્ધિએ મને એવી રીતે તો છેતરી લીધી કે જેથી હું હાથમાં આવેલ અખંડ ધામધણી સદ્ગુરુરૂપી અવિચળ સંપત્તિ ગુમાવી બેઠી! આ પ્રકારની મારી પોતાની વીતક છે.

**જો પાણીવલ અલગાં જાય, તો ખિનમાત્ર વરસાં સો થાય ।**
**ધણી વિના કેમ રહેવાય, જો કાંઈક નિધ ઓલખાય ॥૫૯॥**

હે સુંદરસાથજી! જો મને ધામધણી સદ્ગુરુરૂપી અખંડ નિધિની

થોડીક પણ ઓળખાણ થઈ જાય તો પછી આવા પ્રાણપ્રીતમ વિના શી રીતે રહી શકાય? એક પળ માત્રની જુદાઈ સો વર્ષો જેટલી વસમી લાગે!

**<u>મીન જલ વિના જેણી અદાય, અંતર વ્રહ ન ખમાય ।</u>**
**<u>તો વ્રહ આપણ કેમ સેહેવાય, જો એક લવો સમઝાય</u> ॥૬૦॥**

હે સુંદરસાથજી! પોતાના પ્રાણ સમાન જળથી વિખુટી પડેલી માછલી તો જળનો વિયોગ સહન ન કરી શકવાથી તરફડીને પ્રાણ ત્યાગી દે છે. જો આપણને પણ પ્રાણપ્રીતમની પરમ પ્રીતિ સંબંધિત એકાદ વચન યથાર્થમાં સમજાઈ ગયું હોત, આપણને થોડો પણ આત્મબોધ થઈ ગયો હોત તો આપણાથી સત્‌ગુરુ ધણીશ્રી દેવચંદ્રજીનો વિરહ ક્ષણમાત્ર માટે પણ શી રીતે સહી શકાત?

**અમે વ્રહ ધણીનો ખમ્યા, જે દિન વૃથા નિગમ્યા ।**
**અમે ભરમ માંહેં ભમ્યા, જો અગની વ્રહ ન દમ્યા ॥૬૧॥**

આપણે શ્રીધણીજીની જુદાઈનો વિરહ સહન કરી શક્યાં, કારણ કે તેમની હયાતી દરમ્યાનના દિવસોને આપણે વિના પહેચાને વ્યર્થમાં જ ગુમાવી દીધા હતા! તેમની જુદાઈના વિરહાગ્નિથી આપણે દેહદમન ન કરી શક્યાં કારણ કે આપણે માત્ર માયાના ભ્રમમાં જ ભટકતાં રહ્યાં!

*સાખી-* **એણે મોહે માહૂં કરયા, કરી ન સક્યા વિચાર ।**
**સુનાઈ આવી સહુને, તો આડો આવ્યો સંસાર ॥૬૨॥**

માયાની આ મોહવશ સ્થિતિને લીધે આપણે સદ્‌ગુરુ ધણીજીના શ્રીમુખથી પ્રવાહિત શ્રીધણીજીનાં વચનો પર ગંભીરતાપૂર્વક વિચાર જ ન કરી શક્યાં અને આપણે નિષ્ઠુર વર્તાવ કરી તેમને અતિશય દુઃખી કર્યા. સૌ સુંદરસાથને ભ્રમરૂપી માયાનું ઘેન એવું તો ચઢ્યું કે સૌ શ્રીધણીજીથી વિમુખ થઈ બેઠાં. આમ માયા સૌના માર્ગમાં આડી આવી બેઠી.

**જો વિધ લહું વચનની, તો સંસાર અમને સૂં ।**
**એનું કાંઈ ચાલે નહીં, જો ઓલખૂં આપોપૂં ॥૬૩॥**



D:\Pranam/Chivani/42

જો ધણીજીના એક પણ વચનનો સાર ગ્રહણ કરી લીધો હોત તો પછી આ માયાની શું તાકાત હતી કે આપણા માર્ગમાં આડે આવતી? જો આત્મ-પહેચાન થઈ ગઈ હોત કે હું ધામધણીની અંગના આત્મા છું, તો પછી આ માયાનું શું બળ ચાલી શકત?

### ૧.૮ જાણીને કરેલ અપરાધની વ્યથા

**આગલ એમ કહ્યું છે, જે આંધલો ચાલે સહી ।**
**જ્યારે ભટકે ભીત નિલાટમાં, તિહાં લગે દેખે નહીં ॥૬૪॥**

અગાઉ થઈ ગયેલા સંતોએ પણ દૃષ્ટાંત દ્વારા સમજાવ્યું છે કે આંધળો માણસ પણ ચાલી તો શકે જ છે. પરંતુ જ્યાં સુધી તેનું કપાળ ભીંતમાં ભટકાતું નથી, ત્યાં સુધી તેને વાસ્તવિક માર્ગનું તથા સલામતીપૂર્વક ચાલવાનું જ્ઞાન થતું નથી.

**તે તાં અમને અનુભવ્યું, અમે તોહે ન જાણી સનંધ ।**
**ઘન લાગ્યો કપાલમાં, અમે તોહે અંધના અંધ ॥૬૫॥**

આંખોથી જોઈ શકનાર અમને પણ એક અંધને થાય તેવો જ અનુભવ થયો. છતાંયે અમે માયા તથા ધણીના જ્ઞાનની હકીકત સમજ્યા નહીં. કપાળમાં જબરજસ્ત ઘા લાગવા છતાં અમે છતી આંખે અંધ જ રહ્યાં - અમે જાગ્યાં જ નહીં! અર્થાત્‌, સત્‌ગુરુજીના સ્વરૂપમાં ધામધણીજીની બેઠક હોવાની પહેચાન હોવા છતાં તેમને સર્વસ્વ સમર્પિત થવાનો સેવાનો અવસર ગુમાવી બેઠા!

**આંખાં તોહે ન ઉઘડી, વાલે કહી અનેક વિધ ।**
**અંધ અમે એવાં થયાં, નિગમી બેઠા નિધ ॥૬૬॥**

વ્હાલાજીની વિવિધ પ્રકારની વાણી થકી અમને શાબ્દબોધ તો થયો, પણ સાક્ષાત્‌-પ્રબોધ ન થવાથી અમારી અંતરની આંખો ન ઉઘડી. જેથી માયાના પ્રભાવમાં અમે એવાં અંધ રહ્યાં કે જેથી ધણી શ્રી દેવચંદ્રજીના ધામગમન (સંવત ૧૭૧૨) સાથે જ આપણે તેમણે બક્ષેલી

અખંડ નિધિ ખોઈ બેઠાં!

<u>**અંધને આંખ રૂદે તણી, પણ અમને માંહેં ન બાહેર ।**</u>
<u>**તો નિધ ખોઈ હાથથી, જો કીધો નહીં વિચાર**</u> **॥૬૭॥**

એકવાર ભટકાયા પછી આંધળો વ્યક્તિ તેનો વિચાર કરીને સાવધાન થઈ જાય છે. તેનાં ચર્મચક્ષુ તો બંધ હોય છે પણ અંતઃચક્ષુ ખુલ્લાં હોઈ તે આવનાર પરિસ્થિતિ વિશે સતત સજાગ રહે છે. પરંતુ અમારી તો અંતઃ તેમજ બાહ્ય એમ બંને ચક્ષુઓ ફૂટી છે! હાથમાં આવેલો અમુલ્ય અવસર અમે ગુમાવી દીધો કારણ કે ધણીજીનાં વચનો પર અમે બિલ્કુલ વિચાર જ ન કર્યો.

*ચાલ-* **અંધને આંખ રૂદે તણી હોય, પણ અમને નવ દીસે કોય ।**
**અમે તો રહ્યા નિધ ખોય, ટાંણે ભૂલ્યા સૂં થાય રોય ॥૬૮॥**

પોતાને આંખો નથી એ હકીકત સમજીને અંધ વ્યક્તિ તો તેના અન્ય અંગોને સતર્ક રાખી જાગૃતિપૂર્વક ચાલતો હોય છે. પરંતુ અમારી તો બંને આંખો ફૂટી ગઈ છે. આમ, લાપરવાહીમાં અમે તો અખંડ નિધિ ગુમાવી બેઠાં છીએ. હવે અવસર ચાલ્યો ગયા પછી રડવાથી શું ફાયદો?

<u>**ગએ અવસર સૂં થાય પછે, ધન ગએ હાથ સહુ ઘસે ।**</u>
<u>**માંહેં હાંણ બાહેર સહુ હસે, તે તો માંહેંની માંહેં રડસે**</u> **॥૬૯॥**

આવેલ અવસર હાથથી નિકળી ગયા બાદ પસ્તાવો કરવાથી શું લાભ? *અબ પછતાયે હોત ક્યા, જબ ચિડિયા ચુગ ગઈ ખેત!* ધન સંપત્તિ લૂંટાઈ ગયા બાદ તો સૌ કોઈને હાથ ઘસવાનો, અર્થાત્ પસ્તાવાનો જ વારો આવે છે. હાથ આવેલ અવસર ચૂકી જવાથી પોતાને થયેલ નુકસાનની મનોવ્યથા સંસારના લોકોને ખબર પડી જાય તો તેઓ હસે. માટે, તે છુપાવી રાખવા માટે તો હવે અંદરોઅંદર જ રૂદન કરતા રહેવું પડશે!

**સાથ એ પેર અમસૂં થઈ, નિધ હાથ આવી કરી ગઈ ।**
**દિન ઘણાં અમ માંહેં રહી, પણ અમે દુષ્ટેં જાણી નહીં ॥૭૦॥**



D:\Pranam/Chivani/43

હે સાથજી! આપણી સાથે ઉપરોક્ત કહ્યા પ્રમાણે જ ઘટના બની છે. આપણને પ્રાપ્ત થયેલ ધણીરૂપી સંપત્તિ આપણી બેદરકારીને લીધે આપણા હાથમાંથી સરી ગયો! તેઓ અમારી સાથે સદેહે ઘણા બધા દિવસો રહ્યા, તેમ છતાં તેમ છતાં અમે અમારી દુષ્ટતાને લીધે તેમની વાસ્તવિક ઓળખાણ કરી શક્યાં નહિ!

**દુરમતી કરે તેમ કીધૂં, અમૃત ઢોલીને વિખ પીધૂં ।**
**ધણી સેહેજે આવ્યા સુખ ન લીધૂં, કારજ કોઈ નવ સિધ્યૂં ॥૭૧॥**

દુર્મતિ વ્યક્તિ કરે તેવો વર્તાવ અમે કર્યો. એક મૂર્ખની જેમ અમે અમૃત ઢોળીને વિષ પીધું. સહજ રીતે મારા હૃદયરૂપી સુખસેજ્યા પર પધારેલ ધણીજીનું અખંડ સુખ જતું કર્યું અને દુઃખરૂપી માયાને આવકાર આપ્યો! આમ, અમારા મનનું ધારેલું કોઈપણ કાર્ય સિધ્ધ ન થઈ શક્યું.

**હવે એ દુઃખ કેણે કહિએ, અંગ માંહેં આતમ સહિએ ।**
**કીધૂં પોતાનું લહિએ, હવે દોષ કોણે દૈએ ॥૭૨॥**

હવે, જાણીબૂઝીને કરેલા આ અપરાધની વ્યથાની કથા કોને કહીએ? હવે તો બસ, આપણે પોતે જ (આ શરીરના અંગો, મન, જીવ તેમજ આત્માએ) એને સહી લેવું રહ્યું. *હાથનાં કર્યાં હૈયે વાગ્યાં છે!* માટે, હવે તો માત્ર પોતાનાં જ કર્મોનું આત્મનિરીક્ષણ કરીએ. આપણી આ વ્યથા માટે અન્ય કોઈને દોષિત ઠેરાવવાનો પ્રશ્ન જ નથી ઉદ્ભવતો.

**તોહે ધણિએ હાથથી મૂકી નહીં, તો વલી આપણમાં આવ્યા સહી ।**
**એ નિધ મુખથી ન જાય કહી, જે આંહીં અમ ઊપર દયા થઈ ॥૭૩॥**

વારંવાર ભૂલો કરવા છતાં ધણીજીએ પોતાની 'અંગના નાર' સમજીને મારો હાથ છોડ્યો નહીં અને તેઓ ફરીથી આપણા સૌ વચ્ચે પધાર્યા છે. તેમના દયાગુણનું વર્ણન મારા સ્વમુખે થઈ શકે તેમ છે જ નહીં.

**ધન ગયૂં તે આવ્યૂં વલી, ગયો અંધકાર સહુ ટલી ।**
**સુખના સાગર માંહેં ગલી, એને બીજો ન સકે કોએ કલી ॥૭૪॥**

ગુમાવી દીધેલ સદ્‌ગુરુ શ્રી ધણીજીરૂપી તથા તારતમ જ્ઞાનરૂપી અખંડ ધન પુનઃ પ્રાપ્ત થયું. તેનાથી અજ્ઞાનરૂપી અંધકાર એટલે કે માયાનો પ્રભાવ દુર થઈ ગયો. એનાથી હું પરમધામના અખંડ સુખના સાગરના આનંદમાં ગરકાવ થઈ ગઈ. આ અનુભવગમ્ય સુખની વિગત મારા સિવાય બીજા કોઈને પણ સમજાય તેમ નથી.

**હવે મેં સુખ અખંડ લીધાં, મનના મનોરથ સીધાં ।**
**વાલે આપ સરીખડા કીધાં, ફલ વાંછાથી અધિક દીધાં ॥૭૫॥**

હવે, મેં પરમધામના અખંડસુખોનો આનંદ માણ્યો. મારા મનના સઘળા મનોરથો પૂર્ણ થયા. એટલુંજ નહિ, ધામધણીએ તો મને પોતાના સમાન જ બનાવી દીધી! મારી અપેક્ષાઓ કરતાં અનેક ઘણાં સુખો મને બક્ષિસ કર્યાં.

*સાખી* - **કૃપા કીધી અતિ ઘણી, વલી આવ્યા તત્કાલ ।**
**તેહજ વાણી ને તેહજ ચરચા, પ્રેમ તણી રસાલ ॥૭૬॥**

સદ્‌ગુરુ ધણીજીએ મારા ઉપર એટલી બધી કૃપા વરસાવી કે વળી પાછા તુરત જ પધાર્યા. પહેલાંની જેમ જ પ્રેમરસ ભર્યા વાણી-વચનો તથા પહેલાંના જેવી જ રસાળ, પ્રેમમયી ચર્ચા દ્વારા ધણીજી પુનઃ (શ્રીજી થકી) આનંદરસ પીરસવા લાગ્યા.

**વલી વચન સોહામણાં, વલી વરણવ ની વિધ વિધ ।**
**આવ્યા તે આનંદ અતિ ઘણે, લ્યાવ્યા તે નેહેચલ નિધ ॥૭૭॥**

શ્રી ધણીજી પુનઃ પહેલાંના જેવાં જ મનભાવન વચનો દ્વારા વૈવિધ્યસભર વિષયવર્ણન અને પરમધામની અખંડ નિધિ લઈને પધાર્યા છે, જેનાથી અમ સૌમાં અતિ ઘણો આનંદ ઉત્સાહ વર્તાઈ રહ્યો છે.



D:\Pranam/Chitvani/44

**એ નિધ નિરમલ અતિ ઘણી, દિએ સાથને સાર ।**
**કોમલ ચિત કરી લીજિએ, જેમ રૂદે રહે નિરધાર ॥૭૮॥**

હે સુંદરસાથજી! આ વાણી પરમધામના અખંડ જ્ઞાનની નિધિ છે, જે અત્યંત નિર્મળ છે. શ્રી ધણીજી સૌ સુંદરસાથને સર્વ સારના સારરૂપ બેશક હકીકતો સમજાવી રહ્યા છે. એમની વાત ચિત્તને અત્યંત કોમળ કરીને, અર્થાત્, અભિમાન, અહંકાર, કામ, ક્રોધ, મદ, મોહ, મમતા, લોભ, ઈર્ષા, દ્વેષ આદિથી મુક્ત થઈને ગ્રહણ કરો જેથી તે પરમનિધિ હૃદયસ્થ થઈ જાય.

**પચવીસ પખ છે આપણા, તેમા કીજે રંગ વિલાસ ।**
**પ્રગટ કહ્યા છે પાધરા, તમે ગ્રહજો સહુ સાથ ॥૭૯॥**

હે સાથજી! પરમધામના પચીસ પક્ષો, જે આપણા આનંદવિહારની દિવ્ય ભૂમિકાઓ છે, તેને ધ્યાનમાં રાખી ચર્ચા, ચિતવન તથા સેવા દ્વારા હરહંમેશ તેનો રસાનંદ લૂંટતા રહીએ. આપણા સદ્‌ગુરુ ધણીજીએ આ સર્વે પક્ષોનું સ્પષ્ટ તેમજ વિસ્તૃત વર્ણન પહેલાં પણ કરેલ છે. માટે, આપ સૌ તેને આપના હૈયામાં ગ્રહણ કરો.

*ધામ તલાવ કુંજવન જોહેં, માણિક નહેરેં વનકી સોહેં ।*
*પશ્ચિમ ચૌગાન બડોવન કહિએ, યોં પુખરાજ જમુનાજી લહિએ ।*
*આઠોં સાગર આઠ જિમીકે, યે પચીસ પક્ષ ધામધનીકે ॥*

**આપણૂ ધન તાં એહ છે, જે દિએ છે આધાર ।**
**રખે અધખિણ તમે મૂકતાં, વાલો કહે છે વારંવાર ॥૮૦॥**

આપણું વાસ્તવિક ધન તો પરમધામના આ પચીસ પક્ષોનું સુખ જ છે, જે આપણા પ્રાણાધાર શ્રીધણીજી આપણને આપી રહ્યા છે. શ્રી વ્હાલાજી આપણને વારંવાર કહી રહ્યા છે કે હે સાથજી! તમે રખે અર્ધક્ષણ માટે પણ આ સુખને છોડતા!

**પખ પચવીસ છે અતિ ભલા, પણ એ છે આપણો ધરમ ।**
**સાખ્યાત તણી સેવા કીજિએ, એ રૂદે રાખજો મરમ ॥૮૧॥**

શ્રી રાજજીના પચીસ અંગ સ્વરૂપ પરમધામના પચીસ પક્ષ તો અતિ સુખદાયી છે જ. એમનું તથા નૂરી યુગલસ્વરૂપનું નિત્ય ચિતવન – સેવન કરતા રહેવું એ તો આપણું મૂળ કર્તવ્ય એટલે કે આપણો ધર્મ છે જ; પરંતુ સાથે સાથે આપણા હૃદયમાંથી સાક્ષાત્ - પ્રગટ સદ્ગુરુ સ્વરૂપની સેવા કરવાનો મર્મ કદીયે ભૂલાય નહીં તેનું વિશેષ ધ્યાન રાખજો.

**ચિત ઊપર વલી ચાલિએ, ધણી તણે વચન ।**
**એ વાણી તમે ચિત્ત ધરો, હૂં કહૂં છૂં દંઢ કરી મન ॥૮૨॥**

હે સાથજી! ધણીજીનાં વચનો અર્થાત્ તેમના ચિત્તની વાતોને હૃદયસ્થ કરી તેના પર પૂર્ણતઃ અમલ કરો તથા જીવનની રહેણીમાં ઉતારી લો. આત્મસાક્ષી દ્વારા મારા મનને બરાબર દ્રઢ કરીને જ આ વાત હું તમને કહી રહેલ છું. માટે, આ વાણી-વચનને શ્રધ્ધાપૂર્વક ચિત્તમાં ધરો.

**દઈ પ્રદખિણા અતિ ઘણી, કરૂં દંડવત પરણામ ।**
**સહુ સાથના મનોરથ પૂરજો, મારા ધણી શ્રી ધામ ॥૮૩॥**

હે ધણી! અતિ ભાવપૂર્વક આપની પરિક્રમા કરી આપનાં શ્રી ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પ્રાર્થના કરું છું કે “હે મારા ધામધણી! આપ સર્વે સુંદરસાથજીની મનોકામનાઓ પરિપૂર્ણ કરજો. આપને એટલી નમ્ર વિનંતી છે.”

**મનના મનોરથ પૂરણ કીધાં, મારા અનેક વાર ।**
**વારણે જાય ઇંદ્રાવતી, મારા આતમના આધાર ॥૮૪॥**

હે મારી આત્માના આધાર, ધામધણી! આપે આ પહેલાં અનેકવાર મારા મનના મનોરથોની પરિપૂર્તિ કરેલ છે. એ જ પ્રમાણે, હવે સર્વ સુંદરસાથના મનોરથ પણ પૂર્ણ કરજો. આપ કૃપાવંત પ્રાણાધાર ઉપર હું આપની અંગના ‘ઈન્દ્રાવતી’ બલિહારી જાઉં છું.

પ્રકરણ-૧, ચૌપાઈ-૮૪



D:\Pranam/Chitvani/45

## શ્રી રાસ પ્રકરણ – ૧ : વાણીમંથન પ્રશ્નાવલિ

૧.૧ માયા શું છે ?

૧.૨ માયાના પ્રભાવનો વ્યાપ ક્યાં સુધી છે?

૧.૩ માયાની ઉત્પત્તિ શી રીતે થાય છે? વર્તમાન માયાના ખેલનું મૂળ કારણ (મહાકારણ) શું છે? માયા માટે કહ્યું છે કે ‘ઉપની છે મૂળ ધણી થકી.’ તો શું પરમધામના ધણી પારબ્રહ્મ અક્ષરાતીત માયાની ઉત્પત્તિના કારણરૂપ હોઈ શકે ખરા?

૧.૪ માયા ક્યાં છે? ક્યાં નથી?

૧.૫ શાસ્ત્રોમાં કહેલ માયાનાં વિવિધ નામો દર્શાવો.

૧. ૬ માયા કયાં કયાં શસ્ત્રો દ્વારા જીવાત્મા પર પ્રહાર કરે છે? દરેકનું એક ઉદાહરણ આપો.

૧. ૭ માયાના બાહ્ય અસ્તિત્વના સ્વીકારથી મનુષ્યમાં સહજ રીતે એક પ્રકારની નકારાત્મક માનસિકતા પેદા થઈ જાય છે અને વ્યક્તિ પોતાની ભૂલોનું દોષારોપણ વિના વિચાર્યે માયા પર કરી દે છે. માયા વિશેની આપણી સમજ કયા પ્રકારની હોવી જરૂરી છે?

૧. ૮ માયાથી બચવાનો ઉપાય શો?

૧.૯ દુઃખ શું? સુખ શું?

૧.૧૦ પ્રથમ પ્રકરણમાં પ્રયોગ થયેલ રૂપકો સમજાવોઃ મોહજલ, દાવાનળ, વાઘ્ર, સાગર, શિખર, ધણી નિદ્રા, દીવાનો સુહાગ શૂન્ય, માછલીનું જીવન પાણી, અંધનાં અંતઃચક્ષુ.

૧.૧૧ ધણીની અને માયાની બે બે શિખામણો સરખાવો. (ચોપાઈ. ૩, ૧૪, ૩૧)

૧.૧૨ શ્રી ઈન્દ્રાવતીએ કરેલ ત્રણ યુધ્ધો કયાં કયાં? ચોથા યુધ્ધમાં માયાએ તેમની ગતમત હરી અને લઈ પોતાને વશ કરી. એ વાતનું સ્પષ્ટીકરણ કરો.

૧.૧૩ આ પ્રકરણ સંબંધી અવતરણ સમય, સ્થળ તથા વીતક પ્રસંગનો સંદર્ભ આપો.

૧.૧૪ શાસ્ત્રોમાં ઉલ્લેખિત દરેકનું એક ઉદાહરણ આપોઃ (૧)મુનિજનને મનાવ્યા હાર (૨)શિવ બ્રહ્માદિક નવ લહે પાર (૩) શુક સનકાદિકને નવ ટળી (૪) લક્ષ્મીનારાયણને ફરી વળી.

૧.૧૫ ચોપાઈ ૪૬ અને ૪૯માં 'પારપુરુષ' એ જ 'પ્રાણનાથ' છે કે બંને ભિન્ન છે, તે સમજાવો.

૧.૧૬ 'મોટી મત' કોને કહેવાય? ચો. ૩૮. જીવકો સિખાપન (પ્રકાશ હિ. : પ્રકરણ ૨૧) માં વર્ણવેલ 'બડીમત' તથા 'કુમત' સાથે અહીં દર્શાવેલ 'મોટી મત' ને સરખાવો.

૧.૧૭ પારબ્રહ્મ ધણી અને આત્મા વચ્ચેની જુદાઈનો સમય ચોપાઈ ૫૯ માં દર્શાવ્યો છે. શ્રી રાસમંડલ તથા પરમધામમાં પણ આ ભાવ પ્રગટ થયો છે. ક્યાં ? તે કહો. હૃદયપટલ પર અંકિત કરી લ્યો. પરમધામના પચ્ચીસ પક્ષોમાં રાત-દિન રંગવિલાસ કરતા રહો. સાક્ષાત્ મૂળ સ્વરૂપની સેવામાં મગ્ન બની જાઓ.

૧.૧૮ કઈ કઈ ચોપાઈઓ દ્વારા કૃતજ્ઞતા તથા પશ્ચાત્તાપનો ભાવ વ્યક્ત થયો છે?

૧.૧૯ જ્યારે આતમના હૃદયમાં સાક્ષાત્ ધામધણી આવીને બિરાજમાન થઈ ગયા હોય તો પછી માયા તેને કદી હરાવી શકે ખરી? શ્રી ઈન્દ્રાવતીજીના જીવન પ્રસંગ દ્વારા સમજાવો.

૧.૨૦ શ્રી મુખવાણી ચર્ચા સાંભળીએ ત્યારે આપણી માનસિકતા ચોપાઈ ૩૦માં પ્રતિબિંબિત થઈ છે તેવી હોય છે, અને જેવા ઉઠીને દુનિયાના કામો માં લાગી જઈએ છીએ ત્યારે આપણી હાલત ચોપાઈ ૩૧, ૩૪માં જેવી વર્ણવી છે, તેવી થાય છે. તે બંને માનસિકતાઓનું વર્ણન કરો. આપણે તેમાંથી શી રીતે બચી શકીએ ?

૧.૨૧ ચોપાઈ ૫૭માં કહ્યું છે કે *"હવે ઘર માંહે ઉંચું કેમ જોશું?"* તો શું પરમધામમાં શરમ સંભવી શકે? જો ના, તો શી રીતે? સમજાવો.

૧.૨૨ ચોપાઈ ૨૨માં કહ્યું છે, *"રુદે ગ્રહી લીલા વિલાસી"* તો અહીં કઈ લીલાની વાત છે? રાસલીલાની કે અન્ય કોઈ?

૧.૨૩ *"તમે અંતર્ગતે દીધાં દ્રષ્ટાંત ત્યારે ભાગી મારા મનની ભ્રાંત,"* આ ચોપાઈ ૧૬માં કયાં દ્રષ્ટાંતોની વાત છે? એકાદ ઉદાહરણ આપો. ભ્રાંતિ



D:\Pranam/Chitvani/46

નિવારણ માટે સદ્‌ગુરુશ્રીએ આપણને આપેલ એક દ્રષ્ટાંત બતાવો.

૧.૨૪ ચોપાઈ ૩માં કહ્યું છે કે *"મોહજલ ઉતરશું પાર"* મોહજલથી પાર ઉતરવાનો અર્થ સાધારણ ભાષામાં શું થાય? મોહજલથી પાર ઉતરેલ આત્માની ઓળખાણ થઈ શકે ખરી?

૧.૨૫ જો *"હવે પહેલાં મોહજલની કહું વાત,"* આ પ્રકરણ હબ્સામાં સર્વ પ્રથમ અવતર્યું ન હતું, તો પછી તેને શ્રી કુલજમ સ્વરૂપ સાહેબમાં શ્રી રાસ ગ્રંથની શરૂઆતમાં સૌથી પ્રથમ કેમ મુકવામાં આવ્યું છે? સર્વપ્રથમ કયું પ્રકરણ અવતર્યું હતું?

૧.૨૬ શ્રી કુલજમ સ્વરૂપમાં બીજા કયા ગ્રંથમાં માયાનું વિસ્તૃત વર્ણન છે? (દા. ત. સનંધ : ૩૧)

## શ્રી રાસ પ્રકરણ – ૨ : માયા ગઈ પોતાને ઘેર...

### પ્રકરણ સાર

આ પ્રકરણમાં આત્મ-જાગૃતિની એ વાત સમજાવવામાં આવી છે કે જ્યારે 'મન' પોતાના સંશયોનું સ્પષ્ટીકરણ 'જીવ'ને પૂછે, અને જીવ જ્યારે મનના સર્વે સંશયોનું નિવારણ તારતમજ્ઞાનના પ્રકાશમાં કરે ત્યારે આત્મ-સાક્ષી પુરાય. જ્યારે આત્મ-સાક્ષી પુરાય ત્યારે જ અંતઃજ્યોતિ પ્રગટ થાય અને માયાની પીછેહઠ થાય. વિના ધણી ઓળખાયે તારતમ પર વિશ્વાસ જ ન બેસે. ધામધણીજીની સહાય વિના માયાનો પરાજય પણ થઈ શકે નહિ. દિન-રાત શ્રીમુખ ચર્ચા, શ્રવણ, મનન, મંથન તથા આત્મ-ચિંતન કરતા રહેવાની સૌથી શ્રેષ્ઠ વાત સમજાવી આપણા સૌની વચ્ચે પધારી ચર્ચાવાણીનું રસપાન કરાવી રહેલ ધણીજીને ઓળખી, હૃદયમાં તેમની શ્રીમુખવાણીનું જાહેરી અજવાળું કરી, ચિંતન તથા ચિતવન દ્વારા બાતુની - અંતઃપ્રકાશ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. હાથ આવેલ સેવાનો અવસર માત્ર પલભર માટે જ છે એ વાતનો એકરાર કરી મનમાં સેવા કરવાના જેટલા પણ ભાવ ઉદ્‌ભવે તેની પરિપૂર્તિ કરવામાં તત્ક્ષણ લાગી જવા માટે ફરમાવ્યું છે. આપણને સમજાવ્યું છે કે જો આપણે

જાગૃતિપૂર્વક સેવામાં સમર્પિત થઈ જઈએ તો અર્ધક્ષણમાં તો કાંઈ કેટલાંયે સેવા કાર્યો સહજ સિધ્ધ થઈ શકે!

ઈન્દ્રાવતીજી કહે છે કે, "હે આત્મા! હવે તો તું જાગવાનો પ્રયાસ કર! પરમધામના જ્ઞાનનો અખંડ પ્રકાશ કરનારા શ્રી ધણીજીને જોઈને તો માયાની પીછેહઠ આપોઆપ જ થઈ જવી જોઈએ! અંતરમાં પ્રગટેલ આત્મસાક્ષીની જ્યોતિથી આમ અવશ્ય સંભવી શકે. હે સાથજી! આ આત્મસાક્ષીની વાત કરવામાં કાવ્યચાતુર્ય એ ગૌણ બાબત છે. માટે, આપ જો આ વચનોને મન દ્રઢ કરીને ગ્રહણ કરશો, તો હું નિશ્ચિતરૂપે તમને વ્હાલાજીનાં દર્શન કરાવી દઈશ!''

હે સાથજી! તે માટે, સર્વપ્રથમ તો સદ્‌ગુરુ ધણી શ્રી દેવચંદ્રજીની પ્રદક્ષિણા કરી, અર્થાત્ તેમનાં શ્રી ચરણોમાં પૂર્ણતઃ સમર્પિત થઈને, પ્રણામ કરીએ. પ્રદક્ષિણા દઈને પ્રણામ કરવાનું શીખવી શ્રી ઈન્દ્રાવતીજી આપણને એ બોધ આપે છે કે જ્યારે શ્રી રાજજી મહારાજ આપણા જીવનના કેન્દ્રમાં બિરાજે ત્યારે જ યથાર્થ રીતે પ્રણામ થયાં કહેવાય. જ્યારે આપણે આપણા દિલમાં શ્રી રાજજીના ગુણ અને લક્ષણો ગ્રહણ કરીએ અને તેમનાં શ્રી ચરણોમાં મન, વચન અને કર્મથી સમર્પિત થઈએ ત્યારે વાસ્તવમાં પ્રણામ થયાં કહેવાય. આમ પ્રણામ કર્યા બાદ, મન અને જીવનો સંવાદ થવા દઈએ. તારતમજ્ઞાનના પ્રકાશમાં મનના સર્વે સંશયોનું નિવારણ કરીએ. આત્મસાક્ષી લઈ, ઈમાન દ્વારા ધણીની ઓળખાણ કરી, અંતઃજ્યોતિ પ્રગટાવીએ. આમ, ધણીની સહાયથી માયાની પીછેહઠ થવી નિશ્ચિત છે : ''*જ્યારે વાલોજી સહાય થાય, ત્યારે જખ મારે માયાય ॥*'' ૨/૧૬

હે સાથજી! દિનરાત શ્રીમુખવાણીની ચર્ચા, શ્રવણ, મનન, મંથન તથા આત્મચિંતન કરતા રહેવું એ જ સૌથી શ્રેષ્ઠ વાત છે. ધણીજી આપણા સૌની વચ્ચે પધાર્યા છે અને ચર્ચા વાણીનું રસપાન પણ કરાવી રહ્યા છે. વાણી અવતરણ દ્વારા જાહેરી અજવાળું તો થયું પણ બાતુની - અંતઃપ્રકાશ તો ચિંતન, ચિતવન દ્વારા જ થશે. તેથી હવે મનમાં જેટલા પણ સેવા



D:\Pranam/Chitvani/47

કરવાના ભાવ ઉદ્‌ભવે તેની પરિપૂર્તિ કરવામાં તત્ક્ષણ જ લાગી જવું! સેવાનો આ હાથ આવેલ અવસર માત્ર પલભર માટે જ છે! જો આપણે જાગૃતિપૂર્વક સેવા કરી લઈએ તો અર્ધક્ષણમાં તો કાંઈ કેટલાંયે સેવા કાર્યો સિધ્ધ થઈ શકે તેમ છે. માટે, તમે સેવાના અવસર માટે સદૈવ જાગતા રહો : ''*જે મનોરથ મનમાં થાય, પણ તત્ક્ષિણ કીજે તેણે તાય । આ જોગવાઈ છે પાણીવલ, આપણ કરી બેઠાં નેહેચલ ॥*'' ૨/૨૧

સુંદરસાથજી! માયા ગઈ પોતાને ઘેર એમ કહ્યું છે તો માયાનું ઘર કયાં છે? માયાનો નાશ થવાનો તથા ઘેર જવાનું તાત્પર્ય શું? માયા પોતાને ઘેર ગઈ તેની સાબિતી શું? એનું ચિંતન કરીએ.

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, ''હે સુંદરસાથજી! 'હું વાલોજી દેખાડું પ્રગટ કરી.' પણ તેની પરિપૂર્તિ માટે શરત બસ એટલી જ છે કે તમે સૌ સૌપ્રથમ વ્હાલાજીના વચનોને દ્દઢ મન કરી ચિત્તમાં ગ્રહણ કરી લો.'' શ્રી ઈન્દ્રાવતીજી શ્યામાજીસ્વરૂપ સદ્‌ગુરુ ધણીશ્રી દેવચંદ્રજીની પ્રદક્ષિણા કરી, તેમને પ્રણામ કરીને પોતાની તેમજ સુંદરસાથજીની મનોકામના પૂર્ણ થાય તે માટે પ્રાર્થના કરે છે. આ પ્રકારનો કૃતજ્ઞતાભાવ આપણા જીવનમાં મળેલ સદ્‌ગુરુ પ્રત્યે વ્યક્ત કરીએ. આત્મસાક્ષી દ્વારા, જીવને જાગ્રત કરી મનના સંશયોનું નિવારણ કરીએ. માયા પોતાના બળથી આપણી બુધ્ધિ શી રીતે ફેરવી દે છે તે સમજી લઈએ. જાગણીબ્રહ્માંડમાં માયાને પરાજીત કરવા માટે દિનરાત શ્રીમુખવાણી ચર્ચા, શ્રવણ, મનન, મંથન તથા આત્મચિંતન આટલું તો ઓછામાં ઓછું કરતા જ રહીએ. આપણને અવારનવાર શ્રીમુખવાણી તથા ચર્ચાનો જે લ્હાવો મળ્યા કરે છે એ જ વર્તમાનમાં શ્રી પ્રાણનાથજી આપણા પર પ્રસન્ન છે તેની સાક્ષી છે. આ વાણી કોઈ કવિની અંતઃસ્ફૂરણા કે ચતુરાઈનું ફળ નથી : ''*તે માટે તમે સુણજો સાથ, એક કહું અનુપમ વાત । ચર્ચા સુનજો દિનને રાત, આપણને ત્રૂઠા પ્રાણનાથ ॥*'' ૨/૧૭

શ્રી મેહેરાજજીના તનથી ધામધણીજી આપણા સૌ વચ્ચે બેસીને વાણી કહી રહ્યા છે : ''*બેઠા આપણ માંહે કહે.*'' તો આજે ધણીજી

આપણા વચ્ચે કયા રૂપે હાજર છે તે શોધીને આપણું સુરધીરપણું બતાવીએ. હૃદયમાં જ્ઞાનનું અજવાળું થાય પણ વિરહનું દર્દ જાગ્રત ન થાય તો ભ્રમરૂપી અંધારૂં રહી જાય તે વાતને સારી રીતે સમજી લઈએ.

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૨**

**૨.૧ હે આત્મા! હું વ્હાલાજીને તારી સમક્ષ પ્રગટ કરી બતાવીશ.**

**માયા ગઈ પોતાને ઘેર, હવે આતમ તૂં જાગ્યાની કેર ।**
**તો માયાનો થયો નાસ, જો ધણિએ કીધો પ્રકાસ ॥૧॥**

હે આત્મા! હવે દુસ્તર માયા આપણા અંતઃકરણમાંથી હટીને પોતાને ઠેકાણે થઈ ગઈ છે. માટે, તું જાગ્યા પછીનું જે કાર્ય કરવાનું છે તે, એટલે કે બીજાને જગાડવાનું, તે કરવા પ્રવૃત્ત થા. શ્રી ધણીજી કૃપા કરીને પુનઃ પધાર્યા છે. તેમણે પરમધામના અખંડ જ્ઞાનનો પ્રકાશ પણ કર્યો છે. તેમની જાગૃતબુધ્ધિની સામે માયાનું અસ્તિત્વ આપોઆપ જ સમાપ્ત થઈ ગયું છે.

**કેમ જાણિએ માયા ગઈ, અંતર જોત તે પ્રગટ થઈ ।**
**હવે આતમ કરે કાંઈ બલ, તો વાણી ગાઊં નેહેચલ ॥૨॥**

માયાની પીછેહઠ ખરેખર થઈ છે એવું શી રીતે સમજી શકાય? તો એનું પ્રત્યક્ષ પ્રમાણ તો મારા અંતરમાં પ્રગટેલ આત્મસાક્ષીની જ્યોતિ જ છે. હવે, જો મારી આત્મા હિંમતપૂર્વક થોડો પણ પ્રયાસ કરે તો હું અખંડવાણીનું ગાયન કરી શકું.

**લઘુ દીરઘ પિંગલ ચતુરાઈ, એહ તો કિવને છે બડાઈ ।**
**એનો અર્થ હૂં જાણૂ સહી, પણ આ નિધમાં તે સોભે નહીં ॥૩॥**

પદ્યમય વાણીમાં લઘુ, દીર્ઘ, માત્રા, રીતિ, પિંગળ, અલંકાર, ગુણદોષ આદિના કલાત્મક પ્રયોગ સંબંધી ભાષાકીય ચાતુર્ય દ્વારા કાવ્ય તથા કવિનું મૂલ્યાંકન થતું હોય છે. આ વાત પણ હું બરાબર સમજું જ છું. મને તેમ કરતાં આવડે પણ છે જ. પરંતુ આ અખંડવાણીરૂપી



D:\Pranam/Chitvani/48

ખજાનાના અસ્ખલિત પ્રવાહમાં કાવ્યચાતુર્ય શોભે નહિ!

**મારે તો નથી કાંઈ કિવનું કામ, વચન કહેવા મારે ધણી શ્રી ધામ ।**
**જે આંહીં આવીને કહ્યા, ગજા સારૂં મારે ચિતમાં રહ્યાં ॥૪॥**

વળી, કવિતા લખવી એ કંઈ મારું કામ નથી કે નથી મારે એની કોઈ જરૂર! મારે તો માત્ર ધામધણીએ દર્શન આપીને મને જે વાર્તાવચન કહેલાં, એમાંનાં જેટલાં પણ મારી શક્તિ અનુસાર મારા ચિત્તમાં ગ્રહણ થઈ શકયાં છે, તે અખંડ વાણીવચનો પુનઃ કહેવાની મારી ભાવના છે.

**સાથ આગલ કહીસ હૂં તેહ, પહેલાં ફેરાના સનેહ ।**
**ધણિએ જે કહ્યાં અમને, સાંભલો સાથ કહૂં તમને ॥૫॥**

હે સુંદરસાથજી! હું તમને આપણા વ્રજમંડળના પ્રથમ ફેરાની પ્રેમલીલાની હકીકત, જે મને ધામધણીજીએ સ્વયં કહી છે, તે સર્વે, હવે આપ સૌ સમક્ષ પ્રસ્તુત કરીશ. તમે તેને ધ્યાનપૂર્વક સાંભળો.

**તમે જોપે ગ્રહજો દંઢ મન કરી, હૂં તમને કહૂં ફરી ફરી ।**
**સાથ સકલ લેજો ચિત ધરી, હૂં વાલોજી દેખાડૂં પ્રગટ કરી ॥૬॥**

હે સુંદરસાથજી! હું તમને સૌને વારંવાર કહું છું કે તમે આ વચનોને બરાબર દઢ મન કરીને ગ્રહણ કરશો. આપ સૌ સુંદરસાથને હું વ્હાલાજીના દર્શન નિશ્ચિતરૂપે કરાવીશ.

**૨.૨ સદગુરુની કૃપાથી તારતમનો પ્રકાશ અને માયાનો નાશ**

**શ્રી દેવચંદ્રજીને લાગૂં પાય, જેમ આ દુસ્તર જોપે ઓલખાય ।**
**દઈ પ્રદખિણા કરૂં પરણામ, જેમ પોહોંચે મારા મનની હામ ॥૭॥**

સૌને આ દુસ્તર, એટલે કે ન તરી શકાય તેવી, માયાની પૂર્ણતઃ ઓળખાણ થઈ શકે તે માટે, તેમજ વાણી કહેવાની મારી પોતાની મનોકામનાઓ પરિપૂર્ણ થઈ શકે તે માટે, સર્વપ્રથમ હું શ્રી શ્યામાજીસ્વરૂપ સદ્‌ગુરુ ધણી શ્રી દેવચંદ્રજીની પ્રદક્ષિણા કરી, તેમનાં દિવ્ય ચરણકમળમાં હાર્દિક પ્રણામ કરું છું. ભાવાર્થ : શ્રી રાજજીના દિવ્ય ગુણ લક્ષણોનું

ચિતવન કરતા રહેવું, તથા દરેક પરિસ્થિતિમાં તેમને આપણા જીવનના કેન્દ્રમાં રાખવા એ જ સાચી પરિક્રમા અને પ્રણામ કહેવાય.

**જેટલી સનંધ કહી છે તમે, તે દઢ કરી સર્વે જોઇએ અમે ।**
**લીલા તમે કહી અપાર, તેહ તણો નવ લાધે પાર ॥૮॥**

હે સદ્‌ગુરુ! આપશ્રીએ જેટલી પણ રહસ્યમય વાતો અમને વિગતે સમજાવેલ છે, તે સર્વે મેં બરાબર ચકાસીને દઢ કરી લીધી છે. આપે તો વ્રજ, રાસ, તથા પરમધામની અપાર લીલાઓનું વર્ણન કરેલ છે, જેનો સંપૂર્ણ તાગ પામી શકાય તેમ નથી.

**ચૌદ ભવન માયા અંધાર, પાર નહીં મોટો વિસ્તાર ।**
**તમને પૂછૂં સમરથ સાર, હૂં કેણી પેરે કરૂં વિચાર ॥૯॥**

આ ચૌદેલોકના બ્રહ્માંડમાં એકમાત્ર માયારૂપી અંધકારનો જ વ્યાપ છે. તેનો વિસ્તાર અપાર છે. હે સર્વસમર્થ એવા સદ્‌ગુરુ ધણી! હું આપને એક સારરૂપ વાત પૂછવા માંગું છું કે આ વિશાળ બ્રહ્માંડમાં હું કયા ચોક્કસ માર્ગે વિચાર કરીને માયાથી પાર ઉતરી શકું ?

**તમે તારતમના દાતાર, અજવાલૂં કીધૂં અપાર ।**
**સાથ તણાં મનોરથ જેહ, સર્વે પૂરણ કીધાં તેહ ॥૧૦॥**

હે ધણી! આપ તો તારતમજ્ઞાનના દાતા છો, જેના થકી આપે જ્ઞાનનો અપાર પ્રકાશ પાથર્યો છે. આપે સુંદરસાથજીના મનોરથ પરિપૂર્ણ કરેલ છે.

**૨.૩ જ્યારે વાલાજી સહાય થાય ત્યારે માયા શક્તિહીન થઈ જાય**

**તારતમ તણે અજવાસ, પૂરણ મનોરથ કીધાં સાથ ।**
**તમ તણે ચરણ પસાય, જે ઉત્કંઠા મનમાં થાય ॥૧૧॥**

આપશ્રીનાં ચરણકમળની કૃપા થકી થયેલ તારતમવાણીના પ્રકાશ દ્વારા સુંદરસાથના મનમાં જેટલી પણ ઉત્કંઠાઓ ઉદ્‌ભવે છે, તે સર્વે મનોરથો આપે પરિપૂર્ણ કર્યા છે.



D:\Pranam/Chitvani/49

**<u>જેટલી મનમાં ઉપજે વાત, તે સહુ આતમ પૂરે સાખ ।</u>**
**<u>મન જીવને પૂછે જેહ, ત્યારે જીવ સહુ ભાજે સંદેહ</u> ॥૧૨॥**

મારા મનમાં જેટલી પણ વાતો ઉદ્‌ભવે છે, તે સૌની સાક્ષી મારો અંતરાત્મા પૂરે છે. જ્યારે પણ મારું મન તે સંશયોનું સ્પષ્ટીકરણ જીવને પૂછે છે ત્યારે તે (મારી આત્માનો અવાજ) તેના સર્વે સંશયોનું નિવારણ કરી આપે છે.

**એ નિધ બીજે કોણે ન અપાય, ધણી વિના કેહેને સામૂં ન જોવાય ।**
**એણેં અજવાલે થએ સૂં થાય, આ પોહોરા માં ધણી ઓલખાય ॥૧૩॥**

જાગૃતબુદ્ધિના જ્ઞાનનો ખજાનો એક ધામધણી સિવાય બીજું કોઈપણ આપી શકે તેમ નથી. તે માટે એક ધણીજી વિના બીજા કોઈની તરફ નજર કરવાનો પ્રશ્ન જ નથી રહેતો. આ તારતમનો પ્રકાશ થવાથી પરિણામ એ આવે છે કે વર્તમાન જાગણીના અતિ કઠણ સમયમાં પણ આત્માને ધણીજીની ઓળખાણ થઈ જાય છે.

**આપ તણી પણ ખબર પડે, ઘર પર આતમ રૂદે ચઢે ।**
**એ અજવાલૂં જ્યારે થયૂં, ત્યારે વલી પાછૂં સૂં રહ્યું ॥૧૪॥**

વધુમાં, તારતમનો પ્રકાશ થવાથી પોતાના આત્મસ્વરૂપની પણ ઓળખાણ થઈ જાય છે. નિજઘર પરમધામ પચ્ચીસ પક્ષોની શોભા તથા લીલા તેમજ મૂલમિલાવામાં બિરાજમાન પર-આત્મનું સ્વરૂપ હૃદયમાં ખડું થઈ જાય છે. જ્યારે આ પ્રકારનો અખંડ પ્રકાશ હૃદયમાં થઈ ગયો ત્યારે વળી બાકી શું રહ્યું ?

**એ સૂં માયા કરે બલ, ફેરવે કલ કરે વિકલ ।**
**અજવાલામાં ના રહે ચોર, જાગતાં નવ ચાલે જોર ॥૧૫॥**

માયા સૌને વશ કરવા માટે કેવું બળ કરે છે તે જુઓ. વ્યક્તિના ચિત્તમાં પેસીને તે એવી તો કળ ફેરવી દે છે, કે તેને ધામધણીથી વિકળ એટલે કે વિમુખ કરી દે છે. પરંતુ હૃદયમાં તારતમજ્ઞાનરૂપી અજવાળું

થતાં જ માયારૂપી ચોર જીવરૂપી માલિકની સન્મુખ ઊભો રહી શકતો નથી. વળી વ્યક્તિ જાગૃત થઈ જાય તો માયાનું કંઈ જોર ચાલી પણ શકે નહીં, અર્થાત્, માયારૂપી ચોર ઈમાનરૂપી ધન કદીયે ચોરી શકે નહિ!

**જદિપ તે જીતે વિદ્યાએ, પણ એને અજાણ્યૂં નવ જાય ।**
**જ્યારે વાલોજી સહાય થાય, ઝખ મારે ત્યારે માયાય ॥૧૬॥**

જો કદી કોઈ આ તારતમવિદ્યારૂપી ધન જીતી લે, તો તેનાથી માયાની છળપૂર્ણ બાજી અજાણી રહી જ ન શકે. જ્યારે સ્વયં વ્હાલાજી સહાય રૂપ બને છે, ત્યારે માયા જખ મારીને એકતરફ બેસી જાય છે, અર્થાત્ તે શક્તિહીન બની જાય છે.

**તે માટે તમે સુણજો સાથ, એક કહૂં અનુપમ વાત ।**
**ચરચા સુણજો દિન ને રાત, આપણને ત્રૂઠા પ્રાણનાથ ॥૧૭॥**

એટલા માટે, હે સુંદરસાથજી! હું આપ સૌને એક અનુપમ - સર્વશ્રેષ્ઠ વાત કહું છું કે, આપ સૌ બસ દિવસરાત શ્રી ધણીજી દ્વારા પ્રગટ તારતમવાણીની ચર્ચા-શ્રવણ કરતા રહેશો તો માયાથી બચતા રહેશો. ધામધણી શ્રી પ્રાણનાથજી આપણા ઉપર અત્યંત ખુશ થયા છે તેથી જ તો આપણને અખંડવાણી પ્રાપ્ત થઈ છે.

### ૨.૪ પ્રેમ સેવાનો અવસર અખંડ નથી જ નથી

**વચન કહ્યાં તે મનમાં ધરો, રખે અધખિણ પાછા ઓસરો ।**
**આ પોહોરો છે કઠણ અપાર, રખે વિલંબ કરો આ વાર ॥૧૮॥**

શ્રી વ્હાલાજીનાં કહેલ વચનોને આપના હૃદયમાં દૃઢતાપૂર્વક ધારણ કરો. રખે, અર્ધક્ષણ માટે પણ તેમાંથી પીછેહઠ કરતા કે વિમુખ થતા. વર્તમાન સમય અપાર કસોટીઓથી ભરેલ છે. તેથી આ ફેરે, તમે સૌ આ વચનો વિષે ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં રખે કોઈ વિલંબ કરતા!

**આ જોગવાઈ છે જો ઘણી, સહાય આપણને થયા ધણી ।**
**બેઠ્યા આપણ માંહેં કહે, પણ સાથ માહેં કોઈ વિરલો લહે ॥૧૯॥**



D:\Pranam/Chitvani/50

આ અવસર અત્યંત મૂલ્યવાન છે, કારણ કે વર્તમાનમાં આપણને ચાર કિંમતી પદાર્થ *(મનુષ્ય તન, ૨૮મો કળિયુગ, ભરતખંડ તથા તારતમવાણી)* પ્રાપ્ત થયા છે. સાચે જ ધણીજીની આપણા પર મહેર વરસી છે. એટલું જ નહિ, પણ આપણા સૌ વચ્ચે બેસીને તે ચર્ચા પણ સંભળાવી રહ્યા છે, પરંતુ આટલા બધા સુંદરસાથમાંથી કોઈક વીરલો જ તેમની પ્રગટ પરબ્રહ્મ તરીકેની ઓળખાણ કરી આ જ્ઞાનને ગ્રહણ કરે છે.

**સાથ માંહેં અજવાલૂં થયૂં, પણ ભરમ તણૂં અંધારૂં રહ્યું ।**
**તે ટાલ્યાનો કરૂં ઉપાય, તો મનોરથ પૂરણ થાય ॥૨૦॥**

સૌ સુંદરસાથની વચ્ચે તારતમજ્ઞાનનો પ્રકાશ જાહેરીરૂપે તો થયો. પરંતુ, તેમનાં દિલોમાં માયાનો ભ્રમરૂપી અંધકાર છવાઈ રહ્યો. પ્રગટ પરબ્રહ્મને ઓળખાવવામાં ભ્રમ જ પડદા રૂપ છે. સાથના હૃદયમાં જ્ઞાનનો બાતુની પ્રકાશ ન થઈ શક્યો. હવે, હું એ અંધકાર ટાળવાનો પ્રયાસ કરું તો જ સૌ સાથના જાગણી મનોરથ પરિપૂર્ણ થઈ શકશે.

**જે મનોરથ મનમાં થાય, તતખિણ કીજે તેણેં તાય ।**
**આ જોગવાઈ છે પાણીવલ, આપણ કરી બેઠા નેહેચલ ॥૨૧॥**

હે સાથજી! આપના મનમાં સેવાના જેટલા પણ મનોરથ ઉદ્ભવે તેની પરિપૂર્તિમાં તત્ક્ષણ લાગી જાઓ. સદ્ગુરુ ધણીજીની ઓળખાણ કરી તેમની સેવામાં લાગી જાવ! આવેલ અવસર માત્ર પલભર પૂરતો જ છે, તે ચોક્કસ જાણજો. અજ્ઞાને કરીને આપણે આ અવસરને અખંડ દીર્ઘાયુ, નિશ્ચલ સમજી બેઠા છીએ!

**નેહેચલ જોગવાઈ નહીં એણે ઠામ, અધખિણમાં થાય કઈ કામ ।**
**ઇંદ્રાવતી કહે આ વાર, નિદ્રા નવ કીજે નિરધાર ॥૨૨॥**

આ માયાના ઘરમાં પ્રાપ્ત અવસર અખંડ નથી જ નથી. અહીં અર્ધક્ષણમાં તો અનેક કાર્યો સિધ્ધ થઈ શકે તેમ છે. શ્રી ઈન્દ્રાવતીજી સતર્ક કરતાં કહી રહી છે કે, હે સાથજી! આ વર્તમાન અવસરમાં તમે ચોક્કસપણે બિલકુલ નિદ્રા કે લાપરવાહી કરશો નહિ. સદૈવ સજાગ

રહેજો! જાગો અને જગાઓ.

પ્રકરણ-૨, ચૌપાઈ-૧૨૧

શ્રી રાસ પ્રકરણ – ૨ : વાણીમંથન પ્રશ્નાવલિ

૨.૧ *"માયા ગઈ પોતાને ઘેર"* માયાનું ઘર કયાં છે? માયાનો નાશ થવાનો તથા ઘેર જવાનું તાત્પર્ય શું છે?

૨.૨ માયા પોતાને ઘેર ગઈ તેની સાબિતી શું?

૨.૩ આ વાણીને શું એક કવિની અંતઃસ્ફુરણા કહેવાય ખરી? જો હા/ના તો કેમ?

૨.૪ શ્રી ઈન્દ્રાવતીજી વચન આપે છે : *"હું વાલોજી દેખાડું પ્રગટ કરી."* તો તેની પરિપૂર્તિ માટે તે સુંદરસાથજી સમક્ષ કઈ પૂર્વ શરત મૂકે છે? ચો. ૬

૨.૫ શ્રી ઈન્દ્રાવતીજી શ્યામાજી સ્વરૂપ સદ્‌ગુરુ ધણીશ્રી દેવચંદ્રજીની પ્રદક્ષિણા તેમજ પ્રણામ કરી પોતાની તેમજ સુંદરસાથજીની મનોકામના પૂર્ણ થાય તે માટે પ્રાર્થના કરે છે. આ પ્રકારનો કૃતજ્ઞતાભાવ વર્તમાન જીવનમાં શોધવો જરૂરી ખરો? કેમ? ચો. ૭૮.

૨.૬ મનના સંશયોનું નિવારણ શી રીતે થઈ શકે? ચો. ૧૨

૨.૭ મન, જીવ, આત્મા અને પર-આત્માનો સંબંધ સમજાવો. ચો. ૧૨, ૧૪

૨.૮ માયા પોતાના બળથી શું કરે છે? ચો. ૧૫

૨.૯ જાગણીબ્રહ્માંડમાં માયાને પરાજીત કરવા માટે ઓછામાં ઓછું શું કરવું જરૂરી છે? ચો. ૧૭

૨.૧૦ વર્તમાનમાં શ્રી પ્રાણનાથજી આપણા પર પ્રસન્ન થયા છે, તે શી રીતે ખબર પડે?

૨.૧૧ *"બેઠા આપણ માંહે કહે"*- ધામધણીજી શ્રી મેહેરાજજીના તનથી આપણા સૌ વચ્ચે બેસીને વાણી કહી રહ્યા છે. આજે ધણીજી આપણા વચ્ચે કયા રૂપે હાજર છે? ચો. ૧૯

૨.૧૨ સુંદરસાથમાં અજવાળું થયું તો પણ ભ્રમરૂપી અંધારૂં રહી ગયું. અજવાળું થતાં અંધારૂં રહે, આ શી રીતે સંભવી શકે? ચો. ૨૦



*D:\Pranam/Chivani/51*

૨.૧૩ પ્રણામ શી રીતે થાય? *"દઈ પ્રદક્ષિણા કરું પ્રણામ"* પ્રદક્ષિણા દઈને પ્રણામ કરવાનું શું તાત્પર્ય છે?

## શ્રી રાસ પ્રકરણ – ૩ : જીવને પ્રબોધ - ઉપદેશ

**પ્રકરણ સાર :-** *જાગ્રત આત્મા પોતાના સંગી જીવને ઉપદેશ કરે છે કે હે ભૂંડા જીવ! તું જાગ! તારી અંતર્ચક્ષુ ખોલ અને માયામાં રહી વિધવિધ પ્રકારના લાભ લઈ લે! ધણીજીનાં ચરણોની કૃપા થકી તારા અંતરના ભ્રમ મિટાવી દે. તેમની ઓળખાણ કરી સેવાનો અમૂલ્ય અવસર ઝડપી લે! મનની ભ્રાંતિ જ સેવાભાવમાં સૌથી મોટો અવરોધ છે. જો તે દૂર થઈ જાય તો દિલમાં તત્કાળ જ સેવા કરવાની અનેક પ્રકારની ભાવનાઓ સ્વતઃ પેદા થવા લાગે. ધણીએ તો તારા હાથમાંથી નિર્મૂલ્ય કોડી જેવી માયા છોડાવીને અમૂલ્ય રત્નરૂપી તારતમજ્ઞાન સુપ્રત કર્યું છે. તે થકી તારા મનનો ભ્રમ ઉડાડી દે. તું દુઃખમાંયે સુખ માણી શકે તેમ છે. હે જીવ! આ મોહજલ કે માયાવી બ્રહ્માંડની તો તેં ઓળખાણ પણ કરી લીધી છે. તેનાથી બચવા માટે શું કરવું તેનીયે તને જાણ છે. તેમ છતાં, જો તું ભ્રમિત થઈ ભટક્યા કરે તો પછી તો તારૂં ભાગ્ય જ ફુટ્યું સમજવું! સેવાભાવ વ્યક્ત કરવાનો તને જે અવસર મળ્યો છે તે ક્યારે હાથતાળી આપીને જતો રહેશે તેનીયે તને ખબર નહી પડે!*

પોતાના સંગીજીવનો ઉત્સાહ વધારતાં આત્મા કહે છે, અરે જીવ! ધણીના અર્ધશબ્દે તારાં સર્વ મનોરથ પૂર્ણ થઈ શકે તેમ છે : *અર્ધ લવે તારો અર્થ સરે. Shri Rajji's Divine Words are infinitely potent!* બસ તું એમના વચનોનો ભાર - તેમનું મૂલ્ય - સમજી લે. તેમના માત્ર એક જ વચનને હૃદયમાં દૃઢતાપૂર્વક ગ્રહણ કરી લે. શ્રી પરમધામ પચીસ પક્ષનાં સુખ આપણા માટે જ છે. હવે તું તે સુખમાં દિનરાત ચિતવન દ્વારા મહાલ્યા કર : *"પચીસ પક્ષ છે આપણા, તેમાં ઝીલજે રાત ને દિન."* હવે તે સુખથી તારું ચિત્ત એક પલ માટે પણ વિમુખ કરતો નહિ. ધામધણી જે

તનમાં પધાર્યા છે તેને ઓળખી લઈ સાક્ષાત્સ્વરૂપની સેવા કરતાં હોય એ ભાવે તેમની સેવામાં મગ્ન થઈ જા. તું એમને ધામના ધણી જાણજે. તું રખે તે સેવાભાવમાં ભંગ થવા દેતો : *"સાખ્યાત તણી સેવા કર રે, ઓળખીને અંગ."* મનની ભ્રાંતિ જ સેવાભાવમાં સૌથી મોટો અવરોધ છે. પુનઃ જો તે દૂર થાય તો દિલમાં તત્કાલ જ સેવા કરવાની અનેક પ્રકારની ભાવનાઓ સ્વતઃ પેદા થવા લાગશે.

અરે જીવ! આ દુસ્તર માયામાં આપણા ઉપર અતિ વિશેષ દયા કરી ધણીજી પુનઃ દેહ ધરી પધાર્યા છે. સદ્‌ગુરુ સ્વરૂપે ધણી આપણી વચ્ચે જ છે : *"ધણી રે આપણમાં આવ્યા."* તો હવે તેમના પ્રત્યે લાપરવાહી કેમ ચાલશે? ફરીથી તને આવો અવસર નહિ મળે, તે નિશ્ચિત જાણજે. સદ્‌ગુરુજીએ તારા હાથમાંથી નિર્મૂલ્ય કોડી જેવી માયા છોડાવીને અમૂલ્ય રત્નરૂપી તારતમજ્ઞાન સુપ્રત કર્યું છે. આમ તેમણે તો ધણવટ નિભાવી જ છે : *"કોડી તે હાથથી પરિ કરી, તુને દીધું છે હાથ રતન."* જો તું આ ક્ષણે જાગી જાય તો તું અહીં બેઠા જ અપાર સુખો માણી શકે તેમ છે. આ અવસર તો માત્ર અર્ધક્ષણનો જ છે, માટે તે વ્યર્થમાં ગુમાવ્યા વિના મનનો ભ્રમ ટાળી દે. ફરીથી જાણી જોઈને મૂર્ખામી કરીશ નહિ. જો તું ભ્રમરૂપી નિદ્રા ત્યાગી દે તો દુઃખમાંયે સુખ માણી શકીશ.

છેલ્લે, તારતમ, અર્થાત મૂળ તથા પ્રગટસ્વરૂપ ધણીની ઓળખાણ, એજ સર્વ વાતનો સાર છે. જો તે થકી તારો ભ્રમ ટળે તો માયાના દુઃખમાં રહીને પણ અખંડસુખોનો આનંદ લઈ શકાય. હે જીવ! હવે તો તું વ્રજમંડળનો આપણો પહેલો ફેરો યાદ કરી લે તોય ઘણું! બંસીનાદ સાંભળીને જેટલી સહજ રીતે આપણે બંનેએ વ્રજમંડળ ત્યાગીને સંસારને 'ગૌવત્સ-પદ' સમજી અર્થાત્ ગાયના વાછરડાના પગથી પડેલ ખાડાને પાર કરવા જેટલી સહેલાઈથી પાર કર્યો હતો અને યોગમાયિક રાસમંડળમાં પ્રવેશ કર્યો હતો, બસ એ જ પ્રમાણેનો આત્મવિશ્વાસ તથા તડપ દર્શાવવાનો આ સમય છે. હવે આપણે ધણીજીની વાણીનો પુકાર સાંભળી સંસારને પીઠ દેવી જોઈએ. આ વાતની સાક્ષી જોઈતી હોય તો



D:\Pranam/Chitvani/52

જા, નરસૈયાને જઈને પૂછ. બસ, વધુ શું કહું? ભૂંડા! હવે તો તું જાગ!

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૩**

ભૂંડા જીવ જાગજે રે

### ૩.૧ હે ભૂંડા જીવ જાગ! ધણીને ઓળખી સેવાનો અવસર ઝડપી લે.

**કાંઈ ધણી તણેં ચરણ પસાય, તૂ ભરમ ઉડાડજે રે ॥ ટેક ॥૧॥**

હે ભૂંડા જીવ, તું જાગ! ધામધણીજીના ચરણકમળની કૃપા થકી તને જે બેશક ઈલમયુક્ત વાણી મળેલ છે, તેનાથી તારા તમામ સંશયોનું નિવારણ કરી લે.

**આપણ નિદ્રા કેમ કરૂં, નિદ્રાનો નથી લાગ ।**
**ભરમની નિદ્રા જે કરે, કાંઈ તેહેનો તે મોટો અભાગ ॥૨॥**

આપણે હવે નિદ્રા કે આળસ કરીશું તો તે કેમ ચાલશે? આ અવસર કાંઈ ભૂલવા યોગ્ય નથી. જે કોઈ પણ આ અખંડવાણી મળવા છતાંય, ભ્રમિત અવસ્થામાં રહેલ છે, તેનું ભાગ્ય તો ફૂટ્યું જ જાણવું.

**આ જોગવાઈ છે જો આપણી, નહીં આવે બીજી વાર ।**
**હાથ તાલી દીધે જાય છે, ભૂંડા કાં ન કરે હજી સાર ॥૩॥**

વર્તમાનમાં આપણને પ્રાપ્ત થયેલ આ શુભ અવસર હવે ફરીથી નથી જ મળવાનો! સમય હાથતાળી દઈને ચાલ્યો જશે, તેની તને ખબર પણ નહિ પડે. અરે ભૂંડા! તું હજીયે કેમ પોતાનું ભલું વિચારી શકતો નથી?

**ધણી રે આપણમાં આવિયાં, ભૂંડા કાં નવ જાગે જીવ ।**
**પેરે પેરે તૂંને પ્રીછવ્યો, તૂં હજી કરે કાં ઢીલ ॥૪॥**

હે ભૂંડા જીવ! ધણીજી આપણા સૌ વચ્ચે પધાર્યા છે છતાં તું કેમ નથી જાગતો? તને વારંવાર સમજાવવામાં આવી રહ્યું છે, છતાંયે જાગૃત થવામાં તું હજીયે ઢીલ કેમ કરી રહ્યો છે?

### ૩.૨ ધણીએ તો ધણવટ નિભાવી દયા કરી છે. હવે, બસ તુ જાગ!

**ધણિએ ધણવટ જે કરી, તૂ તાં જોને વિચારી તેહ ।**
**આ પાપની ને પરહરી, તૂ કાં ન કરે સનેહ ॥૫॥**

ધણીજીએ તો પોતાનું ધણીપણું નિભાવ્યું છે. તું જરા તેનો ગંભીરતાપૂર્વક વિચાર તો કરી જો. આ દુષ્ટ માયાનો ત્યાગ કરી તું એમની સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર કેમ નથી કરતો?

**આપણ ને તેડવા આવિયા, આ દુસ્તર માયા માંહેં ।**
**ઓલખી ને કાં ઓસરે, ભૂંડા એમ થયો તૂ કાંએ ॥૬॥**

આ અતિ ગૂંચવણભરી માયામાંથી તને કાઢવા માટે તો ધણીજી સ્વયં સત્‌ગુરુસ્વરૂપે આપણા સૌ વચ્ચે પધારેલ છે. ધણીજીની ઓળખાણ કરી લીધા પછી વળી પાછો તેમનાથી પીછેહઠ કેમ કરે છે ? અરે ભૂંડા! તું આવો કેમ થઈ ગયો છે?

**ધણિએ આપણસૂં જે કરી રે, તૂ તાં જોને વિચારી મન ।**
**<u>કોડી તે હાથથી પરી કરી, તૂને દીધૂં છે હાથ રતન</u> ॥૭॥**

ધણીજીએ આપણા સૌ પર જે કૃપા કરી છે, તે બાબતે જરા તું ગંભીરતાપૂર્વક વિચારી જો! તારા હાથમાંથી તુચ્છ, નિર્મૂલ્ય કોડીરૂપી માયા છોડાવી દઈને તેમણે તારા હાથમાં પરમધામનાં અખંડસુખો રૂપી અણમોલ રત્ન અર્પણ કર્યા છે!

**જીવડા તૂ ધારણ કેહી કરે, ભૂંડા ઘૂટ્યો દિન અનેક ।**
**જોવંતાં જોગવાઈ ગઈ, ભૂંડા હજિએ તૂ કાંય નવ ચેત ॥૮॥**

અરે મૂર્ખ જીવ! માયાના નશામાં શીદને જીવન વ્યર્થ કરે છે? અનેક દિવસોથી તેં તારો કિંમતી સમય વ્યર્થમાંજ ગુમાવી દીધો છે.

**આપણ ઊપર અતિ ઘણી રે, દયા કરે છે આધાર ।**
**આપણે કાજે દેહ ધરયા, ભૂંડા હજીએ તૂં કાં ન વિચાર ॥૯॥**



D:\Pranam/Chitvani/53

આપણા ઉપર પ્રાણાધાર ધામધણી અતિ વિશેષ કૃપા વરસાવી રહ્યા છે. આપણા માટે તેમણે માયામાં તન ધારણ કરેલ છે. અરે મૂર્ખ! હજીયે તું આનો વિચાર કેમ નથી કરતો ?

**ભરમ ભૂંડો તમે પરહરો, જેમ થાય અજવાલું અપાર ।**
**વચન વાલાજી તણે, તૂ મૂલગાં સુખ સંભાર ॥૧૦॥**

ભૂંડા! હવે, તું ભ્રમને છોડી દે! જેથી તારા હૃદયમાં જ્ઞાનરૂપી પ્રકાશ થઈ શકે. વ્હાલાજીનાં વચનોને ગ્રહણ કરી તું મૂળઘર પરમધામનાં અખંડ સુખોને યાદ કરી લે!

**આ વાલો તે આવિયા, એ સુખતણા દાતાર ।**
**આપણ માંહેં તેહજ બેઠા, જોઈ અજવાલું સંભાર ॥૧૧॥**

સદા સત્‌સુખના દાતાર વ્હાલાજી પુનઃ પધાર્યા છે. આપણા સૌ વચ્ચે શ્રી મેહેરાજજી ના તનમાં બેઠા છે. તું તેમની વાણીના જ્ઞાનરૂપી પ્રકાશ દ્વારા તેમની ઓળખાણ કરી લે!

**દુર્મતી તૂ કાં થયો, હૂં તો પાડૂં તે બુંબ અપાર ।**
**આંહીં આવ્યા ન ઓલખ્યા, પછે કેહી પેરે મોંહોં ઉપાડ ॥૧૨॥**

હે જીવ! હું તો અપાર બૂમો પાડી રહ્યો છું. તેમ છતાંયે તું આવી મૂર્ખામી કેમ કરી રહ્યો છે? જો તું અહીં આવેલા ધણીને નથી ઓળખી શક્યો, તો પછી પાછળથી પરમધામમાં તુ તારું મસ્તક કેવી રીતે ઉન્નત રાખી શકીશ ?

**<u>આંખ ઉઘાડી જો જુએ, જીવ લીજે તે લાભ અનેક ।</u>**
**<u>આંહી પણ સુખ ઘણાં માણિએ, અને આગલ થાય વસેક</u> ॥૧૩॥**

હે જીવ! તું જો અંતર્ચક્ષુ ખોલી વિચાર કરે તો માયામાં અનેક પ્રકારે લાભ લઈ શકે તેમ છે. અહીં બેઠાં-બેઠાં પણ તું ઘણા સુખોનો આનંદ માણી શકે તેમ છે તથા ભવિષ્યમાં પણ આનાથી વિશેષ સુખો પ્રાપ્ત કરી શકે તેમ છે.

### ૩.૩ સર્વ વાતોનો સાર તારતમ છે

**આ અજવાલૂં જો જોઇએ, જીવ તારતમ મોટો સાર ।**
**વાલાજીને ઓલખે, તો તૂ નવ મૂકે નિરધાર ॥૧૪॥**

હે જીવ! જો તું આ જાગૃતબુદ્ધિના જ્ઞાનરૂપી પ્રકાશનો વિચાર કરીશ તો તને એ સમજાઈ જશે કે તારતમ એટલે કે ધણીજીની ઓળખાણ એ જ સર્વ વાતોનો સાર છે. જો તું વ્હાલાજીની વાસ્તવિક ઓળખાણ કરી લે, તો તો પછી કોઈપણ સંજોગોમાં તું તેમને છોડી શકીશ નહિ.

**વાલો વદેસી આવી મલ્યા, કાંઈ આપણને આ વાર ।**
**દુઃખ માંહેં સુખ માણિએ, જો તૂ ભરમની નિદ્રા નિવાર ॥૧૫॥**

પરમધામ દેશના વ્હાલાજી આ માયારૂપી વિદેશમાં આવી આપણને આ વખતે મળ્યા છે. માટે, જો તું તારા અંતરમાંથી ભ્રમરૂપી નિદ્રા ટાળી દે, તો આ દુઃખરૂપી સંસારમાં પણ તું અખંડ સુખનો અનુભવ કરી શકે તેમ છે.

**આ જોગવાઈ છે ખિણ પાણીવલ, કેટલૂં તૂને કેહેવાય ।**
**પણ અચરજ મૂને એહ થાય છે, જે જાણ્યૂં ધન કેમ જાય ॥૧૬॥**

પરંતુ આ અવસર ક્ષણમાત્ર પુરતો જ છે. તને હું એ વાત કેટલી વાર સમજાવું? મને તો આશ્ચર્ય એ વાતનું થાય છે કે આટલું બધું જાણ્યા - સમજ્યા પછી કોઈ આ જ્ઞાનરૂપી ધન આમ એળે જવા જ શી રીતે દે?

**આગલ આપણે સૂં કર્યું, જ્યારે અજવાલે થઈ રાત ।**
**આ તાં વાલેજીએ વલી કૃપા કરી, ત્યારે તરત થયો પ્રભાત ॥૧૭॥**

યાદ કર, કે આ પહેલાં શ્રી દેવચંદ્રજીના સમયમાં આપણે *(આત્મા અને જીવ બંનેએ સાથે મળીને)* શું કર્યું હતું? ધામધણીના જ્ઞાનનો પ્રકાશ હોવા છતાં અજ્ઞાનરૂપી પ્રગાઢ અંધકારમય રાત્રિનું વાતાવરણ છવાઈ ગયું હતું. આ તો પુનઃ ધણીજીએ કૃપા કરી છે, તેથી તુરત જ શ્રી મહેરાજજીના તન દ્વારા જ્ઞાનનો ઉદય થયો છે.



D:\Pranam/Chitvani/54

**એવડી વાત દેખી કરી, તે તાં જોયૂં તારી દૃષ્ટ ।**
**હજી તૂ ભરમમાં ભૂલિયો, તૂને કેટલૂં કહૂં પાપિષ્ટ ॥૧૮॥**

તે તો સ્વયં તારી આંખે આ હકીકત જોયેલી ને અનુભવેલી છે. તેમ છતાં તું ભ્રમિત થઈ ભટકી રહ્યો છે. હે પાપીઓના શિરોમણી! હવે તને કેટલું વિશેષ કહું?

**અજવાલે વાલો ઓલખ્યા, ત્યારે પાછલ રહ્યૂં સૂં ।**
**જાણી બૂઝીને મૂઢ થયો, ભૂંડા એમ થયો કાં તૂં ॥૧૯॥**

તારતમજ્ઞાનના પ્રકાશમાં એકવાર તેં વ્હાલાજીને ઓળખી લીધા પછી શું બીજું કંઈ બાકી રહે ખરું ? અરે ભૂંડા! જાણી જોઈને શા માટે આટલી બધી મૂર્ખામી કરી રહ્યો છે ?

**પેરે પેરે મેં તૂને કહ્યૂં રે, સુણ રે ધણીના વચન ।**
**અધખિણ વાલો ન વીસરે, જો તૂ જુએ વિચારી મન ॥૨૦॥**

મેં તને વિવિધ રીતે સમજાવીને કહ્યું છે કે તું ધણીજીના દિવ્ય વચનોનું શ્રવણ કર. હવે, જો તું તે વચનોને હૃદયપૂર્વક વિચારી જુએ, તો તું વ્હાલાજીને એક અર્ધક્ષણ માટે પણ ભૂલી શકીશ નહિ.

**અનેક વચન તૂને કહ્યા, માન એકનો કરે વિચાર ।**
**અર્ધ લવે તારો અર્થ સરે, ભૂંડા એવડો તૂ કાં કેહેવરાવ ॥૨૧॥**

મેં તો તને અનેક વચનો કહ્યાં છે. પરંતુ, તેમાંથી માત્ર એક વચનનો પણ વિચાર કરીને તેને હૃદયમાં ગ્રહણ કરી લે તોયે ઘણું છે. અરે ભૂંડા! અર્ધશબ્દ માત્રથી તારા સર્વે મનોરથ પરિપૂર્ણ થઈ જશે! શા માટે તું મારા થકી આટલું બધું કહેવડાવે છે?

**હવે રે તૂને હૂં જે કહૂં, તે તૂ સાંભલ દૃઢ કરી મન ।**
**પચવીસ પખ છે આપણા, તેમાં ઝીલજે રાત ને દિન ॥૨૨॥**

હવે, હું તને જે કહું છું તે મન દ્રઢ કરીને સાંભળ. શ્રી પરમધામ પચ્ચીસ પક્ષનાં સુખો આપણા માટે જ છે. દિનરાત બસ એમાં જ રમ્યા

*૪૨. નોંધ : અહીં આત્મા જીવનો ઉત્સાહ વધારે છે. જે જીવ પરમધામને લાયક નથી તેને પણ ત્યાંનો અધિકાર સોંપવાની વાત કરે છે!*

**એ માંહેંથી રખે નીસરે, પલ માત્ર અલગો એક ।**
**મનના મનોરથ પૂરણ થાસે, ઉપજસે સુખ અનેક ॥૨૩॥**

હે જીવ! એક પલમાત્ર માટે પણ તું પચ્ચીસ પક્ષનાં સુખથી મનને હટાવી તેનાથી અલગ થઈશ નહિ. તારા મનના મનોરથો અવશ્ય પૂર્ણ થશે જ અને તને અનેક વિધનાં સુખોનો અનુભવ પણ થશે.

**સાખ્યાત તણી સેવા કર રે, ઓલખીને અંગ ।**
**શ્રી ધામ તણા ધણી જાણજે, તૂ તાં રખે કરે તેમાં ભંગ ॥૨૪॥**

ધામધણી જે તનમાં આવી બિરાજેલ છે, તેને ઓળખી લઈ સાક્ષાત્ સ્વરૂપની સેવા કરતાં હોય એ ભાવે એમની સેવા કરવામાં લાગી જા. તું એમને ધામના ધણી જાણજે. રખે, તું સેવાભાવમાં કંઈ ભંગ થવા દેતો.

**મુખથી સેવા તૂને સી કહૂ, જો તૂં અંતર આડો ટાલ ।**
**અનેક વિધ સેવા તણી, તૂંને ઉપજસે તત્કાલ ॥૨૫॥**

હે જીવ! મારા મુખેથી સેવાનો મહિમા તને કેટલો કહું ? જો તું તારા મનની ભ્રાંતિ દૂર કરી લે તો તારા દિલમાં તત્કાલ જ સેવા કરવાની અનેક પ્રકારની ભાવનાઓ સ્વતઃ પેદા થવા લાગશે. પછીથી સેવા માટે કોઈના કહેવાની આવશ્યકતા રહેશે નહિ!

**પેહેલે ફેરે આપણ આવિયાં, તે તો વાલે કહ્યૂં છે વિવેક ।**
**તે તાં લાભ લઈને જાગિયાં, હવે આપણ કરૂં રે વિસેક ॥૨૬॥**

શ્રી પરમધામથી પહેલા ફેરામાં આપણે વ્રજમંડળમાં આવેલા, જેની સંપૂર્ણ વિગત વ્હાલાજીએ (સદ્‌ગુરુ ધણી શ્રી દેવચંદ્રજી થકી) કહેલી છે. તેમની વાણીનો લાભ લઈ, તેનું શ્રવણ કરી, આપણે જાગ્યા પણ ખરા. હવે તો તેમની વાણીનો લાભ લઈ આપણે તેનાથી પણ વિશેષ રીતે માયા



D:\Pranam/Chitvani/55

છોડવાનો ઉદ્યમ કરી બતાવવાનો છે.

### ૩.૪ વ્રજની ગોપીના પગલે સંસારને 'ગૌવત્સ-પદ' કરીએ

**પેહેલે ફેરે થયૂં આપણને, ગૌપદ વછ સંસાર ।**
**એણે પગલે ચાલિએ, જો તૂ પહેલો ફેરો સંભાર ॥૨૭॥**

જેવી રીતે વ્રજમંડળના પ્રથમ ફેરા દરમ્યાન બંસીનાદ સાંભળી આપણે સૌએ સંસારને 'ગૌવત્સ-પદ' સમાન ગણી અર્થાત, ગાયના વાછરડાના પગથી બનેલ નાનકડા ખાડામાં ભરાયેલ જળને ઓળંગવું જેટલું સહેલું હોય છે, એટલી સરળતાથી પાર કરેલો, બરાબર એવા જ દૃઢ આત્મવિશ્વાસ તથા જુસ્સાપૂર્વક આપણે હવે ધણીજીની વાણીનો પુકાર સાંભળી સંસારને પીઠ દેવી જોઈએ.

**એટલા માટે આ અજવાલૂં, વાલેજીએ કીધૂં આ વાર ।**
**નરસૈયાં વચન પ્રગટ કીધાં, કાંઈ વૃજ તણા વિચાર ॥૨૮॥**

માત્ર આટલા માટે જ વ્હાલાજીએ પુનઃ જ્ઞાનનો પ્રકાશ કર્યો છે. નરસૈયાનાં વચનોમાં પણ વ્રજલીલાની આ ગૂઢ વાતો પ્રગટ કરવામાં આવેલ છે. આ જ્ઞાનના પ્રકાશમાં સંસારની માયાથી મુક્ત થઈને શ્રી ધણીજીનાં ચરણોમાં પહોંચી જાઓ.

**કહે ઇંદ્રાવતી નરસૈયાં વચન, જો જોઇએ કરીને ચિત ।**
**ધણિએ જે ધન આપિયૂં, કાંઈ કરી આપણને હિત ॥૨૯॥**

શ્રી ઈન્દ્રાવતી કહે છે કે, હે સાથજી! જો આપણે ધ્યાનપૂર્વક નરસૈયાંનાં વચનોનો વિચાર કરીશું તો એ હકીકત સ્પષ્ટ સમજાઈ જશે કે આપણા ધામધણીજીએ આપણું હિત જાણીને આપણને જે ધન આપ્યું છે તે કેટલું અમૂલ્ય છે!

પ્રકરણ-૩, ચૌપાઈ-૧૪૩

૩.૧ *"ભૂંડા જીવ તું જાગજે રે"* - અહીં કયો ભ્રમ ઉડાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે? (ધણીની ઓળખાણ)

૩.૨ *"હાથ તાળી દિયે જાય છે"* કોણ કોને હાથતાળી આપી જતાં રહેવાનો સંકેત છે?

૩.૩ *"ધણી રે આપણમાં આવીયા"*થી શું તાત્પર્ય છે? ધણી આપણી વચ્ચે કયા રૂપે છે? ચો. ૪

૩.૪ ધણીએ ધણવટ શી કરી ? શી રીતે કરી? ચો. ૬, ૭, ૯

૩.૫ *"કોડી તે હાથથી પરી કરી, તુને દીધું છે હાથ રતન"* કોડી શું? રતન શું?

૩.૬ "દુઃખમાંયે સુખ માણીએ" શી રીતે ? ચો. ૧૫

૩.૭ *"પચીસ પક્ષ છે આપણા, તેમાં ઝીલજે રાત ને દિન"* - કોણ કોને કહી રહ્યું છે?

૩.૮ *"અર્ધ લવે તારો અર્થ સરે"*નું તાત્પર્ય શું છે? ચો.૨૧

૩.૯ "સાખ્યાત તણી સેવા કર રે, ઓળખીને અંગ" અર્થ સ્પષ્ટ કરો. કયું અંગ ઓળખવાનું છે? સેવા કોની કરવાની છે? કઈ રીતે? ચો. ૨૪

૩.૧૦ સેવાભાવમાં સૌથી મોટો અવરોધ કયો છે? સેવાભાવ પેદા થવા માટે પૂર્વ-શરત શું? ચો. ૨૫

૩.૧૧ "ગૌપદવછ્ સંસાર" અર્થાત્ "ગૌવત્સપદ" નો અર્થ જાહેરી અને બાતુની રીતે સ્પષ્ટ કરો.

## શ્રી રાસ પ્રકરણ – ૪ : પ્રેમ સેવા વાલે પ્રગટ કીધી

### પ્રકરણ સાર

ચોથા અને પાંચમા પ્રકરણમાં વ્રજ તથા રાસની લીલાઓનું માહાત્મ્ય તથા અનન્ય પ્રેમલક્ષણા ભક્તિની વિષેશતા દર્શાવી તેના દ્વારા આત્મા અને પરમાત્માના મિલનના માર્ગનું વર્ણન છે. *પ્રેમ સેવા વાલે પ્રગટ*



D:\Pranam/Chivani/56

*કીધી* - વ્રજલીલા દરમ્યાન બ્રહ્માત્મા સખીઓ દ્વારા પરસ્પર સ્નેહ તથા પોતાના પ્રાણ-પ્રીતમ પ્રત્યે વ્યક્ત કરાયેલ પ્રેમસેવાનું શુદ્ધ સ્વરૂપ વ્હાલાજીએ આ જાગણીલીલામાં પુનઃ પ્રગટ કરેલ છે. સૌ સુંદરસાથને પ્રેરણા આપતાં શ્રી ઈન્દ્રાવતીજી કહે છે કે હે સાથજી! *એણે રે પગલે આપણ ચાલિયે* - આપણાં પૂર્વનાં એ પગલાં અત્યંત પ્રમાણિત *(authentic)* છે, કારણ કે તેનું અનુસરણ આજે પણ પ્રિયતમનું મિલન કરાવી શકે તેમ છે. વ્રજમંડળમાં આપણે સૌ આપણા આત્મ-ધની સાથે જે રીતે પ્રેમલીલા કરતાં હતાં તથા બંસીનાદ સાંભળી પ્રિયતમ મિલનની જે તડપ અને પ્રબળ ભાવના સાથે આપણે કાલમાયિક વ્રજમંડળ છોડીને યોગમાયિક રાસમંડળમાં દોડતાં પહોંચ્યાં હતાં, બસ એ જ તડપ અને ભાવથી આપ સૌનું ચિત્ત છલોછલ ભરી દો - *એણે રે પગલે આપણ ચાલિએ!* સાથજી! આમ કરીને આપ સૌ જાગણીરાસનો આનંદ માણો!

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, હે ધામના સુંદરસાથજી! આપ નરસૈયાં દ્વારા વર્ણિત વ્રજલીલાનો મહિમા દિલમાં ધરો. વ્રજલીલા દરમ્યાન આપણા થકી વ્યક્ત થયેલા પ્રેમસેવાના સ્વરૂપને ઈલમની હૂંફમાં નિજધામના શુદ્ધતમ્ સ્તરે લઈ જઈયે. વ્રજમંડળમાં આપણાં મન, વચન અને કર્મ સર્વે વ્હાલાજીના તેમજ સખીઓના પરસ્પર સ્નેહથી ભીંજાયેલા રહેતાં. વ્હાલાજીનો પલભરનો વિરહ સખીઓને કેટલાંયે વર્ષો જેટલો લાંબો ભાસતો - *જ્યારે વન પધારતાં, ત્યારે ખિન વરસાં સોં થાય.* વ્રજમંડળમાં સખીઓના દેહ જ અલગ અલગ હતા, પણ તે સૌની આત્મા તો એક જ 'વ્હાલામય' હતી! હે સાથજી! વ્રજલીલાનાં એ પગલાં બેશક આપણાં જ છે. જાગણીલીલામાં જો માત્ર એ પ્રમાણે પરસ્પર સ્નેહ તેમજ વ્હાલાજીનું ચિતવન કરતા રહીશું તોય આપણે ભવિષ્યમાં પ્રેમસેવાનું તેનાથીયે વિશેષ ઉત્કૃષ્ટ સ્વરૂપ પ્રગટ કરી શકીશું. હવે વિલંબ ન ઘટે. આ ફેરે તો વ્હાલાજીએ જ્ઞાન દ્વારા સર્વે હકીકતો પ્રકાશિત કરી દીધેલ છે.

સુંદરસાથજી! વ્રજમાં વ્હાલાજી વિના સખીઓને એક ક્ષણ પણ કેટલાયે યુગો જેટલી લાગે છે! આ જાગણીલીલામાં પણ આપણને

વ્હાલાજીનો આ પ્રકારનો વિરહ લાગે તો આપણાં સઘળાં કારજ તત્ક્ષણ સરે! વ્રજમંડળમાં સૌના આત્માની એકદિલી તો જુઓ : "*આતમ સહુની એકજ દીસે, જૂજવી તે દીસે દેહ.*" આ જાગણીલીલામાં આપણામાં જો આ વ્રજાંગનાપણું જાગ્રત થાય તો તેનાથી નિજધામનો અંગનાભાવ – બ્રહ્મસૃષ્ટિત્વ જાગ્રત થવાની સંભાવના ઊભી થઈ શકે. ઈલમની હૂંફમાં પરમધામની વાહેદતમાં સ્નાન કરવા માટે પ્રેમ-સેવાના આ ઉત્કૃષ્ટ સ્વરૂપને આપણા જીવનમાં ઊભું કરીએ.

વ્હાલા સુંદરસાથજી! અહીં સેવાના વિવિધ પ્રકાર વિશે ચિંતન કરવું ઉચિત રહેશે. જાગણીના બ્રહ્માંડમાં તન, મન અને ધન સમર્પિત કરીને સમાજ, લોકહિત અથવા ધર્મકાર્ય હેતુ સેવા કરવી એ આવશ્યક તો છે જ. પરંતુ, તેમ કરતાં ક્યારેક સેવાનું ફળ નામના કે ખ્યાતિ લઈ જાય છે. પરસ્પર ખેંચતાણ તથા અહમ્ ભાવના જેવા માયાવી પરિબળો સેવકને આંતરિક પ્રેમ તથા આનંદથી વંચિત કરી દે છે, જે આત્મ-જાગૃતિનું મુખ્ય સાધન છે.

*લેને કો બુજરકિયાં, સેવેં ચાતુરી ચૈન ।*
*સેવા કરત સબ ખૈંચ કી, એ યોં લગે દુખ દેન ॥*

*અંદર બાહેર ઉજલે, દોષ દેખેં સબ ઐન ।*
*તાએ ભી ખૈંચ છૂટી નહીં, એ ભી લગે દુખ દેન ॥*

*એ ખેલ હૈ ઈન ભાંત કા, ક્યોં એ ન ખુલે મૂલ નૈન ।*
*નિજ નજર ખુલે બિના, કોઈ ન દેવે સુખ ચૈન ॥*

કિરંતન : ૬૩/૬,૧૪,૧૬

સુંદરસાથજી! ગ્રંથમાં પ્રકરણ-ક્રમ અને તેના વિષયોનું પણ થોડું ધ્યાન કરીએ તે જરૂરી છે. શરૂઆતમાં શ્રી ઈન્દ્રાવતીજી માયાના સ્વરૂપની ઓળખામ કરાવી, આપણા કૌલ, ફૈલ અને હાલને પ્રેમ-સેવામય બનાવવા પ્રેરે છે. ત્યારબાદ પ્રેમ-સેવાની મહિમા સમજાવીને હવે પછીના પ્રકરણોમાં તે યુગલસ્વરૂપના તથા આપણા સૌના યોગમાયિક શોભા શ્રૃંગારમાં સ્વયં



D:\Pranam/Chitvani/57

સ્નાન કરે છે અને આપણને સૌને પણ તેમ કરાવે છે. સ્વાભાવિક જ છે કે સ્વરૂપ-મિલન પછી જ રાસલીલાનો રસાનંદ માણવા મળે. અંતિમ પ્રકરણોમાં તે આપણી નજર પરમધામ તરફ ફેરવે છે.

તન, મન અને ધન સમર્પણની આ પ્રથમ કક્ષાની આવશ્યક સેવા સાથે જે અનન્ય-સેવા જોડાયેલી છે, તેને 'પ્રેમ-સેવા' કહેવામાં આવી છે. ધણીજીનો ઈલમ કહે છે કે નિજધામ સ્વરૂપ અને નિજાનંદની લીલાઓના ચિતવનમાં લીન થઈ રહેવાની સુંદરસાથજીની સ્થિતિ જ આ અનન્યતા પ્રદાન કરી શકવામાં સક્ષમ છે. આ હકીકત વ્રજની ગોપિકાઓના પગલે ચાલિયે તો જ સમજાય અને તેનો રસ અનુભવી આપણો આ ફેરો સાર્થક કરી શકાય.

*ઉઠતાં બેસતાં રમતાં, વાલો ચિતથી તે અલગો ન થાય ।*
*જ્યારે વન પધારતાં, ત્યારે ખિણ વરસાં સો થાય ॥*

*માંહોમાંહેં વિચાર જ કરતાં, વાત જ કરતાં એહ ।*
*આતમ સહુની એક જ દીસે, જુજવી તે દીસે દેહ ॥*

*રાસ : ૪/૫, ૬*

માટે, હે સુંદરસાથજી! આવો! શ્રી સાગર ગ્રંથમાં વર્ણિત સેવાના અંતિમ શ્રેષ્ઠતમ સ્વરૂપનું ધ્યાન કરીએ :

*સબ્દ ન લગે સોભા અસલેં, પર રૂહ મેરી સેવા ચાહે ।*
*તો બરનન કરૂં ઈનકા, જાનોં રૂહોં ભી દિલ સમાએ ॥*

*સોભા જુગલ કિસોર કી, સુખ સાગર ચૌથા એ ।*
*આવેં લેહેરેં નેહેરેં અતિ બડી, ઝીલેં અરવાહેં જો ઈન કે ॥*

*ખૂબી જુગલ કિસોર કી, પ્રેમ વચન ઈન રીત ।*
*આસિક ઈન માસૂક કી, ભર ભર પ્યાલે પીત ॥*

*સાગર : ૫/૨૧,૨૪,૨૫*

સેવાનું આ સ્વરૂપ સુંદરસાથજીને એ પ્રેરણા આપે છે કે (૧) સૌ

પ્રથમ સ્વયં યુગલ કિશોરના સ્વરૂપ-શ્રૃંગારનો સાક્ષાત્કાર કરી, તેની દિવ્ય ઉછળતી-કૂદતી લહેરોમાંથી સર્જાતી પ્રેમ અને આનંદની નહેરોમાં હરહંમેશ સ્નાન કરતા રહેવું. અને (૨) તેમ કરતાં કરતાં પોતાના સંગી સાથીઓને આ નિજાનંદ બક્ષનાર સ્વરૂપમાં એકાકાર થવાનો માર્ગ પ્રશસ્ત કરવામાં સહાયતા કરતા રહેવું.

*જો તોહે કહે હક હુકમ, સો તૂં દેખ મહામત ।*
*ઔર કહો રૂહન કો, જો તેરે તન વાહેદત ॥*

*સિનગાર : ૧૯/૬૫*

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૪**

**૪.૧ વ્રજલીલાનું પ્રેમ-સેવાનું સ્વરૂપ વર્તમાનમાં પ્રગટ કરી બતાવીએ!**

**પ્રેમ સેવા વાલે પ્રગટ કીધી, વૃજ તણી આ વાર ।**
**વચન વિચારીને જોઇએ, કાંઈ નરસૈયાં તણા નિરધાર ॥૧॥**

જો નરસૈયાંનાં વચનો પર થોડો પણ ઉંડો વિચાર કરી જોઈએ તો એ વાત અવશ્ય દૃઢ થઈ જશે કે વ્હાલાજીએ આ ફેરે પણ વ્રજમંડળની જેમ જ પ્રેમસેવાના શુધ્ધ સ્વરૂપને પ્રગટ કરી દર્શાવ્યું છે.

**શ્રી ધામતણાં સાથ સાંભલો, હૂં તો કહૂં છૂં લાગીને પાય ।**
**જે રે મનોરથ કીધાં આપણે, તે પૂરણ એણી પેરે થાય ॥૨॥**

હે ધામના સાથજી! સાંભળો, હું આપ સૌનાં ચરણોમાં પ્રણામ કરી વિનંતિ કરું છું કે આપણે જેટલા પણ મનોરથ કર્યા છે, તે સર્વે માત્ર પ્રેમસેવાના ધર્મપાલન દ્વારા જ પરિપૂર્ણ થનાર છે.

**વૃજમાં કીધી આપણ વાતડી, તે તાં સઘલી માંહેં સનેહ ।**
**કામ કરતાં અતિ ઘણોં, પણ ખિણ નવ છોડ્યો નેહ ॥૩॥**

વ્રજમંડળમાં જેટલી પણ લીલા આપણે કરેલી, તે સર્વે પરસ્પર સ્નેહભાવથી પરિપૂર્ણ હતી. માયા કે ગૃહસ્થીનાં કાર્યો કરતાં કરતાં એક ક્ષણ માટે પણ આપણે વ્હાલાજીનો પ્યાર જતો નહોતો કર્યો.



D:\Pranam/Chitvani/58

**વિવિધ પેરે સિણગાર જો કરતાં, મન ઉલાસજ થાય ।**
**મનના મનોરથ પૂરણ કરતાં, રંગભર રૈણી વિહાય ॥૪॥**

વ્હાલાજીને રીઝવવા માટે આપણે પ્રફુલ્લિત મને વિવિધ પ્રકારે શ્રૃંગાર સજતાં. તો વ્હાલાજી આપણા મનની સર્વે મનોકામના પરિપૂર્ણ કરતા. આમ આખી રાત્રિ આનદંભેર વીતી જતી હતી.

**ઉઠતાં બેસતાં રમતાં, વાલો ચિતથી તે અલગો ન થાય ।**
**જ્યારે વન પધારતાં, ત્યારે ખિણ વરસાં સો થાય ॥૫॥**

ઉઠતાં બેસતાં કે રમતાં વ્હાલોજી આપણા ચિત્તથી એક પળભર માટે પણ અળગા નહોતા થતા. જ્યારે તેઓ ગૌવૃંદ લઈ વનમાં પધારતા ત્યારે તેમના વિરહની એક-એક પળ વર્ષો સમાન લાંબી ભાસતી!

**માંહોંમાંહેં વિચારજ કરતાં, વાતજ કરતાં એહ ।**
**આતમ સહુની એકજ દીસે, જુજવી તે દીસે દેહ ॥૬॥**

સર્વ સખીઓ પરસ્પર વ્હાલાજીના વિરહની જ વાતો તથા વિચારોમાં વ્યસ્ત રહેતી. સર્વનાં દિલમાંથી માત્ર એકજ ભાવ પ્રગટ થતો હતો. તેમના સૌના માત્ર દેહ જ અલગ-અલગ દીસતા હતા; તે સૌની આત્મા તો એક જ રૂપ દીસતી હતી.

**નિસ દિવસ વાલાજીસોં વાતો, રામત કરતાં જાય ।**
**ખિણમાત્ર જો અલગા થૈએ, તો વિછોડો ખિણ ન ખમાય ॥૭॥**

આપણાં દિનરાત વ્હાલાજી સાથે વિવિધ વાતો તેમજ આનંદક્રીડા કરવામાં જ વિતી જતાં હતાં. જો એક ક્ષણ માટે આપણે તેમનાથી વિખુટા પડતાં તો તેમનો વિરહ અસહ્ય થઈ પડતો.

**વિવિધ વિલાસ વાલાજીસોં કરતાં, પૂરણ મનોરથ થાય ।**
**જ્યારે વાછરડા લઈ વન પધારે, ત્યારે રોવંતાં દિન જાય ॥૮॥**

વ્હાલાજી સાથે વિવિધ લીલા વિહાર કરતાં સર્વ મનોકામના પૂર્ણ થતી અને જ્યારે તેઓ વાછરડા લઈ વનમાં પધારતા ત્યારે આપણો આખો

દિવસ માત્ર તેમના વિરહમાં જ વ્યતિત થતો.

**દાણલીલા ની રામત કરતાં, માથે મહી માખણનો ભાર ।**
**વચન રંગનાં ઉથલા વાલતાં, રમતાં વન મંઝાર ॥૯॥**

આપણે આપણા માથા પર દહીં તથા માખણની મટકી લઈ તે વેચવાના બહાને વ્હાલાને મળવા માટેની દાણલીલાની રામત રમતા. વ્હાલાજી પણ દાણ લેવાના બહાને રસ્તામાં આવી લાકડી આડી કરી ઊભા રહેતા. આ સમયે વનમાં રમતી વેળા પરસ્પર અટપટાં ને ઉલટાં પ્રેમયુક્ત કટાક્ષવચનો દ્વારા અપાર આનંદ લૂટતાં હતાં.

**વૃજ નરસૈએ પ્રગટ કીધું, અતિ ઘણે વચન વિવેક ।**
**એ વચન જોઈને ચાલિએ, તો આપણ થૈએ વિસેક ॥૧૦॥**

નરસૈયાંએ પોતાની વાણી દ્વારા વ્રજલીલાનું વિસ્તારપૂર્ણ વર્ણન કરેલ છે. જો આપણે માત્ર એ વચનોને લઈ ને ચાલીશું તોયે તેનાથીયે વિશેષ પ્રકારની પ્રેમસેવાનું સ્વરૂપ દર્શાવી શકીશું.

**વૃજલીલા અતિ મોટી છે, જો જો નરસૈયાં વચન પ્રમાણ ।**
**એ પગલાં સર્વે આપણાં, તમે જાણી સકો તે જાણ ॥૧૧॥**

વ્રજલીલાનો મહિમા તો અપાર છે. તમે તેનો ભાવ નરસૈયાંનાં વચનો દ્વારા જ જોઈ લેશો. એ લીલાનાં સર્વે પગલાં એ આપણાં જ હતાં. જો તમે આ હકીકત સમજી શકો તો સમજી લો!

**કહે ઈન્દ્રાવતી સુણો રે સાથજી, ઇહાં વિલંબ કીધાની નહિ વાર ।**
**એ અજવાલૂં સર્વે કીધૂં મારે વાલે, આપણને આ વાર ॥૧૨॥**

શ્રી ઈન્દ્રાવતી કહે છે, હે સાથજી! તમે ચિત્ત દઈને સાંભળો. હવે એક પળભરનો વિલંબ કરવાનો સમય નથી. મારા વ્હાલાજીએ આ ફેરે સ્વયં પધારીને સર્વે પ્રકારના જ્ઞાનનો પ્રકાશ પાથર્યો છે.

પ્રકરણ-૪, ચૌપાઈ-૧૭૨



D:\Pranam/Chitvani/59

## રાસ – ૪ વાણીમંથન પ્રશ્નાવલિ

૪.૧ 'પ્રેમસેવા'નો અર્થ સ્પષ્ટ કરો. 'પ્રેમ' અને 'સેવા' અલગ અલગ છે કે એક જ? અહીં ખાસ કરીને કઈ 'સેવા'નો સંદર્ભ છે?

૪.૨ વ્રજમંડળમાં કેવી માનસિકતા હતી? તેનું વર્તમાન જાગણી બ્રહ્માંડમાં શું મહત્વ છે?

૪.૩ *"જ્યારે વન પધારતાં, ત્યારે દિન વરસાં સો થાય"* એક ક્ષણ યુગો જેટલી લાંબી લાગે છે! સમય વિષેનો આ ભાવ પરમધામની કઈ હકીકત સમજાવવા માટે વાપર્યો છે?

૪.૪ *"આતમ સહુની એક જ દિસે, જૂજવી તે દીસે દેહ"* નો ભાવાર્થ સ્પષ્ટ કરો. તેનું પરમધામની વાહેદત સાથે તથા જાગણીલીલાના સંદર્ભમાં મૂલ્યાંકન કરો.

# શ્રી રાસ પ્રકરણ – ૫ : એણે રે પગલે આપણ ચાલિયે

### પ્રકરણ સાર

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે કે, "હે સુંદરસાથજી! પહેલા ફેરામાં વ્રજમંડળમાં આપણે સૌ આપણા આત્મધની સાથે જે રીતે પ્રેમલીલા કરતાં હતાં અને બંસીનાદ સાંભળી પ્રિયતમ મિલનની જે તડપ અને પ્રબળ ભાવ સાથે આપણે કાલમાયિક વ્રજમંડળ છોડીને યોગમાયિક રાસમંડળમાં દોડતાં પહોંચ્યાં હતાં, બસ એ જ તડપ અને ભાવથી આપ સૌનું ચિત્ત છલોછલ ભરી દો : *"એણે રે પગલે આપણ ચાલિએ!"* સાથજી! આમ કરીને આપ સૌ જાગણીરાસનો આનંદ માણો! હે સુંદરસાથજી! આપણાં પૂર્વનાં એ પગલાં અત્યંત પ્રમાણિત *(authentic)* છે, જેનું અનુસરણ આજે પણ પ્રિયતમનું મિલન કરાવી શકવામાં સક્ષમ છે. બંસીનાદ સાંભળી તામસી, રાજસી તથા સત્વગુણી સખીઓએ કઈ કઈ રીતે પ્રતિક્રિયાઓ વ્યક્ત કરી તે સમજી આપણે કઈ રીતે પરમધામમાં જાગ્રત થવાનું છે તે વિચારણીય છે.

નરસૈંયાએ તો રાસનું પૂર્ણ રીતે વર્ણન ન કર્યું, પણ ધણીજીના શ્રીમુખે સાંભળેલ વચનોના આધારે તેમના શ્રી ચરણોની કૃપા થકી, યથાશક્તિ વર્ણન કરવાની મારી ઉત્કંઠા હવે હું પૂર્ણ કરીશ. સાથજી! આસો માસની શરદપૂર્ણિમાની રાત્રિનો એ સમય યાદ કરો. એક પલનો પણ વિલંબ કર્યા વિના આપણે સૌ કેવાં સ્વતઃ પિયુજી પાસે દોડી પહોંચ્યા હતાં. સંધ્યાટાણે નિત્યવૃંદાવન (યોગમાયા)માં બંસીનાદ થયો તે સાંભળી આપણે જ્યાં હતાં, જે સ્થિતિમાં હતાં, એ જ સ્થિતિમાં કોઈની પણ પળમાત્ર માટે પરવા કર્યા વિના દોડી નીકળેલાં! ત્યારે આપણને સંસાર બિલકુલ આડો નહોતો આવ્યો; કારણ કે તે સમયે આપણાં ચિતડાં પિયુજીના બંસીનાદથી વીંધાઈ ગયાં હતાં!

હે સુંદરસાથજી! ગાય દોહી રહેલી સખીના હાથમાંથી દૂધનું વાસણ છૂટી ગયું. ઘરકામ કરી રહેલ સખી દરવાજામાં ઉભેલ સસરા અને પોતાના પતિને ઠોકર મારી દોડવા લાગી. પોતાના પતિ સાથે વાતો કરતાં કરતાં બાળકને સ્તનપાન કરાવી રહેલ સખીના હાથમાંથી બાળક છૂટી ગયું! પતિને ભોજન પીરસવાની સેવા કરી રહેલ સખીના હાથમાંથી થાળી સ્વતઃ છૂટી ગઈ! કોઈક સખીનો પગ ઉતાવળે દોડતાં પોતાના પતિની છાતી પર પડ્યો તેનુંયે તેમને ભાન ન રહ્યું! પોતાનાં માતા, પિતા, પતિ, સસરા, સાસુ, બાળકોનાં કરૂણ રૂદન પણ સખીઓને રોકી શક્યાં નહિ! બંસીનાદ સમયે સ્નાન કરી રહેલ સખીઓ મંત્રમુગ્ધ બની નિર્વસ્ત્ર જ ભાગવા લાગી. પોતાના બાળકને જે લોટાથી નવરાવતી હતી તેને તેના પર જ ફેંકીને તે દોડવા લાગી! તામસી સ્વભાવવાળી સખીઓની આ પ્રકારની પ્રતિક્રિયાઓ જોઈ શુકદેવ મુનીજીએ શ્રીમદ્ભાગવતમાં એ સાર કાઢ્યો કે આ ગોપીઓએ તો સંસારરૂપી સાગરને ''ગૌવત્સ-પદ'' સમાન કરી દીધો! અર્થાત્, ગોપીઓએ સંસારસાગરને ગાયના વાછરડાના પગથી બનતા ખાબોચીયા જેટલો નાનો બનાવી દીધો. ગોપીઓએ તો સાંસારિક બંધનોને સૂકા ઘાસના તણખલાના ટૂકડા કરીએ એટલી સહેલાઈથી તોડી નાંખ્યાં!



D:\Pranam/Chitvani/60

બંસીનાદથી ઘેલી બનેલી રાજસી સ્વભાવવાળી સખીઓએ તો વળી પગનાં ભૂષણ કાનમાં અને કાનનાં ભૂષણ પગમાં પહેરી લીધાં! એક આંખે અંજન કર્યું અને બીજી આંખ એમને એમ જ રહી ગઈ! પલભર માટે તો પોતાના અધુરા-અટપટા શૃંગાર તેમણે જોયા પણ ખરા, પણ પિયુજી પાસે પહોંચવામાં મોડું ન થાય તેથી, જેમ હતી તેમજ તામસી સખીઓની પાછળ પાછળ દોડી ગઈ!

બંસીનાદ સાંભળી રહેલી સત્વગુણી સખીઓ સ્વભાવગત્ વિચાર કરવા લાગી કે પિયુજી પાસે જવું તો છે, પણ આ રીતે ઘરબાર શી રીતે છોડી ચાલ્યા જઈએ? તેમના પળમાત્રના વિલંબમાં તો કુટુંબીજનોએ ઘરનાં બારણાં બંધ કરી દીધાં! સૌ સગાંસંબંધીઓએ તેમને ઘેરી લીધી! ત્યારે મનોમન આક્રોશ વ્યક્ત કરી તેઓ તે સૌની સાંસારિક બુદ્ધિને ધિક્કારવા લાગી. પોતાના હૃદયમાં પિયુમિલનનો વિરહ અને તામસનો જોશભરી તેમણે પોતાના પંચભૌતિક તનનો ત્યાગ ઘરનાં બારણે જ કરી દીધો!

આમ, સર્વે બ્રહ્મસૃષ્ટિ સખીઓ મહાશક્તિશાળી પૂરના પ્રવાહની માફક પોતાના પ્રાણપ્રીતમ પાસે પહોંચી ગઈ! સૌએ યોગમાયાનો દિવ્ય શ્રૃંગાર ધારણ કર્યો. એ જ પ્રમાણે, કારતક મહિનામાં કાત્યાયની વ્રત કરનાર કુમારિકા સખીઓ, જે અક્ષરબ્રહ્મની સુરતાઓ છે, જેમનાં મૂળ તન પરમધામમાં નથી, તેઓ પણ બંસીનાદ સાંભળી પોતાનું કાળમાયિક તન છોડી બ્રહ્મસૃષ્ટિએ ધારણ કરેલ યોગમાયિક તનમાં એક-એક બ્રહ્મસૃષ્ટિ સાથે બે-બે સુરતાઓ ગોઠવાઈ ગઈ.

હે સુંદરસાથજી! હવે, આ યોગમાયા વિશે વિચાર કરી જુઓ, જેમાં આપ સૌ મારા પ્રિય સુંદરસાથજીએ દિવ્ય શ્રૃંગાર કર્યો. સર્વપ્રથમ, હું શ્રી શ્યામાજીના શ્રૃંગારનું વર્ણન કરું છું. ત્યારબાદ, સૌ સુંદરસાથજીનો શ્રૃંગાર પણ એ પ્રમાણે જ સમજવો.

## શ્રીમુખ વાણી : પ્રકરણ ૫

*રાગ ધનાશ્રી*

એણે પગલે આપણ ચાલિએ, કાંઈ પગલાં એ રે પ્રમાણ, સુંદરસાથજી ।
પેહેલે ફેરે આપણ જેમ નીસરિયાં, તમે જાણ થાઓ તે ચિત આણ ।
ચિત આણીને રંગ માણો, સુંદરસાથજી ॥૧॥

રાસ નરસૈએ રે ન વરણવ્યો, મારે મન ઉત્કંઠા એહ ।
રાસ નરસૈએ રે ન વરણવ્યો, મારે મન ઉત્કંઠા એહ ।
ચરણ પસાય રે વાલાતણે, તમે સાંભલો કહૂં હૂં તેહ ॥૨॥

શ્રી ધણિએ જે રે વચન કહ્યાં, તે મેં સાંભલયાં રે અનેક ।
પણ મેં રે મારા ગજા સારૂં, કાંઈ ગ્રહ્યા છે લવલેસ ॥૩॥

સરદ નિસા રે પૂનમ તણી, આવ્યો તે આસો રે માસ ।
સકલ કલાનો ચંદ્રમા, એણી રજનીએ કીધો રે રાસ ॥૪॥

રાસ તણી રે લીલા કહૂં, જે ભરિયાં આપણે પાય ।
નિમખ ન કીધી રે નિસરતાં, કાંઈ તતખિણ તેણે રે તાય ॥૫॥

સંઝાને સમેં રે વેણ વાઈયો, કાંઈ વૃંદાવન મુંઝાર ।
એણે ને સમે સહુ ઊભૂં મૂકિયું, તેહને આડો ન આવ્યો રે સંસાર ॥૬॥

નહીં તો કુલાહલ એવડો હુતો, પણ ચિતડાં વેધ્યાં રે પ્રમાણ ।
સાથ સહુએ રે વેણ સાંભલ્યો, બીજો શ્રવણ તણો ગુણ જાંણ ॥૭॥

કોઈ સખી રે હુતી ગાય દોહતી, દૂધ ઘોણિયો રે હાથ માહેં ।
એણે સમે વેણ થઈ વલ્લભની, પડી ગયો ઘોણિયો રે તેણે તાએ ॥૮॥

કોઈ સખી રે કામ કરે ઘર મધે, આડો ઊભો સસરો પતિ જેહ ।
વેણ સુણી ને પાટૂ દઈ નિસરી, એણી દૃષ્ટમાં સરૂપ સનેહ ॥૯॥

કોઈ સખી રે વાત કરે પતિસૂં, ઊભી ધવરાવે રે બાલ ।
એણે સમે વેણ થઈ વલ્લભની, પડી ગયો બાલ તેણે તાલ ॥૧૦॥



D:\Pranam/Chivani/61

કોઈ સખી રે હુતી પ્રીસણે, હાથ થાલી પ્રીસે છે ધાન ।
એણે સમે વેણ થઈ વલ્લભની, પડી ગઈ થાલી તે તાન ॥૧૧॥

કોઈ સખી રે એણે સમે નિસરતાં, એક પગ ભાંણાં રે માંહેં ।
બીજો પગ પતિ ના રૂદે પર, એણી દૃષ્ટે ન આવ્યૂં રે કોઈ ક્યાંહેં ॥૧૨॥

કોઈ સખી રે વેગે વછૂટતાં, પડ્યો હડફેટે સસરો ત્યાંહેં ।
આકાર વહે રે ઘણવે ઉતાવલા, ચિત જઈ બેઠૂં વાલાજી માંહેં ॥૧૩॥

માતા પિતા રે પતિ સાસૂ સસરો, રોતાં ન સુણિયાં રે બાલ ।
વાએને વેગે રે વછૂટિયો, વેણ સાંભલતાં તત્કાલ ॥૧૪॥

વસ્તર વિના સખી જે નહાતી, તેણે નવ સંભારિયાં રે અંગ ।
વેણ સાંભલતાં રે વાલા તણી, એણે વેગમાં ન કીધો રે ભંગ ॥૧૫॥

કોઈ સખી રે હુતી નવરાવતી, હાથ લોટો નામે છે જલ ।
સુણી સ્વર પડ્યો લોટો અંગ ઊપર, ન બોલાનૂં ચિતડે વ્યાકુલ ॥૧૬॥

ગૌપદ વછ રે એણે સમે, સુકજીએ નિરધારિયો તે સાર ।
ત્રાટકડે રે ત્રટકા કરિયા, કાંઈ બંધ હતા જે સંસાર ॥૧૭॥

સંસાર તણા રે કામ સર્વે કરતાં, પણ ચિતમાં ન ભેદયો રે પાસ ।
વિલંબ ન કીધી રે વછૂટતાં, એ તામસિયોના પ્રકાસ ॥૧૮॥

કોઈ સખી રે સિણગાર કરતાં, સુણી તેણે વેણ શ્રવણ ।
પાયના ભૂખણ કાને પહેરિયા, કાન તણા રે ચરણ ॥૧૯॥

એક નૈણે રે અંજન કરિયૂં, અને બીજો રહ્યું રે એમ ।
વેણનો સ્વર સાંભલ્યા પછી, રાજસિયો રહે રે કેમ ॥૨૦॥

રાજસિએ રે કાંઈક નૈણે ડીઠો, પણ વિચાર કરે તો થાય વેડ ।
તામસિયો રે મોહોવડ થૈયો, રાજસિએ ન મૂક્યો તેહેનો કેડ ॥૨૧॥

સ્વાંતસિએ રે વિચાર કરિયો, તેને આડા દેવરાણા રે બાર ।
કુટમ સગા રે સહુ ટોલે મલી, ફરીને વલ્યા રે ભરતાર ॥૨૨॥

ત્યારે મન માંહેં વિચાર કરિયો, એ કાં આડા થાય દુરિજન ।
એ સૂં જાણે છે વર નહીં એનો વાલૈયો, તો જાતાં વારે છે વન ॥૨૩॥

ધિક ધિક પડો રે આ સંસારને, કાં ન ઉઠે રે અગિન ।
વિરહ તામસ રે ભેલો થયો, ત્યારે અંગડા થયાં રે પતન ॥૨૪॥

વાસ્ના વહિયો રે અતિ વેગ માં, વાર ન લગી રે લગાર ।
વસ્ત ખરી તે કેમ રહે વાલા વિના, તેણે સાથ સમો કીધો સિણગાર ॥૨૫॥

વૃજવધૂ કુમારિકાઓ ની, કહી નહીં સુકજીએ વિગત ।
તે કેમ સંસે રાખૂં મારા સાથને, તેની કરી દઊં જુજવી જુગત ॥૨૬॥

જેટલી નહાતી કાર્તિક કુમારિકા, એ વાસ્ના નહીં ઉતપન ।
એની લજ્યા લોપાવી હરીને વસ્તર, તેસૂં કીધો વાયદો વચન ॥૨૭॥

જે સખી હુતી કુમારકા, ઘર નહીં તેહેના અંગ ।
સનેહ બલ દયા લીધી ધણીતણી, તે મલીને ભલી સાથને રંગ ॥૨૮॥

સાથ દોડે રે ઘણવે આકલો, મનની ન પોહોંતી હામ ।
જોગમાયા આવી સામી જુગત સોં, સિણગાર કીધો એણે ઠામ ॥૨૯॥

સુણોજી સાથ કહે ઇંદ્રાવતી, જોગમાયાનો જુઓ વિચાર ।
એ કેણી પેરે હૂં વરણવું, મારા સાથ તણો સિણગાર ॥૩૦॥

વચન ધણી તણાં મેં સાંભલ્યાં, મારા ગજા સારૂં રે પ્રમાણ ।
એક સ્યામાજીને વરણવું, બીજો સાથ સકલ એણી પેરે જાણ ॥૩૧॥

*પ્રકરણ-૫, ચૌપાઈ-૧૮૪*

### રાસ - ૫ વાણીમંથન પ્રશ્નાવલિ

૫.૧ *"એણે રે પગલે આપણ ચાલિએ" અહી કયાં પગલાંની વાત છે?*



D:\Pranam/Chitvani/62

૫.૨ *બંસીનાદથી તામસી, રાજસી તથા સ્વાંતસી સખીઓએ કેવી રીતે પ્રતિક્રિયાઓ વ્યક્ત કરી?*

૫.૩ *વર્તમાન જાગણીબ્રહ્માંડમાં સખીઓનાં પગલાંનું શું મહત્ત્વ છે?*

૫.૪ *શ્રીમદ્ભાગવતમાં શુકદેવજીએ વર્ણવેલ બે રૂપકો કયાં કયાં છે? તેમાંથી શો બોધ મળે છે?*

૫.૫ *આ પ્રકરણનું અવતરણ કયા સ્થાને, ક્યારે થયેલ છે? છેલ્લી બે ચોપાઈઓ જોતાં પ્રકરણ પાંચ તથા છ બંને એક જ સ્થાને, એક પછી એક ઉતર્યા હોય તેમ જણાય છે. તો તેનું સ્પષ્ટીકરણ કરો.*

## શ્રી રાસ પ્રકરણ – ૬ : અખંડ સ્વરૂપની અસ્થિર આકારે

*શ્રી ઠકુરાણીજીનો સિણગાર - રાગ ધનાશ્રી*

### પ્રકરણ સાર

છઠ્ઠા, સાતમા અને આઠમા પ્રકરણમાં શ્રી રાસમંડલમાં રાસલીલા પ્રારંભ થતાં પૂર્વે યોગમાયાએ નિભાવેલ શૃંગાર સંબંધિત ભૂમિકાનું વર્ણન છે. છઠ્ઠું પ્રકરણ શ્રી નવતનપુરી (જામનગર)માં 'હબ્સા' મધ્યે અવતરિત શ્રી મુખવાણીનું સર્વપ્રથમ પ્રકરણ છે.

શ્રી ઈન્દ્રાવતીજી પોતાને થયેલ સાક્ષાત્કારને શાબ્દિકરૂપ આપતાં કહે છે કે હે સુંદરસાથજી! અતિશય સ્નેહપૂર્વક અખંડ અર્થાત્ સદા સત્સ્વરૂપ શ્રી શ્યામાજીએ રાસલીલા માટે ધારણ કરેલા શ્રૃંગારની શોભાનું હવે હું મારા નશ્વરદેહ થકી વર્ણન કરીશ - *અખંડ સ્વરૂપની અસ્થિર આકારે...* આપ સૌ સુંદરસાથના હૃદયમાં આ દિવ્ય સ્વરૂપ તથા લીલા રમતી થઈ જાય તેથી જ મેં તેને શાબ્દિક સ્વરૂપ આપ્યું છે! અખંડ સ્વરૂપને વર્ણવવામાં યથાર્થ ન્યાય અપાય તે માટે હું ખૂબ જ કાળજીપૂર્વક પસંદ કરેલ ઊંચામાં ઊંચા દુન્યવી શબ્દોનો પ્રયોગ કરવા પ્રયત્નશીલ છું! હા, અખંડ સ્વરૂપ માટે દુન્યવી શબ્દો કે ભાષા પર્યાપ્ત નથી જ! માટે, મારા હૈયામાં એક જ ભાવના ઉદ્ભવ્યા કરે છે કે, હવે તો બસ રાસલીલા

માટે શ્રી શ્યામાજીએ ધારણ કરેલ શ્રૃંગારની અપાર શોભા પ્રેમપૂર્વક નિરખ્યા કરું.

**<u>અખંડ સરૂપની અસ્થિર આકારે, સોભા કહૂં ઘણવે કરીને સનેહ ।</u>**
**<u>જોઈ જોઈ વચન આંણૂં કૈ ઊંચા, પણ ન આવે વાણી માંહેં તેહ ।</u>**
**<u>સોભા સિણગાર, સ્યામાજીનો નિરખૂંજી ॥૧॥</u>**

**એ સોભા ન આવે વાણી માંહેં, પણ સાથ માટે કહેવાણી ।**
**એ લીલા સાથના રૂદેમાં રમાડવા, તો મેં સબદમાં આણી ॥૨॥**

સર્વપ્રથમ, શ્રી શ્યામાજીનાં ચરણકમલની શોભા નિરખીએ. તેમનાં અતિસુંદર, કોમળ અંગૂઠા તથા અતિ રળિયામણા રંગની આંગળીઓનાં દર્શન કરીએ. હીરાની માફક ઝળકતા નખ, લાલિમાપૂર્ણ પંજો તથા એડી, અતિનિર્મળ નસો, મનમોહક ચરણતળની રેખાઓ તથા લાંકનો ઝળકાર, તેમની ઘૂંટી તથા પિંડીની નરમાઈ - આ સર્વે નિરખી મારું હૈયું તૃપ્ત થઈ રહ્યું છે.

**<u>ચરણ અંગૂઠા અતિ ભલા, પાસે કોમલ આંગલિયો સાર ।</u>**
**<u>રંગ તો અતિ રલિયામણો દીસે, નખ હીરા તણાં ઝલકાર ॥૩॥</u>**

**હીરા તે પણ તેહજ ભોમના, આ જિભ્યા તિહાં ન પોહોંચાય ।**
**આણી જિભ્યાએ જો ન કહૂં સાથને, તો રૂદે પ્રકાસ કેમ થાય ॥૪॥**

**ફણા તો રંગ પતંગ છે, કાંકસા નસો નિરમલ નિરધાર ।**
**કૂકમ રંગે પાની સોભે, ચરણ તલી વલી સાર ॥૫॥**

**લાંક તો દીસે અતિ લેહેકતો, રેખા સોભિત અતિ પાયજી ।**
**ટાંકણ ઘૂંટીને કાંડા કોમલ, પીડી તે વરણવી ન જાયજી ॥૬॥**

શ્રી શ્યામાજીના હસ્તકમલ પર એક ઘડી નજર કરીએ તો અંગૂઠામાં સોનેરી વીંટી, આંગળીમાં પહેરેલ બિછૂઆની મધુર ધ્વનિ તથા તેમાં જડેલ વિવિધ હીરા-મોતીની શોભા જોઈ મન મોહી રહ્યું છે.



D:\Pranam\Chitvani\63

**કુંદન કેરા અનવટ સોહે, વિછુડા કરે ઠમકાર ।**
**માણક મોતી ને નીલા પાના, જુગતે અતિ જડાવ ॥૭॥**

શ્રી શ્યામાજીના ચરણકમલનાં આભૂષણો તો જુઓ. કાંબી, કડલા, ઝાંઝરી તથા સોનાના તારમાં પરોવેલ ઘૂઘરીઓની રણ-ઝણ તથા ઘમઘમ અવાજ મારી આત્માને મંત્રમુગ્ધ કરી રહ્યો છે. આસમાની રંગની ફૂલવેલીઓથી સોનામાં જડેલ કાંબી તથા કડલાં, સોનેરી દાણાથી જડિત કિનારવાળી તથા મોતી અને આસમાની રંગના નંગોથી જડિત ઘૂઘરી, લાલ નંગોથી જડિત તથા હીરા અને દર્પણની હારોથી સુશોભિત ઝાંઝરી એક અદ્ભુત આકર્ષણ પેદા કરી રહી છે.

**<u>કાંબી કડલા રણઝણ બાજે, ઘુંઘરી તણાં ઘમકાર ।</u>**
**<u>હેમ તણાં વાલા માંહેં ગઠિયા, માંહેં ઝાંઝર તણો ઝમકાર ॥૮॥</u>**

**કાંબિએ નંગ આસમાની ફૂલ વેલ, જુગતે કુંદન જડાવ ।**
**જડાવ લાલ નંગ નીલા પીલા, કડલે સોભા અતિ થાએ ॥૯॥**

**ઘૂંઘરડીનો ઘાટ જુગતનો, કોરે કરડા કુંદન ।**
**માંહેં મોતી ફરતાં દીસે, મધ્ય જડિયા નીલા નંગ ॥૧૦॥**

**ઝાંઝરિયા એક જુઈ જુગતના, કોરે લાલ જડાવ કાંગરી ।**
**એક હાર બે હીરા તણી, બીજી મધ્ય દરપણ રંગ દોરી ॥૧૧॥**

**ભૂખન ચરણે સોભંતા, અને બોલંતા રસાલ ।**
**જુજવી જુગતના જવેર જ દીસે, કરે તે અતિ ઝલકાર ॥૧૨॥**

અરે! શ્રી શ્યામાજીનાં વસ્ત્રોને તો જુઓ! તેમણે આસમાની રંગનો ચણિયો પહેર્યો છે, જે વિવિધ કલાત્મક ભરતકામથી સુશોભિત, સુંદર કાંગરીવાળો, ચમકદાર, ચુન્નટોયુકત શોભી રહ્યો છે. તેની કાંગરી સોનાના તારમાં જડિત વિવિધ નંગોયુક્ત છે. ભરતકામમાં વિવિધ પ્રકારની ફૂલોની બનાવટ તથા વિવિધ પ્રકારના અગિયાર રંગોનું મનમોહક નાડું શોભી રહ્યું છે.

વસ્તર કેણી પેરે વરણવૂં, એ તાં સાયર અતિ સરૂપ ।
મારા જીવની ખેવના ભાજવા, હૂં તો કહૂં ગજા સારૂં કૂપ ॥૧૩॥

નીલી તે લાહિનો ચરણિયા, અને માંહેં કસવની ભાંત ।
કોરે કોરે કાંગરી, ઇંદ્રાવતી જુએ કરી ખાંત ॥૧૪॥

કાંગરી કેરી જુગત જોઈએ, દ્રઢ કરીને મન ।
માણક મોતી હીરા કુંદન, નીલા તે પાચ રતન ॥૧૫॥

ભાંત તો ભલી પેરે વરણવું, માંહેં વેલ સુનેરી સાર જી ।
વસ્તર સમિયલ વણિયલ દીસે, નવ સૂઝે કોએ તાર જી ॥૧૬॥

અનેક વિધ ના ફૂલજ દીસે, માંહેં જવેર તણાં ઝલકાર જી ।
નાડી તો અતિ સોભા ધરે, જેમાં રંગ દીસે અગ્યાર જી ॥૧૭॥

નીલો પીલો સેત સેંદુરિયો, માંહેં કસવની ભાંત જી ।
સ્યામ ગુલાલિયો અને કેસરિયો, માંહેં જાંબૂ તે રંગની જાત જી ॥૧૮॥

જુગત એક વલી જુઈ છે, ઊભી લાખી લિબોઈની દોર ।
માનકદે દંઢ કરીને જુએ, સોભિત બંને કોર ॥૧૯॥

ચીણ ચરણિએ જોઈએ, માંહેં વેલ મોતી ઝલકંત ।
રાતી નીલી ચુન્ની કુંદનમાં, ભલી પેરે માંહેં ભલંત ॥૨૦॥

એ ઊપર જે સોભા ધરે, કાંઈ તેહેનો ન લાભે પાર ।
અંગ ચરણિયો પ્રગટ દીસે, સાડી માંહેં સિણગાર ॥૨૧॥

સિંદુરિયા રંગની સાડી વિવિધ નંગોથી જડિત તથા ફૂલવેલીની ભાતથી સુશોભિત છે. તે સાડીમાંથી શ્રી શ્યામાજીનો ઘાઘરો ઝળકી રહ્યો છે. સાડીની કિનાર કસીદો, મોતી અને આસમાની - આ ત્રણ રંગોના દાણાવાળી દોરીઓથી અતિસુંદર દીસે છે.

છૂટક છાપા કુંદન કેરા, સાડી સેંદુરિએ રંગ ।
હીરા માણક મોતી લસણિયા, મધ્ય પાંચ વાનિના નંગ ॥૨૨॥



D:\Pranam/Chitvani/64

સોભા તો ઘણુએ સોહામણી, જો દંઢ કરી જોઈએ મન ।
ઝીણા વસ્તર ને અતિ ઉત્તમ, કાનિએ દોરી ત્રણ ॥૨૩॥

માંહેં મોતી કોરે કસવી, ત્રીજી નીલી ચુંની સાર ।
અનેક વિધની વેલ જો સોભે, છેડે કરે ઝલકાર ॥૨૪॥

સુંદર લાંક સોહામણો, વાંસો દીસે સાડીમાં અંગ ।
વેંણ તલે કંચુકીની કસો, જુગતે સોહે બંધ ॥૨૫॥

અંગનો રંગ નિરખ્યો ન જાય, ક્યાંહેં ન માય ક્રણ ક્રાંત ।
પેટ પાંસા ઉર કંઠ નિરખતાં, ઇંદ્રાવતી પામે સ્વાંત ॥૨૬॥

ગૌરવર્ણ શ્રી શ્યામાજીના અંગ પર શ્યામ રંગની ચોળી છે. તેમની ચોળી વિવિધ હીરા-જવેરાતોથી ઝલકતી, ફૂલ-વેલીઓથી સુશોભિત તથા મનમોહક ફૂલોની સુગંધી મહેંકાવી રહેલ છે. ચોળીની ગળા પાસેની કિનાર સપ્તરંગી દોરી તથા જડેલ નંગોથી ચમકી રહી છે. ચોળી પરની ઓઢણી જોઈને તો મારો જીવ અતિશય ઠરે છે.

અંગનો રંગ અજવાસ ધરે, તિહાં સ્યામ ચોલી સોભાવે ।
સુંદર સર્વ સિણગાર સોહાવે, તિહાં લેહેર ભૂખણ ક્રણ આવે ॥૨૭॥

કસકસતી ચોલી ને કઠણ પયોધર, પીલા ખડપા સોભંત ।
કસ ઠામે જે કાંગરી, તિહાં નીલા જવેર ઝલકંત ॥૨૮॥

ભરત ભલી પેરે સોભિત, કાંઈ પચરંગ ચુન્ની સાર ।
અનેક વિધ ના ફૂલ વેલ, ખુસબોએ તણા વેહેકાર ॥૨૯॥

કંચુકી જડાવ છે જુગત જુજવી, ઊપર આભ્રણ ભલી ભાંત ।
સુંદર સરૂપ જોઈ જોઈને, મારો જીવ થાય નિરાંત ॥૩૦॥

શ્રી શ્યામાજીના ગળામાં પાંચ હાર છે. એક હીરાનો, બીજો લીલાં રત્નનો, ત્રીજો સ્વચ્છ મોતી, ચોથો શુદ્ધ સોનાનો તથા પાંચમો સોનાના સવિશેષ ઘાટ-ઘડામણવાળો નવસર હાર છે. આ અદ્‌ભૂત દિવ્ય શ્રૃંગાર

પહેરી શ્રી શ્યામાજી રાસલીલા રમવા માટે તૈયાર ઊભાં છે.

કંઠ કેણી પેરે વરણવું, મારા જીવને નથી કાંઈ બલ ।
પાંચ હાર તિહાં પ્રગટ દીસે, સોભિત દોરે વલ ॥૩૧॥

એક હાર હીરા તણો, બીજો પાચ વરણ રતન ।
ત્રીજો હાર મોતી નિરમલ નો, કાંઈ ચૌથો હેમ કંચન ॥૩૨॥

હેમ તણો હાર જુઈ રે જુગત નો, નવસર નવ પાટલી ।
જડાવ હીરા પાચ રતન મોતી, માંહેં માણક ને નીલવી ॥૩૩॥

ઉતરી ત્રણ સર સોભંતી, કાંઈ દોરો જડિત અચંભ ।
હૂં કેણી પેરે વરણવું, મારી જિભ્યા આણે અંગ ॥૩૪॥

કંચુકીના કાંઠલા ઊપર કોરે, કાંઈ દોરે તેજ અપાર ।
સાત રંગના નંગ પાધરા, જોત કરે ઝલકાર ॥૩૫॥

માંહેં મોતી માણક હીરા, પાના ને પુખરાજ જી ।
કુંદન માંહેં રતન નંગ ઝલકે, રમવા સુંદરી કરે સાજ જી ॥૩૬॥

કાંઠલે માણક ને વલી મોતી, કુંદન માંહેં પાના નંગ ।
ચીડ તણી ચારે સર સોભેં, કોઈ ધાત વસેકના રંગ ॥૩૭॥

એ ઊપર વલી નિરખી ને જોઇએ, તો કંઠસરી ભલી ગઈ અંગ ।
કંઠસરી કેરી કલી જુજવી, કાંઈ જુજવા છે તેહેના નંગ ॥૩૮॥

કંઠસરી જડાવ જુગતની, માંહેં રાતી નીલી જવેરોની હાર ।
સકલ સિણગાર સ્યામાજીને સોભે, કુંદન માં મોતી ઝલકાર ॥૩૯॥

હે સાથજી! હવે શ્રી શ્યામાજીના હાથની કોમળ આંગળીઓને, હીરાની જેમ ચમકતા તેમના નખને તથા હથેળીમાંની બારીક રેખાઓને નિરખીએ. તેમના કોમળ કાંડામાં પહેરેલ પોહોંચી તથા હીરા-મોતીથી જડેલ નવઘરી, હીરાજડિત નવ રંગો વાળી બંગડીઓ, તથા તે સૌના પરસ્પર અથડાવાથી પેદા થતી મધુર ધ્વનિ હૈયાને ઝંકૃત કરી રહી છે. શ્રી



D:\Pranam/Chitvani/65

શ્યામાજીની આંગળીઓમાં વિવિધ નંગોની વીંટીઓ તથા કોણીથી ઉપરના ભાગમાં જાંબુ રંગી નંગોથી જડિત કંકણી સુશોભિત છે.

નખ થકી કર વરણવું, એહ જુગત અતિ સારજી ।
આંગલિયો અંગૂઠા કોમલ, નખ હીરા તણા ઝલકાર જી ॥૪૦॥

ઝીણી રેખા હથેલિએ દીસે, પોહોંચા સોભિત પતંગ જી ।
આંગલિએ વીસા વીસ દીસે, કોમલ કલાઈ અતિ રંગ જી ॥૪૧॥

વીટી જડાવ છે છ આંગલિએ, સાતમી અંગૂઠી અતિ સાર જી ।
આભલિયોને ફરતાં પાના, દરપણ માં મુખ ઝલકાર ॥૪૨॥

બે વીટી ને હીરા મોતી, બીજી બે રંગ બે રતન ।
પાંચ રંગની પાચ એકને, એકને કરડા કંચન ॥૪૩॥

પોહોંચી ને નવઘરી દીસે, ઊપર ઊંચા નંગ ।
માણક મોતી પાના કુંદન, એ સોભે પોહોંચી ના નંગ ॥૪૪॥

નવઘરી ને નિરમલ મોતી, હીરા ને રતન ।
કુંદન માંહેં પાના પુખરાજ, ચૂડ માંહેં નવ રંગ ॥૪૫॥

નવ રંગના નંગ જુજવા, તેહેના તે જુજવા રૂપ ।
હૂં મારી બુધ સારૂં વરણવું, પણ એહ છે અદ્‌ભૂત ॥૪૬॥

નીલવી ને લસણિયાં સોભિત, પાના ને વલી લાલ ।
માણક મોતી ને હીરા કુંદન, માંહેં રતન તણાં ઝલકાર ॥૪૭॥

કોણી આગલ કાંકણી, જાંબૂ રંગ નંગ જડાવ ।
કુંદન ના કરકરિયાં સોભે, જોત કરે અપાર ॥૪૮॥

મોહોલિએ મોતી ને વલી કાંગરી, નીલી રાતી ચુન્ની કુંદન ।
વેલ માંહેં હીરા હાર દીસે, ઇંદ્રાવતી જુએ દ્રઢ મન ॥૪૯॥

સુંદર ને સોભે એક જુગતે, ઝણ બાજે રસાલ ।
ચૂડ કેરા છાપા અતિ સોભે, ઉર પર લટકે માલ ॥૫૦॥

શ્રી શ્યામાજીના મુખારવિંદને નિરખીએ. તેમના ગાલનો તો વળી રંગ જ વર્ણવી શકાય તેમ નથી. પરવાળી રંગના તેમના હોઠ, દાડમના દાણા સરીખા દાંત તથા લાંકયુક્ત દાઢી અતિમનમોહક દીસે છે. તેમનું અતિસુંદર ગુલાલ રંગી તિલક તથા પાંચ મોતીવાળા ચાંલ્લાથી સુશોભિત મુખારવિંદ, કાનોમાં લટકતાં માણેક, મોતી, હીરા, પન્ના તથા લાલ નંગ જડિત ઝુમ્મર, નાકમાં લાલ તથા મોતી લટકતું બેસર, તેમની કાજળથી સુશોભિત મૃગનયની આંખો તથા ચતુરાઈપૂર્વક ચાલતી આંખોની પાંપણો ધણીજીનું મન મોહી રહી છે. તો શ્રી શ્યામાજી પણ પોતાની તિરછી નજરથી ધણીજી તરફ હેતપૂર્વક નિરખી લે છે.

<u>ગાલ તણો રંગ કહ્યો ન જાય, અધુર પરવાલીની ભાંત ।</u>
<u>દંત સોભે રંગ દાડિમની કલિયો, હરવટી અધુર વચે લાંક ॥૫૧॥</u>

મુખ ચૌક સોભિત અતિ માંડની, અને ઝલકે કાને ઝાલ ।
જડાવ માણક મોતી ને હીરા, કુંદન માં પાના લાલ ॥૫૨॥

<u>નાસિકા બેસર લાલ મોતી લટકે, આંખડિએ અંજન સોહે ।</u>
<u>પાપણ ચલવે ને પીઉજીને પેખે, ચતુરાઈએ મન મોહે ॥૫૩॥</u>

નેંણા ચપલ અતિ અણિયાલા, ને રેખા સોભે માંહેં લાલ ।
બેહુગમા ભ્રકુટીની સોભા, ટીલડી તે મધ્ય ગુલાલ ॥૫૪॥

હે સાથજી! આ દિવ્ય સ્વરૂપની શોભાનું વર્ણન કરવું સહેલું નથી, કારણ કે આ ચર્મચક્ષુથી એક પણ દિવ્ય અંગને જોઈ શકાય તેમ નથી. શ્રી શ્યામાજીના માથા પર છ ફૂલોની બનાવટવાળી પટ્ટી, સેંથીમાં સિંદૂર, બંને તરફ મોતીઓની સેર, રાખડી તથા સુગંધીયુક્ત તેલમાં ગૂંથેલ અંબોડો, અંબોડામાં શોભી રહેલ પંચરંગી ફુમક, અંબોડાની નીચેથી લટકતો શ્યામ તથા લાલ રંગના સર્પની માફક હાલતો ચોટલો અતિશય શોભાયમાન છે.



D:\Pranam/Chitvani/66

ચોટલામાં બાંધેલ ઘૂંઘરીઓનો મધુર ધ્વનિ મનમોહક છે.

<u>મારા સાથ સુણો એક વાતડી, આ સરૂપ તે કેમ વરણવાય ।</u>
<u>એક ભૂખણ તણી જો ભાંત તમે જુઓ, તો આણે દેહ જીવ ન ખમાય ॥૫૫॥</u>

એક બેસર ઊપર લાલજ દીસે, તે લાલક નો ન લાભે પાર ।
જેટલા માંહેં મીટ ફરી વલે, એટલે દીસે ઝલકાર ॥૫૬॥

ખીટલડી જડાવ ભલી પેરે, માંહેં લાલ હીરા સુચંગ ।
માણક મોતી નીલા પાના, માંહેં પાંચ વાનિ ના નંગ ॥૫૭॥

કરણ લવને જે સોભા ધરે, ઊપર સાડી ની કોરે ।
સણગટડા માંહેં પિઉજીને પેખે, આડી દષ્ટેં હેરે ॥૫૮॥

નિલવટ વેણા ચોકડો, પાંચ મોતી તિહાં સોભે ।
લાલ પાચ કુંદન માંહેં સોભિત, જોઈ જોઈને જીવ થોભે ॥૫૯॥

<u>પટલી સામી છ ફૂલી સોભે,મધ્ય સેંદુરની રેખે ।</u>
<u>બેહૂ ગમા મોતી સર સોભે, ઈંદ્રાવતી ખાંત કરી પેખે ॥૬૦॥</u>

ચાર ફૂલી તે ફરતી દીસે, બે ફૂલી અણિયાલી ।
મધ્ય લાલ મોતી ફરતાં પાના, એ જુગત ક્યાંહે ન ભાલી ॥૬૧॥

<u>રાખડલી માં રતન નંગ ઝલકે, હીરા પાના બેહૂ ભાંત ।</u>
<u>માણક મોતી ફરતાં દીસે, વેણ ચુએ ગૂંથી અખ્યાત ॥૬૨॥</u>

<u>પાંચ રંગના પાંચે ફુમક, સોહે મૂલ વેણનેં બંધ ।</u>
<u>ગોફણડે ફુમક જે દીસે, તેહેનો સ્યામ કસવી રંગ ॥૬૩॥</u>

ગોફણડે ઘૂંઘરડી ફરતી, અને બોલંતી રસાલ ।
ફરતા પાના દોરી બંધ સોભે, વેણ લેહેકે જેમ વ્યાલ ॥૬૪॥

મુખ માંહેં બીડી તંબોલની, મંદ મરકલડો સોભે ।
ઇંદ્રાવતી નેંણેસૂં નિરખે, અતિ ઘણૂં કરીને લોભે ॥૬૫॥

અરે સાથજી! જુઓ, શ્રી શ્યામાજી પોતાના હાથના અંગૂઠે પહેરેલ વીંટીના દર્પણમાં પોતાના અપાર મસ્તીપૂર્ણ સ્વરૂપને નિરખી રહ્યાં છે. તેઓ પોતાના મુખે રસીલાં વચનો બોલી રહ્યાં છે. જો એમાંનું એકેય વચન આપણા હૃદયમાં ચૂભી જાય તો પણ જીવન ધન્ય બની જાય. શ્રી રાસલીલાના શ્રી કૃષ્ણરૂપધારી અક્ષરાતીત ધામધણીજીની અર્ધાંગિની રાધિકારૂપી શ્રી શ્યામાજીના ઘુંઘટની શોભા અદ્ભુત છે.

**મુખડૂં નિહાલે અંગૂઠીમાં, સોભા ધરે સર્વા અંગ ।**
**સણગટડો સિણગાર સોભાવે, શ્રી કૃષ્ણજી કેરી અરધંગ ॥૬૬॥**

**મુખથી વાણી જે ઓચરે, કાંઈ એ સ્વર અતિ રસાલ ।**
**એક માત્ર કણકા જો રૂદે આવે, તો થાય ફેરો સુફલ સંસાર ॥૬૭॥**

**સૂચ્છમ સરુપ ને ઉનમદ અંગે, કેણી પેરે એ વરણવાય ।**
**મારી બુધ સારૂં હૂં વરણવું, ઇંદ્રાવતી લાગે પાય ॥૬૮॥**

શ્રી શ્યામાજીની લટક-મટક ચાલ જોઈને શ્રી ઈન્દ્રાવતીજીની આંખો તેમના પર અતિ પ્રસન્નતાપૂર્વક જઈને ઠરી રહી છે. *તેમના દિવ્યાકર્ષક શ્રૃંગારને નિરખી માયાનો પાસ છૂટી જાય છે. હે સાથજી! જો તમે શ્રી શ્યામાજીની આ સર્વ શોભાશ્રૃંગારનું ચિતવન કરશો તો આપને એવો અનુભવ થશે કે જાણે શ્રી શ્યામાજી સાક્ષાત્ જ આવી ઊભાં છે.* ઈન્દ્રાવતીજી કહે છે કે હું એટલી બધી આત્મવિભોર થઈ ગઈ છું કે, શ્રી શ્યામાજી સર્વ અંતર ટાળીને મારી સન્મુખ પ્રગટ્યાં છે. બસ, હવે તો એમને અનિમેષ નેત્રે નિરખ્યા જ કરું.

**પાંઉં ભરે એક ભાંતસૂં, સ્યામાજી સોભે એણી ચાલ ।**
**જીવ નિરખીને નેત્ર ઠરે, ઇંદ્રાવતી લિએ રંગ લાલ ॥૬૯॥**

**એ સિણગાર જોઇએ જ્યારે નિરખી, ત્યારે સૂં કરે માયાનો પાસ ।**
**સાથ સકલ તમે જો જો વિચારી, વલી સ્યામા તે આવ્યા સાખ્યાત ॥૭૦॥**



D:\Pranam/Chitvani/67

**સુંદર સોભા સ્યામાજી કેરી, નિરખી નિરખી ને નિરખૂં જી ।**
**અંતર ટાલીને એક થયા, ઈંદ્રાવતી કહે હૂં હરખૂં જી ॥૭૧॥**

*પ્રકરણ-૬, ચૌપાઈ-૨૫૫*

## રાસ - ૬ : વાણીમંથન પ્રશ્નાવલિ

૬.૧ *શ્રી કુલજમ સ્વરૂપ શ્રીમુખવાણીની સર્વપ્રથમ અવતરિત ચોપાઈ કઈ? કયા વિષયે અવતરી?*

૬.૨ *આ પ્રકરણમાં વર્ણિત શ્રી શ્યામાજીનું 'અખંડ સ્વરૂપ' એ પરમધામનું છે કે પછી બીજે ક્યાંકનું?*

૬.૩ *શ્રી ઠકુરાનીજી, શ્રી શ્યામાજી અને શ્રી રાધિકાજીમાં શું તફાવત છે? શ્રી કૃષ્ણજીની અર્ધાંગિની કોણ?*

૬.૪ *શ્રી શ્યામાજીનાં ચરણકમલ તથા ચરણકમલનાં આભૂષણોનું વર્ણન કરો.*

૬.૫ *શ્રી શ્યામાજીના હસ્તકમલ તથા હસ્તકમલનાં આભૂષણોનું વર્ણન કરો.*

૬.૬ *શ્રી શ્યામાજીના વસ્ત્રોની શોભા વર્ણવો.*

૬.૭ *શ્રી શ્યામાજીના ગળામાં કેટલા હાર પહેર્યાં છે? તેનું વર્ણન કરો.*

૬.૮ *શ્રી શ્યામાજીનાં મુખારવિંદની શોભા વર્ણવો.*

૬.૯ *શ્રી શ્યામાજીના શ્રૃંગાર નિરખવાથી, તેનું ચિતવન કરવાથી શું લાભ થાય છે? ઈન્દ્રાવતીને શું લાભ થયો?*

૬.૧૦ *ચો.૪૨માં છ આંગળીઓમાં જડેલ વીંટી છે એવું કહેલ છે. બંને હાથની આઠમાંની કયી છ આંગળી સમજવી?*

૬.૧૧ *'માનકદે' દૃઢ કરીને જુએ, સોભિત બંને કોર ॥૧૯॥ આ માણકદે કઈ સખી? શું એ ઈન્દ્રાવતીજીનું જ બીજું નામ નથી? સિડાનાજી પોતાના પુસ્તક "બુધ્ધ-કલ્કી એવમ્ અખંડ મુક્તિ" (પૃ.૬૩)માં લખે છે કે રાસલીલાના માણિકદે અને કેસરબાઈ બંને જાગણીલીલાના અધિનાયક સાકુંડલ અને સાકુમારના પ્રતિક છે. મંથન કરો.*

# શ્રી રાસ પ્રકરણ – ૭ : યોગમાયાનો દેહ ધરીને

## પ્રકરણ સાર

બંસીનાદ સાંભળી શ્રી શ્યામાજી, બ્રહ્માત્માઓ તથા કુમારિકાઓની સુરતાઓ યોગમાયામાં પહોંચી. ત્યાં શ્યામાજી અને બ્રહ્માત્માઓએ યોગમાયાના નૂરી દેહ અને રાસલીલા માટે અનુકૂળ શ્રૃંગાર ધારણ કરીને વ્હાલાજી સાથે રાસલીલા રમવા સૌ અતિ ઉમંગભેર તૈયાર થયાં.

બબ્બે કુમારિકાઓની સુરતાઓ એક એક બ્રહ્માત્માના તનમાં બિરાજમાન થઈ ગઈ. સૌ સખીઓનો શ્રૃંગાર પણ શ્રી શ્યામાજીના શ્રૃંગાર જેવો જ આપોઆપ થઈ ગયો. જેટલી અપાર તથા અવર્ણનીય સાગરની શોભા હોય, તેટલી આ સખીઓની શોભા પણ અપાર તથા અવર્ણનીય દીસે છે. જાણે આકાશમાં કરોડો સૂર્ય ન ઉગ્યા હોય, એમ આખુંયે બ્રહ્માંડ શોભાથી ઝળહળી રહ્યું છે! તોફાની દરિયાનાં જબરદસ્ત મોજાં એકમેકથી હળીમળીને જાણે એકરસ થઈ ઠલવાઈ રહ્યાં હોય એમ સર્વે સખીઓનો સમૂહ એકરસ તથા અપાર જોશપૂર્ણ દીસે છે.

હે સાથજી! જુઓ, સખીઓના નખના પ્રકાશમાં તો અનેક સૂર્ય ઢંકાઈ જઈ શકે તેમ છે! વળી, સૂર્યનો પ્રકાશ તો નરી આંખે જોઈ પણ ન શકાય અને તેની ગરમી પણ અસહ્ય હોય. પરંતુ, આ નખનો પ્રકાશ તો અતિશય આનંદકારી, જોઈ-જોઈને સુખ ઉપજે તેવો સુકોમળ છે. સખીઓની સાડીઓ પણ વિવિધ રંગો તથા ઝવેરાતોથી ઝળહળી રહી છે. હે સાથજી! સખીઓના સ્વરૂપ સાથે સુસંગત થાય એવાં દિવ્ય આભૂષણોના તેજથી અંબર ભરાઈ રહ્યું છે. જો કોઈ જીવ આ શોભા શ્રૃંગારની દિવ્યતાને ગ્રહણ કરી લે અને દિવ્ય આભૂષણોના મધુર સ્વર તથા સખીઓના મધુર સંવાદને જો આત્મભાવે સાંભળી લે તો તો પછી સાંસારિક અવરોધો કે માયા તેનું શું બગાડી શકે?

વ્રજમંડળમાં બાવન દિવસના વિરહ દરમ્યાન પણ આ જ પ્રકારની મનઃસ્થિતિ હોવાથી વ્હાલાજીનો બંસીનાદ સાંભળી એકક્ષણથીયે



D:\Pranam/Chitvani/68

ઓછા સમયમાં તે સૌ તેમની સમક્ષ દોડી પહોંચી હતી. *સખીઓનાં મન તો રાસની રામતો રમવા માટે તલપાપડ થઈ રહ્યાં છે. તેમનાં ચરણો પણ રમવાની અધીરાઈમાં ધરતી પર સ્થિર ટકી શકતાં નથી. હે સાથજી! આભૂષણોના મધુર સ્વર તથા સખીઓના મધુર સંવાદને જો ધ્યાનથી આત્મ-ભાવે સાંભળીએ તો માયા ક્યાંયે ભાગી જાય!* વ્હાલાજી સાથે રાસલીલા રમવા અતિશય ઉમંગભેર તૈયાર ઊભેલા સૌ સુંદરસાથને શ્રી ઈન્દ્રાવતીજી કહે છે કે હું તમને સૌને વારંવાર નમન કરીને પ્રણામ કરું છું.

## શ્રીમુખ વાણી : પ્રકરણ ૭

*શ્રી સાથનો સિણગાર - રાગ ધનાશ્રી*

**જોગમાયાનો દેહ ધરીને, શ્રી સ્યામાજી થયા તૈયાર ।**
**તતખિણ તિહાં તેણે ઠામે, મારે સાથે કીધો સિણગાર ॥૧॥**

**સોભા સાગર સાથ તણી, સખી કેણી પેરે એ વરણવાય ।**
**હૂં રે અબૂઝ કાંઈ ઘણૂં નવ લહૂં, એનો નિરમાણ કેમ કરી થાય ॥૨॥**

**કોટાન કોટ જાણે સૂરજ ઉદયા, બ્રહ્માંડ ન માય ઝલકાર ।**
**પ્રઘલ પૂર જાણે સાયર ઉલટ્યો, એક રસ થઈ સર્વે નાર ॥૩॥**

**એક નખતણી જો જોત તમે જુઓ, તેમાં કઈ ને સૂરજ ઢંપાએ ।**
**કેમ કરી સોભા વરણવું રે સખિયો, મારો સબ્દ ન પોહોંચે ત્યાંહે ॥૪॥**

**વલી ગુણ જો જો તમે નખતણાં, હૂં તેહનો તે કહૂં વિચાર ।**
**સૂરજ દષ્ટેં તાપજ થાય, આણે અંગ ઉપજે કરાર ॥૫॥**

**સાથતણી રે સાડિયો જ્યારે જોઇએ, તેમાં રંગ દીસે અપાર ।**
**અનેક વિધના જવેરજ દીસે, કરે તે અતિ ઝલકાર ॥૬॥**

**તેવા સરુપ ને તેવા ભૂખણ, તેજ તણા અંબાર ।**
**એ અજવાલૂં જ્યારે જીવ જુએ, ત્યારે સૂં કરે સંસાર ॥૭॥**

માંહોં માંહેં વાલાજીની વાતો, બીજો ચિત્તમાં નથી ઉચાર ।
તતખિણ વેણ સાંભલતાં વલ્લભ, ખિણ નવ લાગી વાર ॥૮॥

મન ઉમંગ વાલાજીસૂં રમવા, આયત અતિ ઘણી થાય ।
આનંદ માંહેં અતિ ઉજાય, ધરણી ન લાગે પાય ॥૯॥

ભૂખણ સ્વર સોહામણા, મુખ વાણી તે બોલે રસાલ ।
એ સ્વરને જ્યારે શ્રવણા દીજે, ત્યારે આડો ન આવે પંપાલ ॥૧૦॥

સાથ સકલ મારા વાલા પાસે આવ્યો, મન આણી ઉલાસ ।
વિવિધ પેરે વાલાજીસું રમવા, ચિતમાં નથી માયાનો પાસ ॥૧૧॥

રસ ભર રંગ વાલાજીસું રમવા, ઉછરંગ અંગ ન માય ।
ઇંદ્રાવતી બાઈ કહે ધામના સાથને, હૂં નમી નમી લાગૂં પાય ॥૧૨॥

*પ્રકરણ-૭, ચૌપાઈ-૨૬૭*

**રાસ - ૭ : યોગમાયાનો દેહ ધરીને : વાણીમંથન પ્રશ્નાવલિ**

*૭.૧ સાગર તથા સૂર્યના રૂપક દ્વારા શ્રી ઈન્દ્રાવતીજી સુંદરસાથની શોભા/શ્રૃંગારનો મહિમા શી રીતે ગાય છે?*

*૭.૨ સાંસારિક બંધનો અર્થાત્ માયાનો પાસ છૂટે તે માટે ઈંદ્રાવતીજી સુંદરસાથને શો બોધ આપે છે?*

*૭.૩ યોગમાયાનો દેહ તથા કાળમાયાના દેહ વચ્ચે શું તફાવત છે?*

## શ્રી રાસ પ્રકરણ – ૮ : શ્રી રાજજીનો શ્રૃંગાર

*પહેલો સિનગાર કીધો મારે વાલેજીએ*

**પ્રકરણ સાર :**

શ્રી રાજજીએ ધારણ કરેલ યોગમાયાના શ્રૃંગારનું - *પહેલો સિનગાર કીધો મારે વાલેજીએ* – અતિ મનભાવન વર્ણન છે. યોગમાયાના



D:\Pranam/Chitvani/69

અખંડ નૂરી તત્ત્વથી નિર્મિત શ્રી રાજજીની *શોભા-શ્રૃંગારને નિરખી શ્રી ઈન્દ્રાવતીની આત્મા કરાર અનુભવે છે તો શ્રી ઠકુરાણીજીની શોભા-શ્રૃંગાર નિરખી માયાનો પાસ છૂટતો અનુભવે છે.* રાસરમણની ઈચ્છા કરી સર્વ સાથ વ્હાલાજી પાસે આવે છે અને વ્હાલાજીની પરિક્રમા કરી દંડવત્ પ્રણામ કરતાં રાસરમણ દ્વારા પોતાના હૈડાની હામ ભાગવાનો ભાવ વ્યક્ત કરે છે.

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, “હે સાથજી! સર્વપ્રથમ તો હું આપણા વ્હાલાજીએ જે યોગમાયાનો શ્રૃંગાર ધારણ કર્યો તેનું થોડુંક વર્ણન કરીશ. ત્યારબાદ, રાસલીલા પૂર્વે વ્હાલાજીનો આપણ સૌ સુંદરસાથ સાથે જે વાર્તાલાપ થયો, તેનું મારી બુધ્ધિ અનુસાર વર્ણન કરીશ. મારા શ્યામજી, અર્થાત્ શ્રી રાજજીની શબ્દાતીત શોભા શી રીતે વર્ણવું?”

હે સાથજી! વ્હાલાજીનાં ચરણકમળને હમેશાં ચિત્તમાં કેદ કરી રાખવા જેવાં છે - *રાખીએ ચરણ ચિત્ત માંહે.* ચરણકમળની આંગળીઓ તથા અંગૂઠાની કોમળતા, મનમોહક રંગયુક્ત નખનો હીરા જેવો ઝગમગાટ, પંજાની નસો તથા આંગળીઓ વચ્ચેની જગ્યાનો અદ્ભુત રંગ તથા સુંદરતા! ચરણકમળના તળીયે પદ્મની રેખા અને એડી તથા લાંક લાલિમાપૂર્ણ ઝળકાર કરી રહેલ છે. પગમાં પહેરેલ કાંબી તથા કડલાનો રસાળ ધ્વનિ, ઘૂઘરીઓનો ઘમકાર અને ઝાંઝરીઓનો ઝણકાર મનને મોહી રહ્યો છે. વિવિધ પ્રકારના સુંદર નંગોથી જડેલ આ આભૂષણો સર્વત્ર ઝળકાર કરી રહ્યાં છે. હે સાથજી! મારી આત્મા તો આ શ્રી ચરણોની શોભા નિરખીને અતિશય શાંતિ અને આરામ અનુભવે છે. *નોંધ : શ્રી ઈન્દ્રાવતીની આત્મા શ્રી રાજજીની શોભા-શ્રૃંગારને નિરખી કરાર અનુભવે છે તો શ્રી ઠકુરાણીજીની શોભા-શ્રૃંગાર નિરખી માયાનો પ્રભાવ છૂટતો અનુભવે છે.*

કેસરિયા રંગના ચૂડીદાર પાયજામા પરની બારીક ચુન્નટોથી થતી ઝલકાર તેના પર બનેલી મોતી તથા વેલની ભાત, તથા નવરંગી નાડાની શોભા અતિ સુખદાયી છે. શ્રી રાજજીની પીળા રંગની ઝળહળાટ કરતી

પટોળી વિવિધ નંગોથી જડેલી છે. તેની કિનારી પર વેલની ડીઝાઈન તથા મધ્યભાગમાં ફૂલો શોભી રહ્યાં છે. માણેકદેવી (ઈન્દ્રાવતીજી) કહે છે, "હે સાથજી! મારા મનને થાય છે કે જાણે અનિમેષ નેત્રે આ શોભા નિરખ્યા જ કરું!"

વ્હાલાજીના ગળામાં ચાર હાર - જેમાં બે હીરાના, એક સોનાનો તથા એક હાર મોતીનો છે. તે સર્વ ભાતભાતનો ઝળહળાટ રેલાવી રહ્યા છે. બીજા બે હાર લાલ તથા આસમાની રંગના નંગોથી જડેલ છે. સિંદુરિયા રંગની પીછોડીથી આગળપાછળ બનાવેલ બે ચોકડી તથા બંને બાજુ લટકતા છેડાઓને લીધે સુંદર શોભા બની રહી છે.

વ્હાલાજીના હસ્તકમલ અતિકોમળ, ચમકતા નખવાળા દીસે છે. તેમના કાંડાનો લાલરંગ તથા આંગળીઓની ઝીણી રેખાઓ, તેમાં પહેરેલ સાત વીંટીઓ - જેમાં ત્રણ નંગની, બે હીરાની, એક નીલમ અને એક પન્નાની છે, તેમાં લાલરંગની મીનાકારી છે. કાંડામાં નીલમજડિત કડું તથા તેના પર માણેક, મોતી અને પન્ના આદિ નંગોથી જડિત પહોંચી ઝળકી રહી છે. તેનું તેજ અંબરમાંયે સમાતું નથી. ચંદન લગાવેલ વ્હાલાજીનાં અંગો, મણિજડિત બાજૂબંધ તથા તેમાંથી લટકતાં બે સોનેરી ફૂમતાં મનને મોહી રહ્યાં છે.

વ્હાલાજીનું મુખારવિંદ તો જુઓ. તેમના ગાલ તથા દાઢીની સુંદરતા અવર્ણનીય છે. દાડમના દાણા જેવા દાંત, પરવાલી રંગના હોઠ, લાલરંગની મોતીજડિત તથા લટકતાં મોતીથી સુશોભિત બેસર અતિ સુંદર દીસે છે. કાનોમાં પહેરેલાં લાલ તથા આસમાની રંગી કર્ણફૂલોની આભાથી શ્રી રાજજીના ગાલ ઝળહળતા શોભી રહ્યા છે. કાનના મધ્યભાગમાં પણ માણેક, મોતી, હીરા અને પુખરાજી નંગોથી જડિત બુટ્ટી સુશોભિત છે. શ્રી રાજજીની અણીયાળી આંખો અને પાંપણોની ગતિ મનોહારી છે. કપાળ પર નીલા, પીળા તથા ગુલાબી રંગની ત્રણ તિલક રેખા તથા મધ્યમાં લાલરંગની બિંદી શોભે છે.



D:\Pranam/Chitvani/70

શ્રી રાજજીના મસ્તક પરનો મુકટ ચારે તરફ લાલ, સફેદ, નીલી તથા પીળી દોરીઓથી સુશોભિત છે અને તેની ઉપર જવના દાણાની બનાવટ અને તેની ઉપર ફૂલોની ભાત તથા બીજા અનેક પ્રકારના નંગોનું જડતર છે. તેમાંથી પ્રકાશી રહેલા રંગબેરંગી કિરણોથી યોગમાયાનું સમગ્ર બ્રહ્માંડ ઝળકી રહ્યું છે.

શ્રી રાજજીના શીશકમલની ચોટલી અદ્‌ભુત રીતે ગૂંથેલી છે. ત્યાં વિવિધ નંગોથી જડેલ ગોફણીયો બનેલ છે. તેને ઘેરીને વીંટેલ ઘૂંઘરીઓનો મધુર ધ્વનિ મનને પ્રફુલ્લિત કરી રહ્યો છે. ગોફણીયામાંથી નીકળતા લાલ રંગી ફૂમતાંમાં પણ માણેક, મોતી, પન્ના તથા પુખરાજના નંગો જડેલા છે. પીઠ પર સુંદર ચોટલો તથા કમર પર હીરા-મોતી જડિત લાલ રંગની બંસરી છે. બંસી મુખ પાસે લીલા, મધ્યમાં લાલ અને છેડે આસમાની રંગનાં રત્નોથી જડિત છે. જ્યારે વ્હાલાજી તેને પોતાના હોઠે ધરે છે ત્યારે તો તે મનને પૂર્ણતઃ મોહી લે છે. હે સાથજી! શ્રી રાજજીનાં વસ્ત્રો તથા આભૂષણોમાં વર્ણન કરેલ ધાતુ તથા નંગો આ નશ્વર જગતના નથી તે સમજી લેશો! આ તો યોગમાયાના કોઈક ખાસ અખંડ નૂરી તત્ત્વની પેદાશ છે.

આમ, વ્હાલાજી પણ શ્રી શ્યામાજી તથા સખીઓની માફક રાસરમણની ઈચ્છા કરી તૈયાર ઊભા છે. સર્વે સાથ વ્હાલાજી પાસે આવ્યા અને શ્રી ઈન્દ્રાવતીજીએ સૌનાં ચરણોમાં પ્રણામ કર્યા. ત્યારબાદ, સૌ સુંદરસાથ સખીઓએ પણ વ્હાલાજીની પરિક્રમા કરી દંડવત્ પ્રણામ કર્યા. આમ કરતાં કરતાં, સૌએ રાસરમણ દ્વારા પોતાના હૈયાના કોડ પૂરા કરવાનો ભાવ વ્યક્ત કર્યો.

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૮

*શ્રી રાજજીનો સિણગાર*

**પેહેલો સિણગાર કીધો મારે વાલેજીએ, તેહેનો તે વરણવું લવલેસ ।**
**<u>પછે સંવાદ વાલાજી સાથનો, તે મારી બુધ સારૂં કહેસ</u> ॥૧॥**

સોભા રે મારા સ્યામ તણી, સખી કેણી પેરે વરણવું એહ ।
સબ્દાતીત મારા વાલાજીની સોભા, મારી જિભ્યા આંણી દેહ ॥૨॥

ચરણ તણા અંગૂઠા કોમલ, નખ હીરા તણા ઝલકાર ।
રંગ તો જોઈ જોઈ મોહિએ, પાસે કોમલ આંગલિયો સાર ॥૩॥

ફણા નસો અને કાંકસા, અતિ રંગ ઘણૂ રે સોહાએ ।
જીવ થકી અલગાં નવ કીજે, રાખિએ ચરણ ચિત માંહેં ॥૪॥

ચરણ તલે પદમની રેખા, કરે તે અતિ ઝલકાર ।
પાની લાંક લાલ રંગ સોભે, ઇંદ્રાવતી નિરખે કરાર ॥૫॥

ટાંકન ઘૂંટી ને કાંડા કોમલ, કાંબી કડલા બાજે રસાલ ।
ઘૂંઘરડી ઘમ ઘમ સ્વર પૂરે, માંહેં ઝાંઝર તણો ઝમકાર ॥૬॥

કાંબી કડલા જુગતે જડિયાં, સાત વાનિ ના નંગ સાર ।
લાલ પાના હીરા માણક નીલવી, કુન્દનમાં મોતી ઝલકાર ॥૭॥

ઝાંઝરિયાં જડાવ જુગતનાં, કરકરિયાં સોભંત ।
ઘૂંઘરડી કરડા જડતરમાં, ઝલહલ હેમ કરંત ॥૮॥

કનક તણાં વાલા માહેં ગઠિયા, નિરમલ નાકા ઝલકંત ।
ઝાંઝરિયામાં જુગતે જડિયાં, ભલી પેરે માંહેં ભલંત ॥૯॥

પીડી ઊપર પાયચા, ને ઝીણી કુરલી ઝલવાર ।
કેસરિએ રંગ સૂથની, ઇંદ્રાવતી નિરખે કરાર ॥૧૦॥

મોહોલિએ મોતી ને વલી નેફે, વેલ ટાંકી બેહૂ ભાંત ।
નાડી માંહેં નવ રંગ દીસે, માનકદે જુએ કરી ખાંત ॥૧૧॥

સેત સ્યામ ને સણિએ સેંદુરિએ, કખૂવર બંને કોર ।
નીલો પીલો જાંબૂ ગુલાલિયો, એ સોભા અતિ જોર ॥૧૨॥





પીલી પટોલી પેહેરી એક જુગતે, માંહેં વિવિધ પેરે જડાવ ।
જીવ તણુ જીવન જ્યારે જોઇએ, ત્યારે નવ મૂકાય લગાર ॥૧૩॥

કોરે વેલ જડાવ જુગતની, મધ્ય જડાવના ફૂલ ।
જડાવ ઝલહલ જોર કરે, ચીર કાનિયાંની કોરે મસ્તૂલ ॥૧૪॥

માણક મોતી ને નીલી ચુંન્ની, ફૂલ વેલ માહેં ઝલકંત ।
સોભા મારા સ્યામજીની જોઈ જોઈ જોઇએ, મારી તેણે રે કાયા ઠરંત ॥૧૫॥

નીલો ને કાંઈ પીલો દીસે, કણા તણો રંગ જેહ ।
કાણી છેડા જડાવ જુગતે, લવલેસ કહૂં હૂં તેહ ॥૧૬॥

છેડે હેમ હીરાને પુખરાજ પાના, કોરે માણક નીલવી ને મોતી ।
કાણી છેડા જુજવી જુગતે, ઇંદ્રાવતી ખાંત કરી જોતી ॥૧૭॥

અંગનો રંગ કહ્યો ન જાય, જાણે તેજ તણો અંબાર ।
પેટ પાસા ઉરકંઠ નિરખતા, ઇંદ્રાવતી પામે કરાર ॥૧૮॥

રતન હીરાના બે હાર દીસે, ત્રીજો હેમ તણો જડાવ ।
ચૌથો હાર મોતી નિરમલનો, કરે જુજવી જુગત ઝલકાર ॥૧૯॥

ઉતરી જડાવ સર બે સોભંતી, ચુંની રાતી નીલી જુગત ।
નિરખી નિરખીને નેત્ર ઠરે, પણ કેમે ન પામિએ તૃપત ॥૨૦॥

રંગ સેંદુરિએ પછેડી, અને માહેં કસવની ભાંત ।
છેડે તાર ને કસવી કોરે, ઇંદ્રાવતી જુએ કરી ખાંત ॥૨૧॥

અંગ ઊપર આણી બંને ચૌકડી, છેડા બંને પાસે લટકંત ।
નવલ વેખ લીધો એક ભાંતનો, જોઈ જોઈ ને જીવ અટકંત ॥૨૨॥

કોમલ કર એક જુઈ રે જુગતના, જો વલી જોઇએ રંગ ।
ઝલકત નખ અંગૂઠા આંગલિયો, પોહોંચા કલાઈ પતંગ ॥૨૩॥

ઝીણી રેખા હથેલી આંગલિએ, સાત વીટી સોભંત ।
ત્રણ વીટી ઊપર નંગ દીસે, અતિ ઘણું તે ઝલકંત ॥૨૪॥

અંગૂઠિએ લાલ ચુન્ની જડતર, બે વીટી હીરા રતન ।
એક વીટી ને નીલૂ પાનૂ, બીજા વાકડા વેલિયા કંચન ॥૨૫॥

કોમલ કાંડે કડલી સોભે, નીલી જડિત અતિ સાર ।
કડલી પાસે પોહોંચી ઘણી ઊંચી, કરે તે અતિ ઝલકાર ॥૨૬॥

મધ્ય માણક ને ફરતા મોતી, પાચ તણો નીલાસ ।
કિરણ જ્યારે ઉઠતાં જોઇએ, ત્યારે જોત ન માય આકાસ ॥૨૭॥

કોમલ કોણી ચંદન અંગ ચરચિત, મણિ જડિત બાજૂબંધ ।
કંચન કસવી ફુમક બેહૂ લટકે, સૂં કહૂં સોભા સનંધ ॥૨૮॥

જોઇએ મુખારવિંદ ગાલ બંને ગમાં, તેજ કહ્યો ન જાય ।
અધખિણ જો અલગા રહિએ, ત્યારે ચિતડાં ઉપાપલા થાય ॥૨૯॥

હરવટી સોહે હંસત મુખ દીસે, વલી જોઇએ અધુરનો રંગ ।
દંત જાણે દાડિમની કલિયો, અધુર પરવાલીનો ભંગ ॥૩૦॥

મુખ ઊપર મોતી નિરમલ લટકે, બેસર ઊપર લાલ ।
કાને કરણ ફૂલ જે સોભા ધરે, તે તા ઝલકે માંહેં ગાલ ॥૩૧॥

કરણફૂલ છે અતિ ઘણૂં ઊંચા, રાતી નીલી ચુન્ની સાર ।
નિરખી નિરખી જીવ નિરાંતે, માંહેં મોતીડા કરે ઝલકાર ॥૩૨॥

ખીટલડી વાલાજી કેરી, જીવ કરે રે જોયાની ખાંત ।
માણક મોતી હીરા પુખરાજ, કુંદન માંહેં જડિયાં ભાંત ॥૩૩॥

આંખલડી અણિયાલી સોભે, મધ્ય રેખા છે લાલ ।
નિરખત નેંણ કોડામણા, જીવને તાણી ગ્રહે તત્કાલ ॥૩૪॥



D:\Pranam/Chivani/72

મીઠી પાંપણ ચલવે એક ભાંતે, તારે તેજ અપાર ।
બેહુગમાં ભ્રુકુટીની સોભા, ઇંદ્રાવતી નિરખે કરાર ॥૩૫॥

નિલવટ સોભે તિલક ની રેખા, નીલી પીલી ગુલાલ ।
બેહુગમાં સુંદર ને સોભે, રેખા મધ્ય બિંદકા લાલ ॥૩૬॥

મસ્તક મુકટ સોહામણો, કાંઈ એ સોભા અતિ જોર ।
લાલ સેત ને નીલી પીલી, દોરી સોભિત ચારે કોર ॥૩૭॥

એ ઊપર જવદાણા ની સોભા, એહ જુગત અદભૂત ।
તે ઊપર વલી ફૂલોની જડતર, તેના કેમ કરી વરણવું રુપ ॥૩૮॥

બીજા અનેક વિધના ફૂલ દોરી બંધ, કરે જુજવી જુગત ઝલકાર ।
માણક મોતી હીરા પુખરાજ, પિરોજા પાના પાંચોં સાર ॥૩૯॥

લાલ લસણિયા નીલવી ગોમાદિક, સાઢ સોલૂ કંચન ।
ફૂલ પાંખડિયો મણિ જવેરની, મધ્ય જડ્યા છે રતન ॥૪૦॥

મુકટ ઊપર ઊભી જવેરોની હારો, તેમાં રંગ દીસે અપાર ।
અનેક વિધની કિરણજ ઉઠે, તે તાં બ્રહ્માંડ ન માય ઝલકાર ॥૪૧॥

ચાર હારના ચારે ફુમક, તેહેના જુજવી જુગતના રંગ ।
લાખી લિબોઈ ને સ્યામ સેત, સુંદર ને એ સોભંત ॥૪૨॥

વેંણ ગૂંથી એક નવલ ભાંતની, ગોફણડે વિવિધ જડાવ ।
ફરતી ફરતી ઘૂંઘરડી, ને બોલંતી રસાલ ॥૪૩॥

ગોફણડે ફુમક જે દીસે, તેનો લાલ કસવી રંગ ।
જડાવ માંહેં માણક ને મોતી, પાના પુખરાજ નંગ ॥૪૪॥

વાંસા ઊપર વેંણ લેહેકતી, સોભા તે વરણવી ન જાએ ।
ખુસબોય માંહેં રંગ ભીનો, બીડી તંબોલ મુખ માંહેં ॥૪૫॥

નવલ વેખ લ્યાવ્યા એક ભાંતનો, કસબટિએ વાંસલી લાલ ।
અધુર ધરીને જ્યારે વેણ બજાડે, ત્યારે ચિતડા હરે તત્કાલ ॥૪૬॥

<u>વેણ તણી વિગત કહૂં તમને, કોરે કાંગરી જડાવ ।</u>
<u>મોહોવડ નીલા મધ્ય લાલ, છેડે આસમાની રંગ સોહાય ॥૪૭॥</u>

વસ્તર વરણવ્યાં સબ્દ માંહેં સખિયો, વલી વરણવી ભૂખણની ભાંત ।
<u>રેસમ હેમ કહ્યા મેં જવેરના, પણ એ છે વસેક કોય ધાત</u> ॥૪૮॥

સજ થયા સિણગાર કરીને, રાસ રમવાનૂં મન માંહેં ।
<u>સાથ સકલ મારા પિઉ પાસે આવ્યો, ઇંદ્રાવતી લાગે પાએ</u> ॥૪૯॥

દઈ પ્રદખિણા અતિ ઘણી, સાથેં કીધા દંડવત પરણામ ।
<u>હવે કરસૂં રામત રંગ તણી, અને ભાજસૂં હૈડાની હામ</u> ॥૫૦॥

*પ્રકરણ-૮, ચૌપાઈ-૩૧૭*

### રાસ - ૮ : શ્રી રાજજીનો શ્રૃંગાર : વાણીમંથન પ્રશ્નાવલિ

*૮.૧ શ્રી રાજજીના ચરણકમલ, હસ્તકમલ તથા મુખારવિંદની શોભા શ્રૃંગારનું વર્ણન કરો.*

*૮.૨ શ્રી રાજજીનો રાસલીલા માટેનો શૃંગાર અને પરમધામના શૃંગાર વચ્ચે શો ભેદ છે?*

*૮.૩ શ્રી ઈન્દ્રાવતીની આત્મા શ્રી રાજજીનાં શોભાશૃંગારને નિરખી શો અનુભવ કરે છે? શ્રી ઠકુરાણીજીના શોભાશૃંગાર નિરખવાથી થયેલ અનુભવથી શી રીતે અલગ છે? નોંધ : રાજજીથી કરાર, શ્યામાજીથી માયાનો પાસ છૂટે – આ બે અલગતા મળે છે.*

*૮.૪ ચો.૪૬ અને ૪૭ના આધારે બંસરીનો રંગ (લાલ કે ત્રિરંગી) તથા શોભા વર્ણવો.*

*૮.૫ શ્રી રાજજીના તિલકની શોભા આકૃતિ દોરીને સ્પષ્ટ કરો. ચો.૩૬*

*૮.૬ નીલા રંગનો અર્થ સ્પષ્ટ કરો : લીલો કે આસમાની? ચો.૪૭ પ્રમાણે લીલો.*



D:\Pranam/Chivani/73

*૮.૭ ચોપાઈ ૧૧માં 'માણકદે' કઈ સખીનું નામ છે?*

*૮.૮ : ચો.૨૪માં સાત આંગળીઓ પર વીંટી કેમ? આઠ પર કેમ નહી? કયી બાકી રહી, જેની ગણના ત્રણમાં (બે અંગૂઠા) સાથે થાય છે?*

## શ્રી રાસ પ્રકરણ – ૯ :
## ઉથલા - વાલૈયો વાણી એમ ઉચરેજી

### પ્રકરણ સાર

યોગમાયાના બ્રહ્માંડમાં થયેલ વેણુનાદ સાંભળી ગોપીઓ જ્યારે દોડી આવી, ત્યારે પિયુજીએ ઉથલાવચનો સંભળાવી તેમની સૌની જે વધુ કડક પરીક્ષા લીધી - *કસ ના પાઈએ કસોટી વિના.* વ્હાલાજીએ ગોપીઓને કુટુંબધર્મ, સમાજધર્મ, વેદ-મર્યાદા, કુળમર્યાદા આદિનો બોધ કરાવતાં જ્ઞાનપૂર્ણ પણ કટાક્ષભર્યાં ઉલાહનાનાં વચનો કહ્યાં કે, હે સખીઓ! તમે સૌએ લોકલાજ મર્યાદા તોડીને જે કાર્ય કર્યું છે તે સર્વથા અનુચિત છે! તમે સૌ પોતપોતાને ઘેર સત્વરે પાછાં ફરો! ***પતિવ્રતા સ્ત્રી જે હોય, તે તો નવ મૂકે ઘર રાત ॥ રે સખીયો સાંભલો ॥***

વ્હાલાજીએ પતિવ્રતા ધર્મની વ્યાખ્યા સમજાવતાં આમ કહ્યું ત્યારે તેમના જ્ઞાનપૂર્ણ પણ કટાક્ષભર્યાં (ઉલાહનાનાં) આ વચનો કેટલીક સખીઓથી તો સહન પણ ના થઈ શક્યાં અને તે સખીઓ તો આ પ્રકારની પિયુજીની વાત સાંભળી મૂર્છિત થઈ ગઈ. પરંતુ તામસી સ્વભાવવાળી સખીઓએ તો તુરત જ પ્રત્યુત્તરમાં શ્રી કૃષ્ણજીને પ્રતિપ્રશ્નો દ્વારા તેમને સામા બાંધી દેવાનું શરૂ કર્યું. તેમણે પૂછ્યું, ''તમે જ તો અમારા આત્માના ધણી છો! અમે તો માત્ર દેહના ધણીને છોડીને આવ્યા છીએ! સત્યધર્મ તો આત્માથી જ પાલન થવો જોઈએ! તો પછી અમે જે કંઈ કર્યું તેમાં ખોટું છે જ શું? અમે ઉઠાવેલ પગલાં તો સર્વોચિત જ છે!***અવગુણ પતિ નવ મૂકવો, તો ગુણ ધણી મૂકિએ કેમ જી । તમમાં અવગુણ કિહાં છે, તમેં કાં કહો અમને એમ જી ॥***

સખીઓના આ પ્રકારના ઉત્તરથી ખુશ થયેલ શ્રી કૃષ્ણજીના રૂપમાં શ્રી રાજજીએ તે સૌને પણ યોગમાયાનાં તન બક્ષિસ કર્યાં. તેમને યોગમાયિક શૃંગાર કરાવ્યો અને રાસલીલા રમવા માટે તૈયાર કર્યાં. પુનઃ તેમણે સખીઓની કસોટી કરવા માટે ખેલદિલીપૂર્વક અફસોસ પણ વ્યક્ત કર્યો, જેને 'ઓસિકલ' વચન કહેવામાં આવ્યાં છે. શ્રી ઈન્દ્રાવતીજી કહે છે કે, "ધણીજીએ પોતાની આત્માઓને કહેલ આ અફસોસપૂર્ણ વચનો વાણીમાં કહેવાનું મને ઉચિત નથી લાગતું. *ઓસીકલ વચન વાલે કહ્યા, કાંઈ તેં મેં ન કહેવાય । સુકજીએ નિરધારિયૂં છે, પણ તે મેં લખ્યૂં ન જાય ॥"*

ઉથલાવચનો સંભળાવીને શ્રી ધણીજી પોતાની સખીઓની પરીક્ષા લે છે. "*વ્હાલોજી કહે છે વાતડી, તમે સાંભલજો સહુ કોય । મેં જોયૂં તમારું પારખૂં, રખે લેસ માયા નો હોય ॥"* તેમાં પૂર્ણતઃ પાર ઉતર્યા બાદ અર્થાત્ તેમનામાં માયાનો પ્રભાવ રજમાત્ર પણ ન રહેતાં તેઓ સખીઓને કહે છે કે હવે હું તમારા સર્વે મનોરથો પૂર્ણ કરીશ : "*સખીયો પૂરું મનોરથ તમતણાં, કાંઈ કરસૂં તે રંગ વિલાસ । કરવા રામત અતિ ઘણી, મેં જોયૂં માયાનો પાસ ॥"* હવે, આપણે સૌ સાથે મળીને વિવિધ પ્રકારના રંગવિલાસની રામતો કરીશું. ચાલો! સૌ પ્રથમ હું તમને વૃંદાવનદર્શન કરાવું. *હવે, જેવું તમે સૌ કહેશો તેવું જ હું કરીશ. સુંદરસાથજી! જુઓ શ્રી ધણીજીનો પ્યાર! પણ આમ ક્યારે થાય? મોહમાયાના ત્યાગથી જ બધું સંભવ થઈ શકે. તે વિના નહિ. સખીઓ વૃંદાવન દેખાડૂં તમને, ચાલો રંગ ભર રમિએ રાસ । વિવિધ પેરેની રામતોં, આપણ કરસૂં માહોં માહેં હાંસ ॥*

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૯**

*ઉથલા - રાગ મેવાડો*

**વાલૈયો વાણી એમ ઉચરેજી, કહે સાંભલજો સહુ સાથ ।**
**પતિવ્રતા સ્ત્રી જે હોય, તે તો નવ મૂકે ઘર રાત ।**
**રે સખિયો સાંભલો ॥૧॥**



D:\Pranam/Chitvani/74

**તમે સાથ સકલ મલી સાંભલો, હૂં વચન કહૂં નિરધાર જી ।**
**તમે વેણ મારો શ્રવણે સુણ્યો, ઘર મૂક્યા ઊભા બાર જી ॥૨॥**

**કુસલ છે કાંઈ વૃજમાં જી, કેમ આવિયો આણી વેર જી ।**
**ઉતાવલિયો ઉજાણિયો જી, કાંઈ મૂક્યા કારજ ઘેર જી ॥૩॥**

**કિહે રે પરિયાણે તમેં નિસર્યા, કાંઈ જોવા વૃંદાવન ।**
**જોયૂં વન રલિયામણૂ, કાંઈ તમે થયા પ્રસન્ન ॥૪॥**

**હવે પુરે રે પધારો આપણે જી, કાંઈ રજની તે રુપ અંધાર ।**
**નિસાચારી જીવ બોલસે જી, ત્યારે થાસે ભયંકાર ॥૫॥**

**નિસાએ નારી જે નિસરે જી, કાંઈ કુલવંતી તે ન કેહેવાય ।**
**નાત પરનાત જે સાંભલે જી, કાંઈ ચેહરો તેમા થાય ॥૬॥**

**સખિયો તમે તો કાંઈ ન વિમાસિયૂં જી, એવડી કરે કોઈ વાત ।**
**અણજાણે ઉઠી આવિયૂં જી, કાંઈ સકલ મલીને સાથ ॥૭॥**

**સસરો સાસુ માત તાતની જી, કાંઈ તમે લોપી છે લાજ ।**
**તમે સરમ ન આણી કેહેની,તમે એ સૂં કીધૂં આજ ॥૮॥**

**તમે પતિ તો તમારા ઊભા મૂકિયા જી, કાંઈ રોતા મૂક્યા બાલ ।**
**એ વચન સુણી ને વિનતા ટલવલી, કાંઈ ભોમ પડિયો તત્કાલ ॥૯॥**

**તેમાં કેટલીક સખિયો ઊભી રહિયો, કાંઈ દ્રઢ કરીને મન ।**
**બાઈ વાંક હસે જો આપણોં જી, તો વાલોજી કહે છે વચન ॥૧૦॥**

**વચન વાલે સામા તામસિયો, રાજસિયો ફડકલા ખાય ।**
**સ્વાંતસિએ બોલાએ નહીં, તે તાં પડિયો ભોમ મુરછાય ॥૧૧॥**

**એણે સમે મહી સખી ઊભી રહી, કહે સાંભલો ધણી ના વચન ।**
**સખિયો કુલાહલ તમે કાં કરો જી, કાંઈ ઊભા રહો દ્રઢ કરી મન ॥૧૨॥**

સખિયો ભૂલાં છૂં ઘણવે આપણ જી, અને વલી કીજે સામા રૂદન ।
કલહો કરો ભોમે પડો જી, કાં વિલખાઓ વદન ॥૧૩॥

પિઉજી પધાર્યા પ્રભાતમાં, આપણ આવ્યા છૂં અત્યારે ।
તે પણ તેડીને વાલે કાઢિયાં, નહીં તો નિસરતા નહીં ક્યારે ॥૧૪॥

પાછલ આપણ કેમ રહૂં, જો હોય કાંઈ વાલપણ ।
કેમ ન ખીજે વાલૈયો, જ્યારે સેવા ભૂલ્યાં આપણ ॥૧૫॥

વાલાજી કેહેવું હોય તે કેહેજો, કાંઈ અમને નિસંક ।
અમે તમ આગલ ઊભા છૂં, કાંઈ રખે આણો ઓસંક ॥૧૬॥

સખિયો તમ માટે હૂં એમ કહૂં, કાંઈ તમારા જતન ।
રખે કોઈ તમને વાંકૂં કહે, ત્યારે દુખ ધરસો તમે મન ॥૧૭॥

સખિયો તમે જેમ ઘર ઊભાં મૂકિયાં, તેમ માણસ ન મૂકે કોય ।
એમ વ્યાકુલ થઈ કોઈ ન નિસરે, જો ગિનાન રૂદેમાં હોય ॥૧૮॥

સખિયો તમે પાછાં વલો, અધખિણ મ લાવો વાર ।
મનડે તમારે દયા નહીં, ઘેર ટલવલે છે બાલ ॥૧૯॥

એ ધરમ નહીં નારી તણોજી, હૂં કહૂં છૂં વારંવાર ।
હવે ઘરડે તમારે સિધાવિએ જી, ઘેર વાટડી જુએ ભરતાર ॥૨૦॥

વાલૈયા હજી તમારે કેહેવું છે, કે તમે કહીને રહ્યા એહ ।
તે સર્વે અમે સાંભલ્યૂં જી, તમે કહ્યું જુગતે જેહ ॥૨૧॥

સખિયો હજી મારે કેહેવું છે, તમે શ્રવણા દેજો ચિત ।
મરજાદા કેમ મૂકિએ, આપણ ચાલિએ કેમ અનિત ॥૨૨॥

હવે વલી કહૂં તે સાંભલો, કાંઈ મોટૂં એક દ્રષ્ટાંત ।
વેદ પુરાણે જે કહ્યૂં, કાંઈ તેહેનૂં તે કહૂં વૃતાંત ॥૨૩॥



ભવરોગી હોય જનમનો, જો એહેવો હોય ભરતાર ।
તોહે તેને નવ મૂકવો, જો હોય કુલવંતી નાર ॥૨૪॥

જો પતિ હોય આંધલો, અને વલી જડ હોય અપાર ।
તોહે તેને નવ મૂકવો, જો હોય કુલવંતી નાર ॥૨૫॥

જો પતિ હોય કોઢિયો, અને કલહો કરે અપાર ।
તોહે તેને નવ મૂકવો, જો હોય કુલવંતી નાર ॥૨૬॥

જો પતિ હોય અભાગિયો, અને જનમ દલિદ્રી અપાર ।
તોહે તેને નવ મૂકવો, જો હોય કુલવંતી નાર ॥૨૭॥

જો પતિ હોય પાંગલો, બીજા અવગુણ હોય અપાર ।
તોહે તેને નવ મૂકવો, જો હોય કુલવંતી નાર ॥૨૮॥

ખોડ હોય ભરતારમાં, અને મૂરખ હોય અજાણ ।
તોહે તેને નવ મૂકવો, એમ કહે છે વેદ પુરાણ ॥૨૯॥

તે માટે હૂં એમ કહૂં, જે નવ મૂકવો પત ।
તતખિણ તમે પાછા વલો, જો રૂદે હોય કાંઈ મત ॥૩૦॥

હવે સાથ કહે અમે સાંભલ્યા, કાંઈ તમારા વચન ।
હવે અમે કહૂં તે સાંભલો, કાંઈ દ્રઢ કરીને મન ॥૩૧॥

પતિ તો વાલૈયો અમતણો, અમે ઓલખિયો નિરધાર ।
વેણ સાંભલતાં તમતણી, અમને ખિણ નવ લાગી વાર ॥૩૨॥

અમે પીહર પખ નવ ઓલખૂં, નવ જાણૂં સાસર વેડ ।
એક જાણૂં મારો વાલૈયો, નવ મૂકૂં તેહેનો કેડ ॥૩૩॥

પતિ તો કેમે નવ મૂકવો, તમે અતિ ઘણૂં કહ્યું રે અપાર ।
તમે સાખ પુરાવી વેદ ની, ત્યારે કેમ મૂકૂં આધાર ॥૩૪॥



D:\Pranam/Chitvani/75

તમે કહ્યૂં પતિ નવ મૂકવો, જો અવગુણ હોય રે અપાર ।
તમે રે તમારે મોંહેં કહ્યું, તમે ન્યાય રે કીધો નિરધાર ॥૩૫॥

અવગુણ પતિ નવ મૂકવો, તો ગુણ ધણી મૂકિએ કેમ જી ।
તમમાં અવગુણ કિહાં છે, તમે કાં કહો અમને એમ જી ॥૩૬॥

એવા હલવા બોલ ન બોલિએ, હૂં વારુ છૂ તમને ।
એ વચન કેહેવા નવ ઘટે, કાંઈ એમ કેહેવું અમને ॥૩૭॥

અમે તો આવ્યા આનંદ ભરે, કાંઈ તમસું રમવા રાત જી ।
એવા બોલ ન બોલિએ, અમને દુખ લાગે નિઘાત જી ॥૩૮॥

અમે કિહાં રે પાછાં વલી જાઈએ, અમને નથી બીજો કોઈ ઠામ જી ।
કહો જી અવગુણ અમતણાં, તમે કાં કહો અમને એમ જી ॥૩૯॥

અમે તમ વિના નવ ઓલખૂં, બીજા સંસાર કેરા સૂલ જી ।
ચરણે તમારે વાલૈયા, કાંઈ અમારા છે મૂલજી ॥૪૦॥

ફલ રોપ્યો આંબો તમતણો, વાડ કાંટા કુટંમ પાખલ ।
બીજો ઝાંપો રખોપું કરે, કાંઈ સ્યો રે સનમંધ તેસું ફલ ॥૪૧॥

ફૂલ ફૂલ્યા જેમ વેલડી, તે તાં વિકસે સદા રે સનેહ ।
વછૂટે જ્યારે વેલથી, ત્યારે તતખિણ સૂકે તેહ ॥૪૨॥

જીવ અમારા તમ કને, કાંઈ ચરને વલગાં એમ ।
ફૂલ તણી ગત જાણજો, તે અલગાં થાય કેમ ॥૪૩॥

તેમ જીવ અમારા બાંધિયા, જેમ પડિયા માંહેં જાલ ।
ખિણ એક સાંમૂં નવ જુઓ, તો પિંડડા પડે તત્કાલ ॥૪૪॥

જીવ અમારા ચરણે તમતણે, તે અલગાં થાય કેમ ।
જલ માંહેં જીવ જે રહે, કાંઈ મીન કેરા વલી જેમ ॥૪૫॥

D:\Pranam/Chivani/76

વાલા તમે અમસૂં એમ કાં કરો, અમે વચન સહ્યા નવ જાય ।
ખિણ એક સામૂં નવ જુઓ, તો તરત અદૃષ્ટ દેહ થાય ॥૪૬॥

નિખર અમારી આતમા, અને નિઠુર અમારા મન ।
કઠણ એવાં તમતણાં, અમે તો રે સહ્યાં વચન ॥૪૭॥

અમ માંહેં કાંઈ અમપણૂં, જો હોસે આ વાર ।
તો વચન એવાં તમતણાં, અમે નહીં રે સાંભલૂં નિરધાર ॥૪૮॥

સખિએં મનમાં વચન વિચારિયાં, કાંઈ પ્રેમ વાધ્યો અપાર ।
જોગમાયા અતિ જોર થઈ, કાંઈ પાછી પડિયો તત્કાલ ॥૪૯॥

તતખિણ વાલે ઉઠાડિયો, કાંઈ આવીને લીધી અંગ ।
આનંદ અતિ વધારિયો, કાંઈ સોકનો કીધો ભંગ ॥૫૦॥

વાલોજી કહે છે વાતડી, તમે સાંભલજો સહુ કોય ।
મેં જોયૂં તમારૂં પારખૂં, રખે લેસ માયાનો હોય ॥૫૧॥

ઓસીકલ વચન વાલે કહ્યા, કાંઈ તે મેં ન કહેવાય ।
સુકજીએ નિરધારિયૂં છે, પણ તે મેં લખ્યૂં ન જાય ॥૫૨॥

એ વચન શ્રવણે સુણી, કાંઈ મનડાં થયાં અતિ ભંગ ।
વાલા એમ તમે અમને કાં કહો, અમે નહીં રે ખમાય અંગ ॥૫૩॥

કલકલતી કંપમાન થૈયો, કાંઈ તતખિણ પડિયો તેહ ।
આવીને ઉછરંગે લીધિયો, કાંઈ તરત વાધ્યો સનેહ ॥૫૪॥

આંખડિએ આંસૂ ઢાલિયાં, તમે કાં કરો ચિતનો ભંગ ।
આંસૂડાં લોઊં તમતણાં, આપણ કરસૂં અતિ ઘણૂ રંગ ॥૫૫॥

સખિયો પૂરૂં મનોરથ તમતણાં, કાંઈ કરસૂં તે રંગ વિલાસ ।
કરવા રામત અતિ ઘણી, મેં જોયૂં માયાનો પાસ ॥૫૬॥

**સખિયો વૃંદાવન દેખાડૂં તમને, ચાલો રંગ ભર રમિએ રાસ ।**
**વિવિધ પેરેની રામતો, આપણ કરસૂં માંહોં-માંહેં હાંસ ॥૫૭॥**

**તમે પ્રાણપે મૂને વાલિયો, જેમ કહો કરૂં હૂં તેમ ।**
**રખે કોઈ મનમાં દુખ કરો, કાંઈ તમે મારા જીવન ॥૫૮॥**

*પ્રકરણ-૯, ચૌપાઈ-૩૭૫*

### રાસ - ૯ : વાણીમંથન પ્રશ્નાવલિ

*૯.૧ વ્હાલાજીએ પતિવ્રતા ધર્મની શી વ્યાખ્યા સમજાવી?*

*૯.૨ વ્હાલાજીના જ્ઞાનપૂર્ણ ઉલાહના વચનો સાંભળી સખીઓએ શું પ્રત્યુત્તર આપ્યો?*

*૯.૩ સ્વાંતસી, રાજસી અને તામસી સખીઓ એવા વર્ગીકરણનું શું તાત્પર્ય છે? પ્રત્યેક વર્ગની સખીની વર્તણુંકનું એક દૃષ્ટાંત આપો.*

*૯.૪ આ પ્રકરણમાં આત્મા અને વ્હાલાજી વચ્ચેના અતૂટ સંબંધને કયા બે દૃષ્ટાંત દ્વારા સમજાવવામાં આવેલ છે? ચો. ૪૨-૪૫*

*૯.૫ "ફળ રોપ્યો આંબો તમ તણો" ચો. ૪૧નો ભાવ સ્પષ્ટ કરો.*

*૯.૬ અંતિમ ચોપાઈમાં શ્રી વ્હાલાજી સખિયોને કહે છે કે "તમે પ્રાણપે મુને વાલિયો, જેમ કહો કરું હું તેમ" – અર્થાત્, હે સખિયો! જેવું આપ ચાહો હું તેવું જ કરીશ. સખીઓએ એવું તે શું કર્યું કે જેથી વ્હાલાજીએ વશીભૂત થઈ તેમને આમ કહેવું પડ્યું?*

*૯.૭ સખીઓ પર માયાનો પ્રભાવ છે કે નહિ એ બાબતનો નિર્ણય શી રીતે થયો? ચો. ૫૬. સખીઓએ વ્હાલાજીનાં ઉથલા વચનો ખેલદિલીથી સાંભળ્યાં, સહ્યાં (tolerated with sportsman spirit). એટલું જ નહિ, પોતાના આત્મ-બળનો પરિચય કરાવતાં સખીઓએ વ્હાલાજીને જાગ્રતબુદ્ધિયુક્ત પ્રત્યુત્તર પણ આપ્યો : ચો.૩૧-૩૬. એણે રે પગલે જો આપણે ચાલિયે" તો માયાના પ્રભાવની ખબર પડે. સુંદરસાથ પોતપોતાના જીવનમાં આ પ્રયોગ કરી જુએ તો તે રસનું સુખ જાણી સમજી શકાય.*



D:\Pranam/Chivani/77

## શ્રી રાસ પ્રકરણ – ૧૦ : વૃંદાવન દેખાડ્યું છે

## જીવન સખી વૃંદાવન રંગ જોઈએ જી

**પ્રકરણ સાર** : *ઉથલા વચનો' દ્વારા સખીઓની પરીક્ષા લઈ હવે, વ્હાલાજી સખીઓને નિત્ય વૃંદાવનની સૈર કરાવે છે. વ્હાલાજીએ કઈ કઈ લાયકાતો તપાસીને સખીઓને વૃંદાવન બતાવ્યું તેનું ધ્યાન કરવા જેવું છે. નિત્ય વૃંદાવનની શોભાનું વર્ણન, તે ક્યાં આવેલ છે, કયા તત્ત્વનું બનેલ છે તથા ત્યાંના સ્વરૂપો કયા તત્ત્વથી બનેલાં છે તેનું સ્પષ્ટીકરણ છે. કાળમાયા તથા પરમધામ કરતાં વૃંદાવન શી રીતે અલગ પડે છે તથા કાળમાયા, યોગમાયા તથા પરમધામ વચ્ચેનો તાત્ત્વિક ભેદ પણ સમજવા જેવો છે. વ્હાલાજી તેમજ સખીઓના અતિસુંદર દિવ્યસ્વરૂપ તથા શ્રી જમુનાજી આ સર્વે પરમધામ તેમજ આ કાલમાયાના બ્રહ્માંડથી બિલકુલ ભિન્ન યોગમાયાના અખંડ બ્રહ્માંડમાં સ્થિત છે તથા તે સર્વે યોગમાયિક - નૂરી છે. હવે, સુરમ્ય વૃંદાવનમાં આનંદની વિવિધ રામતો રમવા માટે શ્રી ઈન્દ્રાવતીજી અતિ ઉત્સુક બની ગઈ છે. સાથોસાથ સૌ સખીઓ પણ સ્વાદિષ્ટ વનફળ આરોગી પ્રફૂલ્લિત મને તૈયાર છે.*

**આવો સખી! ચાલો, તમને વૃંદાવનની શોભા તથા આનંદનો અનુભવ કરાવું. જુઓ! સંપૂર્ણ વન કેટલી અદ્‌ભુત રીતે અનેક પ્રકારનાં ફળ, ફૂલ, આયુર્વેદિક વનસ્પતિ, વૃક્ષ, વેલ, શાકભાજી, કંદમૂળ આદિથી શોભાયમાન થઈ રહ્યું છે. જુઓ તો ખરાં! વેલોએ વૃક્ષોને કેવી અદ્‌ભુત કળાથી ઢાંકી દીધાં છે - જાણે રંગ બેરંગી ફૂલોના મહેલ જ જોઈ લો! સંપૂર્ણ વૃંદાવન મધુર ફળોથી ઝૂમી રહ્યું છે અને ફૂલોની સુગંધથી મહેંકી રહ્યું છે. યમુનાજીના બંને કિનારાઓ વનની રંગ-બેરંગી ફળ, ફૂલ તથા પાનથી આચ્છાદિત ડાળીઓથી ઢંકાઈ ગયાં છે. વનની ડાળીઓ યમુનાજીના જળ ઉપર લટકી રહી છે. સંપૂર્ણ જમુનાજીનો કિનારો અનેક પ્રકારનાં રંગબેરંગી વૃક્ષોથી આચ્છાદિત થઈ ગયો છે. દર્પણ સમાન**

જમુનાજીનાં નિર્મળ જળનો પ્રવાહ મધ્યમાં વેગીલો તથા તેમાં ઊંડી ઊંડી ભમરીઓ ઉઠી રહી છે. ઉજ્જવળ સફેદ રેતીથી વૃંદાવન ઝળહળી રહેલ છે. પૂર્ણ કળાનો શીતલ ચંદ્રમા ધરતીને પ્રકાશિત કરી રહ્યો છે. ભ્રમર, કોયલ, પોપટ, મેના આદિના મધુર ધ્વનિથી તથા ચકોર, મોર આદિ પક્ષીઓની અદ્‌ભુત રમતોથી સંપૂર્ણ વૃંદાવન ઝૂમી ઉઠ્યું છે. કસ્તુરીમૃગ વનમાં દોડી દોડીને સર્વત્ર કસ્તુરીની સુગંધ પ્રસરાવી રહ્યાં છે.

આવા સુરમ્ય વૃંદાવનમાં આનંદની વિવિધ રામતો રમવા માટે શ્રી ઈન્દ્રાવતીજી અતિ ઉત્સુક બની ગઈ છે. સૌ સખીઓએ પ્રફૂલ્લિત મને સ્વાદિષ્ટ વનફળો આરોગ્યાં. આમ, વ્હાલાજીએ સખીઓને વૃંદાવનનાં દર્શન કરાવ્યાં. હે સાથજી! વ્હાલાજી તેમજ સખીઓના અતિસુંદર દિવ્યસ્વરૂપ તથા શ્રી જમુનાજી - આ સર્વે આપણા મૂળઘર પરમધામ તેમજ આ કાળમાયાના બ્રહ્માંડથી બિલકુલ ભિન્ન યોગમાયાના અખંડ બ્રહ્માંડમાં સ્થિત છે. તે સર્વે યોગમાયિક નૂરથી પરિપૂર્ણ છે. સાથજી! શ્રી તારતમજ્ઞાનના પ્રકાશમાં આ યોગમાયિક લીલાનો ભેદ સ્પષ્ટ થઈ જાય છે.

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૧૦ - શ્રી વૃંદાવન દેખાડ્યૂં છે**

*રાગ ધનાશ્રી*

**જીવન સખી વૃંદાવન રંગ જોઈએજી, જોઈએ અનેક રંગ અપાર ।**
**વિગતે વન દેખાડૂં તમને, મારા સુંદરસાથ આધાર ॥૧॥**

**આંબા આંબલિયો ને આસોપાલવ, અંજીર ને અખોડ ।**
**અનનાસ ને આંબલિયો દીસે, ચારોલી ચંપા છોડ ॥૨॥**

**સાગ સીસમ ને સેમલા સરગૂ, સરસ ને સોપારી ।**
**સૂફ સૂકડ ને સાજડિયા, અગર ઊંચો અતિ ભારી ॥૩॥**

**વડ પીપલ ને વાંસ વેકલા, બોલસરી ને વરણા જી ।**
**કેવડી કેલ કપૂર કસૂંબોં, કેસર ઝાડ અતિ ઘણા જી ॥૪॥**



D:\Pranam/Chitvani/78

**મેહેદી નેવરી ને મલિયાગર, દાડમ ડોડંગી ને દ્રાખ ।**
**બીયો બદામ ને બીલી બિજોરો, રુદ્રાખ ને ભદ્રાખ ॥૫॥**

**પીપલી પારસ ને પારજાતક, સાલે ને સીસોટા જી ।**
**ફણસ તૂત ને તીન તેવરિયાં, તાડ છે અતિ મોટા જી ॥૬॥**

**રાયણ રોઇણ ને રામણ રાયસણ, લિંબડા લિંબોઈ લવંગ ।**
**તજ તલસી ને આદૂ એલચી, વાલે અતિ સુગંધ ॥૭॥**

**કેવડો કાથો ને કપૂર કાચલી, ભરણી ને ભારંગી ।**
**સેવણ સેરડી સૂરણ સિગોંટી, નાલિયરી ને નારંગી ॥૮॥**

**અરણી ઊંમર વેહેડા દીસે, જાંબૂ ને વલી જાલ ।**
**ગૂંદી ગૂંદા ગુંગલ ગંગોટી, ગહુલા ને ગિરમાલ ॥૯॥**

**ઉંવરો અગથિયા ને આંબલિયો, અકલકરો અમૃત જી ।**
**કરમદી ને કગર કરંજી, કદમ છે અદભુત જી ॥૧૦॥**

**બૂંદ બકાન ને કોઠ કરપટા, નિગોડ ને વલી નેત્ર ।**
**મરી પાનરી ને વલી મરૂઓ, અકોલ ને આંકસેત્ર ॥૧૧॥**

**કમલકાકડી ને ઝાડ ચીભડી, બોરડી ને વલી બહેડા ।**
**હિરવણ હીમજ હરડે મોટી, મોહોલા ને વલી મહૂડા ॥૧૨॥**

**ધામણા ધાવડી ને વરીયાલી, સફલ જલ ભોજ પત્ર ।**
**ખસખસ ફૂલ દીસે એક જુગતે, છોત્રા ઊપર છત્ર ॥૧૩॥**

**માયા મસ્તકી ને વરસ બડબોહોની, સકરકંદ સંદેસર ।**
**કરોડ ભરોડ ને પલાસી, અકથ ને આક સુંદર ॥૧૪॥**

**ટેવરૂં કુંદરૂ ને કબોઈ, કાંકસી ને કલૂંબ ।**
**ખેજડ ખજૂરી ને ખાખરા દીસે, કેસૂ તણી અતિ લૂંબ ॥૧૫॥**

પરવતી પરવાલી ને પાડર, પાન વેલ અતિ સાર ।
આલ અકોલ ને બેર ઉપલેટા, દુધેલા ને દેવદાર ॥૧૬॥

ચંબેલી ને ચની ચણોઠી, ચંદ્રવંસી ચોલી ને ચીભડી ।
ગલકી ને ગિસોટી ગોટા, ગુલબાંસ ને ગુલપરી ॥૧૭॥

જાઈ જૂઈ ને જાસૂ જાયફલ, જાએ ને જાવંત્રી ।
સૂરજવંસી ને સણગોટી, સૂઆ ને સેવંત્રી ॥૧૮॥

કોલી કાલંગી ને કારેલી, તુંબડી ને તડબૂચી ।
કોઠવડી ને ચનકચીભડી, ટિંડુરી ને ખડબૂચી ॥૧૯॥

ગુલાબી ને કફી ડોલરિયા, દૂધેલી ને દોફારી ।
કમલ ફૂલ ને કનીચલ કેતકી, મોગરેમાં ઝરમરી ॥૨૦॥

ઓલિયા વાલોલિયા ને પરવાલિયા, ઇસક ફાગ વેલ સાર ।
આરિયા તો અતિ ઉત્તમ દીસે, જાણે કલંગે રંગ પ્રતકાલ ॥૨૧॥

સહેસ્ત્ર પાંખડીનો દમણો દીસે, સોવરણ ફૂલી મકરંદ ।
વન સિણગાર કીધો વેલડિએ, જુજવી જુગતનાં રંગ ॥૨૨॥

સાક ફલ અંન અનેક વિધના, કંદમૂલ માંહેં સાર ।
સારા સ્વાદ જુજવી જગતના, વન ફલિયાં રે અપાર ॥૨૩॥

વન ઊપર વેલડિયો ચઢિયો,જો જો તે આ નિકુંજ ।
મંદિરના જેમ જુગતેં દીસે, માંહેં અનેક વિધના રંગ ॥૨૪॥

બૃધ આડી તરવર ની ડાલો, જુગતેં વન કુલંભ ।
ભોમ ઊપર ઊભા ફલ લીજે, એમ કેટલી કહૂં એહ સનંધ ॥૨૫॥

બીજી વિધ વિધની વનસ્પતી મૌરી, કેટલા લઊં તેના નામ ।
જમુનાજી ના ત્રટ ઘણૂં રૂડા, રૂડા મોહોલ બેસવા ના ઠામ ॥૨૬॥



D:\Pranam/Chitvani/79

બેહૂ કાંઠે વનસ્પતિ દીસે, ઝલૂબે ઊપર જલ ।
નેહેચલ રંગ સદા વિધ વિધના, એ વન છે અવિચલ ॥૨૭॥

કાંઠે જલ ઊપર વેલડિયો, તેમાં રંગ અનેક ।
ફૂલડે જલ છાહ્યું છે જુગતે, વિધ વિધના વિસેક ॥૨૮॥

જમુનાજીના જલ જોરાવર, મધ્ય વહે છે નીર ।
વહેતાં જલ વલે રે ખજૂરિયા, દરપણ રંગ જાણો ખીર ॥૨૯॥

વૃંદાવન ફૂલ્યૂં બહુ ફૂલડે, સોભા ધરે અપાર ।
વન ફલ ઉત્તમ અતિ ઘણૂં ઊંચા, કુસમ તણા વેહેકાર ॥૩૦॥

રેત સેત સોભા ધરે, વૃંદાવન મંઝાર ।
સકલ કલાનો ચંદ્રમા, તેજ ધરા ધરે અપાર ॥૩૧॥

ગૂંજે ભમરા સ્વર કોયલના, ઘૂમે કપોત ચકોર ।
સૂડા બપૈયા ને વલી તિમરા, રમે તે વાંદર મોર ॥૩૨॥

માંહેં તે મૃગ કસ્તૂરિયા, પ્રેમલ કરે અપાર ।
બીજા અનેક વિધના પસુ પંખી, તે રમે રામત અતિ સાર ॥૩૩॥

છૂટક થડ ને ઘાટી છાયા, રમવાના ઠામ અતિ સાર ।
ઇંદ્રાવતીબાઈ અતિ ઉછરંગે, આચત કરે અપાર ॥૩૪॥

આરોગ્યાં વન ફલ સ્વાદે, જલ જમુના ત્રટ સાર ।
વૃંદાવન વાલે જુગતેં દેખાડ્યૂં, આગલ રહી આધાર ॥૩૫॥

એહ સરૂપને એહ વૃંદાવન, એ જમુના ત્રટ સાર ।
ઘરથી તીત બ્રહ્માંડથી અલગો, તે તારતમે કીધો નિરધાર ॥૩૬॥

*પ્રકરણ-૧૦, ચૌપાઈ-૪૧૧*

## રાસ – ૧૦ વાણીમંથન પ્રશ્નાવલિ

*૧૦.૧ 'ઉથલા વચન' દ્વારા સખીઓની પરીક્ષા લઈ વ્હાલાજી તેમને સૌને*

*વૃંદાવનની સૈર કરાવે છે. વ્હાલાજીએ કઈ કઈ લાયકાતો તપાસીને સખીઓને વૃંદાવન બતાવ્યું?*

*૧૦.૨ વૃંદાવનની શોભાનું સંક્ષિપ્ત વર્ણન કરો.*

*૧૦.૩ વૃંદાવન ક્યાં આવેલ છે? કયા તત્ત્વનું બનેલ છે? ત્યાંનાં સ્વરૂપો કયા તત્ત્વથી બનેલાં છે? કાળમાયા તથા પરમધામ કરતાં વૃંદાવન શી રીતે અલગ પડે છે?*

*૧૦.૪ કાળમાયા, યોગમાયા તથા પરમધામ વચ્ચેનો તાત્ત્વિક ભેદ સ્પષ્ટ કરો.*

## શ્રી રાસ પ્રકરણ – ૧૧ : વાલે વેખ લીધો રળિયામણો

***પ્રકરણ સાર :-*** *પ્રકરણ-૧૧થી૪૭માં રાસલીલાની વિવિધ પ્રકારની ૩૭ રામતોનું આબેહૂબ વર્ણન છે. હવે, આ પહેલી વેશની રામતમાં વૃંદાવન મધ્યે પ્રફુલ્લિત સખીઓ વ્રજલીલાથીયે વિશેષ આનંદલીલાનાં સ્વપ્નો જોવા લાગી ત્યારે ઈન્દ્રાવતી સૌની સમક્ષ વ્હાલાજીના ગળામાં હાથ નાખી આનંદે લીલા કરવાનો પ્રસ્તાવ મૂકે છે. રાસની રામતો રમવા તૈયાર વ્હાલાજીનાં વસ્ત્રાભૂષણ તેમજ મુખારવિંદની શોભાનું ચિંતન કરી વ્હાલાજીએ જે નટવરનો વેષ લીધો તેનો ભાવ તારતમના પ્રકાશમાં સમજવા જેવો છે. આ રામતમાં શ્રી ઈન્દ્રાવતીજી હજુ પોતાના દિલની વાત અન્ય સખીઓને કહે છે તે સમયે જ તુરંત વ્હાલાજીએ તેમની ઈચ્છાપૂર્તિ કરી દીધી! તો તે શી રીતે? ઈન્દ્રાવતીના નેતૃત્વ સંબંધી ગુણ પર ચિંતન કરવા યોગ્ય છે.*

વૃંદાવનની શોભા તથા વ્હાલાજીના આકર્ષક સ્વરૂપને નિરખી સખીઓમાં આનંદનો જોશ છલકાવા લાગ્યો. તેમને વિવિધ પ્રકારની અવનવી રામતો રમવાના કોડ પેદા થવા લાગ્યા. વ્હાલાજીનાં વસ્ત્રાભૂષણ અતિ સુંદર મનમોહક છે. તેમનો વેશ વિશેષ રૂપે નાચવા કૂદવા માટે ઉચિત હોય એવો જ બનેલો છે. સખીઓ વ્રજલીલાથીયે વિશેષ આનંદલીલાનાં સ્વપ્નાં જુએ છે.



D:\Pranam/Chitvani/80

ઈન્દ્રાવતી કહે છે, "ચાલો સખીઓ! આપણે વ્હાલાજીના ગળામાં હાથ નાખી આનંદે લીલા કરીએ." એટલામાં તો વ્હાલાજી સામેથી આવી સખીઓને પૂછે છે, "સખીઓ! કહો, કઈ રામત રમીશું? તમારી જે ઈચ્છા હોય તે ખુલ્લા દિલે કહો. આપ તો મારા 'જીવનાં જીવન' છો. આપ સૌ જેવું કહેશો તેવું હું કરીશ." અતિ ઉમંગમાં ઘેલી બનેલી ઈન્દ્રાવતી સૌ સખીઓનું પ્રતિનિધિત્વ કરતાં રાસની બેસુમાર રામતો રમાડવા માટે વ્હાલાજીને વિનંતી કરી આમંત્રિત કરે છે : વ્હાલાજી! ચાલો રાસ-રસ માણીએ.

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૧૧**

*રામત પેહેલી - રાગ કાલેરો*

**વાલે વેખ લીધો રલિયામણો, કાંઈ કરસૂં રંગ વિલાસ ।**
**આયત છે કાંઈ અતિ ઘણી, વાલો પૂરસે આપણી આસ ।**
**સખીરે હમ ચડી ॥૧॥**

**વૃંદાવન તો જુગતે જોયૂં, સ્યામ સ્યામાજી સાથ ।**
**રામત કરસૂં નવ નવી, કાંઈ રંગ ભર રમસૂં રાસ ॥૨॥**

**સખી માંહોં માંહેં વાત કરે, આજ અમે થયા રલિયાત ।**
**વેખ નિરખીને નેત્ર ઠરે, આજ કરસૂં રામત નિઘાત ॥૩॥**

**વેખ નવાનો વાગો પેહેર્યો, તેડ્યા વૃંદાવન ।**
**મસ્તક મુકટ સોહામણો, વેખ લ્યાવ્યા અનૂપમ ॥૪॥**

**ભલી ભાંતના ભૂખણ પેહેર્યા, વેણ રસાલજ વાય ।**
**સાથ સકલમાં આવીને ઊભો, કરસૂં રામત ઉછાય ॥૫॥**

**તેવા ભૂખણ ને તેવો વાગો, નટવરનો લીધો વેખ ।**
**ઘણાં દિવસ રામત કીધી, પણ આજ થાસે વસેખ ॥૬॥**

રાસ રમવાને વાલેજી અમારે, આજ કીધો ઉછરંગ ।
નેંણે જોઈ જોઈ નેહ ઉપજાવે, વારી જાઊઁ મુખારને વિંદ ॥૭॥

સખી ઇંદ્રાવતી એમ કહે, ચાલો જૈએ વાલાજી ને પાસ ।
કંઠ વલાઈ મારા વાલાજી સંગે, કીજે રંગ વિલાસ ॥૮॥

એવી વાત સાંભલતાં વાલેજી અમારે, આવીને ગ્રહી મારી બાંહેં ।
કહો સખી પેહેલી રામત કેહી કીજે, જે હોય તમારા ચિત માંહેં ॥૯॥

સખિયો મનોરથ હોય તે કેહેજો, રખે આણો ઓસંક ।
જેમ કહો તેમ કીજિએ, આજ કરસૂં રામત નિસંક ॥૧૦॥

પૂરૂં મનોરથ તમતણાં, કરાર થાય જીવ જેમ ।
સખી જીવન મારા જીવ તમે છો, કહો કરૂં હૂં તેમ ॥૧૧॥

રાસની રામત અતિ ઘણી, અનેક છે અપાર ।
સઘલી રામત સંભારીને, અમને રમાડો આધાર ॥૧૨॥

અમે રંગ ભર રમવા આવિયાં, કાંઈ કરવા વિનોદ હાંસ ।
ઉત્કંઠા અમને ઘણી, તમે પૂરો સકલની આસ ॥૧૩॥

અમે અવસર દેખી ઉલાસિયો, કાંઈ અંગડે અતિ ઉમંગ ।
કહે ઇંદ્રાવતી અમને, તમે સહુને રમાડો સંગ ॥૧૪॥

*પ્રકરણ-૧૧, ચૌપાઈ-૪૨૫*

### રાસ - ૧૧ વાણીમંથન પ્રશ્નાવલિ

*૧૧.૧ રાસની રામતો રમવા તૈયાર વ્હાલાજીના વસ્ત્રાભૂષણ તેમજ મુખારવિંદની શોભાનું સંક્ષિપ્ત વર્ણન કરો. "નટવર નો લીધો ભેખ"નો ભાવ સ્પષ્ટ કરો.*

*૧૧.૨ શ્રી ઈન્દ્રાવતીજી પોતાના દિલની વાત અન્ય સખીઓને હજી તો કહે છે કે તુરંત વ્હાલાજીએ તેમની ઈચ્છાપૂર્તિ કરી દીધી! શી રીતે? ઈન્દ્રાવતીના નેતૃત્વ સંબંધી ગુણ પર ચિંતન કરો.*



D:\Pranam/Chivani/81

## શ્રી રાસ પ્રકરણ – ૧૨ : મારે વાલૈએ કરી ઉમંગ

હવે, પ્રથમ રાસ રામતનો પ્રારંભ થાય છે. શ્રી ઈન્દ્રાવતીજી કહે છે કે આજે મારો વાલૈયો અતિ ઉમંગભેર સર્વે સખીઓને પોતાની નિકટ બોલાવી તેમને અવનવા રંગે અદ્ભૂત લીલા રમાડી સૌની ઈચ્છાની પરિપૂર્તિ કરવા જઈ રહ્યો છે. પૂર્ણિમાની ચાંદની રાત તથા નૂતન આભૂષણોના મધુર ધ્વનિથી પૂર્ણતઃ નાવિન્ય ધારણ કરી શોભતું વૃંદાવન, અલમસ્ત અંગે આનંદવિનોદમાં તલ્લીન સખીઓ, વચ્ચે વચ્ચે વ્હાલાજીની બંસીનો નાદ - આ સર્વેથી આનંદમાં અનેકગણી વૃધ્ધિ અનુભવાઈ રહી છે. કોઈપણ પ્રકારની લાજ કે શરમ છોડી સૌ અલમસ્ત અંગે આનંદવિનોદમાં તલ્લીન બન્યાં છે. સખીઓને જેવી વ્હાલાજીના અધરામૃતનું પાન કરવાની ઈચ્છા થાય છે કે તરત જ વ્હાલાજી તે સૌને પોતાની બાંહોમાં ખેંચી લઈ તેની પરિપૂર્તિ કરે છે. શ્રી ઈન્દ્રાવતીજી વ્હાલાજી સંગે વિવેકપૂર્ણ રીતે અવનવા દાવપેચ રમી રહ્યાં છે.

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૧૨

*ચરચરી*

મારે વાલૈએ કરી ઉમંગ, સખી સર્વે તેડી સંગ ।
રમાડે નવ નવે રંગ, અદભુત લીલા આજ રી ॥૧॥

સખિયો મલી સંઘાત, સોભિત ચાંદની રાત ।
તેજ ભૂખણ અખ્યાત, મીઠે સ્વરે બાજ રી ॥૨॥

જોતાં જોત વૃંદાવન, અંગે રંગ ઉતપન ।
સામગ્રી સખી જીવન, નવલો સર્વે સાજ રી ॥૩॥

અંગે સહુ અલવેલ, કરે રે રંગના રેલ ।
વિલાસ વિનોદ હઁસ ખેલ, લોપી રમે લાજ રી ॥૪॥

વચે વચે વાએ વેણ, રંગ રસ ખિણ ખિણ ।
ઉપજાવે અતિ ઘણ, પૂરવા પૂરણ કાજ રી ॥૫॥

રમવું ઉનમદપણે, વાલાજી સૂં રંગ ઘણે ।
કર કંઠ ધણી તણે, વિલસૂં સંગે રાજ રી ॥૬॥

વાણી તો બોલે મધુર, કરસૂં ગ્રહી અધુર ।
પિએ વાલો ભરપૂર, રાખી હૈડા માંઝ રી ॥૭॥

રમતી ઇંદ્રાવતી, ઘાતો ઘણી લ્યાવતી ।
વાલૈયા મન ભાવતી, મુખમાં મરજાદ રી ॥૮॥

પ્રકરણ-૧૨, ચૌપાઈ-૪૩૩

## શ્રી રાસ પ્રકરણ – ૧૩ : વાલૈયો રમાડે રે

વાલૈયો અમને અવનવા રંગે રામતો રમાડી રહ્યો છે. જેમ જેમ રમીએ છીએ તેમ તેમ સૌનો ઉમંગ અનેક રીતે વૃધ્ધિ પામી રહ્યો છે. સૂર્ય સમા વ્હાલાજી તથા કિરણો સમાન સખીઓના મિલનથી જાણે મંગલ પ્રભાત થતું હોય એમ વૃંદાવન પ્રકાશિત થઈ રહ્યું છે. વ્હાલાજી સખીઓના શૃંગારને અતિ પ્રેમપૂર્વક એવા ભાવે નિરખી રહ્યા છે કે જાણે તે શૃંગાર મૂળ પરમધામનો જ ના હોય! સાથજી! તારતમજ્ઞાન વિના કોઈનેય કાળમાયા, યોગમાયા અને પરમધામના ભેદો સમજાતા નથી. સૌ પ્રસન્નતાપૂર્વક તન-મનથી એકરસ બની મસ્તીભર્યા મુખે તથા ચતુરાઈપૂર્ણ ચાલે એવું તો મહાલી રહ્યા છે કે જાણે પ્રેમ અને મસ્તીનો સાગર ન ઉમટી પડ્યો હોય! વ્હાલાજીના પ્રેમમાં દિવાની સખીઓ તેમના ગળામાં હાથ નાંખી મુક્ત તથા મધુર સ્વરે સામુહિક ગાન કરી રહી છે. તેના ગુંજનથી વૃંદાવનનું સંપૂર્ણ વાતાવરણ આનંદિત છે. તેમાં સખીઓ સુગંધીનો છંટકાવ કરી રહી છે. સખીઓના આનંદ તથા જોશનો કોઈ પાર નથી રહ્યો. શ્રી ઈન્દ્રાવતીજી પણ વ્હાલાજીનું આલિંગન લઈ અધરામૃત પીને તૃપ્તિનો અનુભવ કરી રહી છે.



D:\Pranam/Chitvani/82



રાગ ધન્યાસરી

વાલૈયો રમાડે રે, અમને નવ નવે રંગ ।
જેમ જેમ રમિએ રે, તેમ તેમ વાધે રે ઉમંગ ॥૧॥

સકલ મલિયો રે સાથ, સોભે વાલૈયા સંઘાત ।
જાણિએ ઉદયો પ્રભાત, તિમર ભાજિયો રાત, સોહે વૃન્દા રે વન ॥૨॥

ભૂખણ ઝલહલકાર, નંગ તો તેજ અપાર ।
જોત તો અતિ આકાર, વસ્તર સોહે સિણગાર, મોહે વાલો રે મન ॥૩॥

સિણગાર સર્વે સોહે, વાલોજી ખંત કરી જુએ ।
જાણિએ મૂલગાં રે હોય, તારતમ વિના નવ કોય, જાણેં એહ રે ધન ॥૪॥

વાલોજી અતિ ઉલાસ, મન માંહેં રલિયાત ।
પૂરવા સુન્દરીની આસ, મરકલડે કરે હૅંસ, ઉલટ ઉતપન ॥૫॥

સુખ તો વાલાજીને સંગ, અરધાંગ લિએ રે અંગ ।
જુવતી કરતી જંગ, રમે નવ નવે રંગ, ઘણૂં જસન ॥૬॥

સુન્દરી વલ્લભ બંને, કરે ઇછા મન ગમે ।
રીસ તો કોએ ન ખમે, નીચ તો ભાખે ન નમે, બોલે બલ તન ॥૭॥

ચાલતી ચતુરા રે ચાલ, મુખ તો અતિ મછરાલ ।
સોહંતી કટ લંકાલ, ચઢતી જાણે ઘંટાલ, પ્રેમ કામ સિંધ ॥૮॥

છેલાઇએ અતિ છેલ, વલ્લભ સંઘાતે ગેહેલ ।
પ્રેમ તો પૂરો ભરેલ, સ્યામ સંગે રંગ રેલ, વાલે બાંહોંડી રે બંધ ॥૯॥

વાણી તો બોલે વિસાલ, રમતી રમતિયાલ ।
કંઠ તો ઝાકઝમાલ, અંગ તો અતિ રસાલ, સોહંતી રે સનંધ ॥૧૦॥

**ગાવતી સુચંગ રંગ, આણતી અતિ ઉમંગ ।**
**સ્વર એક ગાય સંગ, અલબેલી અતિ અંગ, વાસ્નાઓ સુગંધ ॥૧૧॥**

**વલ્લભ કંઠ વલાય, લિએ રંગ ધાય ધાય ।**
**રામત કરે સવાય, પાછી નવ રાખે કાય, ઊભી રહે રે ઉકંધ ॥૧૨॥**

**ઇંદ્રાવતી અંગે આપ, વાલાજીસું કરે વિખ્યાત ।**
**મુખતો મેલે સંઘાત, અમૃત પિએ અઘાત, સુખ તો લિએ રે સુન્દર ॥૧૩॥**

*પ્રકરણ-૧૩, ચૌપાઈ-૪૪૬*

## શ્રી રાસ પ્રકરણ – ૧૪ :
## આવો રે સખીઓ આપણ હમચી ખૂંદિયે

*પ્રકરણ સાર :- આ પ્રકરણમાં હમચી કે હમચડી ખૂંદવાની, અર્થાત્ ઉછળવા, કૂદવા, હસવા, પ્રેમ વિનોદમાં મુક્ત સ્વરે ગાવાની રામતનું વર્ણન છે. હમચીની રામતમાં સખીઓ સમુદ્રની લહેરોની માફક ઉમંગમાં ઉછળતી ઉછળતી વ્હાલાજી પાસે ધસી આવે છે. અરે સખીઓ! આવો, ચાલો, હમચી ખૂંદીએ. અર્થાત્, ઉછળીયે, કૂદીએ, હસીએ, પ્રેમવિનોદમાં મુક્ત સ્વરે ગાઈએ; સાથે સાથે હાથતાળી પણ વગાડીએ. રાસની આ લીલાનો રસ અપૂર્વ છે. જેમ જેમ સખીઓ તેમાં જોડાતી જાય છે તેમ તેમ આનંદરસ વૃધ્ધિ પામતો જાય છે. પ્રેમાળ વચનોને ગાઈ તેનો ભાવ હૃદયમાં ગ્રહણ કરી પુનઃ વ્હાલાજી સાથે સખીઓ રમી રહી છે અને ત્રિવિધે કરીને એટલે કે અધરામૃત પાન, ચુંબન તથા બાંહોમાં બાંહો નાખી આનંદનાં ગીતો ગાઈને આનંદ લૂંટી રહી છે. આ શબ્દાતીત સુખનો આનંદ લઈ શ્રી ઈન્દ્રાવતીજી કહી રહી છે, "હે સાથજી! આપણે જેટલાં પણ વચનો ભાવપૂર્વક ગાયાં, તે સર્વ ભાવનાઓને વ્હાલાજીએ કાર્યાન્વિત કરી અમને અનેક વિધ સુખ આપ્યાં."*



D:\Pranam/Chitvani/83



*રાગ શ્રી કાલેરો*

**આવો રે સખિયો આપણ હમચી ખૂંદિએ, વાલાજીને ભેલા લીજે રે ।**
**રામત કરતાં ગીતજ ગાઇએ, હાંસ વિનોદ રંગડા કીજે રે ॥૧॥**

**મારા વાલૈયા એ રામત ઘણૂં રૂડી, હમચડી રલિયાલી રે ।**
**કાલેરામાં કંઠ ચઢાવી, ગીત ગાઇએ પડતાલી રે ॥૨॥**

**હમચડીનો અવસર આવ્યો, આગે કહ્યૂં નહીં અમે તમને રે ।**
**એવો સમયો અમને ક્યાંહે ન લાધો, હામડી રહીતી અમને રે ॥૩॥**

**જે રસ છે વાલા હમચડીમાં, તે તો ક્યાંહે ન દીઠો રે ।**
**જેમ જેમ સખિયો આવે અધકેરી, તેમ તેમ દિએ રસ મીઠો રે ॥૪॥**

**વચન સર્વે ગાઇએ પ્રેમના, તેના અર્થ અંગમા સમાય ।**
**તે તા અર્થ પ્રગટ પાધરા, હસ્તક વાલા સંગ થાય ॥૫॥**

**અમૃત પીજે ને ચુમન દીજે, કંઠડે વાલાને વલાઇએ ।**
**હમચડીમાં ત્રણ રસ લીજે, રેહેસ રામતડી ગાઇએ ॥૬॥**

**એ રામતમાં વિલાસ જે કીધા, તે કેહેવાય નહીં મુખ વાણી રે ।**
**સર્વે સુખડા લઈ કરીને, રહ્યા રૂદયામાં જાણી રે ॥૭॥**

**જેટલા વચન ગાયા અમે રમતા, તે સર્વેના સુખ લીધાં ।**
**કહે ઇંદ્રાવતી કેમ કહૂં વચને, અનેક સુખ વાલે દીધાં ॥૮॥**

*પ્રકરણ-૧૪, ચૌપાઈ-૪૫૪*

## શ્રી રાસ પ્રકરણ – ૧૫ :
## વાલા આપણ રમીએ આંખ મિચામણી

**પ્રકરણ સાર :-** *હવે, આત્માઓ વ્હાલાજી સાથે અતિ મનોહારી નિકુંજનાં મંદિરોમાં અલગઅલગ જગ્યાએ સંતાઈને આંખમિંચામણીની રામત રમવાનું સુખ લે છે. આંખ મિચામણીની રામત શી રીતે રમાઈ? કોણે પ્રથમ દાવ લીધો? કેમ? કોણે થપ્પો મારી દીધો? વ્હાલાજીએ કોને પહેલાં પકડી લીધાં? બીજો દાવ કોણે લીધો? બીજા દાવમાં કોણ પકડાયું? આ રામતમાં સખીઓ, ઈન્દ્રાવતીજી, શ્યામાજી તથા વ્હાલાજી આ સર્વેની વિવિધ મનોવૃત્તિનું નિરીક્ષણ કરવા જેવું છે. શ્યામાજી વટપૂર્વક કહે છે કે, હે વ્હાલાજી! હું શું રામત રમવાનું નથી જાણતી? મારા બદલે તમારે શા માટે દાવ દેવો? આપ કાંઈ મર્યાદા ન રાખશો, ખુલ્લા મનથી રમજો!*

હે વ્હાલાજી! ચાલો, અતિ મનોહારી નિકુંજનાં મંદિરોમાં અલગઅલગ જગ્યાએ સંતાઈને આપણે આંખમિંચામણીની રામત રમીએ. ‘‘પરંતુ પ્રથમ દાવ કોણ લેશે?’’ એ પ્રશ્ન ઉઠતાં જ સૌ સખીઓ બોલી ઊઠી, ‘‘વ્હાલાજી પ્રથમ દાવ દેશે. કારણ કે, જો આપણે પહેલો દાવ લઈશું તો એ ‘ધૂતારો’ આપણાથી ઝલાશે નહીં!’’ ઈન્દ્રાવતીજી કહે છે, ‘‘વ્હાલાજી, આપ આવો. હું આપની આંખો બંધ કરી દઉં, જેથી સર્વે સખીઓ સંતાઈ શકે. પછી આપ સ્વયં આપની આંખો બરાબર બંધ કરી રાખજો. જેથી હું પણ સંતાઈ શકું. પછીથી તમે અમને શોધજો.’’ ત્યારબાદ, સૌ સખીઓને સતર્ક કરતાં ઈન્દ્રાવતી કહે છે, ‘‘હે સખીઓ! તમે ચૂપચાપ છુપાઈ રહેજો. રખે, તમારાં આભૂષણોનો અવાજ આવે! ચાલાકીથી કાંઈપણ બોલ્યા વિના સંતાઈ રહેજો, કારણ કે વ્હાલાજી તો અતિ મંદમંદ અવાજને પણ સાંભળી લે છે; માટે રખે, હાંસીના પાત્ર થતા. જો વ્હાલો એક તરફથી આવે, તો તમે બીજી તરફથી ધીરેથી નીકળી જઈ થપકી મારવા દોડી જજો. વ્હાલાજીનો દાવ ચાલુ રહેશે તો ઘણો આનંદ આવશે. પણ જો ભૂલેચૂકેય આપણે પકડાઈ જઈશું, તો પછી તે આપણી



D:\Pranam/Chitvani/84

પકડમાં આવશે જ નહીં.’’

રામત શરૂ થઈ. વ્હાલાજી એક તરફ ગયા તો સમયસૂચકતા વાપરી ઈન્દ્રાવતીજી અને બીજી કેટલીક સખીઓ નિકુંજવનમાંથી નીકળીને નિર્ધારિત જગ્યા કે પાળી પર જઈ થપકી મારી આવી. પરંતુ, બીજીતરફ વ્હાલાજીએ સિફતપૂર્વક શ્યામાજીને પકડી પાડ્યાં. પણ વ્હાલાજીએ પુનઃ શ્યામાજીના સાટે પોતે દાવ દેવાની તૈયારી બતાવી. તો શ્યામાજી બોલી ઊઠ્યાં, ‘‘હે વ્હાલાજી! હું શું રમત રમવાનું નથી જાણતી? મારા બદલે શા માટે તમારે દાવ દેવો? આપ કાંઈ મર્યાદા ન રાખશો. ખુલ્લા મનથી રમજો.’’

રમવા માટે શ્યામાજી આંખો મિંચીને ઉભાં ને સખીઓ તથા વ્હાલાજી વનમાં સિફતપૂર્વક સંતાઈ ગયાં. પણ શ્યામાજી તો પોતાનો દાવ આપવા એવાં તો ઉત્તેજીત તથા સતર્ક બની ગયાં હતાં કે તેમણે અદ્‌ભૂત રીતે કૂદકો મારીને વ્હાલાજીને એક જ ઝપાટામાં પકડી પાડ્યા! આમ, નિકુંજવનમાં અતિ આનંદકારી રામત રમાઈ રહી.

સુંદરસાથજી! આ રામતમાં પરમધામના કુંજવનની દોડ-પકડની લીલાનો ઈશારો હોય તેવું લાગે છે. પરમધામમાં આ રામત રમતાં સૌ સખીઓ શ્રી રાજજીની ઉપર ઢગલો બની પડે છે અને તેમને દબાવી દે છે. કદાચ બસ આ જ સમયે શ્રી રાજજીએ પોતાની બાદશાહી તથા ઈશ્કનો મહિમા સખીઓને બતાવવાની વાત પોતાના દિલમાં લીધી. આમ, પરમધામની આ રામતના ફળ સ્વરૂપે આપણને યોગમાયા તથા જાગણીના બ્રહ્માંડના ખેલની રામતોનો લાભ મળ્યો. સખીઓ પરમધામ અને રાસની રામત પ્રમાણે જ જાગણીના બ્રહ્માંડમાં પણ જુદી જુદી જગ્યાએ છુપાઈ ગઈ છે. આ વખતે પણ શ્યામાજીએ શ્યામજીના મંદિરમાં વ્હાલાજીને પકડી પાડ્યા અને વ્હાલાજી સાથે બધી સખીઓને શોધી લાવવાની ઈચ્છા પણ કરી. આ સંસારના અડાબીડ જંગલમાં ગુમ થયેલી સખીઓને શોધવા માટે યુગલસ્વરૂપ શ્રી ઈન્દ્રાવતીજીના તનમાં બિરાજે છે ત્યારે ઈન્દ્રાવતીને આ નિકુંજવન ઘણું સુંદર લાગે છે. આમ, વર્તમાન જાગણીલીલામાં

સંસારરૂપી નિકુંજવનમાં પણ શ્રી રાજજી અને સૌ સુંદરસાથ વચ્ચે પણ 'આંખમિચામણી' જેવી જ લીલા થઈ રહે છે તે ચિંતવ્ય છે.

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૧૫

*રાગ મારૂ*

વાલા આપણ રમિએ આંખ મિચામણી, એ સોભા જાય ન કહી રે ।
નિકુંજના મંદિર અતિ સુંદર, આપણ છપિએ તે જુજવા થઈ રે ॥૧॥

એવું સુણીને સાથ સહુ હરખ્યો, એ છે રામતડી સારી ।
પેહેલો દાવ આપણમા કોણ દેસે, તે તમે કહોને વિચારી ॥૨॥

સહુ સાથ કહે વાલો દાવ દેસે, પેહેલો તે પિઉજીનો વારો ।
જો પેહેલો દાવ આપણ દઊં, તો એ ઝલાએ નહીં ધુતારો ॥૩॥

આવો રે વાલા હૂં આંખડી મીચૂં, આંખડી તેં મીંચજો ગાઢો ।
અમે જઈને વનમાં છપિએ, પછે તમે ખોલીને કાઢો ॥૪॥

સખિયો તમે છાના થઈ છપજો, ભૂખણ ઊંચા ચઢાઓ ।
રખે સખિયો કોઈ આપ ઝલાઓ, મારા વાલાજીને ખીદડી ખુદાવો ॥૫॥

છેલાઇએ છાના થઈ છપજો, રખે કોઈ બોલતૂં કાંઈ ।
ઓ કાને સરૂઓ છે સબલો, હમણા તે આવસે આંહીં ॥૬॥

લપતો છપતો આવે છે, સખિયો સાવચેત થાઇએ ।
આણીગમાં જો આવે વાલો, તો ઇહાં થકી ઉજાઇએ ॥૭॥

જો કદાચ વાલો આવે ઓલીગમાં, તો આપણ પૈએ જૈએ ।
દાવ રહે જો વાલાજી ઊપર, તો ફૂલી અંગ ન મૈએ ॥૮॥

તે માટે સહુ આપ સંભારી, રખે કોઈ પ્રગટ થાય રે ।
જો દાવ આપણ ઊપર આવસે, તો એ કેમે નહીં ઝલાય રે ॥૯॥

અમે નિકુંજ વનથી નિસરયાં, આવી થવકલા ખાધાં ।



D:\Pranam/Chitvani/85

વાલે વનમાં ચીમી ચીમી, શ્રી ઠકુરાણીજી ને લાધાં ॥૧૦॥

સખિયો જાઓ તમે છપવા, હૂં દઊં દાવ સ્યામાજી ને સાટે ।
હૂં રમી સૂં નથી જાણતી, તમે સ્યાને દેઓ મૂં માટે ॥૧૧॥

રામતમાં મરજાદ મ કરજો, રમજો મોકલે મન ।
નાસી સકો તેમ નાસજો, તમે સુણજો સર્વે જન ॥૧૨॥

સ્યામાજી આંખડલી મીચીને ઊભા, સખિયો વનમાં પસરી ।
સહુ કડછીને રમે જુજવા, ભૂખણ લીધાં ઊંચા ધરી ॥૧૩॥

આનંદ માંહેં સહુએ સખિયો, પૈએ જાય ઉજાણી ।
ભૂખણ ન દિએ બાજવા, એણી ચંચલાઈ જાય ન બખાણી ॥૧૪॥

ઉલાસ દીસે અંગો અંગે, શ્રીસ્યામાજી ને આજ ।
ઠેક દઈ ઠકુરાણીજીએ, જઈને ઝાલ્યા શ્રી રાજ ॥૧૫॥

એ રામત ઘણૂં રૂડી થઈ, મારા વાલાજીને સંગ ।
કહે ઇંદ્રાવતી નિકુંજ વન, ઘણૂં રમતાં સોહે રંગ ॥૧૬॥

*પ્રકરણ-૧૫, ચૌપાઈ-૪૭૦*

### રાસ ૧૫ : વાણીમંથન પ્રશ્નાવલિ

*૧૫.૧ આંખમિચામણીની રામત શી રીતે રમાઈ? કોણે પ્રથમ દાવ લીધો? કેમ? કોણે થપ્પો મારી દીધો? વ્હાલાજીએ કોને પહેલાં પકડી લીધા? બીજો દાવ કોણે લીધો? બીજા દાવમાં કોણ પકડાયું?*

*૧૫.૨ પરમધામની કઈ લીલામાં 'આંખમિચામણી' રામતો જેવો જ ભાવ ઝીલાયો છે. શી રીતે?*

*૧૫.૩ આ રામતમાં સખીઓ, ઈન્દ્રાવતીજી, શ્યામાજી તથા વ્હાલાજી આ સર્વેની વિવિધ મનોવૃત્તિઓનું નિરીક્ષણ કરો. પુનઃ વર્તમાન જાગણી લીલાના અનુસંધાનમાં પણ આ લીલાનો ભાવ શી રીતે ગ્રહણ કરી શકાય છે, તે દર્શાવો.*

## શ્રી રાસ પ્રકરણ – ૧૬ : સખી વૃષભાન નંદની

### પ્રકરણ સાર

હે સખી! જુઓ! વૃષભાનનંદિની શ્રી રાધાજી શ્રી કૃષ્ણજીના કંઠમાં પોતાના હાથ નાંખી એકરૂપ થઈ રંગભેર કેવાં રાસ રમી રહ્યા છે! વૃંદાવન મધ્યે આ જુગલજોડી કેટલી સુંદર શોભી રહી છે! સુંદરબાઈ સર્વે સખીઓને લઈને તેમની પાસે આવે છે અને જુગલજોડીથી મોહિત થઈને તેમની ચારે તરફ ફરવા લાગે છે. તરત જ વ્હાલાજીએ સુંદરબાઈને પોતાની બાંહોમાં ખેંચી લીધાં. એક તરફ રાધાજી અને બીજી તરફ સુંદરબાઈ - આમ, બંનેને લઈ શ્રી પ્રાણનાથજી ફૂદરડી ફરી રહ્યા છે. તેમની ચારેતરફ સખીઓ પરસ્પર કંઠમાં હાથ નાખી બરાબર એ જ પ્રમાણે કૂદી કૂદીને ફૂદરડી ફરી રહી છે. તે સૌનાં પગનાં આભૂષણો - ઝાંઝરી, ઘુઘરી, કાંબી, કડલાં તથા બિછુઆ - આ સર્વે એકસાથે સુમધુર સંગીત રેલાવી રહ્યાં છે. સખીઓ વ્હાલાજીની આગળ પાછળ, કોઈ તેમના કંઠમાં હાથ નાખીને, તો કોઈ જોરથી ભોમ પર ઠેકડા મારતી ફૂદરડી ફરી રહી છે. પણ કોઈનેય શ્વાસ ચઢવાનો તો બિલકુલ પ્રશ્ન જ નથી.

આ અદ્ભુત આનંદદાયી રામત જોઈ આકાશમાં ચંદ્રમાની ગતિ પણ ધીમી થઈ ગઈ છે. તે પોતાની ચાલ તથા સુધ ભૂલી રામત ન રમી શકવા બદલ અફસોસ કરી રહ્યો હોય તેમ ભાસે છે! તે ઉદાસીન બની એવું વિચારતાં લાગે છે કે, કાશ! હું પણ એક સખી હોત તો કેટલો આનંદ લૂંટી શકત! શ્રી ઈન્દ્રાવતીજી રાસ રામતના આનંદમાં ફૂલ્યાં નથી સમાતાં. તે તો લટકતી ચાલે વ્હાલા પાસે જઈ પ્રણયલીલામાં મસ્ત થઈ ગઈ છે.

સુંદરસાથજી! જુઓ! શ્રી રાસલીલામાં શ્રી શ્યામાજી તથા શ્રી સુંદરબાઈ આ બે અલગ અલગ પાત્રો તરીકે દર્શાવેલ છે. જાગણીલીલામાં તથા શ્રી પરમધામની લીલામાં આ બંને પાત્રો એકરૂપ કે અલગ-અલગ દર્શાવ્યાં છે? તેની સરખામણી કરીએ. રામતમાં ચંદ્રમાની મનોદશાનું ચિંતન કરી યોગ્ય જાગણીબોધ લેવા જેવો છે. આ રામતમાં સૌ પ્રથમ જેવી



D:\Pranam/Chitvani/86

રીતે વ્હાલાજીએ સુંદરબાઈને પોતાની બાહોમાં ખેંચી લીધાં તેમ જાગણીલીલામાં પણ થયું છે તે, અને ત્યારબાદ, વ્હાલાજીએ ઈન્દ્રાવતી સહિત સર્વે સખીઓને જાગણીરાસ રમાડ્યો તે યાદ કરીએ.

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૧૬

*રાગ અડોલ ગોરી - ચરચરી*

**સખી વૃખભાન નંદની, કંઠ કર કૃષ્ણની ।**
**જોડ એક અંગની, રમતી રંગે રાસ રી ॥૧॥**

**સ્યામ સ્યામાજી જોડ સુચંગી, જુઓ સકલ સુંદરી ।**
**સોભા મુખારવિંદની, કરે માંહોં માંહેં હાંસ રી ॥૨॥**

**ભૂખણ લટકે ભામની, કાંઈ તેજ કરણ કામની ।**
**સંગ જોડ સ્યામની, વનમાં કરે વિલાસ રી ॥૩॥**

**પાંઉં ભરે એક ભાંતસું, રમતી રંગે ખાંતસું ।**
**જુઓ સખી જોડ કાન્હસું, કાંઈ સુંદરી સકલા પરી ॥૪॥**

**ફરતી રમે ફેરસૂં, સુન્દરબાઈ ઘેરસૂં ।**
**હજાર વાર તેરસું, આવી વાલાજી પાસ રી ॥૫॥**

**વલ્લભે લીધી હાથસૂં, સુન્દરબાઈ બાથસૂં ।**
**રામત કરે નિઘાતસૂં, જોરે મુકાવે હાથ રી ॥૬॥**

**બેહૂગમાં બે ભામની, વચે કાન્હ કંઠે કામની ।**
**કંઠ બાંહોંડી બંને સ્યામની, એમ ફરત પ્રાણનાથ રી ॥૭॥**

**આખલ પાખલ સુન્દરી, કેટલીક કંઠે બાંહ ધરી ।**
**એક ઠેકતી ફરતી ભમરી, એમ રમત સકલ સાથ રી ॥૮॥**

**ઝણકે ઝણ ઝાંઝરી, ઘૂંઘરી ઘમકે માંઝ રી ।**
**કડલા બાજે માંહેં કાંબી રી, વિછુડા સ્વર મિલાપ રી ॥૯॥**

ધમકે પાંઊ ધારૂણી, રમતી રાસ તારૂણી ।
ફરતી જોડ ફેરની, ન ચઢે કોણે સ્વાંસ રી ॥૧૦॥

ચંદ ચાલ મંદ થઈ, જોઈ સનંધે થકત રહી ।
ગત મત ભૂલી ગઈ, દેખી થયો ઉદાસ રી ॥૧૧॥

આનંદ ઘણો ઇંદ્રાવતી, બાંહોંડી કંઠ મિલાવતી ।
લટકતી ચાલે આવતી, વાલાજી જોડે જાસ રી ॥૧૨॥

*પ્રકરણ-૧૬, ચૌપાઈ-૪૮૨*

**રાસ - ૧૬ વાણીમંથન પ્રશ્નાવલિ**

*૧૬.૧ શ્રી રાસલીલામાં શ્રી શ્યામાજી તથા શ્રી સુંદરબાઈ આ બે અલગ અલગ પાત્રો તરીકે દર્શાવેલ છે. જાગણીલીલામાં તથા શ્રી પરમધામની લીલામાં આ બંને પાત્રો કઈ રીતે દર્શાવ્યાં છે? એક રૂપમાં કે અલગ-અલગ? કેમ? કઈ રીતે?*

*૧૬.૨ રાસ રામત જોઈ ચંદ્રમાની શી મનોદશા થઈ તેનું વર્ણન કરો. તેમાંથી શો બોધ મળે છે?*

## શ્રી રાસ પ્રકરણ - ૧૭ : ઓરો આવ વાલા આપણ ફૂંદડી ફરીયે

### પ્રકરણ સાર

આ રામતમાં શ્રી ઈન્દ્રાવતીજી વ્હાલાને તેમનાં અંગો ઢીલાં કરી મુક્તપણે ફુદરડી ફરવા આહ્‌વાન આપે છે. તેમ કરી તે સૌ સાથને જાગણીબ્રહ્માંડમાં પણ માયાનાં કાર્યોમાંથી યુક્તિપૂર્વક સમય-શક્તિ કાઢી લઈ વ્હાલાને પ્રેમસેવારૂપી ચુંબન કરી રીઝાવી તેમની સાથે ફૂદરડી ફરવાનો, એટલે કે ચિતવનમાં મસ્ત રહેવાનો, લ્હાવો લેવા પ્રેરે છે.

ઈન્દ્રાવતીજી કહે છે, ''હે વ્હાલાજી! આપ મારી નિકટ આવો. ચાલો, આપણે પૂર જોશમાં ફૂદરડી ફરીએ. પણ જો મને ચક્કર આવી



D:\Pranam/Chitvani/87

જાય તો આપ મારો હાથ ન છોડતા. અન્યથા, જો હું ભોંય પર પડી જઈશ તો સૌ સખીઓ મારા પર હસશે!'' તેને એક તરફ તો હાંસીનો ડર છે તો બીજી તરફ મુક્તાનંદનો ચસ્કો પણ છે! તેથી પાછી તે વ્હાલાજીને કહે છે, ''અરે વ્હાલા! આપ ફૂદરડી ફરતાં સંકોચ કેમ કરો છો? આપનાં અંગોને ઢીલાં મૂકી મુક્તપણે ફરોને!''

સાથે સાથે ઈન્દ્રાવતી સૌને એમ પણ કહેવા લાગી, ''અરે સખીઓ! તમે મારી તથા વ્હાલાજીની જોડીને જુઓ તો ખરાં! તમે મારા અંગોના વળાંક પર ધ્યાનપૂર્વક નજર કરજો કે હું કેવા બળ તથા ઉમંગથી વ્હાલા સાથે ફૂંદડી ફરું છું! અને હા, ફરતાં ફરતાં વચમાં બિલકુલ થંભ્યા વિના જો હું વ્હાલાજીને ચુંબન દઈ દઉં તો આપ સૌ મને શાબાશી આપજો!'' આટલું કહીને ઈન્દ્રાવતીજીએ આમ કરી બતાવ્યું! આમ કરી તેમણે સૌ સખીઓને પણ તેમ કરવા માટે પડકાર આપતાં કહ્યું કે *જો તમે પણ આ પ્રમાણે રમી બતાવો તો હું તમને સામેથી શાબાશી આપીશ! એટલું જ નહિ, હે સખીઓ! હું તમારી દાસી બનીને રહીશ!* અરે સખીઓ! સાચે જ, તમે સૌ ખુલ્લા દિલથી રમતાં ખચકાઈ રહ્યાં છો. ઈન્દ્રાવતી તો લોકલાજની પરવાહ વિના સાચું કહી દેનારી તથા રંગભેર રમનાર સખી છે.

સુંદરસાથજી! શ્રી ઈન્દ્રાવતીનો જુસ્સો, આત્મબળ તથા આત્મગૌરવ તો જુઓ! રામતમાં સંકોચ નહિ કરવાનો બોધ સખીઓને આપે છે તે તો ઠીક, પણ ખુદ વ્હાલાજીને પણ મુક્ત મને રમવા પ્રબોધ કરે છે! રંગભરી રામત રમવા માટે પોતે સૌ સખીઓ પાસે શાબાશીની ખુલ્લી અપેક્ષા કરે છે, તો અન્ય સૌ તેમ રમે તો પોતે શાબાશી આપવા માટે તૈયાર પણ છે જ. શ્રી ઈન્દ્રાવતીજીનો ખેલદિલીપૂર્ણ સ્વભાવ ચિંતવ્ય છે. અંતે, તે બોધ આપે છે કે સાથજી! પ્રેમમાં કાંઈ મર્યાદા ન ચાલે, લોક-લાજ કે શરમ ન ચાલે! હે સાથજી! જાગણીબ્રહ્માંડમાં પણ માયાનાં કાર્યોમાંથી યુક્તિપૂર્વક સમય-શક્તિ કાઢી લઈ, વ્હાલાને પ્રેમસેવારૂપી ચુંબન કરી રીઝાવી, તેમની સાથે ફૂંદડી ફરવાનો - ચિતવનનો - લ્હાવો

લઈએ.

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૧૭**

*રાગ સિંધૂડો*

**ઓરો આવ વાલા આપણ ફૂંદડી ફરિએ, ફરિએ તે ફેર અપાર ।**
**ફરતાં ફરતાં જો ફેર આવે, તો બાંહોંડી મ મૂકસો આધાર ॥૧॥**

**બાંહોંડી મૂકસો તો અડવડસૂં, ત્યારે હાંસી કરસે સહુ સાથ ।**
**તે માટે બલ કરીને રમજો, ફરતાં ન મૂકવો હાથ ॥૨॥**

**તમે તો વાલાજી ફૂંદડી ફરો છો, પણ ફરો છો આપ અંગ રાખી ।**
**એ રામત કરતાં મારા વાલૈયા, ફરિએ પાછાં અંગ નાખી ॥૩॥**

**જુઓ રે સખિયો તમે આ જોડ ફરતાં, રામત કરે ઘણે બલ ।**
**ઇંદ્રાવતીનાં તમે અંગડાં જો જો, મારા વાલાજીસૂં ફરે કેવે બલ ॥૪॥**

**જુઓ રે સખિયો એમ ગાતાં ફરતાં, વાલાજીને દઊં ચુમન ।**
**ભંગ ન કરૂં ફેર ફૂંદડી કેરો, તો દેજો સ્યાબાસી સહુ જન ॥૫॥**

**ફરતાં ફૂંદડી લીધી કંઠ બાંહોંડી, વલી ફરે છે તેમનાં તેમ ।**
**દઈ ચુમન ને થયા જુજવા, વલી ફરે તે ફરતાં જેમ ॥૬॥**

**એમ અંગ વાલીને રમજો રે સખિયો, તો કહૂં તમને સ્યાબાસ ।**
**એમ લટકે રંગ લેજો વચમાં, તો હૂં તમારડી દાસ ॥૭॥**

**હૂં તો સાચૂં કહૂં રે સખિયો, તમને તો કાંઈક મરજાદ ।**
**સાચૂ કહે અને પ્રગટ રમે, ઇંદ્રાવતી ન રાખે લાજ ॥૮॥**

*પ્રકરણ-૧૭, ચૌપાઈ-૪૯૦*

**રાસ - ૧૭ વાણીમંથન પ્રશ્નાવલિ**

*૧૭.૧ આ રામત દ્વારા ઈન્દ્રાવતીજીનું પાત્ર શો બોધ કરાવે છે?*



D:\Pranam/Chivvani/88

## શ્રી રાસ પ્રકરણ – ૧૮ : ભૂલવણીની રામત કીજીએ

**પ્રકરણ સાર :-** *શ્રી ઈન્દ્રાવતી વ્હાલાજીને ભૂલવણીની રામત રમવા કહે છે અને અનેકવિધે વાંકાચૂંકા દોડી તેમને ભૂલવવા માટે પૂરેપુરા પ્રયત્નો કરી છૂટવાનો પડકાર ફેંકે છે. તે કહે છે, "હું તમારી ભૂલવી ભૂલવાની જ નથી! અને જો હું ન ભૂલી તો જ મારું નામ ઈન્દ્રાવતી!" વૃંદાવનની ભૂલવણીની આ રામત દ્વારા ધણીજી આપણને આ માયાની ભૂલવણીમાં જીતી શકાય તેમ રમવા માટે તૈયાર કરે છે.*

ભૂલવણીની રામતમાં સૌ સખીઓ પરસ્પર હાથ પકડીને વર્તુળાકારે ગોળાઈમાં ગોઠવાઈ જાય છે અને મધ્યમાં શ્રી શ્યામાજી. શ્રી ઈન્દ્રાવતીજી શ્રી રાજજીને પકડવા દોડે છે. શ્રી રાજજી બે સખીઓના પકડેલ હાથથી બનેલી કમાનની નીચેથી પસાર થઈ જાય છે. તેમને પકડનાર ઈન્દ્રાવતીએ પણ *એ જ માર્ગે દોડી* વ્હાલાજીને પકડવાના હોય છે. રામતમાં શ્રી ઈન્દ્રાવતીજી વ્હાલાજીને પકડી લે છે. પુનઃ વ્હાલાજી ઈન્દ્રાવતીને પકડવા દોડે છે, પણ તે પકડાતી નથી. છેલ્લે, વચમાં ઊભેલ શ્રી શ્યામાજીના બે પગ વચ્ચેથી ઈન્દ્રાવતીજી પસાર થઈ જાય છે. તો વ્હાલાજી સૌની વચ્ચે શ્રી શ્યામાજીનું માન રાખતાં તેમ કરી શકતા નથી! તેથી વ્હાલાજી હારે છે. શ્રી ઈન્દ્રાવતીજીને જીતતી જોઈ સૌ સાથ ખૂબ જ આનંદવિભોર થઈ ગયો. જાગણીલીલામાં પણ આ રામત રમીએ.

શ્રી ઈન્દ્રાવતી કહે છે, "હે વ્હાલાજી! ચાલો, આપણે ભૂલવણીની રામત રમીએ. સૌ પ્રથમ આપ મારી આગળ થાઓ. પછી જેટલું ઝડપભેર દોડી શકાય તેટલું દોડજો. હું જોઉં છું કે આપ મારી નજર ચુકવી આગળ શી રીતે ભાગી શકો છો? આપ અનેકવિધે વાંકાચૂંકા દોડી મને ભૂલવવા પૂરેપુરા પ્રયત્ન કરજો, પણ હું તમારી ભૂલવી ભૂલવાની નથી. જો હું ભૂલું તો મારું નામ ઈન્દ્રાવતી નહિ!"

"હે સખીઓ! જુઓ! વાલે મને ભૂલવવા અનેક પ્રયત્નો કર્યા. પણ

હું કેમેય તેમનાથી અળગી થઈ નથી. તેમણે અનેક અટપટા વળાંકો લીધા, પણ હું અંતે તેમને મળીને - શોધીને જ રહી!'' અને હાં...વ્હાલાજી! હવે આપ એક પલ ભર થોભી જાઓ! હું આપની આગળ આગળ દોડીશ અને તમે મારી પાછળ થઈ જાઓ. જો આપને ભૂલવું તો હું ઈન્દ્રાવતી નાર! આમ કરીને હું સૌ સાથને અતિશય હસાવીશ!'' ''અરે સખીઓ! આપ સૌ સાવચેત થઈ જાઓ. રખે, એકબીજાનો હાથ છોડતાં. હમણાં જ આપ સૌ જો જો, કે હું વ્હાલાજીને કેવી અદ્ભૂત રીતે હરાવી દઉં છું!''

તે કહેવા લાગી, ''અરે મારા વિચક્ષણ વ્હાલા! આપ મારો પીછો કરો. હું અનેકવિધના અટપટા વળાંકો દઈને દોડીશ. પરંતુ, તમારે મારાથી વિખૂટા થવાનું નથી!'' પણ આ શું? હે સખી! મારી (ઈન્દ્રાવતીના) સૌ પ્રથમ જ અટપટા વળાંક યુક્ત દોડથી વ્હાલાજી એવા તો ગૂંચવાઈ ગયા કે હું તેમની નજરથી સિફતપૂર્વક અદ્રષ્ટ થઈ ગઈ! હું શ્રી શ્યામાજીના બંને પગ વચ્ચેથી પસાર થઈને બીજી તરફ નીકળી ગઈ. પણ વ્હાલાજી તેમ ન કરી શક્યા અને આમ તેઓ ભૂલ્યા! આ દ્રશ્ય જોઈને સખીઓ તાળી પાડતાં એટલું બધુ હસવા લાગી કે તેમના પેટમાં શૂળ થવાથી તેઓ આળોટવા લાગી. આ રીતે, સૌ સાથે મળીને એ વાત નિશ્ચિત રૂપે સમજી લીધી કે : ઈન્દ્રાવતી અનેક રીતે વિશેષતાઓથી પરિપૂર્ણ છે. આમ, ઘણી બધી રામતો રમાઈ, અને હજી બીજી ઘણી બધી રામતો રમાશે. જો આપણે તેને અનુસરશું તો પિયુજી આપણને ભૂલવવાના અનેકવિધ પ્રયાસો કરશે છતાં આપણે તેમને ભૂલીશું જ નહિ.

ભૂલવણીની આ રામતને યાદ કરી ચાલો પરમધામ રંગમહોલોની બીજી ભોમના ભૂલવણીના દર્પણ મંદિરોમાં સુરતા લઈ જઈએ. શ્રી રાજજી મહારાજ અને સખીઓ એકબીજાને પકડવા દોડે છે તો દર્પણની દિવાલોમાં પોતાના જ અનેક પ્રતિબિંબોને કારણે તેઓ એકબીજાને પકડવાને બદલે દિવાલમાં જ અથડાય છે. આમ, અતિશય હાંસી થાય છે. આ સમયે પણ કોઈકવાર શ્રી ઈન્દ્રાવતી શ્રી રાજજીના સિંહાસન પર જઈને બેસી જાય છે તો તે સમયની યાદ અપાવતાં શ્રી રાજજી તેને





જાગણીલીલાના નેતૃત્વના અધિકાર (અખત્યાર) માટે નક્કી કરે છે. યાદ કરો કિરંતન વાણીનું એ પ્રકરણ, જેમાં શ્રી ઈન્દ્રાવતીજી કહે છે કે *''તીન ફેરે દુલ્હે પીછે ફીરી, ચૌથે ફેરે આગલ ભયી''* વર્તમાન જાગણીબ્રહ્માંડમાં માયારૂપી ભૂલવણીની રામતનું પુનરાવર્તન થતું અનુભવી શકાય. જાગણીલીલામાં શ્રી રાજજીએ શ્રી ઈન્દ્રાવતીજીની કસોટી કરવા અનેક પ્રસંગોની વ્યૂહરચના કરી, જે બધા પ્રસંગોમાંથી હેમખેમ બહાર નીકળીને શ્રી રાજજીને મેં વશ કરી લીધા અને હબ્સામાં એ મને આવી મળ્યા. ''*જો અંગ સોંપે ઈન્દ્રાવતીને, તાએ પ્રેમે રમાડું રંગ''* આ જાગણીલીલાનો ભાવ ભૂલવણીની રામત દ્વારા શ્રી ઈન્દ્રાવતીજી પૂર્ણ કરે છે. વૃંદાવનની ભૂલવણીની રામત દ્વારા ધણીજી આપણને આ માયાની ભૂલવણીમાં જીતી શકાય તેમ રમવા માટે તૈયાર કરે છે.

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૧૮**

*રાગ કેદારો*

**ભુલવણીની રામત કીજે, વાલા તમે અમ આગલ થાઓ રે ।**
**દોડી સકો તેમ દોડજો, જોઇએ અમ આગલ કેમ જાઓ રે ॥૧॥**

**ભુલવણીમાં ભૂલવજો, દેજો વલાકા અપાર ।**
**ભૂલવી તમારી હૂં નવ ભૂલૂં, તો હૂં ઇંદ્રાવતી નાર ॥૨॥**

**જુઓ રે સખિયો વાલે ભૂલવી મૂને, પણ હૂં કેમે નવ ટલી ।**
**અનેક વલાકા દીધાં મારે વાલે, તો હૂં મલીને મલી ॥૩॥**

**રહો રહો રે વાલા મારે વાંસે થાઓ, હૂં તમ આગલ થાઊં રે ।**
**સાચી તો જો ભૂલવું તમને, મારા સાથ સહુને હસાવૂં રે ॥૪॥**

**સખિયો તમે સાવચેત થાજો, રખે કોઈ મૂકતાં હાથ રે ।**
**હમણા હરાવું મારા વાલાજીને, જો જો તમે સહુ સાથ રે ॥૫॥**

**ભૂલીસ મારે વચિખિણ વાલા, આવી મારે વાંસે વલગો ।**
**અનેક વલાકા જો હૂં દઊં, પણ તૂં મ થાઇસ અલગો ॥૬॥**

એક વલાકા માંહેં રે સખિયો, વાલો ભૂલ્યા તે પ્રથમ મૂલ ।
દિએ સખી તાલી પડી આલોટે, હઁસી હઁસી આવે પેટ સૂલ ॥૭॥

સહુ સાથ મલીને સાબત કીધું, ઇંદ્રાવતી વિવિધ વિસેક ।
ઘણી થઈ રામત ને વલી થાસે, પિઉ ભૂલવતાં રાખી રેખ ॥૮॥

*પ્રકરણ-૧૮, ચૌપાઈ-૪૯૮*

### રાસ - ૧૮ વાણીમંથન પ્રશ્નાવલિ

*૧૮.૧ ભૂલવણીની રામતનું સંક્ષિપ્ત વર્ણન કરો.*

*૧૮.૨ વર્તમાન જાગણીબ્રહ્માંડમાં માયારૂપી ભૂલવણીની રામતનું પુનરાવર્તન થતું જણાય છે. તે શી રીતે? "જો અંગ સોંપ ઈન્દ્રાવતીને, તાયે પ્રેમે રમાડું રંગ" આ જાગણીલીલાનો ભાવ ભૂલવણીની રામત દ્વારા શ્રી ઈન્દ્રાવતીજી શી રીતે પૂર્ણ કરે છે?*

## શ્રી રાસ પ્રકરણ – ૧૯ : આજ રાજ પૂરણ કાજ

હે સખીઓ! આજે શ્રી રાજજી, અમ સુંદરીઓના મનના સર્વે મનોરથો પૂર્ણ કરવા તત્પર છે. તે જોઈ સખીઓના આનંદ, મસ્તી, હાસ્ય, ખેલદિલી, અંગ-અંગના ઉમંગ અને રામત રમવાની ઉત્તેજનાનો પાર નથી રહ્યો. વૃંદાવનનો ચંદ્રમા તથા અનેક પ્રકારના રંગબેરંગી ફૂલોની શોભા તો જુઓ! મેના, કોયલ, કબુતર તથા ચકોરના સુમધુર સ્વર ગુંજી રહ્યા છે. હરણ તથા વાંદરા પણ અજબ મસ્તીમાં કૂદાકૂદ કરી રહ્યાં છે. સોહામણા વાતાવરણથી મંત્રમુગ્ધ થઈ મોર કળા કરી નાચી રહ્યા છે.

પ્રિયતમ શ્યામના અંગોમાંથી આનંદોલ્લાસ જોઈ અમ સખીઓનાં અંગો પણ પુલકિત થઈ રહ્યાં છે. એક એક સખી સાથે શ્યામજીની રામત જોઈ વૃંદાવનની રાત્રિ પણ સ્તબ્ધ બની સ્થિર થઈ ગઈ છે! વ્હાલાજી અવનવા ભાવે પ્યાર કરી સખીઓનાં ચિત્તડાં મોહી રહ્યા છે. સખીઓનાં ચુંબન લઈ તેમના કંઠમાં હાથ નાંખી તેમને અધરામૃત પાન કરાવી રહ્યા છે. પ્રફૂલ્લિત સખીઓ મીઠા સ્વરે ગાઈ રહી છે અને તે સૌને ઈન્દ્રાવતીજી



D:\Pranam/Chitvani/90

નવા નવા વિચારો દ્વારા રંગરસ ભરી રામતો રમાડી રહી છે.

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૧૯

*રાગ કલ્યાણ - ચરચરી*

આજ રાજ પૂરણ કાજ, મન મનોરથ સુંદરી ।
મન મનોરથ સુંદરી, સખી મન મનોરથ સુંદરી ॥૧॥

વિધ વિધના વિલાસ, મગન સકલ સાથ ।
મરકલડે કરે હઁસ, રેહેસ રામત વિસ્તરી ॥૨॥

કહ્યો ન જાય આનન્દ, અંગ ન માય ઉમંગ ।
વિકસિયાં અમારા મન, રહિયો સર્વે હરવરી ॥૩॥

આ સમેનો વૃન્દાવન, જુઓ રે આ સોભા ચન્દ ।
ફૂલડે અનેક રંગ, રમે સાથ પરવરી ॥૪॥

કાબર કોયલ સ્વર, કપોત ઘૂમે ચકોર ।
મૃગલા વાંદર મોર, નાચત ફેરી ફરી ॥૫॥

સ્યામનાં ઉલાસી અંગ, ઉલટ અમારે સંગ ।
માંહોં માંહેં મકરન્દ, વ્યાપિયો વિવિધ પેરી ॥૬॥

રામત કરે કામની, વિલસતાં વાધી જામની ।
સખી સખી પ્રતે સ્યામ ઘન, દિએ સુખ દયા કરી ॥૭॥

રમતાં દિએ ચુમન, એક રસ જુવતી જન ।
કરી જુગત નૌતન, ચિતડા લીધા હરી ॥૮॥

કંઠ બાહોં વલી વલી, અનેક વિધે રંગ રલી ।
લિએ અમૃત મુખ મેલી, પિએ રસ ભરી ભરી ॥૯॥

રસ ઘણો ઉપજાવતી, સખી મીઠડે સ્વર ગાવતી ।
નવ નવા રંગ લ્યાવતી, ઇંદ્રાવતી અંગ ધરી ધરી ॥૧૦॥

*પ્રકરણ-૧૯, ચૌપાઈ-૫૦૮*

# શ્રી રાસ પ્રકરણ – ૨૦ : રામત ગઢ તણી રે

*પ્રકરણ સાર :- હવે, શ્રી ઈન્દ્રાવતીજી સૌ સખીઓને ગઢ એટલે કે કિલ્લાની રામત રમવા તૈયાર કરે છે. આ રામતમાં ચાર ચાર સખીઓ એકબીજાના કાંડાથી ઉપરના હાથ પકડે છે, જેથી વચમાં ચોકડી બને છે. એ જ સખીઓને બીજી ચાર સખીઓ પોતાના હાથ વડે પકડી લટકે છે અને તે સૌ ચગડોળની જેમ વર્તુળાકારે ફરતાં જાય છે. ક્રમશઃ કીડીની ચાલે અત્યંત ધીમી ગતિની ચાલની શરૂઆત થાય છે અને ચાલ ગતિ પકડતાં સખીઓ પ્રત્યેક અંગના લટકા, ઝટકા અને મટકા સાથે ચગડોળની જેમ ઝડપી ગતિથી દોડવા લાગે છે. જે સખી જલ્દી દોડી નથી શકતી તે ઘસડાતી રહી જાય છે! જેના હાથ છૂટી જાય છે તેની ઘણી હાંસી મજાક થાય છે. વ્હાલાજી પણ આ રામતમાં રમવા માટે જોડાય છે.*

શ્રી ઈન્દ્રાવતી કહે છે, “અરે સખીઓ! ચાલો, ગઢની રામત રમીએ. એકબીજાના હાથ બળપૂર્વક પકડીને ગોળાઈમાં ઉભા રહો. આ રામત અતિશય મસ્તીપૂર્ણ હોઈ તમે સૌ ખૂબ જ સાવચેત રહેજો. જે સખી દોડી નહિ શકે તેણે સૌની પાછળ ઘસડાતાં આવવું પડશે! કારણ કે તેનો હાથ આજુ-બાજુની સખીઓ છોડશે જ નહિ! માટે, તમે એકબીજાના હાથમાં હાથ નાંખી પૂર્ણ તાકાત સાથે દોડવા તૈયાર રહેજો. જો દોડવામાં ઢીલ કરશો તો ઘણો શોર બકોર થશે, હાંસી થશે. શરૂઆતમાં સૌ કીડીની જેમ ધીમી ગતિએ ડગલાં ભરજો અને પછીથી ધીરે ધીરે તમારી ચાલની ઝડપ વધારજો. પુનઃ એકદમ સાવધ થઈને ધ્યાનપૂર્વક પગલાં માંડીને એક જ સ્વરે સૌ એક સાથે મળીને ગર્જના કરીને દોડજો. હે સખી! આપનો પગ પાછો વાળ્યા સિવાય લટકતી મટકતી ચાલે દોડશો તો ઘણો જ આનંદ તથા હાસ્યરસ પેદા થશે.”

શ્રી ઈન્દ્રાવતી કહે છે, હે વ્હાલાજી! આ અતિ સુંદર રામત રમતી વેળા ઝડપભેર દોડતાં દોડતાં આપશ્રીએ તો અમારી તરફ પાછળ જોઈ બિલકુલ નજર જ ન કરી અને અમે સૌએ પણ આપશ્રીનો પીછો ન



D:\Pranam\Chitvani\91

છોડ્યો!

સુંદરસાથજી, જુઓ! આવી રામત રમાડીને શું શ્રી ઈન્દ્રાવતીજી જાગણીલીલામાં પણ ગમે તે પરિસ્થિતિમાં વ્હાલાજી તથા સુંદરસાથજીને ઈમાનપૂર્વક પકડી રાખવાનો આપણને બોધ તો નથી કરાવી રહીને? *“દોડ કરતાં તમે પાછું ન જોયું, અમે બાંહોડી ન મૂકી તમારી.”*

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૨૦**

*રાગ પંચમ મારૂ*

**રામત ગઢ તણી રે, હાથ માંહેં હાથ દીજે ।**
**<u>બલ કરીને સહુ ગ્રહજો બાંહોંડી, તો એ રામત રસ લીજે</u> ।।૧।।**

**પ્રથમ પાધરૂ કહૂં રે સખિયો, એ રામત છે મદમાતી ।**
**<u>દોડી ન સકે તેણી બાંહોંડી ન છૂટે, તે આવસે પાછલ ઘસલાતી</u> ।।૨।।**

**તે માટે બંધ બાંહોં ખરો ગ્રહી, કરજો જોરમાં જોર ।**
**<u>પછે દોડસો ત્યારે નહીં રે કેહેવાય, થાસે અતિ ઘણો સોર</u> ।।૩।।**

**પેહેલી ચાલ ચાલો કીડીની, હલવે પગલાં ભરજો ।**
**<u>પછે વલી કાંઈક અધકેરાં, વધતાં વધતાં વધજો</u> ।।૪।।**

**વલી કાંઈક વૃધ પામતાં, મચકાસૂં મ હાલજો ।**
**<u>હજી લગે આકલા મ થાજો, લડસડતી ચાલ ચાલજો</u> ।।૫।।**

**હવે કાંઈક પગ ભરજો પ્રગટ, સાવચેત સહુ થાજો ।**
**<u>સાથ સકલ તમે આપ સંભાલી, મુખડે પુકારી ને ગાજો</u> ।।૬।।**

**લટકે ચટકે છટકે દોડજો, રખે પગ પાછાં દેતાં ।**
**<u>હઁસી છે ઘણી એ રામતમાં, દોડ તણો રસ લેતાં</u> ।।૭।।**

**કહે ઇંદ્રાવતી એ રામતડી, મારા વાલાજી થઈ અતિ સારી ।**
**<u>દોડ કરતાં તમે પાછૂં નવ જોયું, અમે બાંહોંડી ન મૂકી તમારી</u> ।।૮।।**

*પ્રકરણ-૨૦, ચૌપાઈ-૫૧૬*

### રાસ - ૨૦ વાણીમંથન પ્રશ્નાવલિ

*૨૦.૧ આ રામતમાં વ્હાલાજી ક્યાં, કઈ સ્થિતિ (position)માં છે?*

*૨૦.૨ ''દોડ કરતાં તમે પાછું ન જોયું, અમે બાંહેડી ન મૂકી તમારી'' આ છેલ્લા બે ચરણનો ભાવ સ્પષ્ટ કરો.*

## શ્રી રાસ પ્રકરણ – ૨૧ : રામત કરતાલીની રે

**પ્રકરણ સાર :-** *શ્રી ઈન્દ્રાવતીજી વ્હાલાજીને કરતાલની એટલે કે હાથતાળીની રામત રમવા કહે છે, જેમાં વિવિધ પ્રકારના કઠણ દાવપેચ - જેવા કે ઊભા-ઊભા, બેઠાં-બેઠાં તથા ફૂંદડી ફરતાં ફરતાં વ્હાલાજીના હાથની તાળી લેવાની હોય છે. શ્રી ઈન્દ્રાવતીજીને વ્હાલાજી સંગે રમતી જોઈ સૌ સુંદરસાથમાં પણ રામત રમવાનો ઉમંગ વધ્યો અને તેઓએ પણ પોતાની સાથે એજ પ્રમાણે રામત કરવા માંગણી કરી. તો વ્હાલાજી જેટલી સખીઓ હતી એટલાં તન ધારણ કરી એક પિયુ - એક સખી એમ સૌને અતિ વિશેષ ઉમંગ તથા આનંદપૂર્વક રાસ રમાડે છે!*

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, ''હે વ્હાલાજી! ચાલો, આપણે કરતાલીની રામત રમીએ. આ રામતમાં વિવિધ પ્રકારના કઠણ દાવપેચ છે. હવે, હું ઊભા ઊભા, બેઠાં બેઠાં તથા ફૂંદડી ફરતાં આપશ્રીના હાથની તાળી લઈશ. બેસતાં તાળી દઈ બેસવું, ઉઠતી વેળા તાળી લઈ ઉઠવું, ફૂંદડી ફરતાં તાળી લઈ ફરવું - આ પ્રકારની રામત હું સૌ સખીઓની વચ્ચે રમવા માંગું છું.'' ''હે વ્હાલાજી! રમતી વેળા આપ આપનાં અંગો એવા સિફતથી વાળજો કે જેથી આપણી બંનેની જોડી સૌની વચ્ચે અત્યંત દીપી ઉઠે.'' શ્રી ઈન્દ્રાવતીજીને વ્હાલા સંગે રમતી જોઈને સૌ સુંદરસાથમાં પણ રામત રમવાનો ઉમંગ વધ્યો અને તેમણે સૌએ માંગણી કરી કે, ''હે વ્હાલાજી! આપ અમારી સાથે પણ એજ પ્રમાણે રામત કરો.'' સખીઓની ભાવનાને માન આપીને વ્હાલાજીએ જેટલી સખીઓ



D:\Pranam/Chitvani/92

હતી એટલાં તન ધારણ કરી *એક પિયુને એક સખી* એમ સૌને અતિ વિશેષ ઉમંગ તથા આનંદપૂર્વક રાસની રામત રમાડી.

સુંદરસાથજી! હાથતાળીની રામતને જાગણીલીલાના સંદર્ભમાં હમેશાં ધ્યાનમાં રાખવા જેવી છે. માયાના ખેલમાં રહીને વ્હાલાજી આપણને હાથતાળી આપી ફેરવી ન દે તે માટે સૂરતા સદૈવ વ્હાલાજીમાં જ રહે તે જરૂરી છે. આપણે તો વ્હાલાજીનો હાથ બરાબર ઝાલી રાખવાનો છે. સાથે સાથે એ બાબતનું ધ્યાન પણ કરવા જેવું છે કે સખીઓની ભાવનાને માન આપીને વ્હાલાજીએ જેટલી સખીઓ હતી એટલાં તન - *એક પિયુને એક સખી* - ધારણ કરી સૌને અતિ વિશેષ ઉમંગ તથા આનંદપૂર્વક રાસ રમાડ્યાં. બસ એ જ પ્રમાણે છઠ્ઠા દિવસની જાગણીલીલામાં પણ શ્રી રાજજીએ પ્રત્યેક સુંદરસાથજીના દિલમાં બિરાજમાન થઈ લીલા કરવાનું વચન આપેલ છે. પરમધામના માણેક પહાડના હિંડોળાની લીલામાં પણ શ્રી રાજજી પ્રત્યેક સખી સાથે અલગ અલગ દેહ ધરી લીલા કરે છે તે સર્વે લીલાનો અહેસાસ આ રામત દ્વારા કરવા તત્પર રહીએ.

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૨૧

*રાગ શ્રી કાફી*

**રામત કરતાલીની રે, એમાં છે વલાકા વિસમા ।**
**બેસવૂં ઉઠવૂં ફરવૂં રમવૂં, તાલી લેવા સામ સામા ॥૧॥**

**તમ સામી અમે ઊભા રહીને, હાથ તાલી એમ લેસૂં ।**
**બેસંતાં ઉઠતાં ફરતાં, સામી તાલી દેસૂં ॥૨॥**

**બેસતાં તાલી દઈને બેસિએ, ઉઠતાં લીજે તાલી ।**
**ફરતા તાલી દઈ કરીને, વચે રામત કીજે રસાલી ॥૩॥**

**રામત કરતા અંગ સહુ વાલિએ, સકોમલ જોડ સોભંત ।**
**અંગ વાલી વચે રંગ રસ લીજે, ભંગ ન કીજે રામત ॥૪॥**

એ રામતડી જોઈ કરીને, સહુ સાથને વાધ્યો ઉમંગ ।
સહુ કોઈ કહે અમે એણી પેરે, રમસૂં વાલાજીને સંગ ॥૫॥

સાથ કહે વાલા રમો અમસૂં, એ રામત સહુ મન ભાવી ।
સહુના મનોરથ પૂરણ કરવા, સખી સખી પ્રતે લેઓ રંગ આવી ॥૬॥

હાથ તાલી રમે છે વાલો, સઘલીસૂં સનેહ ।
રંગે રમાડે રાસ માં, વાલો ધરી તે જુજવા દેહ ॥૭॥

કહે ઇંદ્રાવતી એ રામતડી, મારા વાલાજી થઈ અતિ સારી ।
સઘલી સંગે રમિયા રંગે, એક પિઉ એક નારી ॥૮॥

*પ્રકરણ-૨૧, ચૌપાઈ-૫૨૪*

**રાસ - ૨૧ વાણીમંથન પ્રશ્નાવલિ**

૨૧.૧ *હાથતાળીની રામતને જાગણી લીલાના સંદર્ભમાં શી રીતે ગ્રહણ કરી શકાય? શું ખેલમાં વ્હાલાજી સુંદરસાથને હાથતાળી આપી ફેરવી નથી રહ્યા? સુંદરસાથે વ્હાલાજીને હાથતાળી શી રીતે દેવી જોઈએ?*

## શ્રી રાસ પ્રકરણ — ૨૨ : ઉમંગ ઉદયો સાથ

સર્વ સખીઓ ઉમંગભેર રાસલીલા વિલાસનાં સુખ લૂંટી રહી છે તે જોઈ વૃંદાવનની સંપૂર્ણ ચરાચર પ્રકૃતિ પ્રફુલ્લિત થઈ ઝૂમી રહી છે. વૃંદાવનની ભૂમિમાંથી ઊઠી રહેલાં તેજનાં કિરણો આકાશને સ્પર્શી રહ્યાં છે. રાસનો રસાનંદ માણવા ચંદ્રમા આકાશમાં થંભી ગયેલ છે. ઋતુ, રાત્રિ તથા ચંદ્રમા સર્વે બસ એક જ રસમાં મગ્ન છે. વનનાં પત્ર તથા ફૂલો પણ ઝગમગી રહ્યાં છે. અનેક પ્રકારનાં ચિત્ર-વિચિત્ર રૂપવાળાં તથા અવનવી કળા કરતાં પશુપક્ષીઓથી વૃંદાવન રળિયામણું દીસે છે.

સખીઓનાં આભૂષણોમાંથી નીકળતાં કિરણોથી એવો આભાસ થઈ રહ્યો છે કે જાણે યોગમાયાનું સંપૂર્ણ બ્રહ્માંડ ચારે તરફ ફરી રહ્યું હોય! કમળનું ફૂલ ખીલી રહ્યું હોય તેમ સખીઓનાં તન અને મન ઉમંગ તથા



D:\Pranam/Chitvani/93

મસ્તીથી ઊભરાઈ રહ્યાં છે - ''મનડાં થયાં મહામત.'' વ્હાલાજી સાથે પ્રેમે રમવાની ચાહના અનેક ઘણી વૃધ્ધિ પામી રહી છે. જે સખીઓ પ્રેમરસથી પરિપૂર્ણ છે, તેઓથી વધુ 'બહાદુર' બીજું કોણ હોઈ શકે? ''સૂરો માંહે અતિ સુર.'' ઈન્દ્રાવતીજી સહિત સર્વે સખીઓ રમતાં, ફરતાં તથા ગાતાં ગાતાં સહજ રીતે વ્હાલાજીના અધરામૃતનું પાન મુક્ત દિલે કરી રહેલ છે. અહીં વ્હાલાજીએ જેટલી સખીઓ એટલા દેહ ધર્યા છે.

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૨૨**

*રાગ કેદારો - ચરચરી*

ઉમંગ ઉદયો સાથ, રંગે તો રમવા રાસ ।
રાસમાં કરૂં વિલાસ, સખિયો સુખ લેત રી ॥૧॥

ભોમની કિરણ ભલી, આકાસે જઈને મલી ।
ચાંદલો ન જાએ ટલી, ઉજલીસી રેત રી ॥૨॥

રૂત નિસ નવો સસ, દીસે સહુ એક રસ ।
પ્રકાસિયો દસો દિસ, ન કેહેવાય સંકેત રી ॥૩॥

સૂં કહૂં વનની જોત, પત્ર ફૂલ ઝલહલોત ।
વૃંદાવન ઉદયોત, સામગ્રી સમેત રી ॥૪॥

પસુ પંખી અનેક નામ, તેના વિચિત્ર ચિત્રામ ।
નિરખતાં ન ભાજે હામ, જુજવી જુગત રી ॥૫॥

રમતાં ભૂખણ કિરણ, બ્રહ્માંડ લાગ્યો ફિરણ ।
સખિયો ઉલાસી તન, કમલ વિકસેત રી ॥૬॥

એણી પેરે કરૂં રામત, મનડાં થયા મહામત ।
ખંત ખરી લાગી ચિત, વાલાજીસૂં હેત રી ॥૭॥

પ્રેમના પ્રઘલ પૂર, સૂરો માંહેં અતિ સૂર ।
પિએ રસ મેલી અઘુર, સઘલી સુચેત રી ॥૮॥

**ઇંદ્રાવતી કરે રંગ, રામત ન કરે ભંગ ।**
**રમતી ફરતી વાલા સંગ, છબકે ચુમન દેત રી ॥૯॥**

*પ્રકરણ-૨૨, ચૌપાઈ-૫૩૩*

**રાસ - ૨૨ વાણીમંથન પ્રશ્નાવલિ**

૨૨.૧ "મનડાં થયાં મહામત" નો ભાવાર્થ સ્પષ્ટ કરો. ચો. ૭

૨૨.૨ "સૂરો માંહે અતિ સુર" નો ભાવાર્થ સ્પષ્ટ કરો. ચો. ૮

## શ્રી રાસ પ્રકરણ - ૨૩ :
## ઓરો આવ વાલા આપણ ઘૂમલડે ઘૂમીએ

**પ્રકરણ સાર :-** *ઘૂમડલે ઘૂમવાની એટલે કે ભમરડાની રામત રમતાં રમતાં વિવિધ પ્રકારની વાણી ગાઈને અનેક પ્રકારના રંગ-રસ ઉપજાવી ઈન્દ્રાવતી વ્હાલાજીને વાલેરી થવા પ્રયાસ કરે છે. તે વ્હાલાજી સાથે પરસ્પર હોડ બાંધીને રમવા પ્રસ્તાવ મૂકે છે અને સખીઓને કહે છે, "જો હું હારું તો આપ મારા પર હાંસી કરજો. પણ, જો વ્હાલો હારે તો તમારે કોઈએ હસવાનું નથી!" આ રામતમાં વ્હાલાજી ઈન્દ્રાવતીની રમવાની રીતથી પ્રભાવિત થઈને સૌથી વધુ ખુશ થાય છે.*

સુંદરસાથજી! વીસમા પ્રકરણની રામતમાં ચક્કર લગાવતાં લગાવતાં ચાલની ગતિ વધારવાની હતી. હવે, *ઘૂમલડાની* આ રામતમાં ચક્કરની ગતિની સાથે સાથે સ્વરની ગતિ પણ બદલતા રહેવાની છે. ઘોઘરો, ઝીણો, મીઠો, મધુરો, રસાળ આવા વિવિધ સ્વરમાં ફેરફાર કરવામાં જે હારે તેની હાંસી થાય. વ્હાલાજી પોતાના બંન્ને હાથ માથે મુકી ઉભા રહે છે અને બંન્ને હાથની કોણીમાં જે ખાલી જગ્યા પડે ત્યાં પોતાના હાથ જોડીને સખીઓ લટકી જાય છે. તત્પશ્ચાત, મધ્યમાં ઉભેલા વ્હાલાજી ભમરડાની જેમ ગોળ ગોળ ફરવા માંડે છે. કોણીમાં લટકેલ સખીનો હાથ જો છૂટી જાય તો તે હારી



D:\Pranam/Chitvani/94

ગણાય અને બરાબર જકડીને લટકી રહે તે જીતી ગણાય.

ઈન્દ્રાવતી કહે છે, "હે વ્હાલા! તું મારી નિકટ આવ! આપણે ઘૂમલડે ઘૂમવાની રામત રમીએ. રમતાં રમતાં વિધ વિધની વાણી ગાઈને અનેક પ્રકારના રંગ-રસ ઉપજાવી હું તમને વાલેરી એટલે કે વ્હાલી થઈશ. હે વ્હાલાજી! મને ઘૂમલડો રમવાનો ઘણો ઉમંગ છે. ચાલો, પરસ્પર શરત મારીને રમીએ અને જોઈએ કે કોણ જીતે છે? તથા "હે સાથજી! આપ આ રામતને બરાબર ધ્યાનપૂર્વક જોજો. હું ઈન્દ્રાવતી જો હારું તો આપ મારા પર હાંસી કરજો. પણ, જો વ્હાલો હારે તો તમારે કોઈએ હસવાનું નથી!"

ઈન્દ્રાવતી કહે છે, વ્હાલાજી મારી સાથે ઘૂમલડો ફરવા લાગ્યા. ફરતાં ફરતાં મીઠાં વચનો ગવાય છે અને પરસ્પર આલિંગન પણ લેવાય છે. સૌ કોઈ દિવ્ય વસ્ત્ર-આભૂષણોથી અતિ સુંદર શોભી રહ્યાં છે. એકાએક ઈન્દ્રાવતી જોરશોરથી અતિ ઉમંગમાં આવીને હસતાં હસતાં ઘોઘરા અવાજે બોલવા લાગી "પિયુજી હાર્યા, પિયુજી હાર્યા, હું જીતી, હું જીતી!" આ સાંભળીને સર્વે સાથ હસ્યા વિના ન રહી શક્યા. તે સૌ એટલું બધું હસ્યા કે ધરતી પર પડીને પેટમાં આવતી શૂળને લઈને લોટપોટ થવા લાગ્યા! સૌ સખીઓ કહેવા લાગી કે ઈન્દ્રાવતીએ સાચે જ આપણા સૌની લાજ રાખી લીધી છે. તેઓ તેના પર અત્યંત ખુશ થયાં. સાથે સાથે વ્હાલાજી તો વળી ઈન્દ્રાવતીથી પ્રભાવિત થઈને તેથીયે વધુ ખુશ થયા!

સુંદરસાથજી! એ બાબત વિચારણીય છે કે શ્રી ઈન્દ્રાવતીએ આમ કેમ કહ્યું હશે કે 'હું હારું તો આપ મારા પર હસજો, પણ જો વ્હાલો હારે તો તમારે કોઈએ હસવાનું નથી.' ઈન્દ્રાવતીના આમ કહેવા છતાંય જ્યારે વ્હાલાજી હારી જાય છે તો સૌ સખીઓ હસી કેમ પડે છે? ઘૂમલડાની શરત ભરી રામતમાં ઈન્દ્રાવતીજીએ વ્હાલાજીને શી રીતે હરાવ્યા હશે તેનો વિચાર કરીએ. તેની મનોવૃત્તિનું ધ્યાન કરો કે "વ્હાલા આપ ભલે થાકો, પણ હું, ઈન્દ્રાવતી, તો તમને કદીય છોડીશ નહિ!" વિવિધ રાસલીલા દરમ્યાન શ્રી ઈન્દ્રાવતીજી વ્હાલા સામે કઈ કઈ વાર જીતી તે યાદ કરીને

જાગણીલીલામાં આપણે પણ તેવાં પગલાં ભરીએ તે માટે આહ્‌વાન છે.

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૨૩**

*રાગ સિંધૂડો*

**ઓરો આવ વાલા આપણ ઘૂમડલે ઘૂમિએ, વાણી વિવિધ પેરે ગાઊઁ ।**
**<u>અનેક રંગે રસ ઉપજાવીને, મારા વાલૈયા તૂને વાલેરી થાઊં</u> ॥૧॥**

**ઘોઘરે ઘાટડે સ્વર બોલાવિએ, બીજા અનેક સ્વર છે રસાલ ।**
**ઝીણ ઝીણા ઝીણા ઝીણ ઝીનેરડા, મીઠા મધુરા વલી રસાલ ॥૨॥**

**ઘૂમડલો ઘૂમવાનો રે વાલૈયા, મૂને છે અતિ ઘણો કોડ ।**
**સામ સામા આપણ થઈને ઘૂમિએ, મારા વાલૈયા આપણ બાંધીને હોડ ॥૩॥**

**એ રામત અમે રબ્દીને રમસૂં, સાથ સકલ તમે રેહેજો રે જોઈ ।**
**<u>હૂં હારૂં તો મોપર હંસજો, મારો વાલોજી હારે તો હઁસજો મા કોઈ</u> ॥૪॥**

**ઘૂમડલો વાલો મોસૂં ઘૂમે છે, વચન મીઠડા રે ગાય ।**
**અંગે વસ્તર ભૂખણ મીઠડાં લાગે, વચે વચે કંઠડે રે વલાય ॥૫॥**

**પિઉ હારયા હારયા કહે સ્વરમાં, હઁસી હરખે રે ઉપજાવે ।**
**<u>હૂં જીતી જીતી કહે ઘોઘરે, સાથ સહુને હઁસાવે</u> ॥૬॥**

**એ રે ઘૂમડલે હઁસી રે સાથને, રહે નહીં કેમે ઝાલી ।**
**<u>લડથડે પડે ભોમ આલોટે, હઁસી હઁસી પેટ આવે રે ખાલી</u> ॥૭॥**

**એ રામતડી જોઈ કહે સખિયો, ઇંદ્રાવતી એ રાખી રેખ ।**
**<u>સાથ સહુને વાલી ઘણૂં લાગી, મારા વાલાજીને વલી વસેખ</u> ॥૮॥**

*પ્રકરણ-૨૩, ચૌપાઈ-૫૪૧*

**રાસ - ૨૩ વાણીમંથન પ્રશ્નાવલિ**

*૨૩.૧ "હું હારું તો આપ મારા પર હસજો, પણ જો વ્હાલો હારે તો તમારે કોઈએ હસવાનું નથી" ઈન્દ્રાવતીએ આમ કેમ કહ્યું હશે? ઈન્દ્રાવતીના આમ કહેવા છતાંયે જ્યારે વ્હાલાજી હારી જાય તો સૌ સખિઓ હસી કેમ પડે છે?*

*૨૩.૨ ઘૂમલડાની શરત ભરી રામતમાં ઈન્દ્રાવતીજીએ વ્હાલાજીને શી રીતે હરાવ્યા હશે? તે અનુમાન દ્વારા દર્શાવો. (વ્હાલા ભલે થાકે, પણ હું ઈન્દ્રાવતી તો તમને કદીયે છોડીશ નહિ!)*

*૨૩.૩ રાસલીલા દરમ્યાન શ્રી ઈન્દ્રાવતીજી વ્હાલા સામે કેટલી વાર અને ક્યારે જીતી?*



D:\Pranam\Chitvani\95

## શ્રી રાસ પ્રકરણ – ૨૪ : કોણીયા રમીયે રે મારા વાલા

**પ્રકરણ સાર :-** *કોણીયાની રામતમાં શરીરનાં પ્રત્યેક અંગોને વાળીને જોર જોરથી કૂદી, હાથથી, કોણીઓથી તથા ચરણોથી રમી તથા વળાંક કે ચાલને અનુરૂપ સ્નેહસભર વાણીગાયન કરતાં કરતાં સખીઓએ વ્હાલાજી સાથે રમવાનું હોય છે. આશ્ચર્યની વાત એ છે કે શ્રી ઈન્દ્રાવતી વ્હાલાજીને સર્વ પ્રથમ આ રામતની વિધિ શીખવે છે અને વળી તેમને તન, વચન, કર્મથી ધ્યાન રાખી શીખવાનો ઉપદેશ પણ કરે છે. શ્રી ઈન્દ્રાવતી કહે છે, "હે સાથજી! મારા વ્હાલાજીમાં તો (એકવાર શીખવાડતાં સૌ પ્રથમ શીખી જવાનો) માત્ર એકજ ગુણ નજરમાં આવે છે, પરંતુ મારામાં તો બબ્બે ગુણો સ્પષ્ટ દેખાઈ આવે છે! હું વ્હાલાજી કરતાં રામતમાં ચતુર પણ છું અને સર્વાધિક ઘેલી બનીને રામતમાં રંગાઈ પણ જાઉં છું !" આ રીતે, તે વ્હાલાજીને હૃદયરૂપી પ્રેમપિંજરમાં પૂરી દેવાની રીત સૌ સાથને શીખવાડે છે.*

શ્રી ઈન્દ્રાવતી કહે છે, "હે વ્હાલાજી ! આવો, આપણે પ્રેમથી, સ્નેહસભર વચનો ગાતાં ગાતાં કોણીયાની રામત રમીએ. ચાલો, સર્વ પ્રથમ હું આપને આ રામતની વિધિ શીખવું! આપ તેને મન, વચન અને કર્મથી ધ્યાનપૂર્વક શીખજો! હે વ્હાલાજી! આ રામતમાં શરીરનાં પ્રત્યેક અંગને

વાળીને જોર જોરથી કૂદવાનું, હાથથી, કોણીઓથી તથા ચરણોથી રમવાનું તથા વળાંક કે ચાલને અનુરૂપ વાણી ગાયન કરવાનું રહેશે.''

"હે સખીઓ, જુઓ! વ્હાલાજી કેવા વિવિધ રીતે પોતાનાં સર્વે અંગો વાળીને કોણીયાની રામતો વારાફરતી રમી રહ્યા છે. તેઓ એવી તો અદ્‌ભુત રીતે રમી રહ્યા છે કે કોઈપણ સખી તેમના જેવું રમી શકે તેમ નથી.'' અને જ્યાં હતી ત્યાં ઊભી ઊભી જ વ્હાલાજીના અંગોના વળાંક તથા આંખોની તિરછી નજર જોઈને મોહિત થઈ રહી છે. સૌના હાથ તથા પગનાં સર્વે આભૂષણો પણ એકી સાથે મધુર અવાજ કાઢી નૃત્યના રંગમાં વૃદ્ધિ કરી રહ્યાં છે. સખીઓ લટકો કરીને ગીત ગાતાં ગાતાં નાચે છે અને અંગમરોડ કરતા કરતા પોતાના પ્રિતમ સાથે કોણીયા રમે છે.

સાથજી! મારા વ્હાલાજીમાં તો માત્ર એક જ ગુણ *(એક જ વાર શીખવાડ્યું અને શીખી ગયા, તે ચાતુર્ય)* નજરમાં આવે છે, પરંતુ મુજ ઈન્દ્રાવતીમાં તો બબ્બે ગુણો સ્પષ્ટ દેખાઈ આવે છે. એક તો હું વ્હાલાજી કરતાં રામતમાં ચતુર છું અને સાથે સાથે રામતમાં સર્વાધિક પ્રેમઘેલી બનીને તેમાં રંગાઈ પણ જાઉં છું!

સુંદરસાથજી! ઈન્દ્રાવતીજી વ્હાલાજીને રામત રમતાં શીખવાડે તે વાત શું માનવામાં આવે? હા, તો શી રીતે, તેનું ધ્યાન કરીએ. વળી, શ્રી ઈન્દ્રાવતીજી પોતાનામાં ચતુરાઈ અને ઘેલાપણું આ બે ગુણ અને વ્હાલાજીમાં માત્ર એક ગુણ દર્શાવી પોતાની મોટાઈ કેટલી સિફતપૂર્વક દર્શાવે છે! ચોપાઈ ૪માં *''ઉભલી જોડ નિહાલે''* એમ કહ્યું છે તેમાં વ્હાલાજી તથા ઈન્દ્રાવતીજીની જોડીની રામતની મસ્તી જોઈને બીજી સખીઓ રામત રમવી ભૂલી જઈને તે યુગલને નિહાળવામાં મગ્ન બની ગઈ!

કોણીયાની રામત દ્વારા મૂલમિલાવામાં કરેલા કૌલ કે *''હું ભૂલું તો તું મને જગાડજે અને તું ભૂલે તો હું તને જગાડીશ''*ની યાદ આવી જાય છે. રામતમાં જેવી રીતે વ્હાલાજી ઈન્દ્રાવતીજીને કોણીયા મારી રમાડે છે, તેવી રીતે જાગણીલીલામાં વ્હાલાજી શ્રી મુખવાણી રૂપી કોણીયો મારીને આપણને જગાડે છે - રમાડે છે! જાગણીલીલામાં શ્રી ઈન્દ્રાવતીજીની



D:\Pranam/Chitvani/96

ચતુરાઈનું પ્રમાણ ખટરુતી ગ્રંથના પ્રકરણ ૮/૨૯ માં સ્પષ્ટ જોવા મળે છે. *''જે કોઈ સુંદરી હોય રે જોરાવર, તેને શીખવું વશીકરણ વાત । વિધ વિધની તેને વિદ્યા દેખાડું, જેણે વશ થાય પ્રાણનો નાથ ॥''* વ્હાલાજીને પોતાના હૃદયરૂપી પ્રેમ-પિંજરમાં શી રીતે પૂરી દેવા તેની રીત તે સૌ સુંદરસાથને શીખવાડે છે.

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૨૪**

*રાગ વસંત*

**કોણિયાં રમિએ રે મારા વાલા, ગાઇએ વચન સનેહ ।**
**મનસા વાચા કરી કરમના, સીખો તમને સીખવું એહ ॥૧॥**

**એ રામતડી જોરાવર રે, દીજે ઠેક અંગ વાલી ।**
**રમતાં સોભા અનેક ધરિએ, ગાઇએ વચન કર ચાલી ॥૨॥**

**કરે રમિએ કોણિયાં રમિએ, ચરણ રામતડી કીજે ।**
**વલી રામતમાં વિલાસ વિલસી, પ્રેમ તણાં સુખ લીજે ॥૩॥**

**જુઓ રે સખિયો વાલો કોણિયાં રમતાં, ભાંત ભાંત અંગ વાલે ।**
**સખિયો રામત બીજી કરી નવ સકે, ઉભલી જોડ નિહાલે ॥૪॥**

**કર મેલીને કોણિયાં રમિએ, કોણી મેલીને કરે ।**
**અંગડા વાલે નેંણા ચાલે, મનડાં સકલનાં હરે ॥૫॥**

**એ રામતના રસ કહૂં કેટલા, થાય નિરતના રંગ ।**
**હસ્ત ચરણનાં ભૂખણ સર્વે, બોલે બંનેના એક બંગ ॥૬॥**

**લટકે ગાએ ને લટકે નાચે, લટકે મોડે અંગ ।**
**લટકે રામત રેહેસ લટકે, લટકે સાંઈ લિએ સંગ ॥૭॥**

**મારા વાલાજીમાં એક ગુણ દીસે, જાણે રામત સીખ્યા સહુ પેહેલી ।**
**ઇંદ્રાવતીમાં બે ગુણ દીસે, એક ચતુર ને રમતા ગેહેલી ॥૮॥**

*પ્રકરણ-૨૪, ચૌપાઈ-૫૪૯*

**રાસ - ૨૪ વાણીમંથન પ્રશ્નાવલિ**

૨૪.૧ *'ઈન્દ્રાવતીજી વ્હાલાજીને રામત શીખવાડે' એ શું મનાય તેવી વાત છે? આ બાબતે તમારું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કરો.*

૨૪.૨ *ઈન્દ્રાવતીજી પોતાનામાં બે ગુણ અને વ્હાલાજીમાં માત્ર એક ગુણ દર્શાવી પોતાની મોટાઈ દર્શાવે છે, તેનો ભાવ સ્પષ્ટ કરો.*

૨૪.૩ *"ઉભલી જોડ નિહાલે" નો ભાવ સ્પષ્ટ કરો. ચો. ૪.*

૨૪.૪ *શું માત્ર વ્હાલાજી તથા ઈન્દ્રાવતીજીની જોડી જ કોણીઓ રામત રમે છે, કે બધી સખીઓ પણ રમે છે? કઈ રીતે?*

## શ્રી રાસ પ્રકરણ – ૨૫ : આવો વાલા રામત રાસની કીજે

**પ્રકરણ સાર :-** *હવે વ્હાલાજીના મનમોહક વેશથી મોહિત થઈને વિરહઘેલી સખીઓ વ્હાલાજીના ગળામાં હાથ નાખીને રાસની રામત રમી મધુર આલિંગન તથા અધરામૃતપાન દ્વારા મનડાં તૃપ્ત કરવા વિનંતી કરે છે : "હે વ્હાલાજી, આવો! આપણે એકબીજાના ગળામાં હાથ નાખીને રાસ રમીએ. અરે, વ્હાલા! આ મનમોહક વેષમાં આપશ્રીને નિરખીને અમે એટલાં મોહિત થયાં છીએ કે હવે આપ અમથી પલભર માટે પણ જુદા થશો નહિ. હવે, અમારાથી આપનો વિરહ સહન નહીં થાય. મોહિની વેલની જેમ ધારણ કરેલ આપશ્રીના વેશનાં દર્શન અનિમેષ નેત્રે કરતાં જ રહીએ. આપશ્રીનાં દર્શનથી જ અમારા સૌનાં અંગોમાં ખૂબ જ શીતલતા અનુભવાય છે. હે વ્હાલા! રાસ રામત કરતાં કરતાં આપ અમને મધુર આલિંગન આપી અધરામૃતપાનની લ્હાણ કરાવો, જેથી અમારા મનડાં તૃપ્ત થાય. આપને નિરખીને અમને અતિ આકર્ષણ ઉપજી રહેલ છે." પોતાની આત્માઓની વિનંતીને માન આપીને વ્હાલાજીએ મોકળા મને પ્રેમરસમાં ભીંજાઈને એટલા બધા હાસ્યવિનોદ કર્યા કે સખીઓ બોલી ઉઠી કે "હે વ્હાલાજી! હવે, આપ આપનો આવેશ થોડો ઓછો કરીને રમો, કારણ કે અમારા શ્વાસ રૂંધાઈ રહ્યા છે!"*



D:\Pranam/Chitvani/97

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૨૫

*રાગ કાલેરો*

**આવો વાલા રામત રાસની કીજે, આપણ કંઠડે બાંહોંડી કાં ન લીજે રે ।।ટેક ।।૧।।**

**આ વેખ કેમ કરી લ્યાવ્યા રે વાલૈયા, અમને થયો અતિ મોહ રે ।**
**ખિણ એક અમથી અલગાં મ થાજો, અમે નહીં ખમાય વિછોહ રે ।।૨।।**

**આ વેખ અમને વાલો ઘણુ લાગે, વેખ રસાલ અતિ રંગ ।**
**દૃષ્ટ થકી અલગાં મ થાજો, દીઠડે ઠરે સર્વા અંગ ।।૩।।**

**આ વેખ અમને ગમે રે વાલૈયા, લીધો કોઈ મોહન વેલ રે ।**
**નેંણે પલ ન આવે રે વાલૈયા, રૂપ દીસે રંગ રેલ રે ।।૪।।**

**રામત કરતાં રંગ સહુ કીજે, ખિણ ખિણ આલિંઘણ લીજે રે ।**
**અધુર તણો જો રસ તમે પીઓ, તો અમારા મન રીઝે રે ।।૫।।**

**ઉલટ અંગ ન માય રે વાલૈયા, કીજે રંગ રસાલ રે ।**
**પલ એક અમથી મ થાઓ જુઆ, રખે કંઠ બાંહોંડી ટાલ રે ।।૬।।**

**તમ સામૂં અમેં જ્યારે જોઇએ, ત્યારે જોર કરે મકરંદ રે ।**
**બાથો બથિયા લીજે રે વાલૈયા, એમ થાય આનંદ રે ।।૭।।**

**રામત કરતાં આલિંઘણ લીજે, એ પણ મોટો રંગ રે ।**
**સાથ દેખતાં અમૃત પીજે, એમ થાય ઉછરંગ રે ।।૮।।**

**આલિંઘણ લેતા અમૃત પીતાં, વિનોદ કીધાં ઘણાં હૅાંસ રે ।**
**કઠણ ભીડાભીડ ન કીજે રે વાલૈયા, મુંઝાય અમારા સ્વાંસ રે ।।૯।।**

*પ્રકરણ-૨૫, ચૌપાઈ-૫૫૮*

## શ્રી રાસ પ્રકરણ – ૨૬ : સખી એક ભાંત રે

પ્રકરણ સાર :- *આ રામતમાં રાસ વિલાસ કરી રહેલ વ્હાલાજી તેમજ શ્રીશ્યામાજીના દિલમાં જે હેત-પ્રીત ઉપજે છે તેનાં દર્શન થાય છે. શ્રીશ્યામાજીની કેડમાં હાથ નાખીને તેમને ચુંબન દઈ મધુર વાર્તાલાપ કરી રહેલ વ્હાલાજી તરફ સખીઓનું ધ્યાન દોરી ઈન્દ્રાવતીજી ધ્યાનપૂર્વક તે શ્રીજુગલજોડીનાં દર્શન કરવા કહે છે : "હે સખીઓ! જુઓ, મારા વ્હાલાજી કેવી અનોખી રીતે શ્રીશ્યામાજીની કેડમાં પોતાનો હાથ નાખી તેમને પોતાની પાસે ખેંચીને પ્રેમપૂર્વક ચુંબન દઈ મધુર વાર્તાલાપમાં મગ્ન છે. તેઓ પોતાની વિશેષ યુક્તિ, શક્તિ, તેજ, જોશ તથા અપાર મસ્તીથી ભરપૂર અંગો થકી સર્વ સખીઓની મનોકામના પૂર્ણ કરી રહેલ છે. તેઓ શ્રી શ્યામાજી સાથે કેવા દ્રઢ વિશ્વાસપૂર્વક હાસ્યવિલાસ તથા આનંદકિલ્લોલ કરી રહ્યા છે! જુઓ! બંને કેવાં એકજ વિચારમાં મગ્ન બની, પરસ્પર આલિંગન લઈ, પ્રસન્ન ચિત્તે મુક્ત આનંદરસ લૂંટી રહ્યાં છે! હે સાથજી! આપ આ જુગલજોડીનું ધ્યાનપૂર્વક દર્શન કરો."*

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૨૬

છંદની ચાલ

**સખી એક ભાંત રે, મારો વાલોજી કરે છે વાત રે ।**
**લઈ ગલે બાથ રે, આંણી અંગ પાસરે, ચુમન દિએ ચિતસૂં ॥૧॥**

**મારા વાલા માંહેં કલ રે, અંગે અતિ બલ રે ।**
**રમે ઘણે બલ, રંગ અવિચલ, વલ્લભ અતિ વિતસૂં ॥૨॥**

**આ જુઓ તમે સ્યામ, કરે કેવાં કામ ।**
**ભાજે ભૂસી હામ, રાખે નહીં મામ, હરવે ઘણે હિતસૂં ॥૩॥**

**મારા વાલાસું વિલાસ, સ્યામા કરે હઁસ ।**
**સૂધો રંગ પાસ, કરી વિસ્વાસ, જુઓ જોપે ખંતસૂં ॥૪॥**



D:\Pranam/Chitvani/98

**સ્યામા સ્યામ જોડ, કરતાં કલોલ ।**
**રમે રંગ રોલ, થાય ઝકઝોલ, બંને એક મતસૂં ॥૫॥**

**બેહૂ સરખા સરૂપ, મેલી મુખ કૂપ ।**
**પિએ રસ ઘૂંટ, અમૃતની લૂટ, લિએ રે અનિતસૂં ॥૬॥**

**આલિંઘણ લિએ, રંગ રસ પિએ ।**
**બંને સુખ લિએ, લથબથ થિએ, આ ભીની સ્યામા પતસૂં ॥૭॥**

**ઇંદ્રાવતી વાત, સુણો તમે સાથ ।**
**જુઓ અખ્યાત, બંને રલિયાત, રમતાં ઇજતસૂં ॥૮॥**

*પ્રકરણ-૨૬, ચૌપાઈ-૫૬૬*

### રાસ - ૨૬ વાણીમંથન પ્રશ્નાવલિ

૨૬.૧ આ રામતમાં વાલાજી કોની સાથે રમે છે? (શ્યામાજીની)

## શ્રી રાસ પ્રકરણ – ૨૭ :
## રામત આંબાની કીજીએ મારા વાલૈયા

**પ્રકરણ સાર** :- *આંબાની રામતમાં વ્હાલાજીનાં શ્રીચરણો નિષ્ઠાપૂર્વક પકડીને બેઠેલ ઈમાન વાળી સખીઓને મોહમાયાના પ્રતીક રૂપ બીજી કેટલીક સખીઓ દૂર ખેંચવા પ્રયત્ન કરે ત્યારે વ્હાલાજીએ આંબાના થડની જેમ બિલકુલ ડગમગ્યા વિના સ્થિર બની રહેવાનું હોય છે. કેટલીક સખીઓ ભાવપૂર્વક વ્હાલાજીની પરિક્રમા કરતાં કરતાં આંબા સ્વરૂપ વ્હાલાજીને દૂધ-દહીં રૂપી પ્રેમસેવાથી સીંચે છે. જે સખીઓ ચરણોને ઈમાનપૂર્વક વળગી રહે છે તેઓ કહે છે, "જોઈએ છે કે કોણ અમને અમારા વ્હાલાજીથી અલગ કરી શકે તેમ છે?" કોઈક સખીઓ સદ્‌ગુરુના પ્રતીક રૂપ ચોકીદારના રૂપમાં આવીને પેલી ધણીજીથી દૂર ખેંચનારી સખીઓને મારીને ભગાવે છે.*

ઈન્દ્રાવતીજી કહે છે, "હે વ્હાલાજી! આવો, ચાલો! આપણે આંબાની રામત રમીએ. હવે આપ અમારી નજીક આવી ઊભા રહો. આપશ્રીનાં ચરણો પકડીને બેઠેલ સખીઓને જ્યારે કોઈ (માયા) દૂર ખેંચવા પ્રયત્ન કરે, ત્યારે આપ બિલકુલ ડગમગ થતા નહિ. હે વ્હાલાજી! આપ આંબાના થડ સમાન સ્થિર બની ઊભા રહેજો. અમે ભાવપૂર્વક *'મારો આંબો દહિએ દૂધે સીંચૂં'* એમ ગાતા ગાતા આપની પરિક્રમા કરીશું. આંબા સ્વરૂપ આપશ્રીને દૂધ-દહીં રૂપી પ્રેમસેવાથી સીંચીશું, તમને રીઝવીશું. અમારામાંથી કેટલીક આપનાં શ્રીચરણોને નિષ્ઠાપૂર્વક ઝાલીને બેસીશું અને જોઈશું કે અમને અમારા વ્હાલાજી થી કોણ અલગ કરી શકે તેમ છે ? હે વ્હાલાજી! આપ બળપૂર્વક ઊભા રહેજો; બિલકુલ ડગમગશો નહિ! અન્યથા, આપના ઉપર સૌ હસશે! અને, જો અમે પણ અનન્ય નિષ્ઠાપૂર્વક આપશ્રીનાં ચરણો પકડી રાખી શકીશું નહીં, તો સૌ અમારા પર હસશે - એ અમારા ઈમાનની પરીક્ષા ગણાશે! અને હા, જો અમારા દ્વારા બળપૂર્વક પકડવાથી જો કદી આપશ્રીને ચરણોમાં કષ્ટ પહોંચે તો તમે અમને ઈશારાથી કહી દેજો." સેવા કરતી વેળા વ્હાલાજીને કોઈપણ પ્રકારનું દુઃખ સ્હેજે ના થવું જોઈએ - અહીં એ ભાવ છે! જે સખી સાચા પ્રેમ (ઈમાન)થી વ્હાલાજીનાં ચરણોને વળગી રહી તે, બીજી ખેંચનારી સખીઓ દ્વારા કેટલુંયે બળ કરવા છતાં, અળગી થતી જ નથી! જે સખી વ્હાલાજીનાં ચરણોને બરાબર પકડી રાખી શકી નહીં, તેની જોરદાર હાંસી થઈ રહી છે. આ સંપૂર્ણ રામતથી પ્રફુલ્લિત બનેલી ઈન્દ્રાવતી, વ્હાલાજી તથા સર્વે સખીઓ પરસ્પર તાલી દઈને ઊંચા અવાજે હાસ્ય વિનોદ કરી રહ્યાં.

સુંદરસાથજી! આ જાગણીલીલામાં આંબાની રામતમાંથી અત્યંત મહત્ત્વપૂર્ણ બોધ એ લેવાનો છે કે (૧) શ્રી રાજજીરૂપી આંબાને અટલ ઈમાનપૂર્વક વાણી મંથન અને ચિતવન દ્વારા વળગી રહેવું, (૨) મોહમાયા જો આપણને વ્હાલાજીથી દૂર કરવાનો પ્રયાસ કરે છે એવો અણસાર થતાં જ પોતાના ઈમાન વિશે સજાગ થઈ જવું, (૩) હરપળ શ્રી રાજજીની



D:\Pranam/Chitvani/99

પ્રેમ-સેવામાં ચિતવનમય બની સમર્પિત રહેવું જેથી માયાનો પ્રભાવ પોતાના પર અને અન્ય સુંદરસાથ પર ઓછામાં ઓછો પડે, અને (૪) પોતાના ઈમાનને વ્યવહારમાં વ્યક્ત કરતી વખતે વ્હાલાજીને તથા વ્હાલાજીના સ્વરૂપ સુંદરસાથજીને! સ્હેજપણ દુઃખ ના થાય તે બાબતે સંવેદનશીલતા કેળવવી. આ રામતમાં સખીઓની ત્રણ પ્રકારની વૃત્તિઓ છતી થાય છે : (૧) *"અમે ચરણ ઝાલીને બેસું"* દ્વારા વ્હાલાને ઈમાનપૂર્વક પકડી રાખવાની, (૨) *"મારો આંબો દહીંએ દુધે સીંચૂં"* દ્વારા વ્હાલાને સીંચવાની, અર્થાત્ વ્હાલાજીની સેવા કરવાની, અને (૩) *"ઓલીયો સખીઓ બળ કરી થાકી"* દ્વારા વ્હાલાથી બીજાને દૂર કરવાની માયાવી વૃત્તિ છતી થાય છે. પરમધામમાં તો વ્હાલાજીએ કહ્યું હતું કે *"અલસ્તો-બે-રબ-કુંમ"* અર્થાત્ માત્ર હું જ તમારો ભરથાર છું, તે તમે ભૂલશો નહિ! હવે, સદ્‌ગુરુસ્વરૂપ શ્રી શ્યામાજી ઈશ્ક અને ઈલમના સીંચન દ્વારા આપણી આત્માનું પાલનપોષણ કરી રહ્યાં છે. વર્તમાન જાગણીલીલામાં માયાની બહુરંગી ખેંચાતાણી વચ્ચે આપણા સૌના ઈમાનની જે કસોટી થઈ રહી છે તે આંબાની રામત દ્વારા પ્રત્યક્ષ કરી શકાય છે. આ રામતના અંતમાં આનંદિત થઈને સૌ કોઈ પરસ્પર તાળી દઈ હાસ્ય કરવાનો પ્રસંગ *"દિએ તાલી હાંસી કરે સોર રે"* એ પરમધામ મૂલમિલાવામાં થનાર આનંદની - *ધણી મહામત હંસ તાળી દે, સાથ ઊઠા હંસતા સુખ લે ।* "તેની યાદ કરાવે છે.

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૨૭**

*રાગ સામેરી*

**રામત આંબાની કીજે મારા વાલૈયા, આવી ઊભા રહો લગતાં રે ।**
**સખિયો જ્યારે બલ કરે, ત્યારે રખે કાંઈ તમે ડગતાં રે ।।૧।।**

**તમે આંબલા ના થડ થાઓ, અમે ચરણ ઝાલીને બેસૂં ।**
**મારો આંબો દહિએ દૂધે સીંચૂં, એમ કેહેસૂં પ્રદખિણા દેસૂં ।।૨।।**

**કેટલીક સખિયો આંબલો સીંચે, અમે ચરણ તમારે વલગાં ।**

**દૃઢ કરીને અમે ચરણ ગ્રહ્યાં, જોઇએ કોણ કરે અમને અલગાં ॥૩॥**

**બલ કરીને તમે ઊભા રહેજો, ખસસો તો હઁસસે તમ પર ।**
**જો અમે ચરણ ગ્રહી નવ સકૂં, તો સહુ કોઈ હઁસસે અમ પર ॥૪॥**

**તે માટે રખે ચરણ ચાચરો, થિર થઈ ઊભા રેહેજો ।**
**જો જોર ઘણું આવે તમને, ત્યારે તમે અમને કેહેજો ॥૫॥**

**અનેક સખિયો ચરણે વલગી, ખસવા નહીં દીજે રે ।**
**વાલો સખિયો સહુ થાજો સાવચેત, ઓલિયો ઊપર સામી હાંસી કીજે ॥૬॥**

**જે સખી સાંચી થઈને વલગી, તે તા વછોડતાં નવ છૂટે રે ।**
**ઓલિયો સખિયો બલ કરી કરી થાકી, તે તા ઉઠાડતા નવ ઉઠે રે ॥૭॥**

**જે સખી ચરણે રહી નવ સકી, તે પર હાંસી થઈ અતિ જોર રે ।**
**ઇંદ્રાવતી વાલો ને સખિયો, દિએ તાલી હાંસી કરે સોર રે ॥૮॥**

*પ્રકરણ-૨૭, ચૌપાઈ-૫૭૪*

### રાસ - ૨૭ વાણીમંથન પ્રશ્નાવલિ

*૨૭.૧ આંબાની રામતનું સંક્ષિપ્ત વર્ણન કરો.*

*૨૭.૨ આંબાની રામતમાં સખીઓની કઈ ત્રણ પ્રકારની વૃત્તિ છતી થાય છે તે સુપેરે સમજાવવો : (વ્હાલાને પકડી રાખવાની, વ્હાલાથી બીજાને દૂર કરવાની, વ્હાલાને સીંચવાની સેવાની)*

*૨૭.૩ સેવાભાવ : "મારો આંબો દહીંએ દૂધે સીંચૂં." ઈમાન : "અમે ચરણ ઝાલીને બેસું." માયાભાવ : "ઓલીયો સખિઓ બળ કરી થાકી." આ ત્રણ પ્રક્રિયામાં સખિઓના કયા ભાવ વ્યક્ત થાય છે?*

## શ્રી રાસ પ્રકરણ – ૨૮ : રામત ઉડન ખાટલીની

**પ્રકરણ સાર :-** *આ પ્રકરણમાં ઉડનખાટલીની, અર્થાત્ હરણની જેમ છલાંગો મારી કૂદવાની રામતનું વર્ણન છે. વૃંદાવનની રેતીમાં*



D:\Pranam/Chitvani/100

*ઈન્દ્રાવતીજી સહિત સૌ સખીઓની વ્હાલા સાથે હરીફાઈ યોજાય છે. કોની છલાંગ પર હસીએ, ને કોની વખાણીએ? સૌ અતિઉમંગ કરીને વ્હાલાજીની સાથે છલાંગ મારે છે.*

હે વ્હાલાજી! ચાલો, આપણે ઉડન ખાટલીની, અર્થાત્ હરણની જેમ છલાંગો મારી કૂદવાની રામત રમીએ. વૃંદાવનની રેતી આ રામત માટે સયોગ્ય છે - *"રેત રૂડી છે આની ભોમે".* ઈન્દ્રાવતીજીની આ પ્રસ્તાવનાથી સૌ સખીઓની ખુશીનો પાર ન રહ્યો. તે સૌ વ્હાલા સાથે હરિફાઈ કરવા તત્પર બની. સૌ પ્રથમ, વ્હાલાજી મૃગવત્ છલાંગ મારીને ઠેકડો મારતા કૂદવા લાગ્યા. તે જોઈને ઈન્દ્રાવતીજી સખીઓને કહેવા લાગી કે હે સખી! હવે, તમે મારી છલાંગ પણ જોજો. જો હું વ્હાલાજી કરતાં પણ સારી રીતે કૂદી બતાવું તો પછી તમે મારી વાત માનજો. એટલામાં તો વળી વ્હાલાજીએ વધુ સુંદર છલાંગ મારી બતાવી! તે જોઈને ઈન્દ્રાવતીજી સહજ રીતે બોલી પડી કે, "હે સખી! વ્હાલાજીની સુંદર છલાંગો જોઈને હું તેમના ઉપર બલિહારી તો જાઉં જ છું, પણ હે સખી! વ્હાલાજી તેમના અંગોને થોડાંક સંકોડીને, અર્થાત્ સંકોચપૂર્વક કૂદયા છે! તથા તેમની છલાંગ પણ થોડી લથડતી હતી! માટે, હે સખીઓ! તમે સૌ રખે, તેમની છલાંગનાં બહુ વધુ પડતાં વખાણ કરતાં! આ પ્રકારના કૂદકા તો આપણે સૌ પણ સહજ રીતે રમતાં રમતાં મારી શકીએ તેમ છીએ! હે સખીઓ! હવે તમે આપણી સૌની છલાંગ જો જો. વ્હાલા જેવી હરણફાળ તો આપણામાંની કેટલીયે સખીઓ મારી બતાવશે! અરે! વ્હાલાજીએ માત્ર થોડી રેતી ઉડાડી તેમાં તમે સૌ એટલાં બધાં શું અંજાઈ ગયાં છો? સૌએ અતિ ઉમંગભેર વ્હાલાજીની સાથે છલાંગ મારવા માંડી. કોની છલાંગ પર હસીએ, ને કોની વખાણીએ! ચાલો સખી, હવે નૃત્ય પણ કરીએ, જેથી સૌ સુંદરસાથ તથા વ્હાલાજી વધુમાં વધુ રીઝે!

સુંદરસાથજી, વૃંદાવનની રેતી જો રૂડી હતી તો ભરતખંડ, જ્યાં તારતમજ્ઞાન પ્રગટ્યું છે, તે તો વળી જાગણીરસથી ભીંજાયેલ હોવાથી તેથીયે રૂડો છે! આવો, યાદ કરીએ પરમધામના ચાંદની ચોકમાં, પશ્ચિમના

ચોગાનમાં તથા કુંજ-નિકુંજ વનની કોમળ ગાલીચા જેવી રેતીમાં, મંદિરોના ચિતરામણો સાથે તથા ત્રીજીભોમની પડસાળમાં મારેલી છલાંગોને. જાગણીલીલામાંથી પરમધામ તરફ લાંબી છલાંગ મારીએ અને વ્હાલાજીને તેમ કરી બતાવીને ખુશ કરી દઈએ! જાગણીબ્રહ્માંડમાં *"આંગૂ કરની હૈ દૌડ"*ના ભાવ સાથે ઉડનખાટલીની રામતનો ભાવ સરખાવી ઈન્દ્રાવતીના પ્રેરણામય વ્યક્તિત્વનું ચિતવન કરીએ. જુઓ! આ જાગણીરાસની રામતમાં પણ તેનો ઠેક કેટલો નિશ્ચયાત્મક છે! જુઓ, તે જે વચન આપે છે તેને યાદ કરો : *બાંહે ગ્રહીને તારું તમને, જેમ લહેર ન લગે લગાર । સુખપાલમાં સુખે બેસાડી, ઘેર પોહોંચાડું નિરધાર ॥ ધણીએ જગાવી મુને એકલી, હું જગવું બાંધાં જૂથ । દુઃખની ભોમ દૂથી ઘણી, તે કરી દઉં સત સુખ ॥ (કલશ : ગુજ.૧૨/૩૫, ૪૪)*

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૨૮

*રાગ આસાવરી*

**રામત ઉડન ખાટલીની, મારા વાલાજી આપણ કીજે રે ।**
**<u>રેત રુડી છે આણી ભોમે, ઠેક મૃગ જેમ દીજે રે</u> ॥૧॥**

**સખિયો મનમાં આનંદિયો, એ રામતમાં અતિ સુખ રે ।**
**<u>સાથ સહુ રબ્દીને રમસું, મારા વાલાજી સનમુખ રે</u> ॥૨॥**

**પેહેલો ઠેક દીધો મારે વાલે, પછે જો જો ઠેક અમારો રે ।**
**<u>તો મારા વચન માનજો સખિયો, જો દઊં ઠેક વાલાજીથી સારો રે</u> ॥૩॥**

**જુઓ રે સખિયો તમે વાલોજી ઠેકતાં, દીધી ફાલ અતિ સારી રે ।**
**<u>નિસંક અંગ સંકોડીને ઠેક્યા, જાઊં તે હૂં વલિહારી રે</u> ॥૪॥**

**હાંઊ હાંઊ રે સખિયો તમે ઠેક વખાણ્યો, એ તો દીધો લડસડતાં રે ।**
**<u>એવા તો ઠેક અમે સહુ કોઈ દેતાં, સેહેજે રામત કરતાં રે</u> ॥૫॥**

**રહો રહો રે સખિયો તમે ઠેક વખાણ્યો, હવે જો જો અમારો ઠેક રે ।**
**<u>એવી તો ફાલ સાથે કેટલીક દીધી, તૂં તો મોહી ઉડાડતાં રેત રે</u> ॥૬॥**



D:\Pranam/Chivani/101

**કોણે હઁસિએ કોણે વખાણિએ, એ રામત થઈ અતિ રંગ રે ।**
**<u>એણી વિધે દીધાં અમે ઠેક, મારા વાલાજીને સંગ રે</u> ॥૭॥**

**એ રામતડી જોઈ કરીને, હવે નિરતની રામત કીજે રે ।**
**<u>રૂડી રામત ઇંદ્રાવતી કેરી, જેમાં સાથ વાલો મન રીઝે રે</u> ॥૮॥**

*પ્રકરણ-૨૮, ચૌપાઈ-૫૮૨*

## શ્રી રાસ પ્રકરણ – ૨૯ :
## વાલા તમે નિરત કરો મારા નાહોજી રે

**પ્રકરણ સાર :-** *વ્હાલાજીની વિશેષ પ્રકારની વેશભૂષા જોઈને સૌ સખીઓ તેમને નૃત્ય કરતા જોવાની પ્રબળ ઈચ્છા વ્યક્ત કરે છે. તો વ્હાલાજી કહે છે, "હે સખીઓ! નૃત્ય તો નારી જ સારી રીતે કરી શકે! માટે, આપ સૌ નાચો તથા મધુર સ્વરે ગાઓ. હું આપ સૌ સાથે સ્વર અવશ્ય પુરાવીશ." તો સૌના વતી પ્રત્યુત્તર આપતાં ઈન્દ્રાવતી વ્હાલાજી પાસે નૃત્ય તથા આલાપ દ્વારા મધુર ગીતો ગાવાની અપેક્ષા વ્યક્ત કરે છે. સાથે સાથે તે સૌ સખીઓને વ્હાલાજી જેમ નૃત્ય કરે તેમ નાચવાની ચુનૌતી આપે છે. તે સૌ સુંદરસાથજીને વ્હાલાજીના સ્વરમાં સ્વર પુરાવી બંસી, વીણા, સારંગી, કરતાલ, ઝાંઝરી, શ્રુતમંડલ, મૃદંગ, તાનપુરો આદિ વાજીંત્રો વગાડતાં નાચવાનું કહે છે. તેનું તાત્પર્ય એ છે કે સૌ સુંદરસાથજીએ વ્હાલાજીએ પ્રબોધેલ રહેણી-કરણીપૂર્ણ જીવન જીવતાં જાગણી રાસ રમવાનો છે.*

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, "હે વ્હાલાજી! આપની વિશેષ પ્રકારની વેશભૂષા જોઈને તો વળી આપશ્રીને નૃત્ય કરતા જોવાની અમને ખૂબજ ઈચ્છા થાય છે." તો ઉત્તર આપતાં વ્હાલાજી કહે છે, "હે સખીઓ! નૃત્ય તો નારીઓ જ સારી રીતે કરી શકે! માટે, આપ સૌ નાચો તથા મધુર સ્વરે ગાઓ, અને હું બંસીથી આપ સૌ સાથે રસાળ સ્વર અવશ્ય પુરાવીશ."

તો પ્રતિસાદ આપતાં ઈન્દ્રાવતી કહે છે, ‘‘હે પ્રાણવલ્લભ! આપ અમને નૃત્ય શી રીતે કરવું તે શીખવો. આપ જે રીતે પગલાં માંડશો, અંગોને નરમાઈપૂર્વક વાળશો, ભમરી/ફૂંદડી ફરશો, નાચશો, અવનવી મુદ્રાઓ બનાવી હાથ હલાવશો કે પગથી ઠેકડા દેશો - અમે સૌ પણ બરાબર તેજ પ્રમાણે કરીશું. સાથે સાથે, આપ પ્રેમભાવ સભર મધુર ગીતો પણ આલાપ કરીને અમને ગાઈ બતાવો. અમે સૌ આપના સ્વરમાં સ્વર પૂરાવીશું તથા બંસી, વીણા, સારંગી, કરતાલ, ઝાંઝરી, શ્રુત મંડલ, મૃદંગ, તાનપુરા આદિ વાજીંત્રો વગાડતાં નાચીશું.’’

એટલામાં તો વ્હાલાજીના નૃત્યનો પ્રારંભ થયો. વ્હાલાજી પોતાના મધુર કંઠે રાગ પણ આલાપી રહ્યા છે. સૌ સખીઓ પણ તેમાં સ્વર પુરાવી ગાઈ રહી છે. સખીઓના આભૂષણોના મધુર ધ્વનિથી, ધરતીના ધમકારથી, સુમધુર સ્વરે ગવાતાં ગીતોથી તથા ‘‘તાતા થૈ... તાતા થૈ’ નૃત્યના અવાજથી વતાવરણ અત્યંત આનંદમય બની રહ્યું. સૌ સખીઓ ઉછરંગમાં આવીને પોતાના સુકોમલ અંગથી એક પગે ફેરી ફરતાં નૃત્ય કરી રહી છે. બરાબર એક પ્રહર સુધી ચાલેલા આ નૃત્યથી સૌ સુંદરસાથના પ્રેમાનંદનો પાર ન રહ્યો. હવે, સૌ સુંદરસાથે ભેગા મળીને વ્હાલાજી સમક્ષ રામત રમવાની પ્રસ્તાવના મૂકતાં કહે છે કે, ‘‘હે વ્હાલાજી, હવે આપે શીખવ્યા પ્રમાણે અમે સૌ એક સાથે મળીને આપની સાથે નૃત્ય કરવાની ઈચ્છા ધરાવીએ છીએ. માટે, ચાલો, તે રમીએ.’’

વ્હાલા સુંદરસાથજી! આ રામતમાં ઈન્દ્રાવતીજી વ્હાલાજી જેમ નૃત્ય કરે તેમ સખીઓએ પણ કરવું એવી વાત કરે છે. તે દ્વારા તે સૌ સુંદરસાથજીને પોતાની રહેની કરની - જે વ્હાલાજીએ શ્રીમુખવાણીમાં દર્શાવી છે, તે પ્રમાણે જાગણીરાસ રમવાનો ભાવ ગ્રહણ કરાવે છે. બરાબર એક પ્રહર સુધી ચાલેલી આ નૃત્યલીલાની મસ્તી માણી પરમધામની ચોથીભોમની ચોથી હવેલીમાં થતા નૃત્યની લીલા યાદ કરીએ. નિજધામમાં પણ કૃષ્ણપક્ષમાં શ્રી રાજજી, શ્રી શ્યામાજી અને સખીઓની સવારી જુદા જુદા વનમાંથી આવ્યા બાદ આ નિરતની હવેલીમાં પણ એક



D:\Pranam/Chitvani/102

પ્રહર સુધી થનાર તે નૃત્યલીલાનો રસ તો આ યોગમાયિક રસથી કરોડો ગણો વિશેષ છે! ચાલો, તેની એક ઝલક માણતા ચિતવન કરીએ :

*પોહોર રૈની લગે જો ખેલાવે, પીછે મુખ અગ્યા કરે બોલાવે ।*
*ઈત હીથેં અગ્યા કરી, પાઁઉ લાગ સેજ્યા દિલ ધરી ॥* *પરિક્રમા : ૩/૧૫૪*

*એહ ખેલ એક પોહર લગ, હોત હમેશા ઈત ।*
*પંદ્ર દિન જબ ઘર રહે, તબ દેખે દુલ્હા નિરત ॥* *પરિક્રમા : ૩૧/૭૩*

*શ્રી રાજ શ્રી ઠકુરાણીજી, પોહોર રાત લૌં નવરંગબાઈકી નિરત દેખે -*
*કૃષ્ણ પક્ષ મધ્ય રાત્રિનું સ્વરૂપ*

*આનંદ ઘણો ઈન્દ્રાવતી, વાલાજીને લાગે પાય ।*
*અવસર છે કાંઈ અતિ ઘણો, વાલા રાસ (જાગણી)ની રામત માહે ॥૧૧॥*
*તે સર્વે ચિત્ત ધરી, અમસું રમો અતિ રંગ । કહે ઈન્દ્રાવતી સાથને,*
*રમવાની ઘણી ઉમંગ ॥૧૨॥ —શુક્લપક્ષનું નૃત્ય*

સૌ સુંદરસાથને ધામની નૃત્યની રામતનું ધ્યાન કરાવતાં શુક્લપક્ષના એક પ્રહર સુધી ચાલતી લીલાના વર્ણન બાદ ઈન્દ્રાવતીજી વ્હાલાજીને પ્રણામ કરે છે અને કહે છે કે, હે વ્હાલાજી! જેવો રસ ધામની આનંદલીલામાં અમને મળતો હતો એવો જ આ જાગણીરાસલીલામાં પણ પીવડાવો. અત્યારનો અવસર તો સૌથી વિશેષ છે. તમે અમારી અરજી ચિત્તમાં ધરી અમારી સાથે અતિરંગે રમો તથા મારો અને સૌ સુંદરસાથનો જાગણીરાસ રમવાનો ઉમંગ પૂર્ણ કરો! આ ભાવ લઈ મહારાસની નિરતની લીલાનું મંથન કરી જાગણીલીલા તથા પરમધામલીલામાં સૂરતા સ્થિર કરીએ. મુરલી બજાવત મોરબાઈ, બેનબાઈ વાજંત્ર. સાથજી! યાદ રહે કે આ લીલા દ્વારા અક્ષરબ્રહ્મને પરમધામની ઈશ્કલીલાનો એક અંશ માત્ર દર્શાવ્યો છે.

રાગ કલ્યાણ

વાલા તમે નિરત કરો મારા નાહોજી રે, અમને જોયાની ખાંત ।
સાથ જોઈ આનંદિયો રે, કાંઈ વેખ દેખી એક ભાંત ॥૧॥

તમે નિરત કરો રે ભામની, નિરત રૂડી થાય નાર ।
તમે વચન ગાઓ પ્રેમના, પાસે સ્વર પૂરૂં રસાલ ॥૨॥

સુણો સુંદર વલ્લભજી મારા, નિરત કેણી પેરે થાય ।
અમને દેખાડો આયત કરી, કાંઈ ઉલટ અંગ ન માય ॥૩॥

જેણી સનંધે પાંઉં ભરો, અને અંગ વાલો નરમ ।
ભમરી ફરો જેણી ભાંતસૂં, અમે નાચૂં ફરૂં તેમ ॥૪॥

હસ્ત કરી દેખાડિએ, અને ઠમકે દીજે પાય ।
વચન ગાઇએ પ્રેમનાં, કાંઈ તેના અરથજ થાય ॥૫॥

કંઠ કરીને રાગ અલાપિએ, કાંઈ સ્વર પૂરે સકલ સાથ ।
વેણ વેણા રબાબ સોં, કાંઈ તાલ બાજે પખાજ ॥૬॥

કરતાલ માં બાજે ઝરમરી, કાંઈ શ્રીમંડલ હાથ ।
ચંગ તંબૂરે રંગ મલે, વાલો નાચે સકલ સાથ ॥૭॥

ભૂખણ બાજે ભલી ભાંતસૂં, ધરતી કરે ધમકાર ।
સબ્દ ઉઠે સોહાંમણા, ઉછરંગ વાધ્યો અપાર ॥૮॥

નિરત કરી નરમ અંગસૂં, કાંઈ ફેરી ફર્યા એક પાય ।
છેક વાલે છેલાઈસૂં, તત્તા થેઈ થેઈ થાય ॥૯॥

એક પોહોર આનંદ ભરી, કાંઈ રંગ ભર રમિયા એહ ।
સાથ સકલમાં વાલેજી એ, રમતાં કીધાં સનેહ ॥૧૦॥

આનંદ ઘણો ઇંદ્રાવતી, વાલાજીને લાગે પાએ ।
અવસર છે કાંઈ અતિ ઘણો, વાલા રાસની રામત માંહેં ॥૧૧॥



D:\Pranam/Chivani/103

તે સર્વે ચિત ધરી, અમસૂં રમો અતિ રંગ ।
કહે ઇંદ્રાવતી સાથને, રમવાની ઘણી ઉમંગ ॥૧૨॥

*પ્રકરણ-૨૯, ચૌપાઈ-૫૯૪*

### રાસ - ૨૯ વાણીમંથન પ્રશ્નાવલિ

*૨૯.૧ વ્હાલાજી જેમ નૃત્ય કરે તેમ સખીઓએ પણ કરવાની વાત ઈન્દ્રાવતીજી કરે છે. સુંદરસાથની રહેની કરની જે વ્હાલાજીએ વાણીમાં દર્શાવી છે, તે પ્રમાણે જાગણી રાસ રમવાનો ભાવ ગ્રહણ કરી આ રામતનું ચિંતન કરો.*

## શ્રી રાસ પ્રકરણ – ૩૦ : મૃદંગ ચંગ, તંબૂર રંગ...

### પ્રકરણ સાર

નૃત્યનો રસ જામ્યો છે. સખીઓ મૃદંગ, ચંગ, તંબૂરા, કરતાલ, બંસરી આદિ વિવિધ વાજીંત્રો વગાડી મધુર સ્વરે ગાઈ રહી છે. શ્રી ઈન્દ્રાવતીજી રાસલીલાનો શ્રૃંગાર ધારણ કરી વ્હાલાજીની સાથે સુંદર રીતે ફૂંદરડી ફરતાં તથા કૂદતાં નૃત્ય પ્રારંભ કરે છે. તેના પગની ઠેકથી થતો થૈકાર, હાથના આભૂષણોનો ઝણકાર તથા પગના બિછુઆના ઠન-ઠનથી વાતાવરણ ગુંજી રહ્યું છે. સાથે સાથે, તે વિવિધ ભાવ દર્શાવી વ્હાલાજીને રીઝવવા ગીત ગાતાં ગાતાં ક્યારેક તાલી વગાડે છે, તો ક્યારેક રસભર્યો બંસીનાદ પણ કરે છે. સખીઓ મંત્રમુગ્ધ થઈને વ્હાલાજીને ભેટી રહી છે. વૃંદાવનની ધરતીનો ધમકાર, આકાશનો પડઘોષ તથા ચાંદનીની ચમકથી સર્વત્ર આનંદ ઉમટી રહ્યો છે. નૃત્યની મસ્તીમાં સંપૂર્ણ વૃંદાવન મસ્ત બની ઝૂમી રહ્યું છે. પશુપક્ષીઓ અનિમેષ નજરે આતુરતાપૂર્વક રાસલીલાની મસ્તી લૂંટી રહ્યાં છે. શ્રી ઈન્દ્રાવતીજી દ્રઢ વિશ્વાસ સાથે વિશેષ પ્રકારના કૂદકા, અંગોના વળાંક તથા ચુંબન આપતાં નૃત્ય કરી રહ્યાં છે. આ રીતે એક પ્રહર રાત્રિ સુધી સૌ આનંદભેર રમ્યાં. તેથી સૌના મનોરથ પૂર્ણ થયા. ત્યારે ઈન્દ્રાવતીજીએ વ્હાલાજીને પ્રણામ કરતાં વિનંતી કરી કે, *હે વ્હાલા! આ નૃત્યની રામત તો અત્યંત રસપ્રદ છે. રમવા માટે તો હજી ઘણો બધો*

*સમય બાકી છે! માટે, તમે અમ સંગે હજુ અતિ આનંદથી વિવિધ રંગે રમો. સૌ સખીઓના રમવાના ઉમંગનો કોઈ પાર નથી!*

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૩૦**

*ચરચરી છંદ*

**મૃદંગ ચંગ, તંબૂર રંગ, અતિ ઉમંગ, ગાવતી સખી સ્વર કરી ॥૧॥**

**કરતાલ તાલ, બાજે વિસાલ, વેણ રસાલ, રમત રાસ સુંદરી ॥૨॥**

**નાર સિણગાર, ભૂખણ સાર, સંગ આધાર, નિરત કરે સનંધ રી ॥૩॥**

**ઘમઝણાઝણ, જોડ રણારણ, બિછુડા ઠણાઠણ, છેક વાલે ફેરી ફરી ॥૪॥**

**વચન ગાએ, હસ્તક થાએ, ભાવ સંધાએ, દેખાડે વાલો ખંત કરી ॥૫॥**

**હાંસ વિલાસ, સકલ સાથ, લેત બાથ, મધ્ય રામત હેત કરી ॥૬॥**

**વેખ વસેખ, રાખી રેખ, સુખ લેત, વાહંત મુખે વાંસરી ॥૭॥**

**ધમકે ધારૂણી, ગાજતી ગારૂણી, ચાંદની રૈણી, જોત કરે જામંત રી ॥૮॥**

**રંગ વનમાં, સોભિત જમુના, પસુ પંખીના, સબ્દ રંગે થંત રી ॥૯॥**

**પસુ પંખી, જુએ જંખી, મિલે ન અંખી, સુખ દેખી રામત રી ॥૧૦॥**

**નિરત કરે, ખંત ખરે, ફેરી ફરે, ઇન્દ્રાવતી એક ભાંત રી ॥૧૧॥**

**વાલતી છેક, અંગ વસેક, રંગ લેત, છબકે ચુમન દેત રી ॥૧૨॥**

*પ્રકરણ-૩૦, ચૌપાઈ-૬૦૬*

## શ્રી રાસ પ્રકરણ – ૩૧ : હમચડી સખી સંગ રે

ઈન્દ્રાવતીજી કહે છે : "ચાલો સખીઓ! હવે આપણે સૌ મળીને અવનવા રંગ તથા ઢંગથી હમચડી (હમચી) અર્થાત્ *તાનમાં ઉછળીને ફુંદડી ફરવાની* રામત રમીએ જેથી સૌનાં દિલને ઠંડક ઉપજે. હે વ્હાલાજી!



D:\Pranam/Chitvani/104

આપે અમને વ્રજમંડળમાંથી રાસમંડળમાં બોલાવતી વેળા જેવા મધુરા બંસીનાદથી અમને આકર્ષિત કરી ઘેલા કરી દીધેલાં, એવો જ હૃદયસ્પર્શી વેણુનાદ પુનઃ છેડી બતાવો. ઈન્દ્રાવતીજીની આ વિનંતીને સાંભળતાંની સાથે જ વ્હાલાજીએ બંસીનાદ છેડ્યો! ઈન્દ્રાવતીજી કહે છે, "જુઓ, સખીઓ! વ્હાલો કેટલી સુંદર રીતે બંસીનાદ કરી આપણામાં પ્રેમની તીવ્ર ચાહના (દિવ્યકામ) ઉત્પન્ન કરી રહ્યા છે!"

સખીઓનો ઉમંગ જોઈ વ્હાલાજી બોલ્યા, "હે સખીઓ! આપ બંસરીના મધુર સંગીતમય ધ્વનિનો આનંદ લો. હું આપ સૌને એક પળ માટે પણ અલગાં નહીં કરું. આપનું સ્થાન તો મારા હૃદયમાં જ છે. આપ સૌનાં હૈયામાં અતિશય ઉમંગ ઉઠ્યો જ છે તો તે સર્વે હું પરિપૂર્ણ કરીશ જ તથા આપ સૌ કહેશો તે રામત રમાડીશ. હે સખીઓ! વ્રજમંડળમાં વેણુનાદ સાંભળવા તમે સૌ જે રીતે તડપતાં રહેતાં હતાં તેવી જ ઉત્સુકતા અહિં નજર આવી રહી છે. માટે, આપ સૌ કહેશો એ પ્રમાણે રામતો રમાડીશ!"

વ્હાલાજીનાં આ પ્રકારનાં અતિશય પ્રેમાળ વચનો સાંભળીને સખીઓ ગર્વમાં મગરૂર બની! પ્રેમના નશામાં વિશેષ કરીને તામસીઓના ગર્વની તો વાત જ શી પૂછવી? તેમને થયું કે હવે તો વ્હાલાજી આપણી પાછળ પાછળ જ ભમ્યા કરશે! તે આપણા સૌના પ્રેમમાં અતિશય ગાંડાઘેલા થઈ ગયા છે! આમ, પોતાના ગર્વમાં ઘેલી બનેલી આ તામસી સખીઓને ભાવિ વિરહ વિયોગના દુઃખજન્ય અનુભવની જરાયે પરવાહ નથી જણાતી. હે સાથજી! સાંભળો, તામસીઓના અતિશય ગર્વના ગાંડપણને લઈને તેમને હોશમાં લાવવા માટે વ્હાલાજી અંતર્ધ્યાન થઈ ગયા!

સુંદરસાથજી! હમચડીની રામત દરમ્યાન સખીઓ પ્રેમાધિક્યની સ્થિતિમાં અતિશય ગર્વના ઉન્માદમાં બેહોશ થઈ ગઈ તેથી વ્હાલાજી અંતર્ધ્યાન થયા. પરમધામના ઈશ્ક-રબ્દના મૂળમાં પણ પ્રેમાધિક્ય જ કારણભૂત હતું. તે બંનેનું તુલનાત્મક વિશ્લેષણ કરી વર્તમાન જાગણીલીલામાં પણ કોઈપણ પ્રકારની "મૈં ખુદી" આપણા અને

વ્હાલાજીની વચ્ચે અવરોધક ન બને તે બાબતે સજાગ રહેવાનો આપણને બોધ મળે છે. વ્હાલાજીનું અંતર્ધ્યાન થવાનું બીજું કારણ એ પણ હતું કે અક્ષરબ્રહ્મની જાગૃતિ કરવાની હતી.

યોગમાયામાં સખીઓથી વ્હાલાજી અંતર્ધ્યાન થયા, તો તે શી રીતે સંભવી શક્યું? શું તેઓ ખરેખર ત્યાંથી બીજે ક્યાંક સંતાઈ ગયેલા? હવે પછીના પ્રકરણોના સંદર્ભમાં તાત્ત્વિક વિશ્લેષણ કરીશું તો તે વાત સમજાઈ જશે કે રાસમંડળમાંથી વ્હાલાજીએ પોતાનો જોશ ખેંચી લીધો હતો તેથી જ સખીઓને તેમના અંતર્ધ્યાન થયાનો અનુભવ થયો હતો! અન્યથા, વ્હાલાજીએ ધારણ કરેલ શ્રી કૃષ્ણજીનું તન તો ત્યાંનુ ત્યાં જ હતું!

સુંદરસાથજી! વિચારણીય છે કે જ્યારે જ્યારે સખીઓને પ્રેમનો અહમ્ આવ્યો, ત્યારે ત્યારે તેમને વધુને વધુ આનંદ આપવા માટે વ્હાલાજીએ વિરહરૂપી રૂકાવટ ઊભી કરી છે, જેમ કે :

(૧) પરમધામમાં ઈશ્ક-રબ્દમાં સખીઓને આવેલ અહ્મે સખીઓને પરમધામથી દેશવટો અપાવ્યો. બદલામાં ત્રણ ખેલ - વ્રજ, રાસ અને જાગણીની વિરહ-વિલાસની રામતોનો આનંદ મળ્યો.

(૨) વ્રજલીલામાં પણ વ્હાલાજીને 'પર-પુરૂષ' કહીને, ધણીજીની ઈચ્છાને અવગણવાથી બાવન દિવસના અબોલા મળ્યા, તથા તેના બદલામાં યોગમાયામાં રાસનો આનંદ માણવા મળ્યો.

(૩) રાસલીલામાં પણ 'અમે કાલમાયિક તન છોડીને' તમારી સાથે રમવા આવ્યા, ત્યારે અંતર્ધ્યાનલીલા દ્વારા વિરહનો પડદો કર્યો. તેના બદલામાં રામતોના આનંદમાં વળી અધિક વૃદ્ધિ થઈ, અને 'મહારાસ' સંભવ્યો!

(૪) રાસમંડળમાંથી પરમધામ જતાં જ ખેલનો સ્વાદ ચાખી ચૂકેલી સખીઓને ફરીથી ખેલનું વિશેષ સ્વરૂપ જોવાની ઈચ્છા થઈ. આમ, તે સૌ જાગણીબ્રહ્માંડમાં વિરહની અગ્નિમાં પ્રવેશ્યાં. તેના પરિણામે આપણ સૌને શ્રીરાજજી મહારાજના અસલ સ્વરૂપ, ઈશ્ક, ઈલમ અને નિસ્બતની પહેચાન થઈ, અર્થાત્ શ્રી રાજજી મહારાજની હકીકત અને મારફતનું





જ્ઞાન પ્રાપ્ત થયું.

(૫) જાગણીલીલામાં શ્રી ઈન્દ્રાવતીજી સદ્ગુરુ ધણી શ્રી દેવચંદ્રજીના તનમાં વિરાજેલ ધણીને સંસારની સ્વપ્નિલ બુધ્ધિથી માત્ર *ગુરુ* જ સમજતાં રહ્યાં અને એક જ નગરીમાં રહેવા છતાં તેમને ચાર વર્ષ સુધી મળવા માટે પણ ન ગયાં! બદલામાં સદ્ગુરુએ તેમને સામેથી બોલાવી ખૂબ જ પ્રેમ આપ્યો. સદ્ગુરુના અંતર્ધ્યાન થયા પછી પોતાની સ્વ-કમાણીથી સુંદરસાથની સેવા કરવાની શુભેચ્છામાં પણ તેમને પોતાના છૂપા અહ્મભાવની પ્રતીતિ થઈ. બદલામાં વ્હાલાજીએ નૌતનપુરી મધ્યે હબ્સામાં એકાંતે સુખ દીધાં!

સુંદરસાથજી! આ દરેક પ્રસંગ બાદ વ્હાલાજીએ સખીઓને પોતે જ બોલાવી છે અને પહેલાં કરતાં પણ અધિક પ્રેમલીલાનાં સુખની અનુભુતિ કરાવી છે, તે ચિંતવ્ય છે. ચાલો, જોઈએ અંતર્ધ્યાનની રામતમાં શું થાય છે?

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૩૧**

*રાગ કાલેરો*

**હમચડી સખી સંગ રે ।**
**<u>આપણ રમસું નવલે રંગ, સખી રે હમચડી</u> ॥ટેક॥**

**રામતડી છે અતિ ઘણી, કરસું સઘલી સાર રે ।**
**વિવિધ પેરે સુખ દઊં રે સખિયો, જેમ તમે પામો કરાર ॥૧॥**

**અમને વેણ વજાડી દેખાડો, જેવો પેહેલો વાયો રસાલ રે ।**
**વેણ સાંભલતાં તતખિણ વાલૈયા, અમે જીવ નાખ્યા તત્કાલ ॥૨॥**

**જુઓ રે સખિયો વાલો વેણ વજાડે, અધુર ધરી અતિ રંગ ।**
**વેણ સાંભલતાં તતખિણ તમને, કામ વાધ્યો સર્વા અંગ રે ॥૩॥**

**સુણો રે સખિયો હૂં વેણ વજાડૂં, વેણ તણી સુણો વાણી ।**
**ખિણ એક પાસેથી અલગા ન કરૂં, રાખૂં હૈડામાં આણી ॥૪॥**

ઉલટ તમને અતિ ઘણો વાધ્યો, વલી રંગ ઉપજાવું નિરધાર ।
જેટલી રામત કહો રે સખિયો, તે રમાડૂં આવાર ॥૫॥

માન ઘણો માનવંતિયોને, તામસિયો ઝુંઝાર ।
પ્રેમ ઘણો અંગ આ સંગે, એણે વિરહ નહીં લગાર ॥૬॥

તામસ માંહેં તામસિયો, એણી વાતડી કહીં ન જાય ।
કહે ઇંદ્રાવતી સુણો રે સાથજી, વાલે એમ કીધાં અંતરાય ॥૭॥

*પ્રકરણ-૩૧, ચૌપાઈ-૬૧૩*

**રાસ - ૩૧ વાણીમંથન પ્રશ્નાવલિ**

*૩૧.૧ હમચડીની રામત દરમ્યાન થયેલ સખીઓના પ્રેમાધિક્યનું પરિણામ શું આવ્યું? પરમધામના ઈશ્ક-રબ્દના મૂળમાં પણ પ્રેમાધિક્ય જ કારણભૂત હતો. બંનેનું તુલનાત્મક વિશ્લેષણ કરો.*

*૩૧.૨ વ્હાલાજી અંતર્ધ્યાન થવાનાં કયાં કયાં કારણો હતાં? (અક્ષરની જાગૃતિ પણ એક કારણ હતું!)*

*૩૧.૩ યોગમાયામાં સખીઓથી વ્હાલાજી અંતર્ધ્યાન થયાં તો તે શી રીતે સંભવી શક્યું? શું તેઓ ખરેખર ત્યાંથી ક્યાંક સંતાઈ ગયેલાં? હવે પછીનાં પ્રકરણોનાં સંદર્ભમાં તાત્ત્વિક વિશ્લેષણ કરો.*

## શ્રી રાસ પ્રકરણ - ૩૨ :
## રામત અંતર્ધ્યાનની-વૃંદાવનમાં રામત કરતા

**પ્રકરણ સાર** :-*નિત્ય વૃંદાવનમાં રાસની રામત રમતાં રમતાં આપણ સખીઓના જીવના જીવણજી, આત્માના આધાર - શ્યામ, તે સૌની અતિશય ગર્વયુક્ત ઘેલછામાંથી તેમને હોશમાં લાવવા માટે એકાએક, અત્યંત સહજ રીતે અંતર્ધ્યાન[૨૨] થઈ ગયા. પિયુ વિરહમાં વિહ્વળ સખીઓ કંપી રહી છે. "ત્રાટકડે દીધા છેહ" અર્થાત્, જેટલી સહજતાપૂર્વક ઘાસના ટુકડાને તોડીને ફેંકી દઈ શકાય છે, તેટલી*



D:\Pranam/Chitvani/106

*સાહજિક રીતે વ્હાલાજી અદૃશ્ય થવાથી તે વિરહમાં વલવલવા લાગી.*

સર્વે સખીઓએ વિચાર કર્યો કે, ચાલો જઈને શ્યામાજીને પૂછીએ. તેમને તો અવશ્ય ખબર હશે જ કે વ્હાલાજી ક્યાં છે? વનમાં શોધતાં શોધતાં અચાનક જ સખીઓએ શ્યામાજીને એક જગ્યાએ એકલાં અટૂલાં જોયાં! તેમને આ દશામાં જોઈને સૌનાં મન તદ્દન ભાંગી પડ્યાં. *સખીઓનું દર્દ જોઈ શ્યામાજી તત્ક્ષણ સતર્ક થઈ ઊઠ્યાં અને તેમને વ્હાલાજી અંતર્ધ્યાન થવાનું કારણ સમજાવતાં કહેવા લાગ્યાં કે,* "હે સખીઓ! વ્હાલાજીએ અવશ્ય આપણા સૌમાં કાંઈક દોષ દીઠો છે. તેથી જ આમ થયું છે - ***"દોષ દીઠો જો આપણો તો વનમાં મુક્યાં આધાર!" શ્યામાજીની આ વાત દ્વારા એ બોધ મળે છે કે વર્તમાન જાગણીલીલામાં આપણે સૌએ આપણા કૌલ અને ફૈલનું - શ્રી રાજજીને આપેલ વાયદા-વચનોના પાલન વિશે અંતઃનિરીક્ષણ કરવું પરમ આવશ્યક છે.***

શ્યામાજીનાં હતાશાપ્રદ વચનો સાંભળીને કેટલીક સખીઓ તો જ્યાં ઊભી હતી ત્યાં જ ઢળી પડી! તો બીજી કેટલીકે વળી હિંમતપૂર્વક વ્હાલાજીને શોધવાનું બીડું ઝડપ્યું! તેમણે કહ્યું, "જો વ્હાલાજીની ઈચ્છાનુસાર આપણે વર્તત તો તે આપણા કહ્યા પ્રમાણે બધું જ કરત." તો બીજી કેટલીક સખીઓ તો વળી પોતાના દોષનો ટોપલો દૈવ કે વિધાતાને માથે નાંખવા લાગી! ત્યારે, આ જોઈને સુંદરબાઈ સૌને સમજાવવા લાગ્યાં : "હે સખીઓ! આપણા અવગુણોનું નિરીક્ષણ કરીએ. દૈવ તથા વિધાતાને દોષિત ઠેરવવાની વાત ઉચિત નથી. માટે, ચાલો! દૈવ કે વિધાતાને દોષ દીધા સિવાય આપણી સેવાચૂક કયાં થઈ છે તેનું મનોમંથન કરીએ." ***સુંદરસાથજી! વિચારો! જાગણીબ્રહ્માંડમાં શ્રી રાજજીના સેવા કાર્યમાં સમર્પિત થઈ જવાને બદલે તેમના હુકમની આડમાં આશ્રય લેવાની, અર્થાત્ હુકમને દોષિત કરવાની આપણી વૃત્તિ પણ સખીઓની 'દૈવ તથા વિધાતાને દોષિત ઠેરવવાની' વૃત્તિ જેવી જ છે! બીજું એ કે યોગમાયામાં સ્થિત સખીઓને પોતાના ગર્વનું ગાંડપણ કે 'મૈં ખુદી'ની લેશમાત્ર પણ ભાવના એ જ તેમની સેવાચૂક છે. એ જ આપણને વ્હાલાજી પાસેથી દૂર***

*કરી દેવામાં કારણભૂત છે! અંર્તધ્યાનલીલાનો આ બોધ હરપળ યાદ રાખવા જેવો છે.*

સુંદરબાઈ સૌ સખીઓને હિંમત આપતાં કહે છે કે, ''હે સખી! જેનું નામ શ્રી કૃષ્ણજી છે, તે વ્હાલાજી આપણને કદીયે છોડી શકે નહીં. તે તો હકીકતમાં આપણા હૃદયમંદિરમાં જ બેઠેલા છે. ઊઠો! કમર કસો! ચાલો, વ્હાલાજીને વૃંદાવનમાંથી શોધી કાઢીએ.'' ત્યારે વ્યાકુળ સખીઓએ સુંદરબાઈની વાત સાંભળી-ના સાંભળી કરી પોતાની હતાશાની ચરમસીમાએ તેઓ વૃંદાવનની વેલડીઓને પૂછી રહી છે, ''શું તમે અમારો શ્યામ જોયો છે ?!'' આ જોઈને બીજી કેટલીક સખીઓ પોતાના દિલનું દર્દ ઠાલવતાં કહેવા લાગી : ''અરે સખી! જો તો ખરી! વનની વેલડીઓ પણ આપણા ઉપર હસી રહી છે! હસતાં હસતાં તે આપણને કહી રહી છે કે, ''અરે સખીઓ! તમારો પ્રેમ આવો તે કેવો!? જુઓ! અમે કાંઈ એક પલ માટે પણ અમારા આધાર (થડ)ને છોડીએ છીએ ખરાં? એ વેલડીઓ આપણને આપણા પ્રેમની ક્ષુલ્લકતાનું ભાન કરાવી રહી છે! આ પ્રકારના બોધગમ્ય અનુભવથી સખીઓનો વિરહ તેની પરાકાષ્ઠાએ પહોંચ્યો. વેલડીઓ પાસેથી બોધ પ્રાપ્ત કરી સખીઓ વ્હાલાજીનાં પગલાંના નિશાનો જોતાં જોતાં તેમને વૃંદાવનમાં ગોતવા લાગી!

સુંદરસાથજી! વર્તમાન જાગણીબ્રહ્માંડમાં પણ વૃંદાવનની આ વેલડીઓ આપણને વ્હાલાજીને અડગ ઈમાનપૂર્વક વળગી રહેવાનો બોધ ગ્રહણ કરાવે છે. યાદ કરો! સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી (શ્રી સુંદરબાઈ)ની ખોજની વીતક. મંદિર, મસ્જિદ, દેહૂરા, ઉપાસરા જેવાં વિવિધ સ્થળોમાં, અષ્ટાંગયોગ તથા અતિશય શારીરિક બિમારીની સ્થિતિમાં પણ શ્રીમદ્‌ભાગવત્ કથાશ્રવણ દ્વારા તેઓ વ્હાલાજીને સતત શોધતા રહ્યા! ત્યારે તેમની તડપ જોઈને મૂળ નિસ્બતના નાતે વ્હાલાજીએ શ્યામસુંદરના મંદિરમાં તેમને દર્શન આપ્યાં. સુંદરસાથજી! *''કેડ બાંધો તમે કામની''* તથા *''જુઓ વિટી રહી છે વરને''* તે વાતો દ્વારા આ રામત આપણને દઢ ઈમાનપૂર્વક પ્રેમ-સેવામાં ચિતવનમય બની જાગણીરાસ રમવા પ્રેરે છે.





સખીઓને નાસીપાસ થયેલી જોઈને ઈન્દ્રાવતીજી વ્હાલાજીને પુનઃ પ્રગટ થવા મજબૂર કરવા માટે એક તરકીબની પ્રસ્તાવના મૂકે છે : ''અરે! સખીઓ! ચાલો, આપણે 'મૂળ રામત' કરીએ. મને વિશ્વાસ છે કે જો આપણે વ્હાલાજી સાથેની ૧૧ વર્ષ સુધીની વ્રજમંડળની બાળલીલાનું પુનરાવર્તન કરીશું તો તે લીલા વ્હાલાજીને અતિ પ્રિય હોવાથી તેઓ તે જોવા માટે અવશ્ય પધારશે.'' ઈન્દ્રાવતીજીની વાતમાં સૂર પુરાવતાં સુંદરબાઈ પણ કહેવા લાગ્યાં કે, ''સખીઓ! વ્હાલાજી અવશ્ય આ લીલાથી આકર્ષિત થઈને અવશ્ય આવશે જ. માટે ચાલો! સૌ તૈયાર થાઓ અને વ્રજની લીલાના વિવિધ વેશ ધારણ કરો!''

સુંદરસાથજી! આ જાગણી બ્રહ્માંડમાં પણ આપણે વ્રજલીલા, રાસલીલા અને અત્યાર સુધી થયેલી વીતકલીલાનું યથોચિત અનુસરણ કરીશું તો વ્હાલાજી અવશ્ય જલ્દીથી નિજઘેર તેડશે. *ધણી મહામતિ હંસ તાલી દે, સાથ ઉઠા હસતા સુખ લે ।* એ વાત ચરિતાર્થ થશે. *'દોષ દીઠો જો આપણો...'* દ્વારા વર્તમાન જાગણી લીલામાં વ્હાલાજી એ સંદેશની યાદ અપાવે છે કે પોતાના અવગુણ ધુઓ અને વ્હાલાજીના ગુણ જુઓ! *અવગુણ કાઢે ગુણ ગ્રહે, હારેં સે હોય જીત । સાહેબસોં સન્મુખ સદા, બ્રહ્મસૃષ્ટિ એ રીત ॥*

સુંદરસાથજી! સદ્‌ગુરુ ધણી શ્રી દેવચંદ્રજીના જીવનની પ્રારંભિક વીતકને યાદ કરો. જ્યારે બાલમુકુંદજીની મૂર્તિ અદૃશ્ય થઈ ગઈ હતી ત્યારે તેઓએ પણ એવું જ વિચાર્યું હતું કે ''જરૂર, મારી સેવામાં કંઈ ઉણપ રહી ગઈ હશે!'' એ જ પ્રમાણે, જયારે મેહેરાજ ઠાકુરની આત્મા ઈન્દ્રાવતીને ત્યારે પરમધામ દર્શનની અતિશય નિર્મળ તડપ હોવા છતાં દર્શન નથી થતાં ત્યારે તે પણ એમ જ વિચારે છે કે ''જરૂર મારામાં જ કોઈ અવગુણ હશે.'' જેવી રીતે કેટલીક સખીઓ પોતાના દોષનો ટોપલો દૈવ કે વિધાતાને માથે નાંખી પોતાના અવગુણોનું નિરીક્ષણ કરવાનું ચૂકે છે અને તેમને બીજી સખીઓ તેમ ન કરવા સમજાવે છે, તેવી જ રીતે આજે પણ સદ્‌ગુરુજી આપણને સેવાભાવમાં ક્યાંયે ચૂક ના થાય તે વિશે

સાવધાન રહેવા પ્રબોધ કરે છે. તે બાબતનું મનોમંથન કરીએ.

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૩૨

*રામત અંતર્ધ્યાનની*

વૃંદાવનમાં રામત કરતાં, જુજવો થયો સર્વ સાથ ।
વલી આવી તતખિણ એક ઠામે, નવ દીસે તે પ્રાણનો નાથ ।
મારો જીવ જીવનજી, લઈ ગયા હો સ્યામ ॥૧॥

કાયા કેમ ચાલે તેહ રે, કાલજડૂં કાપે જેહ રે ।
ઊભી કેમ રહે દેહ, બાંધ્યા જે મૂલ સનેહ ।
ત્રાટકડે દીધા છેહ, મારો જીવ જીવનજી લઈ ગયા હો સ્યામ ॥૨॥

સખિયો મલીને વિચારજ કીધો, પૂછિએ સ્યામાજી કિહાં છે સ્યામ ।
રામતનોં રંગ હમણાં વાધ્યો, મન માંહેં હુતી મોટી હામ ॥૩॥

સાથ માંહોંમાંહેં ખોલતાં, નવ દીસે સ્યામાજી ત્યાંહેં ।
ત્યારે જુજવી દોડી જોવા વનમાં, એ બંને સિધાવ્યાં ક્યાંહેં ॥૪॥

જોવંતા જુજવા વનમાં, સ્યામાજી લાધ્યા એક ઠામ ।
સ્યામાજી સ્યામ કિહાં છે, મારૂં અંગ પીડે અતિ કામ ॥૫॥

સાથ સ્યામાજીને દેખી કરી, મનડાં થયાં અતિ ભંગ ।
સ્યામાજી તિહાં બોલી ન સકે, જેમાં એવડો હુતો ઉછરંગ ॥૬॥

ઘડી એક રહીને સ્યામાજી બોલ્યા, આપણને મૂક્યાં નિરધાર ।
દોષ દીઠો જો આપણો, તો વનમાં મૂક્યાં આધાર ॥૭॥

વચન સાંભલતાં સ્યામાજી કેરા, ખિણ નવ લાગી વાર ।
જે જેમ આવી દોડતી, તે તા પાછી પડિયો તત્કાલ ॥૮॥

તેમાં કેટલીક સખિયો ઊભી રહી, ઉઠાડે સર્વે સાથ ।
આપણને કેમ મૂકસે, મારા પ્રાણતણો જે નાથ ॥૯॥



D:\Pranam/Chitvani/108

સખિયો વૃંદાવન આપણ ખોલિએ, ઇહાંજ હોસે આધાર ।
જીવતણો જીવન છે, તે તા નહીં રે મૂકે નિરધાર ॥૧૦॥

સખી એ રે આપણને મૂકી ગયો, એણે દયા નહીં રે લગાર ।
હવે આંહીં થકી કેમ ઉઠિએ, મારા જીવન વિના આધાર ॥૧૧॥

સખી કેહી રે સનંધે ચાલિએ, મારા લઈ ગયો એ પ્રાણ ।
સખિયો અમને સૂં રે કહો છો, અમે નહીં રે અવાય નિરવાણ ॥૧૨॥

મારો જીવ કલકલે આકલો, અને કાયા થરકે અંગ ।
કહો જી અવગુણ અમતણાં, જે કીધાં રંગમાં ભંગ ॥૧૩॥

સખી દોષ હસે જો આપણો, તો વાલે કીધૂં એમ ।
ચિત ઊપર જો ચાલતાં, આપણ કેહેતા કરતો તેમ ॥૧૪॥

હાય હાય રે દૈવ તેં સૂં કરયૂં, કેમ રહે રે કાયામાં પ્રાણ ।
જીવનજી મૂકી ગયા, નવ કીધૂં તે અમને જાણ ॥૧૫॥

હાય હાય રે વિધાતા પાપની, તેં કાં રે લખ્યાં એવાં કરમ ।
દૈવતણી તૂંને બીક નહીં, જે તેં એવડો કીધો અધરમ ॥૧૬॥

હાય હાય રે દૈવ તૂંને સૂં કહૂં, તેં વારી નહીં વિધાતા ।
એણી પાપનિએ એમ કેમ લખ્યૂં, વાલો મૂકસે કલકલતાં ॥૧૭॥

સખી ગાલ દઊં હૂં દૈવને, કે દઊં વિધાતા પાપિષ્ટ ।
એણે લેખ અમારા એમ કેમ લખ્યા, એણે દયા નહીં એ દુષ્ટ ॥૧૮॥

સખી દૈવ વિધાતા સૂં કરે, એમ રે થૈયો તમે કાંએ ।
દોષ દીજે કાંઈ આપણો, જે ચૂક્યા સેવા માંહેં ॥૧૯॥

સખી સેવા ચૂક્યા હસૂં આપણ, પણ વાલો કરે એમ કેમ ।
આપણને એમ રોવંતાં, વાલો મૂકી ગયા છે જેમ ॥૨૦॥

સખી ચૂક્યા હસૂં ઘણૂં આપણ, હવે લાગી કાલજડે ઝાલ ।
ફિટ ફિટ ભૂંડા પાપિયા, તૂં હજિએ ન આવ્યો કાલ ॥૨૧॥

એમ રે સખિયો તમે કાં કરો, બેહેની દંઢ કરો કાં ન મન ।
આપણને મૂકે નહીં, જેહેનૂં નામ શ્રીકૃષ્ણ ॥૨૨॥

સખી જોઇએ આપણ વનમાં, એમ રે થૈયો તમે કાંએ ।
જેનૂં નામ શ્રીકૃષ્ણજી, તે બેઠા છે આપણ માંહેં ॥૨૩॥

સુંદરબાઈ કહે સાથને, સખી એમ રે થૈયો તમે કાંએ ।
કેડ બાંધો તમે કામિની, આપણ જોઇએ વૃંદાવન માંહેં ॥૨૪॥

વન વન કરીને ખોલિએ, વાલો બેઠા હસે જાંહેં ।
આપણને મૂકી કરી, જીવનજી તે જાસે ક્યાંહેં ॥૨૫॥

એક પડે એક લડથડે, એક આંસૂડા ઢાલે અપાર ।
કેમ ચાલે કાયા બાપડી, મારા જીવન વિના આધાર ॥૨૬॥

કઠણ વેલા મૂને જાય રે બેહેની, જેમ રે નિસરતાં પ્રાણ ।
કાયા એમ થરહરે, અમેં નહીં રે ગોતાય નિરવાણ ॥૨૭॥

એમ રે સખિયો તમે કાં કરો, એ છે આપણો આધાર ।
નેહેચે આપણને નહીં રે મૂકે, તમે જીવસૂં કરો રે કરાર ॥૨૮॥

વિકલ થઈ પૂછે વેલડીને, સખી ક્યાંહેં રે દીઠા તમે સ્યામ ।
જીવ અમારા લઈ ગયા, મનની ન પોહોંતી હામ ॥૨૯॥

એ હૅસે છે આપણ ઊપર, જો ન દેખે આપણમાં સનેહ ।
જુઓ વીટી રહી છે વરને, અધખિણ ન મૂકે એહ ॥૩૦॥

જુઓ રે વલાકા એહના, અંગોંઅંગ વાલ્યા છે બંધ ।
તો હૅસે છે આપણ ઊપર, આપણ કીધી ન એહ સનંધ ॥૩૧॥

આ વચન બોલે વેલડી, સખી માંહોંમાંહેં કરે વિચાર ।
એ ખબર ન દિએ કોણે કામની, પોતે રાચી રહી ભરતાર ॥૩૨॥

વન ગેહેવર અમેં જોઇયૂં, આગલ તો દીસે અંધાર ।
હવે તે કિહાં અમે જોઇએ, મૂને સુધ નહીં અંગ સાર ॥૩૩॥

સખી પગલાં જુએ પ્રીતમ તણાં, સાથ ખોલે વૃંદાવન ।
નેહેચે આપણને મૂકી ગયો, હજી પિંડડા ન થાય પતન ॥૩૪॥

સખી નેહેચલ નેહડા આપણાં, ત્રૂટે નહીં કેમે તેહ ।
આણે અંગે મલસૂં પ્રીતમ, સખી આસ ન છૂટે એહ ॥૩૫॥

હાય હાય રે બેહેની હૂં સૂં કરૂં, મૂને ભોમ ન દિએ વિહાર ।
સંધાન સર્વે જુઆ થયા, એ રેહેસે કેમ આકાર ॥૩૬॥

કલકલે માંહેં કાલજૂ, ચાલી ન સકે દેહ ।
પ્રાણ જીવનજી લઈ ગયા, જે બાંધ્યા મૂલ સનેહ ॥૩૭॥

તેમાં કેટલીક સખિયો ઊભી રહી, માંહોંમાંહેં કરે વિચાર ।
કલકલતાં કેમ મૂકસે, કાંઈ આપણને આધાર ॥૩૮॥

આંઝો આવે મૂને ધણીતણો, એમ વાલોજી કરસે કેમ ।
વલી રામતડી કીજિએ, આપણ પેહેલી કરતાં જેમ ॥૩૯॥

કેમ રે રામતડી કીજિએ, કાયમ કેમ રે ચાલે વિના જિઉ ।
રામતડી કેમ થાએસે, ઉઠાય નહીં વિના પિઉ ॥૪૦॥

એમ રે સખિયો તમે કાં કરો, એ છે આપણો આધાર ।
મૂલ રામતડી કીજિએ, એ નહીં રે મૂકે નિરધાર ॥૪૧॥

સાથ કહે છે અમને રે બેહેની, ઇંદ્રાવતી કહો છો સૂં ।
આણે નેંણે ન દેખૂં વાલૈયો, તિહાં લગે કેમ કરી ઉઠૂં ॥૪૨॥

D:\Pranam/Chitvani/109

**એણે સમે ઇંદ્રાવતીબાઈ એ, તામસિયો ભેલી કરી ।**
**પડે રાજસિયો સ્વાંતસિયો, કરે ઊભિયો અંક ભરી ॥૪૩॥**

**આંઝો આણો તમે ધણી તણો, હાકલી ચિત કરો ઠામ ।**
**રામત કરતાં આવસે, સુંદરબાઈ ઝાલે બાંહેં ॥૪૪॥**

**માંહોંમાંહેં વિનોદ ઘણો, ઉઠો રામત કીજે રંગ ।**
**તરત વાલોજી આવસે, આપણ જેના અંગ ॥૪૫॥**

**લીલા કીધી જે વાલેએ, આપણ લીજે તેહેના વેખ ।**
**અગ્યારે વરસ લગે જે રમ્યા, કાંઈ રામત એહ વસેખ ॥૪૬॥**

*પ્રકરણ-૩૨, ચૌપાઈ-૬૫૯*

### રાસ - ૩૨ વાણીમંથન પ્રશ્નાવલિ

૩૨.૧ *વ્હાલાજી સખિઓથી અંતર્ધ્યાન કેમ થયા? શી રીતે?*

૩૨.૨ *"ત્રાટકડે દીધાં છેહ"નો અર્થ સ્પષ્ટ કરો.*

૩૨.૩ *શ્યામાજી સખીઓને અંતર્ધ્યાનનું કારણ આપતાં કહે કે "દોષ દીઠો જો આપણો તો વનમાં મુક્યાં આધાર." તેમની આ વાત દ્વારા જાગણી લીલામાં શું બોધ મળે છે?*

૩૨.૪ *વ્હાલાજીના અંતર્ધ્યાન થવા માટે દૈવ તથા વિધાતાને દોષિત ઠેરવવાનું શું ઉચિત ખરું? હા કે ના? કઈ રીતે?*

૩૨.૫ *"સખિ સેવા ચૂક્યાં હસું આપણે" સખીઓથી કઈ સેવાચૂક થઈ હતી કે જેને કારણે વ્હાલાજી અંતર્ધ્યાન થયા?*

૩૨.૬ *વૃંદાવનની વેલડીઓ પાસેથી સખિઓ શો બોધ પ્રાપ્ત કરે છે? જાગણીબ્રહ્માંડમાં આ બોધ શી રીતે ગ્રહણ કરી શકાય?*

૩૨.૭ *વ્હાલાજીને પુનઃ પ્રગટ કરવાની કઈ તરકીબની પ્રસ્તાવના ઈન્દ્રાવતીજી તથા સુંદરબાઈએ મૂકી?*



D:\Pranam/Chitvani/110

## શ્રી રાસ પ્રકરણ – ૩૩ : આનંદે રોતાં રમીએ એમ

**પ્રકરણ સાર :-** *આ પ્રકરણમાં બ્રહ્માત્માઓ દ્વારા વ્રજ તથા રાસલીલાનું અનુકરણ તથા ભજનાનંદી સ્વરૂપનું નૌતન શૃંગાર ધારણ કરી પ્રગટ થવું તેનું વર્ણન છે. 'પ્રેમલક્ષણ' કોને કહેવાય તેની વ્યાખ્યા કરી શ્રી ઈન્દ્રાવતીજી 'યમ' તથા 'નિયમ' થી 'પ્રેમનિયમ' શી રીતે વિશેષ છે તે સમજાવે છે. એક તરફ વ્હાલાજીના દર્શનની સાંત્વનાનો આનંદ અને બીજી તરફ અદ્રશ્ય થયા છે તેનું રૂદન! શુધ્ધ પ્રેમનું લક્ષણ એજ છે જેમાં વિરહનું દર્દ અને મિલનની આશાનો આનંદ - આ બંન્ને હોય. આ મનઃસ્થિતિમાં રામત રમતી આત્મા માટે યમ તથા નિયમનું પાલન મહત્ત્વહીન બની રહે છે. હે સખી! કળીયુગમાં પ્રેમનો મહિમા સર્વશ્રેષ્ઠ છે. પ્રેમજ સર્વશ્રેષ્ઠ તથા ધ્વજાની જેમ સર્વોચ્ચ છે. કારણ કે પ્રેમાવસ્થામાં પળભરની જુદાઈ નથી હોતી - ન સખીઓ વ્હાલાજીથી અલગ થઈ શકે, ન વ્હાલો સખીઓથી!*

**અંતર્ધ્યાન થયેલ વ્હાલાજીને પ્રગટ કરવા સખીઓ વ્રજલીલાની વિવિધ રામતો કરે છે. છેલ્લે વ્હાલાજી જે સૂરે બંસરી વગાડતા હતા બરાબર એ જ સૂરે એક સખીએ બંસીનાદ છેડ્યો! તો સૌને એવું જ લાગ્યું કે જાણે સ્વયં વ્હાલાજીએ જ એ નાદ છેડ્યો હોય! એ સૂર સાંભળી સૌના આનંદ-ઉછરંગની પરાકાષ્ઠાએ વ્હાલોજી પ્રગટ થવા મજબૂર થાય છે! સૌ સખી તેમને ભેટવા માટે તેમના તરફ ધસી રહી. તો વ્હાલાજીએ તુરંતજ જેટલી ગોપીઓ હતી તેટલાં સ્વરૂપો ધારણ કરી સૌને એકાંત મિલનનો અહેસાસ કરાવ્યો, વ્હાલાજી એકી સાથે પ્રત્યેક સખીને મળીને રમ્યા. વૃંદાવનમાં રંગભેર રમી સૌના મનોરથો પૂર્ણ થતાં જોઈ ઈન્દ્રાવતીજીના અંગે અંગમાં ઉમંગનો કોઈ પાર નથી. આ રામત જાગણીબ્રહ્માંડમાં પણ વ્હાલાજી સૌ સુંદરસાથના મનોરથ કઈ રીતે પૂર્ણ કરે છે તેનું ધ્યાન કરાવે છે. કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાં ઈન્દ્રાવતીજી પોતાની સુધ-બુધ થકી સૌના હિતમાં જે માર્ગ શોધી કાઢે છે તે ખૂબ જ પ્રેરણાદાયક છે.**

વ્હાલાજી સખીઓથી અંતર્ધ્યાન થઈ ગયા છે. શ્રી ઈન્દ્રાવતીજી સૌ સખીઓને એકત્રિત કરી તેમને હિંમત આપતાં કહે છે કે અરે સખી! વ્હાલાજીને જે રામતો અતિ પ્રિય છે, ચાલો, આપણે તે રમીએ. આપણે જેનાં અંગ છીએ એ વ્હાલાને અવશ્ય તુરંત જ પ્રગટ થયા વિના છૂટકો નથી! *સખીઓમાં એક તરફ વ્હાલાજીના દર્શનની સાંત્વનાનો આનંદ અને બીજી તરફ અદ્રશ્ય થયા છે તેનું રૂદન વર્તાય છે! શુધ્ધ પ્રેમનું લક્ષણ એ જ છે જેમાં વિરહનું દર્દ અને મિલનની આશાનો આનંદ - આ બંન્ને હોય. આ મનઃસ્થિતિમાં રામત રમતી આત્મા માટે યમ તથા નિયમનું પાલન મહત્વહીન બની રહે છે. હે સખી! કળીયુગમાં પ્રેમનો મહિમા સર્વશ્રેષ્ઠ છે. પ્રેમ જ સર્વશ્રેષ્ઠ તથા ધ્વજાની જેમ સર્વોચ્ચ છે. કારણ કે પ્રેમાવસ્થામાં પળભરની જુદાઈ નથી હોતી - ન સખીઓ વ્હાલાજીથી અલગ થઈ શકે, ન વ્હાલો સખીઓથી!*

ઈન્દ્રાવતીજીના નિર્દેશનમાં વ્હાલાજીને પ્રિય એવી વ્રજલીલાઓનું નાટક પ્રારંભાયું. કોઈક સખી શ્યામ બની તો કોઈક નંદજી. કોઈક પૂતના બની તો કોઈક યશોદાજી. કોઈક નલકુંવર બની તો કોઈક મણીગ્રીવ અને ઈન્દ્ર. સખીઓ વ્રજમંડળની વિવિધ લીલાઓમાં મગ્ન બની રમી રહી છે. શ્રી કૃષ્ણ બનેલી સખીએ પૂતનાના પ્રાણ હરી લીધા, તો તેની ખુશીમાં ગોકુળમાં જય-જયકાર થઈ રહ્યો. સાથજી! જેવા અલગ અલગ પાત્રોનું રૂપ લઈ નાટકીય વ્રજલીલા થાય છે એ જ પ્રમાણે જાગણીરાસમાં બ્રહ્માત્માઓ વવિધ રૂપ, જાતિઓ અને દેશ-પ્રદેશોમાં અવતરિત છે તે વાતનું ધ્યાન રહે.

માખણલીલા કરવા માટે એક સખી યશોદા બની તો બીજી કૃષ્ણ બનેલી સખી તેની પાસે રુદન કરી માખણ માંગી રહી છે. ચૂલા પરનું દૂધ ઉભરાવા આવ્યું છે તે જોઈને યશોદાજીને મનમાં દ્વિધા થાય છે. પણ કનૈયો તો અધીરાઈ બતાવતો તેમની સાડીનો છેડો પકડી લઈ પોતાને માખણ પહેલા મળે તે માટે આગ્રહ કરે છે. યશોદાજીએ કનૈયાના ગાંડપણથી ક્રોધિત થઈને તેણે પકડેલો છેડો ગુસ્સામાં છોડાવી લીધો.



D:\Pranam/Chitvani/111

એટલામાં તો ચૂલા પરનું દૂધ પણ ઊભરાઈ ગયું! આ તરફ કનૈયો પણ પહેલાં પોતાને માખણ ન મળતાં ગુસ્સે ભરાયો છે અને તેણે મટકીના ટૂકડે ટૂકડા - વીસ કટકા કરી નાખ્યા! કનૈયાનું આ તોફાન જોઈને યશોદાજીએ તેને દામણાં (દોરી)થી બાંધી દેવાની વાત દિલમાં લઈ તેને પકડવા દોડવા લાગ્યાં. માતાને થાકતાં જોઈ કનૈયો પકડાઈ તો ગયો પણ તેને બાંધવા યશોદાજી અનેક દામણાં લાવ્યાં તોયે દરવખતે તે ચાર આંગળ જેટલું ટૂંકૂ જ પડે છે. યશોદાજીને નાસીપાસ થયેલાં જોઈને કનૈયો વળી બંધાઈ જાય છે. રડવાનો ઢોંગ કરીને તે જે ઉખલ સાથે બંધાયો હતો તેમાંથી છૂટવા પ્રયાસ કરે છે. કનૈયાની દોડમાં ઉખલ બે વૃક્ષો વચ્ચે ફસાઈ જાય છે, જેનાથી તે વૃક્ષો ધરાશાયી થાય છે. તેમાંથી નલકુંવર અને મણીગ્રીવ પ્રગટ થયા અને કનૈયાએ તેમને મુક્તિ બક્ષી!

આ વલોણા-દામણલીલા બાદ ગોવર્ધનલીલા આરંભાઈ. ઈન્દ્ર ભગવાનનું અભિમાન તૂટ્યું. ત્યારબાદ દાણલીલા કાજે એક સખી પોતાના માથે દહીંની મટકી લઈને આવે છે, તો વ્હાલાજી તેની હાંસી કરે છે. તેની પાસેથી વ્હાલાજી માખણ છીનવી લે છે અને તેમાંની છાશ ઢોળી દે છે, તો તે ગોપી કનૈયાને ગાળ આપવાનું નાટક કરે છે. વળી, વ્હાલાજી તે મટકી લઈને ગોવાળિયાઓને આપી દે છે.

આ સર્વ વ્રજલીલાઓ કરવા છતાં, વ્હાલાજી પ્રગટ ન થતાં રાજસી તેમજ સ્વાંતસી સખીઓ વિરહમાં બેસુધ થવા લાગી! પણ તામસીઓ તો અડગ રહી! એટલામાં વ્હાલાજી જે સૂરે બંસરી વગાડતા, એજ સૂરે એક સખીએ બંસીનાદ છેડ્યો! તો સૌને એવું લાગ્યું કે સ્વયં વ્હાલાજીએ જ એ નાદ છેડ્યો છે! એ સૂર સાંભળી સૌનાં દિલ શાંત થયાં. સૌના આનંદ-ઉછરંગની પરાકાષ્ઠાએ વ્હાલોજી પ્રગટ થવા મજબૂર થયા! સૌ સખી તેમને ભેટવા માટે તેમના તરફ ધસી રહી. એકસાથે સૌની સાથે ભેટવાનું કઈ રીતે સંભવી શકશે - એ વિચાર કરીને તરતજ તેમણે જેટલી ગોપીઓ હતી તેટલાં સ્વરૂપો ધારણ કર્યાં અને સૌને એકાંત મિલનનો અનુભવ કરાવ્યો. વૃંદાવનમાં રંગભેર રમીને સૌના મનોરથ પૂર્ણ થતા જોઈને ઈન્દ્રાવતીજીના

અંગે અંગમાં ઉમંગનો પાર ન રહ્યો.

*જાગણીલીલામાં પણ શ્રી તારતમવાણી દ્વારા પ્રત્યેક સખીમાં ધણીજીનું પંચ-નૂર (જોશ, નિસ્બત, નૂરતારતમ, હુકમ અને મૂલ જાગ્રત બુદ્ધિ) પૂરી શ્રી ઈન્દ્રાવતીજી સૌ સાથને જાગણીરાસનો આનંદ અપાવે છે. શ્રીજીના નિર્દેશનમાં ઈમાન લાવી જે સુંદરસાથજી પન્નાજી પહોંચ્યા, તેમણે પણ ત્યાં જાગણીરાસનો આનંદ લૂંટયો. આજે પણ સુંદરસાથે નિર્દોષભાવે વ્રજલીલાને પ્રતિકાત્મક રીતે ગ્રહણ કરી માયા (પૂતના આદિ રાક્ષસો)નું નિકંદન કાઢવાનું છે. 'મૈં ખુદી' (બ્રહ્માજી તથા ઈન્દ્રનો ગર્વ) મિટાવી વ્હાલાજીને સમર્પિત થઈ, 'ધણીની મૈં' ધારણ કરી, વ્હાલાજીને હૃદયમાં બિરાજિત કરવાના છે - 'દિલ અર્શ' બનાવવાનું છે. આ રીતે રંગભેર જાગણીરાસ રમવાનો છે.*

### શ્રીમુખ વાણી : પ્રકરણ 33

*રાગ સામેરી*

આનંદે રોતાં રમિએ એમ, જેને કહિએ તે લછણ પ્રેમ ।
તેના ઉડી ગયા સર્વે નેમ, રમતાં કીધાં કઈ ચેહેન ॥૧॥

સખી પ્રેમ ધ્વજા કેહેવાય, જેનૂં પ્રગટ નામ કુલી માંહેં ।
એ તો પ્રેમ તણાં જે પાત્ર, આપણથી અલગો ન થાય ખિણ માત્ર ॥૨॥

એ અલગો થાય કેમ, આપણ કહૂં કરે વાલો તેમ ।
અમે આતમ સખિયો એક, રમતાં દીસે અનેક ॥૩॥

અમે પરસપર કીધાં પરિયાણ, સખિયો તે સર્વે સુજાણ ।
આપણ લીધા વેખ અનેક, જે કીધાં વાલેએ વસેક ॥૪॥

આપણમાં થઈ વેખ એક સ્યામ, જેંણે નિરખે પોહોંચે મન કામ ।
વલી થઈ વેખ એક નંદ, તે કાન્હજી લડાવે ઉછરંગ ॥૫॥

સખી વેખ પૂતના નાર, ભર જોવન આવી સિણગાર ।
વિખ ભરયાં તેના અસ્થન, આવી ધવરાવે કપટે મન ॥૬॥



D:\Pranam/Chivani/112

ચેહેન કીધાં ને પામી મૃત, વિખ વાલાને થયૂં અમૃત ।
સોસી લીધી પૂતના નાર, ગોકુલમાં તે જય જયકાર ॥૭॥

વેખ લીધાં સખિયો વિચારી, દૈત લીધાં તે સહુ સંઘારી ।
અંગ આડો દીધો કૈ વાર, વૃજ લોક તે સકલ કરાર ॥૮॥

એક જાણે જસોદા હોય, કાન્હજી માખણ માંગે રોય ।
ઉહાં દૂધ ચૂલ્હે ઉભરાય, માતાનૂં મન કલપાય ॥૯॥

કાન્હેં છેડો ગ્રહ્યો ઉજાતાં, જસોદાજી થયાં રીસે રાતાં ।
કાન્હ કહે માખણ આપો પેહેલૂં, ત્યારે જાણે લાગ્યું માતાને ગેહેલૂં ॥૧૦॥

જોરે છેડો લીધો તત્કાલ, નસો ચઢાવી નિલાટ ।
જસોદાજી ગયા ઉજાઈ, આગલ દૂધ ગયૂં ઉભરાઈ ॥૧૧॥

કાન્હજીને રીસ અતિ થઈ, પેહેલૂં માખણ દઈ ન ગઈ ।
તે તા ઝાલી ન રહી રીસ, ઘોલીના કીધાં કટકા વીસ ॥૧૨॥

તિહાં દોડીને આવી માત, દેખી કાન્હૂડાનો ઉતપાત ।
દામણૂં લીધૂં જસોદાએ, કાન્હજી પાખલ પલાએ ॥૧૩॥

આગલ કાન્હજી ઉજાય, જસોદાજી તે વાંસે ધાય ।
માતાને શ્રમ અતિ થયો, તિહાં કાન્હજી ઊભો થઈ રહ્યો ॥૧૪॥

કટ દામણિએ ન બંધાય, તસૂ ચાર તે ઓછૂં થાય ।
વલી દામણૂં બીજૂં લિએ, ગાંઠોં અનેક વિધે દિએ ॥૧૫॥

એમ લીધાં દામણાં અપાર, તસૂ ઘટે તે ચારના ચાર ।
વલી દેખી માતાનૂં શ્રમ, કાન્હેં મૂક્યા દામણાં નરમ ॥૧૬॥

ત્યારે એક દામણેં બેંહૂ હાથ, બાંધી કટ ઊખલ સંઘાત ।
એવો બાંધ્યો દામણિએ બંધ, જુઓ કાન્હજી રૂએ અચંભ ॥૧૭॥

તિહાં રોતો રીકતો જાય, રહ્યો બિરિખ ઊખલ ભરાય ।
તિહાં થી નિસરવા કીધૂં જોર, પડ્યો વિરિખ થયો અતિ સોર ॥૧૮॥

તેમાં પુરૂખ બે પ્રગટ થયા, અંગ મોડીને ઊભા રહ્યા ।
કર જોડીને અસ્તુત કીધી, તેણે તરત વાલે સીખ દીધી ॥૧૯॥

ઇહાં આવી જસોદા ઉજાણી, કાન્હજી ભીડી રહી ભુજ તાણી ।
સ્વાંસ માંહેં ન માય સ્વાંસ, મુખ ચુમતી આસ ને પાસ ॥૨૦॥

એક ધરે તે ગોવરધન, હરખ ઉપજાવે મન ।
ઇંદ્રનો કીધો માન ભંગ, એમ રમે તે જુજવે રંગ ॥૨૧॥

લઈ ચારે વાછરૂ વન, માંહોંમાંહેં ગોવાલા જન ।
હાથ માંહેં વાંસલી લાલ, માંહેં રામત કરે રસાલ ॥૨૨॥

આપણમાં કોઇક કામની વેખ, એક વેખ વાલોજી વસેખ ।
વાલો પૂરે કામનીનાં કામ, ભાજે હૈડા કેરી હામ ॥૨૩॥

એક દાણલીલા વેખ નાર, મહી માથે મટુકી ભાર ।
વાલો કરે તેસૂં હાંસ, લિએ માખણ ઢોલે છાસ ॥૨૪॥

કહે વચન સામા કામની, ગાલ જુગતે દિએ ભામની ।
તેણી લિએ મટુકી ઉજાય, વાલો ગોરસ ગોવાલાને પાય ॥૨૫॥

વાલો વૃજમાં રમ્યા જે જુગતે, અમે સહુ વેખ લીધાં તે વિગતે ।
પિઉડો તોહે ન દીસે ક્યાંહે, કાલજડૂં કાંપે માંહેં ॥૨૬॥

રાજસિએ કીધો વિરહ જોર, રૂએ પાડે બુંબ બકોર ।
સ્વાંતસિયો બેસુધ થાય, તામસિયોને આંઝો ન જાય ॥૨૭॥

એક વેખ વાલે વેણ વાયો, સાથ સહુ જોવાને ધાયો ।
જાણે વેણ વાલાનો થયો, સોક રૂદયા માંહેંથી ગયો ॥૨૮॥

D:\Pranam/Chitvani/113



સહુને સરૂપ રૂદેમાં સમાણો, આવી આનંદ અંગ ઉભરાણો ।
ઉલસ્યા મલવાને અંગ, માંહેંથી પ્રગટ્યા ઉછરંગ ॥૨૯॥

વલી માંડી તે રામત જોર, ગાએ ગીત કરે અતિ સોર ।
ત્યારે હરખ વાધ્યો અપાર, આવ્યો જુવતીનો આધાર ॥૩૦॥

દોડી વલગી વાલાને વસેખ, જાણે પિઉજી હુતા પરદેસ ।
સઘલીના હૈડા માંહેં, હામ મલવાની મન માંહેં ॥૩૧॥

વાલેજીએ કીધો વિચાર, કેમ મલસે સઘલી નાર ।
ત્યારે દેહ ધરયા અનેક, સખી સખી પ્રતે એક ॥૩૨॥

સખી સહુને મલ્યા એકાંત, રમ્યા વનમાં જુજવી ભાંત ।
વાલે પૂરણ મનોરથ કીધાં, અનેક વિધે સુખ દીધાં ॥૩૩॥

ઇંદ્રાવતીને આનંદ થાય, ઉમંગ અંગ ન માય ।
વલી રમે નાના વિધ રંગ, કાંઈ વાધ્યો અતિ ઉછરંગ ॥૩૪॥

*પ્રકરણ-૩૩, ચૌપાઈ-૬૯૩*

## રાસ - 33 વાણીમંથન પ્રશ્નાવલિ

*૩૩.૧ 'પ્રેમલક્ષણ' કોને કહેવાય? 'યમ' 'નિયમ' થી 'પ્રેમ નિયમ' શી રીતે અલગ કે વિશેષ છે?*

*૩૩.૨ અંતર્ધ્યાન થયેલ વ્હાલાજીને પ્રગટ કરવા સખીઓએ કઈ કઈ રામત કરી? કઈ રામતથી વ્હાલાજી પ્રગટ થયા?*

*૩૩.૩ વ્હાલાજી પ્રત્યેક સખીને એકી સાથે શી રીતે મળ્યા? શું જાગણીબ્રહ્માંડમાં પણ વ્હાલાજી આ રીતે સૌ સુંદરસાથના મનોરથ પૂર્ણ કરે છે ખરા?*

*૩૩.૪ કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાં ઈન્દ્રાવતીજી પોતાની સુધ-બુધ થકી સૌના હિતમાં માર્ગ શોધી કાઢે છે. જાગણીબ્રહ્માંડમાં આ બોધ શી રીતે ગ્રહણ કરી શકાય?*

# શ્રી રાસ પ્રકરણ – ૩૪ : ઉછરંગ અંગ સુંદરી

**પ્રકરણ સાર :-** *પ્રકરણ-૩૪થી૪૪માં ભજનાનંદ એટલે કે જેટલી સખી એટલાં સ્વરૂપો ધરી સંપાદિત થયેલ રાસની રામતોનું વર્ણન છે. ૩૪મા પ્રકરણમાં અંતર્ધ્યાન થયેલ વ્હાલાજીના પુનઃપ્રગટ થવાથી સખીઓના ઉમંગ તથા સ્નેહનો પાર નથી રહ્યો. પુનર્મિલનની આ રામતમાં સખીઓ ઉમંગભેર એકબીજાના હાથ પકડી એકત્રિત થઈ સાગરનાં અતિ તીવ્ર મોજાંઓની માફક વ્હાલાજી તરફ ધસી રહી છે. દરેક સખી વ્હાલાજીના બાહોમાં પોતાના હાથ નાંખી તેમનું આલિંગન લઈ પોતાની મનોકામના પૂર્ણ કરી રહી છે. એ જોઈને વ્હાલાજીને થયું કે આમ એક પછી એક એ રીતે તો સર્વે સખીઓના મનોરથ પૂર્ણ ક્યારે થશે? તેથી તેમણે તુરતજ જેટલી સખીઓ હતી તેટલાં રૂપ ધારણ કરી, સૌને આલિંગન દઈ, સૌને રાસલીલા રમાડી આનંદિત કરી તથા તેમનાં સૌનાં વિરહનાં સર્વે દુઃખો ઘંટીમાં દાણા દળાઈને લોટ થઈ જાય તેમ દૂર કર્યાં. વ્હાલાજીને અતિ પ્રિય સર્વગુણસંપન્ન ઈન્દ્રાવતી પોતાની વિશેષ આવડત થકી રામતમાં અતિ આનંદ ઉપજાવી રહી.*

**સુંદરસાથજી! આ અને બીજી કેટલીયે રાસ રામતોમાં વ્હાલાજી "જેટલી સખી એટલાં રૂપ" ધારણ કરે છે તે બાબતનું ધ્યાન કરવા જેવું છે. સખીઓની કયા પ્રકારની રહેણી વ્હાલાજીને આમ કરવા માટે મજબૂર કરે છે, તેનું મંથન કરી વર્તમાન જાગણીલીલામાં પણ એનું પુનરાવર્તન કરાવવા માટે આપણે ઉદ્યમ કરવો જ રહ્યો.**

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૩૪**

*ચરચરી રાગ કેદારો*

**ઉછરંગ અંગ સુંદરી, હેત ચિત મન ધરી ।**
**સુખ લ્યાવિયાં વાલો વલી, સુખ લ્યાવિયાં વાલો વલી ॥૧॥**

**કર માંહેં કર કરી, સકલ મલી હરવરી ।**



D:\Pranam/Chivani/114

**બાંહેં ન મૂકે સ્યામતણી, અલગી ન જાય કોય ટલી ॥૨॥**

**એક એક લિએ આલિંઘણ, એક એક દિએ ચુમણ ।**
**બાંહોંડી વાલી જીવન, ખેવના ભાજે મલી ॥૩॥**

**જીવન મન વિમાસિયૂં, સખી કેમ ભાજસે ખેવના ।**
**આ તાં પૂર જાણે સાયરતણાં, એમ આવ્યાં હલીમલી ॥૪॥**

**પછે એક વાલો એક સુંદરી, એમ રમૂં રંગેં રસ ભરી ।**
**લિએ આલિંઘણ ફરી ફરી, દાઝ અંગતણી ગઈ ગલી ॥૫॥**

**વિનોદ હાંસ અતિઘણો, વાલે વધારિયો સુખતણો ।**
**કામની પ્રતે કંથ આપણો, એણે સુખે દુખ નાખ્યાં દલી ॥૬॥**

**અધુર અમૃત પીવતાં, કઠણ કુચ ખૂંચતા ।**
**સ્યામ સંગે સુખ લેવતાં, એ લીલા અતિ સવલી ॥૭॥**

**સાથ માંહેં ઇંદ્રાવતી, વાલાતણે મન ભાવતી ।**
**રસ રંગે ઉપજાવતી, કાંઇ ઉપની છે અતિ રલી ॥૮॥**

*પ્રકરણ-૩૪, ચૌપાઈ-૭૦૧*

**રાસ - ૩૪ વાણીમંથન પ્રશ્નાવલિ**

*૩૪.૧ વ્હાલાજીને "જેટલી સખી એટલાં રૂપ" ધારણ કરવાની શી આવશ્યકતા પડી? શ્રી રાસ ગ્રંથમાં કેટલી કઈ કઈ રામતમાં વ્હાલાજીએ સખિઓ જેટલાં રૂપ ધારણ કર્યા હતાં ?*

# શ્રી રાસ પ્રકરણ – ૩૫ :
# આપણ રંગભર રમિએ રાસ

**પ્રકરણ સાર :-** *હે સખી! ચાલો, આપણે રંગભેર રાસ રમીએ. વ્હાલાજી પુનઃ અધિક સુખ લઈ પધાર્યા હોવાથી, મારા*

*અંગમાં અતિશય ઉલ્લાસ ઉપજ્યો છે. હે સખી! ચાલો, આપણે સૌ હાથ મિલાવી શ્રી શ્યામશ્યામાજીની જોડીને આપણી મધ્યમાં ઘેરીને ચારે તરફ આપણ સખીઓની અભેદવાડ બનાવી દઈએ. સખીઓ! તમે સૌ પરસ્પર બળપૂર્વક પકડીને એમનાથી સતર્ક thai ubha રહેજો. કારણ કે એમનું દિલ તો અતિ કઠોર છે. તેમને એક પલભર માટે પણ અલગ થવા ન દેતાં. જો થોડોય ભરોસો કરી ઢીલ મૂકશો તો ચોક્કસ પાછળથી પસ્તાવાનો વારો આવશે. સૌ સખીઓની એક જ વાત છે : સખી! તમે 'મોહન'ને આલિંગન દઈ, ચુંબનનો અદ્‌ભુત આનંદ લઈ, બસ ફૂલની વેલડીની જેમ તેમને વળગી રહો!*

આ સાંભળીને વ્હાલાજીએ સખીઓને પોતાની બાંહોમાં લઈ કોઈપણ પ્રકારની ઉણપ રાખ્યા સિવાય તેમને આલિંગન સુખ આપ્યું. તેમના દિલમાં અનેક પ્રકારની રામતની ઈચ્છાઓ ઉત્પન્ન કરી અને સાગરમાં ઊઠતાં અનંત વિધનાં મોજાંની માફક અનંત સુખો બક્ષ્યાં. અરે સખી! આ સુખો તો અવર્ણનીય છે! વ્હાલાજીએ પોતાનું સંપૂર્ણ ચિત્ત આપણને દઈને આપણા સૌનાં ચિત્તડાં પોતાના તરફ ખેંચી લીધાં છે. તેઓ આનંદપૂર્વક ગાતાં ગાતાં આપણને વૃંદાવનમાં વિવિધ રામતો રમાડી રહ્યા છે.

સુંદરસાથજી! પરસ્પર હાથ મિલાવી વ્હાલાજીને પકડી રાખવાનો ઈન્દ્રાવતીનો બોધ -*''ખરો ગ્રહીજીએ રે..''* વિચારણીય છે. વર્તમાનમાં સામૂહિક રીતે હળીમળીને સેવા કરી વ્હાલાજીને રીઝાવીને દિલમાં કેદ કરી લેવા માટે આપણને સૌને પ્રેરણા આપે છે. જાગણીરાસલીલામાં પણ આપણે ધણીજી સાથેની નિજધામલીલાના ચિતવનમાં મગ્ન રહીએ એ જ વ્હાલાજીને આલિંગન છે! શ્રી મુખવાણીના અમૃતમય વચનોનું પાન એ જ 'અમૃતપાન' છે. વ્હાલાજીના વચનો પર દૃઢ ઈમાન એ જ વ્હાલાજીને ચુંબન દેવા સમાન છે. અનન્ય પ્રેમ દ્વારા જ *''મોહન વેલ માણીયે રે''* - અર્થાત્ વેલની જેમ વ્હાલાજીને વળગી રહેવાથી જ નિજસુખ મળે. આમ કરીએ તો જ વ્હાલાજી પોતાનું સંપૂર્ણ ચિત્ત આપણને દઈને આપણાં સૌનાં



D:\Pranam/Chitvani/115

ચિત્તડાં પોતાનામાં એકમેક કરી દે એ સંભાવના પેદા થઈ શકે. આ રીતે જ રાસ રમાય - પછી તે મહારાસ હોય કે જાગણીરાસ!

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૩૫**

*રાગ મલાર*

**આપણ રંગ ભર રમિએ રાસ, વાલોજી વલી આવિયા રે ।**
**કાંઈ ઉપનૂ અંગ ઉલાસ, સુંદર સુખ લાવિયા રે ॥૧॥**

**સખી દિયો રે માંહોંમાંહેં હાથ, વચે જોડ લીજિએ રે ।**
**સ્યામ સ્યામાજી પાખલવાડ, સખિયો તણી કીજિએ રે ॥૨॥**

**હવે રામત રમિએ એમ, ખરો ગ્રહીજિએ રે ।**
**આપણ એણી પેરે બંધેજ, સહુ રહીજિએ રે ॥૩॥**

**એનૂં રૂદે અતિ કઠોર, એ થકી વિહીજિએ રે ।**
**હવે એ અલગો એક પલ, આપણ ન પતીજિએ રે ॥૪॥**

**ફરતાં રમતાં રાસ, ચુમન મુખ દીજિએ રે ।**
**લીજિએ રસ અધુર, અમૃત પીજિએ રે ॥૫॥**

**એણે ભીડિએ અંગોં અંગ, કુચો વચે આણિએ રે ।**
**એના વિલાસ અનેક ભાંત, મોહન વેલ માણિએ રે ॥૬॥**

**મુખ માંહેં દઈ અધુર, જીવન સુખ જાણિએ રે ।**
**અદભુત એહેના સનેહ, તે કેમ વખાણિએ રે ॥૭॥**

**વાલે સાંભલિયાં રે વચન, ભરી અંક લીધિયો રે ।**
**વાલે ચિતડૂં દઈને ચિત, સરીખી કીધિયો રે ॥૮॥**

**એના મનોરથ અનેક પેર, ઉપાયા અમને ઘણાં રે ।**
**સનેહ ઉપાઈને આણ્યાં, સાગર સુખ તણાં રે ॥૯॥**

સખી સાગરની સી વાત, સુણો સુખ સ્યામની ।
મારી જિભ્યા આણે અંગ, ન કેહેવાય ભામની ॥૧૦॥

વાલે ચિતડૂં દઈને ચિત, તાણી લીધાં આપણાં રે ।
પછે વનમાં કીધાં વિલાસ, ન રહી કેહેને મણાં રે ॥૧૧॥

કહે ઇંદ્રાવતી આનંદ, વાલોજી રંગે ગાએ છે ।
હજી રામતડી વૃધ, વસેકે થાય છે રે ॥૧૨॥

*પ્રકરણ-૩૫, ચૌપાઈ-૭૧૩*

**રાસ - ૩૫ વાણીમંથન પ્રશ્નાવલિ**

*૩૫.૧ પરસ્પર હાથ મિલાવી વ્હાલાજીને પકડી રાખવાનો ઈન્દ્રાવતીનો બોધ - "ખરો ગ્રહીજીએ રે.." ચો. ૩. વર્તમાન જીવનમાં શી રીતે અમલમાં મૂકી શકાય?*

*૩૫.૨ વેલની જેમ વ્હાલાજીને વળગી રહેવાથી શું તાત્પર્ય છે? "વાલે ચિતડું દઈને ચિત્ત, તાણી લીધાં આપણાં રે" (ચોપાઈ - ૧૧) નો ભાવ સ્પષ્ટ કરો.*

## શ્રી રાસ પ્રકરણ - ૩૬ : રમત રાસ કરત હાંસ..

ચાલો સખી, આપણે વનવેલડીની માફક દૃઢતાથી કનૈયાને - આપણા મોહનને - વળગી રહીએ અને હાંસ વિનોદ કરતાં રાસ રામત રમીએ. જુઓ તો ખરા! વ્હાલાજી કેવા રંગરેલ વહાવીને આપણા સૌની મનોકામના પૂર્ણ કરી રહ્યા છે! પણ હે સખી! વ્હાલાજી રાસવિલાસ કરતા કરતા આપણી હાંસી કરી આપણાથી જે રીતે અંતર્ધ્યાન થઈ ગયા હતા, તે કઠણ દુઃખને તમે કદીયે ભુલશો નહિ! ઈન્દ્રાવતીજી સૌને ધણીનાં સુખ લેવા માટે હૃદયમાં વિરહરસ જાગ્રત રાખવાની આવશ્યકતાનું મહત્ત્વ સમજાવે છે અને તેમને વેલડીઓની માફક વળગી રહેવા ચેતવે છે.

જે સખીઓને અભિમાન થયું હતું, તેમણે તો વિરહરસનું પાન એવી રીતે કર્યું હતું કે જેમાં તેમને શરીરની સુધબુધ પણ નહોતી રહી.



D:\Pranam/Chitvani/116

પણ, તામસી સખીઓની જેમ આપણે સૌ આપણા હૃદયમાં વિરહરસ ધારણ કરી શક્યાં નહિ. તેથી જ આપણે જુદાઈનું દુઃખ અતિશય વેઠવું પડ્યું છે - *"અંગે ન વિરહ ધરતી, તો અમ પર થઈ હેલ રી."* આમ કહીને ઈન્દ્રાવતીજી આપણને ધણીજીનાં સુખ લેવા માટે વિરહની આવશ્યકતા બાબતે સંકેત કરે છે.

જુઓ, વ્હાલાજી કેવા અલબેલા છે! પોતાના પ્રેમભર્યા વચનો દ્વારા સૌની ઉત્સુકતા વધારનાર તેઓ સૌના મનડાં હરી રહ્યા છે. પણ રખે, તમે પુનઃ મોહિત થઈને એ છલિયાને અર્ધક્ષણ માટે પણ છોડતાં! આંખોની પલક બંધ કરવા જેટલા સમય માટે પણ હવે તેમને છોડશો નહિ. અગાઉ, તેમણે આપણને કેવાં ભૂલવ્યાં હતાં તે તો યાદ છે ને? સખી! તમે તેમનો વિશ્વાસ બિલકુલ કરશો નહિ! સૌ કોઈ વ્હાલાજીને બસ, વેલડીઓની માફક વળગી રહેશો! વેલડીઓ પોતાના આધારને જેવી દૃઢતાથી વળગી રહે છે, બસ એ જ રીતે તમે સૌ વ્હાલાજીને વળગી રહેશો!

સુંદરસાથજી! શ્રી ઈન્દ્રાવતીજીને વ્હાલાજીના પ્રેમરસનાં સુખોમાં વિશ્વાસ છે, તેથી તે બીજી સૌ સખીઓને વ્હાલાજી પ્રત્યે ઈમાન લાવવા પ્રેરિત કરે છે. માટે તે "હવે ન કીજે વિશ્વાસ" એમ કહીને આપણને સૌને એ બોધ આપી રહી છે કે આ જાગણી ખેલમાં તમે સૌ રખે વ્હાલાજીની કોઈપણ યુક્તિથી છેતરાઈ જતા! એ વાત સદાય યાદ રાખજો કે *"ઈસ દુનિયા મેં કોઈ બુજરગી, છૂટ ખુદા જો લેવે । સો આપે તેહેકીક અપના, પાયા ફલ ભી ખોવે ॥"* કદીયે મિથ્યાભિમાનના મોહમાં ફસાતા નહિ, અન્યથા વ્હાલાજીથી દૂર થઈ જશો! તેમનો ઈશ્ક અને ઈમાન રૂપી ખજાનો સદાયે આપણી પાસે રહે એ જ અપેક્ષા રાખીએ.

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૩૬**

*રાગ વેરાડી ચરચરી*

રમત રાસ કરત હાંસ, કાન્હ મોહન વેલ રી ।
કાન્હ મોહન વેલ, સખી કાન્હ મોહન વેલ રી ॥૧॥

રાસમાં વિનોદ હાંસ, હાંસમા કરૂં વિલાસ ।
પૂરતો અમારી આસ, કરે રંગ રેલ રી ॥૨॥

વાલૈયો વન વિલાસી, ગયો તો અમથી નાસી ।
કઠણ કરીને હાંસી, દીધાં દુખ દોહેલ રી ॥૩॥

સખિયો કરતી માન, તેણે વિરહ ના કીધાં પાન ।
વિસરી સરીર સાન, એવો કીધો ખેલ રી ॥૪॥

મન તામસિયો હરતી, માન માનનિયો કરતી ।
અંગે ન વિરહ ધરતી, તો અમ પર થઈ હેલ રી ॥૫॥

આતુર કરી સર્વે જન, મીઠડાં બોલે વચન ।
હેતસૂં હરતો મન, એવો અલવેલ રી ॥૬॥

હવે ન મૂકૂં અધખિણ, ધુતારો છે અતિઘણ ।
પલ ન વાલૂં પાંપણ, ભૂલિયો પેહેલ રી ॥૭॥

ઇંદ્રાવતી કહે સાથ, હવે ન કીજે વિસ્વાસ ।
ખિણ ન મૂકિએ પાસ, એવી બાંધો વેલ રી ॥૮॥

*પ્રકરણ-૩૬, ચૌપાઈ-૭૨૧*

**રાસ - ૩૬ વાણીમંથન પ્રશ્નાવલિ**

*૩૬.૧ શ્રી ઈન્દ્રાવતીજીને વ્હાલાજીના પ્રેમરસના સુખોમાં જે વિશ્વાસ છે, જે બીજી સૌ સખીઓને વ્હાલાજી પ્રત્યે ઈમાન લાવવા પ્રેરિત કરે છે, તે એમ કેમ કહે છે કે, "હવે ન કીજે વિશ્વાસ?" અહીં 'વિશ્વાસ'નું તાત્પર્ય સ્પષ્ટ કરો. આ રામત દ્વારા શો બોધ મળે છે? (ચો.૮)*

*૩૬.૨ "અંગે ન વિરહ ધરતી, તો અમ પર થઈ હેલ રી" વિરહનું મહત્ત્વ સમજાવો. ધણીનાં સુખ લેવા માટે તેની આવશ્યકતા કેમ? (ચો.૪,૫)*



D:\Pranam/Chitvani/117

## શ્રી રાસ પ્રકરણ — ૩૭ :
## જુઓ રે સખીઓ તમે વાણી વાલા તણી

### પ્રકરણ સાર

સુંદરસાથજી! આ રામતના માધ્યમે પ્રેમ-સેવા દ્વારા ધણીજીને રીઝવવાનો શ્રી ઈન્દ્રાવતીજીનો ભાવ, તેણે અપનાવેલ વિવિધ પ્રેમપૂર્ણ યુક્તિઓ તથા તેમ કરવાથી પ્રાપ્ત થનાર સુખોનું ચિંતવન કરવા યોગ્ય છે. તે કહે છે "હે સખી! જુઓ તો ખરાં! વ્હાલાજી કેટલી પ્રિય વાણી બોલીને મીઠી મધુર વાતો કરી રહ્યા છે! હું તેમના શ્રીમુખ પર બલિહારી જાઉં છું. તેમના હેતપૂર્ણ હાવભાવ તથા રામતનો આનંદ જોઈને મારા મનમાં એવી પ્રબળ ઈચ્છા ઉપજી છે કે હું તેમનાં ચરણોને મારા ચક્ષુઓની પલક પર ધરી દઉં!"

ઈન્દ્રાવતીની આ વાત સાંભળીને એક સખી બોલી "બહેન! આ તો બિલકુલ અસંભવ જ છે! વ્હાલાજી તમને એમ તો કદીએ કરવા દેશે નહિ! તો ઈન્દ્રાવતીજીએ કહ્યું, "અરે સખી! જો હું એમ કરી બતાવીશ તો જ મારા અંતરની અભિલાષા પૂર્ણ થશે! હું કોઈપણ હિસાબે વ્હાલાજીને છેતર્યા વિના રહીશ નહિ! જો હું આમ કરવામાં સફળ થાઉં તો તમે સૌ મને વાહ વાહ કહેજો!

આમ કહીને ઈન્દ્રાવતીજી વ્હાલાજીને કહેવા લાગી, "હે વ્હાલાજી! આપનાં ચરણોનાં આભૂષણો અતિ સુંદર સંગીત રેલાવી રહ્યાં છે. લાવો તો, હું જરા નજીકથી તેમને જોઉં કે તે કઈ રીતે વાગી રહ્યાં છે. રસમગ્ન વ્હાલાજી આ સાંભળી કહેવા લાગ્યા, "જુઓ સખી! મારા ચરણોનાં ઝાંઝર કેટલું અદ્‌ભુત રસીલું સંગીત રેલાવી રહ્યાં છે! હું તમારી સામે જ મારા ચરણો ધરું છું. તમે તે જુઓ, પણ રખે બીજી કોઈ છેતરામણી કરતાં!"

*વ્હાલાજીએ જેવા પોતાનાં ચરણ સામે ધર્યા કે તુરત જ ઈન્દ્રાવતીજીએ તેમને ઉઠાવી પોતાનાં ચક્ષુઓ સાથે અડકાડી દીધાં! સર્વે*

સખીઓમાં વાહ વાહ થઈ રહી. જેવી વ્હાલાજીએ ઈન્દ્રાવતીની ચાલ જાણી લીધી કે તુરત જ પોતાનાં ચરણો પાછા ખેંચી લીધાં અને ઈન્દ્રાવતીને પ્યારપૂર્ણ આલિંગન આપી તેનાં ચક્ષુઓને પ્યારપૂર્ણ ચુંબન કર્યા. બન્ને આનંદરસમાં એકાકાર થઈ રહ્યાં. આમ, વ્હાલાજીએ અવનવી યુક્તિઓ દ્વારા અનેક પ્રકારનાં સુખો આપ્યાં. જાગણીલીલામાં એ જ ઈન્દ્રાવતીજી કહે છે કે *"મેં તો તને જાણ્યો છે જોપે, તેં તો ઘણી ખીદડી ખુદાવી"* તે ખટરુતિ ગ્રંથના પ્રસંગ સાથે સરખાવી આ રામતનો આનંદ લૂંટીએ. *"નેહ થયો ઘણો નેંણાંસું"* એ નયનોના વાર્તાલાપ દ્વારા થતી દિવ્ય પ્રલયલીલા સિનગાર ગ્રંથમાં થતા પર-આત્મ અને શ્રી રાજજીના મૂળ સ્વરૂપ સાથેના ચક્ષુ-વાર્તાલાપનું ચિતવન કરાવે છે : "હક્ક દેખે મેરે નૈનમેં, પુતલી જો અપની । મૈં અપની દેખૂં હક્ક નૈનમેં, યું જુગલે જુગલ બની ॥" વ્હાલાજીનું ચુંબન પ્રાપ્ત કરવું હોય તો તેમનાં શ્રી ચરણો હૃદયમાં ધારણ કરવાની મહિમા ઈન્દ્રાવતી પાસેથી સમજીએ.

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૩૭

રાગ ધોલની ચાલ

**જુઓ રે સખિયો તમે વાણી વાલાતણી, બોલેતે બોલ સુહામણાં રે ।**
**<u>મીઠી મધુરી વાત કરે, હૂં તો લઊં તે મુખનાં ભામણાં રે</u> ॥૧॥**

**હાવસું ભાવ કરે વાલો હેતે, ગુણ ને ઘણાં વાલાતણાં રે ।**
**રામત કરતાં રંગ રેલ કરે, ઝકઝોલ માંહેં નહીં મણાં રે ॥૨॥**

**જુઓ રે સખિયો મારા જીવની વાતડી, મારા મનમાં તે એમજ થાય રે ।**
**<u>નેંણા ઊપર નેહ ધરી, હૂં તો ધરૂં વાલાજીના પાય રે</u> ॥૩॥**

**સુણ સુંદરી એક વાત કહૂં ખરી, એ તે એમ કેમ થાય રે ।**
**નેણાં ઊપર કેમ કરીસ, એ તો નહીં ધરવા દિએ પાય રે ॥૪॥**

**જો હૂં એમ કરૂં રે બેહેની, મારા જીવની દાઝ તો જાય રે ।**
**કોઈ વિધ કરી છેતરૂં વાલો, તો મૂને કેહેજો વાહ વાહ રે ॥૫॥**



D:\Pranam/Chitvani/118

**સુણો રે વાલૈયા વાત કહૂં, તમારા ભૂખણ બાજે ભલી ભાંત રે ।**
**લઈ ચરણને નિરખૂં નેત્રે, મૂને લાગી રહી છે ખાંત રે ॥૬॥**

**જુઓ રે સખિયો મારા ભૂખણ બાજતાં, ઝાંઝરિયા તે બોલે રસાલ રે ।**
**લેની પગ ધરૂં તુઝ આગલ, પણ બીજી મ કરજે આલ રે ॥૭॥**

**લઈ ચરણ ને ભેલ્યા નેણાં, વાલે જોયૂં વિચારી ચિત રે ।**
**<u>વટકી ચરણ ને લીધાં વેગલાં, જાણી ઇંદ્રાવતી રામત રે</u> ॥૮॥**

**વાલે વેગે લીધી કંઠ બાંહોંડી, બેઠા અંગ ભીડીને હેતમાં રે ।**
**નેહ થયો ઘણો નેંણાંસું, દિએ નેત્રને ચુમન ખાંતમાં રે ॥૯॥**

**રંગ રેલ કરી રસ બસ થયા, સખી સ્યામ ઘણાં અમૃતમાં રે ।**
**લથબથ થઈ કલોલ થયા, એ તો કૂપી રહ્યા બેહૂ ચિતમાં રે ॥૧૦॥**

**કહે ઇંદ્રાવતી સુણો રે સાથજી, વાલે સુખ દીધાં ઘણાં ઘણાં રે ।**
**<u>નવલો નેહ વધાર્યો રમતાં, ગુણ કિહાં કહૂં વાલાતણા રે</u> ॥૧૧॥**

*પ્રકરણ-૩૭, ચૌપાઈ-૭૩૨*

### રાસ - ૩૭ વાણીમંથન પ્રશ્નાવલિ

*૩૭.૧ આ રામતમાં ઈન્દ્રાવતીજીની યુક્તિ પર પ્રકાશ ફેંકો. સેવા દ્વારા ધણીજીને રીઝવવાનો ભાવ સમજવો તથા તેમ કરવાથી પ્રાપ્ત સુખોનું ચિતવન કરવું.*

## શ્રી રાસ પ્રકરણ – ૩૮ : બલિયામાં દીસે બલ

સુંદર સૌષ્ઠવયુક્ત અને નિર્મળ અંગવાળા વ્હાલાજીમાં રામત રમવાનું જોમ તથા તેમનાં ચક્ષુઓ તથા વિવિધ અંગોમાંથી છલકાઈ રહેલી મસ્તી જોઈને ઘેલી બનેલી ઈન્દ્રાવતી કહે છે કે, હે સખી ! મેં તો વ્હાલાજીને મારા મૂળના સંઘાતી જાણી વિવિધ પેરે તેમનાં વખાણ કર્યાં છે. તેથી જ વ્હાલોજી સ્વયં આપણા સૌના ચિત્તની ચાહના પ્રમાણે ચાલીને સૌ

સુંદરસાથની ઈચ્છાઓને ખૂબ જ સારી રીતે પૂર્ણ કરતા રહે જ છે. હે સાથજી! હું સાચું કહું છું કે મારી પોતાની ખેવના તો બસ મૂળના સંગાથીને પરણવાની છે. મારા હૃદયમાં મેં માત્ર વ્હાલાજીરૂપી એકમાત્ર ધન ધારણ કર્યું છે. હવે, હું તેમને મારા અંગથી પલભર માટે પણ અળગા કરી શકું તેમ નથી. હું તો બસ તેમનું આલિંગન લઈને મારી તીવ્ર ચાહના પૂરી કરીને જ રહીશ.

આમ કહી, શ્રી ઈન્દ્રાવતીજી વ્હાલાજીના ગળામાં હાથ નાંખીને તેમને એકાંતમાં ખેંચી ગઈ! અન્ય સખીઓ તો આશ્ચર્યચકિત થઈ તે જોઈ જ રહી! વ્હાલા સાથેની લીલામાં ગળાડૂબ ઈન્દ્રાવતી એવી તો ઘેલી બની ગઈ કે તે સૌ સખીઓને પડકારવા લાગી, ''હું તો મારા વ્હાલાજીને વરી ગઈ છું. હવે, હું જોઉં છું કે કઈ સખી મારો હાથ વ્હાલાજીથી છોડાવી શકે છે!?''

સુંદરસાથજી! શ્રી ઈન્દ્રાવતીનો સૌને આ રીતનો સીધો પડકાર તે તેના પ્રેમના પ્રાબલ્યનું પ્રમાણ છે. આ રાસ રામત દ્વારા શ્રી ઈન્દ્રાવતી દ્વારા વ્યક્ત 'કૌલ' તથા 'ફેલ'નું પુનરાવર્તન વર્તમાન જાગણીલીલામાં પણ થયું છે તેનું ચિંતન કરી આપણે સૌએ પણ એની ચાલે ચાલવાનું છે. જાગણીલીલામાં પણ વ્હાલાજીનાં પાંચ સ્વરૂપ ઈન્દ્રાવતીની આત્મામાં બિરાજમાન થયાં હોવાથી, તે સૌ સુંદરસાથજીના દેખતાં એમની સાથે લીલાનો આનંદ લૂંટી રહી છે - *''ખેલે શ્રી મહામતિ, દેખલાવે ઈન્દ્રાવતી.''* જુઓ! હવે પછીની રામતમાં શું બને છે.

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૩૮**

રાગ કેદારો

**બલિયામાં દીસે બલ, અંગ આછો નિરમલ ।**
**<u>નેંણાં કટાછે વલ, પાંપણ ચલવે પલ, અજબ અખ્યાત</u> ॥૧॥**

**જનમ સંઘાતી જાણ્યો, મન તો ઊપર માણ્યો ।**
**<u>સુંદરી ચિતસું આણ્યો, વિવિધ પેરે વખાણ્યો, વાલાની વિખ્યાત</u> ॥૨॥**



D:\Pranam/Chivani/119

**વાલોજી વસેકે હિત, ચાલતો ઊપર ચિત ।**
**ઇછા મન જે ઇછત, ખરી સાથની પૂરે ખંત, ભલો ભલી ભાંત ॥૩॥**

**ઇંદ્રાવતી કહે ખરૂં, મૂલનો સંઘાતી વરૂં ।**
**<u>એ ધન રૂદયામાં ધરૂં, અંગથી અલગો ન કરૂં, ખરી મૂને ખાંત</u> ॥૪॥**

**વરજીને દઊં વીડ, ભીડતાં ન કરૂં જીડ ।**
**અંગ માંહેં હુતી પીડ, કામ કેરી ભાજૂં ભીડ, જો જો મારી વાત ॥૫॥**

**બાંહોંડી કંઠમાં ઘાલી, એકી ગમા લીધો ટાલી ।**
**લઈ ચાલી અણિયાલી, સખી મુખ હાથ તાલી, જોઈ રહ્યો સાથ ॥૬॥**

**રામત કરતી રંગે, ચુમન દેવંતી વંગે ।**
**ઉમંગ આવિયો સંગે, ભેલી મુખ ભીડે અંગે, મૂકે નહીં બાથ ॥૭॥**

**રંગના કરતી રોલ, ઝીલતી માંહેં ઝકોલ ।**
**કરી મુખ ચકચોલ, જોરાવર ઝલાબોલ, લેવા ન દે સ્વાંસ ॥૮॥**

**પિઉના અધુર પિએ, અમૃત ઘૂંટડે લિએ ।**
**સામા વલી પોતે દિએ, દેવંતા મુખ નવ વિહે, અંગ પ્રેમ વાસ ॥૯॥**

**વલી ઇછા જુઈ ધરે, ફુંદડી ફેરસૂં ફરે ।**
**જોર અતિ ઘણો કરે, ઇંદ્રાવતી કામ સરે, રમે પિઉ રાસ ॥૧૦॥**

**ફુંદડી મેલીને હાથ, ચટકાસૂં ઘાલી બાથ ।**
**રામત કરે નિઘાત, કંઠ બાંહોંડી ફરે સાથ, રંગે પ્રાણનાથ ॥૧૧॥**

**વલી લિએ હાથ તાલી, ફરતી દેવંતી વાલી ।**
**બેઠંતી ઉઠંતી વાલી, રામત વચે રસાલી, વિવિધ વિલાસ ॥૧૨॥**

**છટકે રામત મેલી, વાલાજી સંઘાતે ગેહેલી ।**
**આલિંઘણ લિએ ઠેલી, ચુમન દિએ પિઉ પેહેલી, મુખ આસ પાસ ॥૧૩॥**

**સર્વે જોવંતા સુંદરી, રામત તો ઘણી કરી ।**
**<u>પિઉ કંઠે બાંહો ધરી, ઇંદ્રાવતી વાલે વરી, જોઇએ કોણ મુકાવે હાથ ॥૧૪॥</u>**

*પ્રકરણ-૩૮, ચૌપાઈ-૭૪૬*

**રાસ - ૩૮ વાણીમંથન પ્રશ્નાવલિ**

*૩૮.૧ આ રામતમાં ઈન્દ્રાવતીનો સૌને સીધો પડકાર છે. તેનું શું રહસ્ય છે? જાગણીલીલા સાથે ઈન્દ્રાવતીની આ વર્તણુકનો સો સંબંધ છે?*

## શ્રી રાસ પ્રકરણ - ૩૯ :
## કેસરબાઈનો ઝગડો આવી કેસરબાઈ કહે રે બહેની

***પ્રકરણ સાર :-*** *કેસરબાઈ વ્હાલાજીને પ્રેમ કરવા બાબતે પોતાનો તથા સૌ સુંદરસાથજીનો અધિકાર શ્રી ઈન્દ્રાવતીજી સમક્ષ વ્યક્ત કરતાં ઝગડાપૂર્ણ વાર્તાલાપ છેડી મૂકે છે. એક તરફ શ્રી ઈન્દ્રાવતીજી શ્રી પ્રાણનાથને એકમાત્ર પોતાના કરી લેવાની વાત કરી, તેમની સાથે પરણ્યાનું સુખ પોતે એકલી લેવાની વાત કરે છે! તો બીજી તરફ, સૌ સખીઓના પ્રતિનિધિ બની શ્રી કેસરબાઈ તે પ્રેમ તથા સંબંધનું સુખ સૌમાં વહેંચવાની વાત પણ એટલા જ અધિકારથી કરે છે. અનન્ય પ્રેમમાં 'હું અને એ' - એ સિવાય બીજાની ઉપસ્થિતિનો ઈન્કાર કરવાની વાત કરી શ્રી ઈન્દ્રાવતીજી સમજાવે છે કે પ્રત્યેક સખીએ વ્હાલાજીને કેટલા દઢ ઈમાનપૂર્વક વળગી રહેવું જોઈએ. "પ્રાણનાથ તો બસ એક 'મારા' જ છે" - એ 'નિયમ' હૃદયમાં દઢતાપૂર્વક ગ્રહણ કરી રીઝવવાથી વ્હાલાજીનું એકાંતિક સુખ મળી શકે એ વાત સમજાવી છે. તો બીજી તરફ, "પ્રાણનાથ તો આપણ સૌના પણ છે!" એવો પરસ્પર એકાત્મભાવનો 'યમ' વ્યવહારમાં મૂકવાથી જાગણીલીલાનું સુખ મળી શકે. પ્રેમ-રસમાં ભીંજાયેલી આ બંને સખીઓ આપણને આ પ્રકારનું સંતુલન વર્તમાન સમયમાં જાળવી રાખવાનો બોધ કરાવે છે. આ*



D:\Pranam/Chitvani/120

*પ્રકારની નિર્મળ અને દઢ ભાવનાના ફળ સ્વરૂપે વ્હાલાજી પ્રત્યેક સખીને તમામ સુખોથી સંતૃપ્ત કરે જ છે તે આ રામત દ્વારા સાબિત થયું છે. પ્રત્યેક સખી વ્હાલાજીને પોતાની સાથે હોવાનો અનુભવ કરે છે!*

પોતાના પ્રેમના પ્રાબલ્યની પરાકાષ્ઠાએ ઈન્દ્રાવતીજી સૌ સખીઓને પડકાર કરે છે કે જો તમારામાં દમ હોય તો મારા હાથમાંથી વ્હાલાજીને છોડાવો! હું તો બસ વ્હાલાજીને પરણી છું. તેનો આ પ્રકારનો ભાવાવેશ જોઈને કેસરબાઈથી રહેવાયું નહિ અને તે બંને જિદ્દ કરતાં ઝગડી પડ્યાં. આ જોઈને વ્હાલાજી બંને જણની શક્તિ અને દઢ સંકલ્પ જોઈ હસે છે. વ્હાલાજી દ્વારા સમજાવવા છતાં બેમાંથી એકેય તેમનું માન્યાં નહિ ત્યારે તેમણે જેટલી સખીઓ હતી તેટલાં રૂપો ધારણ કર્યા. આમ, વ્હાલાજી પ્રત્યેક સખીને મળ્યા. આમ, સર્વ સખીઓને તૃપ્તિ થઈ. કેસરબાઈ અને ઈન્દ્રાવતી બંને પોતપોતાના મનમાં એમ જ સમજે છે કે વ્હાલાજી માત્ર મારી પાસે જ આવેલ છે! રામત પશ્ચાત્ જ્યારે બંને સખીઓ પુનઃ ભેગી મળી, ત્યારે તે બંને પોતાના વ્હાલાજી સાથેના વિલાસની વાતો એકબીજાને વટપૂર્વક પ્રસ્તુત કરવા લાગી. પરસ્પરની વાતચીતથી જ્યારે બંનેને એ વાતનું જ્ઞાન થયું કે વ્હાલાજી તો અમારી બંને પાસે હતા, ત્યારે તેઓ ખૂબ જ શરમાઈ ગઈ! તે એકબીજાને કહેવા લાગી, "અરે! આપણે તો ફોગટનાં લડાઈ ઝગડો કરી બેઠાં! બંને સખીઓ હર્ષપૂર્વક એક બીજાને ગળે લાગી અને પોતાની ભૂલનો પશ્ચાતાપ કરી પોતાનાં હૈયા શાંત કર્યા. સૌના મનનો અહમ્ભાવરૂપી મેલ દૂર થયો. શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, "હે કેસરબાઈ! વ્હાલાજી તો મોટા મહેરબાન છે. કારણ કે તેમણે આપણ સૌના મનોરથ યુક્તિપૂર્વક પૂર્ણ કર્યા છે. એક તો મારાથી અળગા થઈ તેમણે મારો હક્ક યથાવત્ રાખ્યો અને સાથે સાથે, તમને તથા સૌ સુંદરસાથને પણ રાસલીલા રમવાનો પૂર્ણ સંતોષ બક્ષ્યો છે!.

શ્રી ઈન્દ્રાવતીજીએ સૌ સખીઓને પડકાર કર્યો કે જો તમારામાં દમ હોય તો મારા હાથમાંથી વ્હાલાજીને છોડાવી બતાવો! હું તો બસ

વ્હાલાજીને પરણી છું. તેનો આ પ્રકારનો ભાવાવેશ જોઈને કેસરબાઈથી રહેવાયું નહિ અને તે સહજ બોલ્યાં, “અરે ઈન્દ્રાવતી બહેની! તમે તો વ્હાલાજી સાથે ક્યારનાંયે રંગભેર રમી રહ્યાં છો. હવે અમને સૌને પણ રમવાનો લ્હાવો આપો!” કેસરબાઈની આ વિનંતી સાંભળી શ્રી ઈન્દ્રાવતી સખી બોલી, “તમારે જેટલી પણ શક્તિ લગાડવી હોય તે લગાવો. પણ હું તો મારા વ્હાલાજીને છોડવાની જ નથી. કેસરબાઈ! આપ નાહકનાં મારા રંગમાં ભંગ કરી રહ્યાં છો? તમારે રમવું હોય તો આવીને વ્હાલાજીનો હાથ પકડોને! હું ક્યાં ના કહું છું! હું તો બસ, આ ઉભી વ્હાલાજીના ગળામાં હાથ નાંખીને! આ તો ‘મારા પ્રાણનાથ’ છે! તમારે બીજી કોઈપણ રામત રમવી હોય તો તે રમોને! આટલો બધો સુંદરસાથ ઉપસ્થિત છે તો તેમની સાથે મળીને રમોને!”

ઈન્દ્રાવતીજીનો આ પ્રતિભાવ સાંભળી તેમને પુનઃ વિનંતી કરતાં કેસરબાઈ બોલ્યાં, “ભલા, આમ તે કેમ ચાલે? પ્રાણનાથ તો આમારા સૌના પણ છે. તમે તો ઘણા સમયથી તેમની સાથે રમી જ રહ્યાં છો. હવે, અમને પણ તક આપો. આ સાંભળી દ્રઢનિશ્ચયી ઈન્દ્રાવતીજી બોલ્યાં, “અરે કેસરબાઈ! તમે લાખ પ્રકારે મને સમજાવશો તોયે હું વ્હાલાજીને છોડવાની નથી! હું કાંઈ ઢીલી પોચી સખી નથી! આ તો બલવંતી અને અટલ શ્રધ્ધાવાળી ઈન્દ્રાવતી સખી છે! તમે તમારાથી થાય તે કરી લ્યો!”

બંનેનો માંહોમાંહે ચાલતો આ પ્રકારનો ઝગડો જોઈને વ્હાલાજી મનોમન હસે છે. તેઓ વિચારે છે કે આ બેમાંથી તો કોઈએ એકબીજાને નમતું જોખે તેમ છે નહીં! બંને જણ શક્તિશાળી તથા દ્રઢ સંકલ્પવાળાં છે. તેમ છતાં, વ્હાલાજીએ તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો. પણ બેમાંથી એકેય તેમનું માન્યાં નહિ. ત્યારે વ્હાલાજી પાસે કોઈ વિકલ્પ ન રહ્યો. તેમણે જેટલી સખીઓ હતી તેટલાં પોતાનાં રૂપો પ્રગટ કર્યાં અને પ્રત્યેક સખીને મળીને તૃપ્તિ બક્ષી. પરંતુ કેસરબાઈ પોતાના મનમાં એમ જ સમજી રહયાં છે કે વ્હાલાજી માત્ર પોતાની પાસે જ આવી રમી રહ્યા છે! તો બીજી તરફ, ઈન્દ્રાવતીજી પણ એવી જ ગેરસમજમાં રહે છે!



D:\Pranam/Chivani/121

રામત પશ્ચાત્ જ્યારે બંને સખીઓ પુનઃ ભેગી મળી ત્યારે, બંને વટપૂર્વક વ્હાલાજી સાથેના પોતાના વિલાસની વાતો એકબીજાને ઉત્સાહપૂર્વક કહેવા લાગી. પરસ્પર વાતો દ્વારા જ્યારે બંનેને એ જ્ઞાન થયું કે વ્હાલાજી તો અમારી બંને પાસે હતા, ત્યારે તેઓ ખૂબ જ શરમાઈ ગઈ અને એકબીજીને કહેવા લાગી, “અરે! આપણે સૌ તો ફોગટના લડાઈ ઝગડો કરી બેઠાં! બંને સખીઓ હર્ષપૂર્વક એકબીજાને ગળે લાગી અને પોતાની ભૂલનો પશ્ચાતાપ કરી પોતાનાં હૈયા શાંત કર્યાં. સૌના મનનો અહમ્‌ભાવરૂપી મેલ દૂર થયો. ઈન્દ્રાવતીજી કહે છે, “હે કેસરબાઈ! વ્હાલાજી તો મોટા મહેરબાન છે. તેમણે આપણ સૌના સર્વ મનોરથો યુક્તિપૂર્વક પૂર્ણ કર્યાં છે. એક તો મારાથી અળગા થઈને તેમણે મારો હક્ક યથાવત્ રાખ્યો, અને સાથે સાથે તમને તથા સૌ સુંદરસાથને પણ રાસલીલા રમવાનો પૂર્ણ સંતોષ બક્ષ્યો છે.

સુંદરસાથજી! એ બાબતનું ધ્યાન કરો કે ઈન્દ્રાવતીને પહેલા નંબરથી ઓછું કશું જ પરવડતું નથી, તો બીજી તરફ કેસરબાઈ ધણીનું સુખ સૌને વહેંચવાની વૃત્તિ પ્રગટ કરે છે. આ બંને સખીના ઝગડાના નિમિત્તે અન્ય સૌ સખીઓને વ્હાલા સાથે રમવાનો લ્હાવો મળી ગયો! વર્તમાન જાગણી બ્રહ્માંડમાં પણ આપણા અનુભવમાં આવતા પ્રસંગોનું ચિંતન કરી તેની આ રામત સાથે તુલના કરી શકાય. પ્રત્યેક સખી વ્હાલાજીને પોતાની પાસે હોવાનો અનુભવ કરે છે. આ પ્રકારનો અનુભવ કરાવતી પરમધામની કઈ કઈ લીલા છે તેનું ચિતવન કરીએ. બંને સખીઓના ઝગડામાંથી વ્યક્ત થતી પ્રામાણિકતા, પારદર્શિતા તથા પોતાની ભૂલ માટે પ્રાયશ્ચિતનું મૂલ્યાંકન કરી વર્તમાનમાં આપણા પરસ્પર સંબંધો તથા વાર્તાલાપની શૈલી વિશે ચિંતન કરી તેના પર અમલ કરવા પ્રયાસશીલ રહીએ તો જ જાગણીરાસનો આનંદ મળે.

## શ્રીમુખ વાણી : પ્રકરણ ૩૯

### કેસરબાઈનો ઝગડો

<u>આવી કેસરબાઈ કહે રે બેહેની, સુણો વાત કહૂં તમસૂં ।</u>
<u>ભલી રામત વાલાસૂં રંગે કરી, હવે મૂકો રમે અમસૂં ॥૧॥</u>

<u>હૂં તો નહીં રે મૂકૂં મારો નાહોજી, તમે જોર કરો જથાબલ ।</u>
<u>આવી વલગો વાલાજીને હાથ, આતાં દેખે છે સૈયર સાથ ॥૨॥</u>

ઇંદ્રાવતી કહે અમસૂં રમતાં, કેસરબાઈ કરો એમ કાંએ ।
તમે હાથ આવી વાલાજીને વલગો, પણ હૂં નવ મૂકૂં બાંહેં ॥૩॥

<u>હૂં કંઠ બાંહોંડી વાલીને ઊભી, મારો પ્રાણતણો એ નાથ ।</u>
<u>નેહેચે સખી હૂં નહીં રે મૂકૂં, તમે કાં કરો વલગતી વાત ॥૪॥</u>

અનેક પ્રકાર કરો રે બેહેની, હૂં નહીં મૂકૂં પ્રાણનો નાથ ।
બીજી રામત જઈ કરો રે બેહેની, આતાં ઊભો છે એવડો સાથ ॥૫॥

કેમ રે મૂકૂં કહે કેસરબાઈ, તમને રમતાં થઈ ઘણી વાર ।
હવે તમે કેમ નહીં મૂકો, મારા પ્રાણતણો આધાર ॥૬॥

સુણો કેસરબાઈ વાત અમારી, ઇંદ્રાવતી કહે આ વાર ।
લાખ વાતો જો કરો રે બેહેની, પણ હૂં નહીં મૂકૂં નિરધાર ॥૭॥

<u>કહે કેસરબાઈ અમસૂં ઇંદ્રાવતી, કાં કરો એવડૂં બલ ।</u>
<u>એટલા લગે તમે રામત કીધી, હવે નહીં મૂકૂં પાણીવલ ॥૮॥</u>

બીજી સખી ઇહાં નહીં રે બાપડી, આંહીં તો ઇંદ્રાવતી નાર ।
જોર કરો જોઇએ કેટલૂં કેસરબાઈ, કેમ ને મુકાવો આધાર ॥૯॥

એટલા દિવસ થયા અમને રમતાં, પણ કોણે ન કીધૂં એમ ।
ભોલા ઢાલની વાત જુઈ છે, જોઇએ જોર કરી જીતો કેમ ॥૧૦॥

વેઢ દેખીને વાલોજી હઁસિયા, વલગે માંહોંમાંહેં નાર ।
કોઈ કેને નમી ન દિએ, આતાં બંને જાણે ઝુંઝાર ॥૧૧॥

<u>સિખામણ દિએ રે વાલોજી, કોઈ ન નમે રે લગાર ।</u>
<u>ત્યારે રૂપ કીધાં રંગે રમવા, સંતોખી સર્વે નાર ॥૧૨॥</u>

કેસરબાઈ જાણે અમકને આવ્યા, ઇંદ્રાવતી જાણે અમપાસ ।
સઘલીસૂં સનેહ કરી, વન માંહેં કીધાં વિલાસ ॥૧૩॥

<u>ઇંદ્રાવતી કેસરબાઈ મલિયો, બંને કહે એમ ।</u>
<u>ઓસિયાલી થૈયો મન માંહેં, જુઓ આપણ કીધૂં છે કેમ ॥૧૪॥</u>

ભીડીને મલિયો બંને ઉછરંગે, ભાજી હૈડાની હામ ।
ઇંદ્રાવતી કહે કેસરબાઈ, વાલે પૂરણ કીધાં મન કામ ॥૧૫॥

*પ્રકરણ-૩૯, ચૌપાઈ-૭૬૧*

### રાસ - ૩૯ વાણીમંથન પ્રશ્નાવલિ

*૩૯.૧ જાગણી બ્રહ્માંડમાં ઈન્દ્રાવતી તથા કેસરબાઈની વર્તણૂકમાંથી શો બોધ મળે છે?*

*૩૯.૨ વ્હાલાજીએ બંનેના પ્રેમ આગળ નમતું જોખવું પડ્યું તેનું શું કારણ?*

*૩૯.૩ બંને સખિના ઝગડા નિમિત્તે અન્ય સૌ સખીઓને વ્હાલા સાથે રમવાનો લ્હાવો મળી ગયો. વર્તમાન જાગણીબ્રહ્માંડમાં અનુભવેલ એકાદ પ્રસંગનું ચિંતન કરી તેની સંક્ષિપ્ત તુલના કરો.*

*૩૯.૪ પ્રત્યેક સખી વ્હાલાજીને પોતાની સાથે હોવા અનુભવે છે. આ પ્રકારનો અનુભવ પરમધામની કઈ લીલામાં વર્ણવાયો છે?*

*૩૯.૫ બંને સખીઓના ઝગડામાંથી નિતરતી પ્રામાણિકતા, પારદર્શિતા, પશ્ચાત્તાપભાવ નું મૂલ્યાંકન કરી વર્તમાનમાં આપણા સુંદરસાથ સાથેની સંબંધ તથા વાર્તાલાપ શૈલી પર ચિંતન કરી તેનો અમલ કરવાનો પ્રયોગ કરો.*

## શ્રી રાસ પ્રકરણ – ૪૦ :
## છેડો ન છટકે, અંગ ન અટકે

<u>*પ્રકરણ સાર*</u> *: પ્રકરણ-૪૦થી૪૩માં પ્રેમની પરાકાષ્ઠાનું પ્રતિબિંબ ઝીલાયું છે. પ્રકરણ ૪૦માં હવે વ્હાલાજી પ્રત્યેક સખી સાથે અલગ અલગ નૂરી તન ધારણ કરી એક એકથી ચઢિયાતી તથા અગાઉ રમાયેલી બધી જ રામતોને મિશ્રિત કરી સારરૂપ રસાનંદનું પાન કરાવે છે. રાસ રમતાં સાડીનો છેડો છૂટી ન જાય કે પગમાં ભરાઈ ન જાય તે માટે સખીઓની ચીવટ, ઝીણવટભર્યું ધ્યાન - રાસના આનંદનો રસ ભંગ ન થાય તે માટે નાનામાં નાની બાબતનો કેવો ખ્યાલ રાખે છે તેની નોંધ લઈ જાગણીરાસમાં સાડીના છૂટવા કે ભરાવાના રૂપક દ્વારા સાવધાનીથી વર્તવાનો બોધ ગ્રહણ કરાવે છે. નિસ્બત રૂપી સાડીનો છેડો સરકે નહિ, વ્હાલાજીની પ્રેમ-સેવામાં ભંગ થાય નહિ, સદ્‌ગુરુનાં કદમો પર કદમ ધરીએ, વ્હાલાજીના વાણી-વચનોનું મંથન તથા ચિતવન કરી તેનું ઈશ્કમાં રૂપાંતર કરતા રહીએ - આ સર્વે ભાવ આ રામત થકી ગ્રહણ થાય છે.*

આ રામતમાં વૃંદાવનની પ્રકૃતિ (ભૂમિ, રેતી, ચંદ્રમા, જમુનાજી, વૃક્ષ, વેલડી, હીંચકા) તથા પશુપંખી (મોરલા, વાંદરા) આનંદમાં એકમેક થઈ ગયાં છે. તેનું ધ્યાન કરી શ્રી પરમધામમાં પણ આ પ્રકારનું દૃશ્ય કઈ લીલામાં સર્જાય છે તેનું ચિતવન કરી શકો છો. સખીઓ વ્હાલાજીને 'આભૂષણો' ન ખૂંચે તેનું ધ્યાન રાખી રાસ રમે છે. પરમધામનાં અને રાસમંડળનાં આભૂષણોની લાક્ષણિકતાનું મનન કરી ધામના નૂર તત્ત્વની કોમળતાના ગુણનું ચિતવન કરીએ. જાગણીલીલામાં બ્રહ્મસૃષ્ટિ સુંદરસાથે પહેરવાના (કૌલ, ફૈલ અને હાલ રૂપી) વસ્ત્રાભૂષણો પર નજર કરીએ.

*"એક નિરત કરે, એક ઘૂમે, એક લિએ તાલી, એક ચઢે, એક ફરે..."* આદિ રામતોમાં માત્ર એક સખીની લીલાનું વર્ણન નથી, પણ એક એક જોડી સાથે રમી રહી છે. વિચારો સાથજી! આ જોડી કોની કોની બની છે? બબ્બે સખીઓની, કે એક સખી અને એક વ્હાલાજીની? શ્રી



D:\Pranam/Chitvani/123

ઈન્દ્રાવતીજી આપણને પોતાના ગણીને - "મારો સાથ" એમ કહીને બોલાવે છે અને વ્હાલાજીને પણ "મારા વ્હાલાજી" કહીને બોલાવે છે. નિસ્બતનો કેટલો મીઠો ભાવ પ્રગટ થાય છે તે અનુભવ કરવા યોગ્ય છે. શ્રી ઈન્દ્રાવતીજીની આત્મા વ્હાલાજીને *"સુખ તણો સિરદાર"* એવું સુંદર બિરુદ આપી આપણને ખુશ કરી દે છે. ચાલો આપણે રામત માણીએ!

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૪૦

**<u>છેડો ન છટકે, અંગ ન અટકે, ભરે પાંઉં ચટકે, માનવંતી મટકે</u> ॥૧॥**

રાસની મસ્તીમાં મંત્રમુગ્ધ સખીઓ પોતાની સાડીનો પાલવ છૂટી ન જાય તથા પોતાનું એક પણ અંગ રામત રમતાં વચ્ચે સહેજ પણ અટકી ન પડે, તેની સાવધાની રાખી ખૂબ જ ચીવટપૂર્વક ચટકો લઈ પોતાનાં પગલાં આગળ ભરી રહી છે. માનવંતી સખીઓ પ્રેમાનંદમાં મટક મટક રાસ રામત રમી રહી છે.

**<u>લિએ રંગ લટકે, ઘુટાવે અધુર ઘટકે, વલી વલી સટકે ।</u>**
**<u>ખાંત ઘણી ખટકે, રમવા રંગે રાસ રી ॥૨॥</u>**

તેઓ એક એક લટકામાં અપાર આનંદરસનું પાન કરી રહી છે. વ્હાલાજીને અધરરસ પાન કરાવી તેઓ તૃપ્તિ અનુભવે છે અને વારંવાર તેમની નિકટ આવી પુનઃ તેમનાથી દૂર ખસી જાય છે. સખીઓના હૈયામાં અત્યાધિક રંગ રસપૂર્વક રાસ રમવાની ચાહના પ્રબળતાની ચરમસીમાએ છે.

**રમતી રાસ કામની, જામતી ચંદ્ર જામની ।**
**મલી વલ્લભે માનની, ભલંતી રંગે ભામની ॥૩॥**

નિશ્ચલ પ્રેમ તથા હેતસભર કામિનીઓ રાસરમણમાં મસ્ત છે. તેમના હેતની પ્રબળતા જોઈ પૂર્ણ ચંદ્રમાની ચાંદની રાત પણ સ્થિર થઈ ગઈ છે. સખીઓ પ્રેમાવેશમાં ગૌરવપૂર્વક પોતાના પ્રાણ-વલ્લભ સાથે હળે-મળે છે તથા પરસ્પર આનંદપૂર્વક એકરૂપ થઈ જઈ રહી છે.

**સ્યામાજી સંગે સ્યામની, બાંહોંડી કંઠે કામની ।**
**તાણતી અંગે આમની, મુખ બીડી સોહે પાનની ।**
**એમ રમત સકલ સાથ રી ॥૪॥**

શ્રી શ્યામાજી વળી પ્રાણ-વલ્લભ શ્રી શ્યામના કંઠે પોતાના હાથ બાંધી, તેમને પોતાની તરફ ખેંચી રહ્યાં છે. તેમના મુખમાં પાનની બીડી સોહે છે. આમ સકલ સાથ રાસ રામત રમી રહ્યો છે.

**મારો સાથ રમે રે સોહામણો, કાંઈ રામત રમે રંગ ।**
**વાલાજીસું વાતો, કરે અખ્યાતો, ઉલટ ભીડે અંગ ॥૫॥**

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, આમ, મારો સર્વે સાથ ખૂબ જ સુંદર રીતે આનંદ રંગે રમી રહ્યો છે. તથા વ્હાલાજી સાથે બેસૂમાર પ્રેમપૂર્ણ વાતો કરતાં કરતાં ઉરમાં ઉમંગ ધરીને પોતાની પીઠ ઉલ્ટી વ્હાલાજીના સામે લગાડીને આલિંગી રહ્યો છે.

**બાંહોંડી વાલે ભૂખણ સંભાલે, રખે ખૂંચે કોઈ નંગ ।**
**લિએ બાથો વાલાજી સંઘાતો, ઉનમદ બલ અનંગ ॥૬॥**

"રખે, મારા આભૂષણનો કોઈ નંગ વ્હાલાજીને ખૂંચે" એવું જાણી સખીઓ પોતાનાં આભૂષણો સંભાળીને વ્હાલાજીના કંઠે બાથ ભીડે છે. વ્હાલાજી સાથે મસ્તી તથા ઉન્માદભર્યાં અંગોથી ભેટી પડે છે.

**છટકે રમે પાખલ ભમે, રામત ન કરે ભંગ ।**
**છેલાઇએ છેકે અંગ વસેકે, સખી સર્વે સુચંગ ॥૭॥**

રમતાં રમતાં છટકીને દૂર જઈ, વળી પાછી ફૂદરડી ફરી લે છે. તેમ છતાં, તેઓ રામતમાં સહેજ પણ ભંગ થવા દેતી નથી! સર્વે સખીઓ ખૂબ સાવધાનીપૂર્વક પોતાની આગવી-વિશેષ ચતુરાઈથી કૂદી રહી છે.

**કેટલીક સુંદરી ઉલટ ભરી, આવી વાલાજીને પાસ ।**
**ઉમંગ આણે આપ વખાણે, વિરહ વિનતા ગયો નાસ ॥૮॥**



D:\Pranam/Chivani/124

કેટલીક સુંદરીઓ તો વળી ગુલાંટ મારતી વ્હાલાજીની પાસે આવી પહોંચે છે અને ઉમંગથી છલકાતા હૈયે પોતાના ચાતુર્યની આત્મ પ્રશંસા કરતાં ધરાતી નથી! જુઓ! સખીઓના વિરહનું દુઃખ તો બિલકુલ જ સમાપ્ત થઈ ગયું છે.

**ગીત ગાએ રંગ થાય, વિવિધ પેરે વિલાસ ।**
**જુવતી જોડે એકઠી દોડે, મારા વાલાજીસું કરવા હાંસ ॥૯॥**

તેઓ મોકળે મને ગીત ગાઈ રહી છે. સૌનાં હૈયાં અવનવા ભાવોથી છલકાઈ રહ્યાં છે. તેના પર વળી વિવિધ પ્રકારનો વિલાસ-વિનોદ થઈ રહ્યો છે. મારા વ્હાલાજી સાથે હાસ્યવિનોદ કરવા માટે સૌ યુવતીઓ બબ્બેની જોડીમાં એક સાથે દોડ લગાવી રહી છે.

**વાલૈએ વિમાસી અંગ ઉલાસી, દેહ ધરયા અનેક ।**
**સખિયો સઘલી જુજવી મલી, મારા વાલાજીસું રમે વિસેક ॥૧૦॥**

આ જોઈ વ્હાલોજી પણ વિચાર-મુગ્ધ બની ગયા અને અતિ ઉમંગમાં આવીને અનેક (૧૨,૦૦૦) દેહ ધારણ કરી લીધા. આમ, પ્રત્યેક સખી પોતાની આગવી અદાથી મારા વ્હાલાજી સાથે વિશેષ પ્રકારની રામતો રમવા લાગી.

**અંગડા વાલે નેંણાં ચાલે, ઉપજાવે રંગ રેલ ।**
**બોલે બંગે આવે રંગે, જાણે પેહેલે ભણિયો પેસ ॥૧૧॥**

સખીઓ પોતાનાં અંગોના મરોડથી તથા નયનોની તિરછી નજર દ્વારા રામતમાં આનંદની રેલમછેલ કરી મૂકે છે. આનંદની મસ્તીમાં તે સર્વે એવાં અટપટાં વચનો ઉચ્ચારી રહી છે કે જાણે તેઓ આ વિશેષ પ્રકારની કલા અગાઉથી જ શીખીને ન આવી હોય!

**અતિ ઉછરંગે વાધ્યો સંગે, ઉમંગ અંગ ન માય ।**
**વાલાજીની બાંહે કંઠ વલાય, રમતાં તાની જાય ॥૧૨॥**

વ્હાલાજીના સંગે અત્યંત પ્રેમોત્સાહમાં રમતાં સખીઓના અંગ-

પ્રત્યંગમાં ઉમંગ નથી સમાતો. તેઓ તો બસ, વ્હાલાજીના કંઠમાં બાથ ભરાવીને રામત રમતાં રમતાં પોતાની તરફ વધુ ને વધુ ખેંચતી જ જાય છે.

**બાંહોંડી ઝાલી વનમાં ઘાલી, રામત રમે અતિ દાય ।**
**વનમાં વિગતે જુજવી જુગતે, રંગ મન ઇછા થાય ॥૧૩॥**

વ્હાલાજીની બાહુ ઝાલીને સખીઓ તેમને પ્રગાઢ વનમાં (એકાંતે) ખેંચી જાય છે અને ત્યાં પોતાની અનોખી અદાથી રામત રમે છે. વનમાં ખૂબ જ ચીવટપૂર્વક તથા વિવિધ પ્રકારની રામતો રમવાની મહેચ્છાથી તેમનાં મનડાં રંગાયેલાં છે.

**એક નિરત કરે ફેરી ફરે, છેક વાલે તેણે તાય ।**
**એક દિએ ઠેક વલી વસેક, રેત ઉડાડે પાય ॥૧૪॥**

સખી અને વ્હાલાજીની એક જોડી નૃત્ય કરતાં કરતાં અને સાથે કૂદીને ઠેકડા મારતી ગોળાકારમાં ફરી રહી છે, તો બીજી જોડી વળી અતિ વિશેષ પ્રકારની કલાથી એવો તે ઠેકડો મારે છે કે પોતાના પગથી રેતીનું વિશાળ મોજું ઉડાડે છે.

**એક ઘૂમે ઘૂમરડે કોઇક દૌડે, વચન ગાએ રસાલ ।**
**એક લિએ તાલી દિએ વાલી, સામ સામી પડતાલ ॥૧૫॥**

એક જોડી ઘુમરડા ફરી રહી છે, તો બીજી દોડાદોડ કરતા કરતા રસીલાં વચનોનું ગાયન પણ કરતી જાય છે. એક જોડી તાલી લઈ (ઝીલી) રહી છે, તો બીજી સામે તાલી આપી રહી છે. આમ, સામ સામે તાળીઓનો પડતાલ ગુંજી રહ્યો છે.

**એક ચઢે વને ઇછા ગમે, હીંચે હિચોલે ડાલ ।**
**એક કોણિયાં રમે ગાએ ગમે, પ્રેમતણી દિએ ગાલ ॥૧૬॥**

એક જોડી વૃંદાવનમાં વૃક્ષો પર ઈચ્છાનુસાર ચઢી ડાળીઓ પર લટકી હીંચકા ખાઈ રહી છે તો બીજી વળી, કોણીયા રમી રહી છે. તેઓ



D:\Pranam/Chitvani/125

મનગમતાં ગીતમાં પરસ્પર પ્રેમભર્યા ટોણા મારી રહી છે.

**એક ફરે ફેરી કર ધરી, બાંહોંડી કંઠ આધાર ।**
**એક ફૂદડી ફરે રામત કરે, રંગ થાય રસાલ ॥૧૭॥**

એક જોડી પરસ્પર એક હાથ ખભા પર મૂકી અને બીજો પોતાના પ્રાણાધારના કંઠે ભરાવીને ફેર ફરી રહી છે તો બીજી જોડી ફૂંદડી ફરતાં ફરતાં રામત કરી રહી છે. આમ, રામતનો રંગ અધિક રસાળ બન્યો છે.

**મોરલિયા નાચે રંગે રાચે, સબ્દ કરે ટહુંકાર ।**
**વાંદરડા પાય ઊભા થાય, લિએ ગુલાટો સાર ॥૧૮॥**

વૃંદાવનના મોરલા પણ રંગમાં આવી નાચી રહ્યા છે અને આનંદમાં ગહેંકી રહ્યા છે. વાંદરડાં પણ ખુશખુશાલ બનીને માર્યા બે પાય ઉપર ઊભા થઈને અતિ સુંદર ગુલાંટો મારી રહ્યા છે.

**પસુ પંખી વાસે મન ઉલાસે, આનંદિયો અપાર ।**
**વન ફુલાંભે વેલો આવે, ફૂલડા કરે બેહેકાર ॥૧૯॥**

પાછળ ઉભેલાં પશુપંખીઓ પણ અપાર આનંદનું રસપાન કરી રહેલ છે. વનની વેલડીઓ પણ આનંદની મસ્તીમાં વૃક્ષો પર આરોહી રહી છે તથા ફૂલડાં પોતાની મઘમઘતી સુવાસથી આખાયે વૃંદાવનના વાતાવરણમાં માદકતા ભરી રહ્યાં છે.

**ચાંદલિયો તેજે જુએ હેજે, નીચો આવી નિરધાર ।**
**જલ જમુના ના વાધ્યાં ઘણાં, આઘા ન વહે લગાર ॥૨૦॥**

ચાંદલિયો પણ જાણે પોતાના તેજપુંજથી નીચો આવીને રાસની મસ્તી નિહાળી રહ્યો છે. જમુનાજીનાં વહેતા જળ પણ પોતાની સપાટીથી ઊંચે ઊઠીને રાસનો આનંદ માણવા સ્થગિત થઈ ગયા છે!

**પડછંદા બાજે ભોમ વિરાજે, પડતાલે ધમકાર ।**
**સઘલી સંગે ઉમંગ અંગે, અજબ રમે આધાર ॥૨૧॥**

સૌ સખીઓના પગની ઠેકથી ધરતીનો ઘમકાર જાણે આનંદનો જયઘોષ બની સંભળાઈ રહ્યો છે. આ રીતે સકલ સખીઓની સાથે વ્હાલોજી અતિ ઉમંગે અજબ અદાથી રમી રહ્યા છે!

**<u>ભૂખણ બાજે ધરણી ગાજે, વૃંદાવન હો હો કાર ।</u>**
**<u>અમૃત વા વાય લહેરોં લિએ વનરાય, અંગ ઉપજાવે કરાર ॥૨૨॥</u>**

આભૂષણોના મધુર ઝીણા ધ્વનિ તથા સૌની આનંદમય કિકિયારીઓથી આખું વૃંદાવન ગુંજી રહ્યું છે. મંદ મંદ વાતા શીતળ અમૃતમય વાયરાથી વૃંદાવનની વનરાઈ લહેરાઈ રહી છે, જેથી સૌનાં અંગોમાં આનંદ તથા શાંતિનો સંચાર થઈ રહ્યો છે.

**<u>એમ કેટલીક ભાંતે રમિયાં ખાંતે, રામત રંગ અપાર ।</u>**
**<u>કહે ઇંદ્રાવતી એણી પેરે લીજે, વાલો સુખ તણો સિરદાર ॥૨૩॥</u>**

આમ, અદમ્ય ઉત્સાહથી અનેકવિધ રામતો રમ્યાં. શ્રી ઈન્દ્રાવતીજી કહે છે કે, હે સુંદરસાથજી! બસ, આ રીતે આપણે વ્હાલાજી પાસેથી અખંડ સુખ લેતાં રહીએ. વ્હાલાજી તો માત્ર સદા સુખના જ માલિક છે. સુખ બક્ષવામાં પણ તેઓ જ સદા અગ્રેસર છે.

*પ્રકરણ-૪૦ સંપૂર્ણ (કુલ ચૌપાઈ-૭૮૪)*

### રાસ - ૪૦ વાણીમંથન પ્રશ્નાવલિ

૪૦.૧ *રાસ રમતાં સાડીનો છેડો છૂટી ન જાય કે પગમાં ભરાઈ ન જાય તે માટે સખીયોની ચીવટ, ઝીણવટભર્યું ધ્યાન – રાસના આનંદનો રસ ભંગ ન થાય તે માટે નાનામાં નાની બાબતનો ખ્યાલ રાખે છે. જાગણીરાસમાં સાડીના છૂટવા/ભરવાના રૂપક દ્વારા શો બોધ ગ્રહણ કરી શકાય?*

૪૦.૨ *આ રામતમાં વૃંદાવનની પ્રકૃતિ (ભૂમિ, રેતી, ચંદ્રમા, જમુનાજી, વૃક્ષ, વેલડી, હીંચકા) તથા પશુપંખી (મોરલા, વાંદરા) શી રીતે આનંદમાં એકમેક થઈ ગયા છે, તેનું ધ્યાન શ્રી પરમધામમાં પણ આ પ્રકારનું દૃશ્ય કઈ લીલામાં સર્જાય છે તે સંદર્ભ ટાંકીને દર્શાવો.*



D:\Pranam/Chitvani/126

૪૦.૩ *વ્હાલાજીને 'આભૂષણો' ન ખૂંચે તેનું ધ્યાન રાખી સખીઓ રાસ રમે છે. પરમધામની લીલામાં અને રાસમાં આભૂષણો સાથે સંકળાયેલ લાક્ષણિકતાનું મનન કરવું.*

૪૦.૪ *ચો.(૧૪-૧૭)માં એક નિરત કરે, એક ઘૂમે, એક લિએ તાલી, એક ચઢે, એક ફરે... આદિ રમતોમાં એકલી એક સખીની લીલાનું વર્ણન છે કે પછી એક જોડીનું વર્ણન છે? જોડી કોની કોની? બબ્બે સખીયોની કે એક સખી અને એક વ્હાલાજીની?*

૪૦.૫ *આ રામતમાં શ્રી ઈન્દ્રાવતીજી સુંદરસાથને પણ 'મારો સાથ' કહીને બોલાવે છે અને વ્હાલાજીને પણ 'મારા વ્હાલાજી' કહીને બોલાવે છે. શ્રી ઈન્દ્રાવતીજીના આમ કહેવા પાછળ શો ભાવ ગ્રહણ થાય છે? (ચો.૫, ચો.૯)*

૪૦.૬ *"વ્હાલો સુખ તણો સિરદાર" ભાવ સ્પષ્ટ કરો. (ચો.૨૩)*

## શ્રી રાસ પ્રકરણ – ૪૧ :
## ઊભા ને રહો રે વાલા ઉભા ને રહો

**પ્રકરણ સાર :-** *શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, "હે વ્હાલાજી! થોભો! હજી તો રમવાની અતિઘણી ઈચ્છા છે. પહેલાં તો તમે તમારી પસંદગીની રામતો રમાડી. પણ, હવે તમે અમારા મનની ચાહના મુજબ અમને રામત રમાડો! આપશ્રીએ અમને અનેક રંગે રમાડ્યાં છે, તેનાં કેટલાં નામ ગણાવું? પ્રત્યેક સખી સાથે અલગ અલગ રીતે રમીને આપશ્રીએ સૌની મનોકામના પૂર્ણ કરી છે. આપશ્રીના વસ્ત્રાલંકાર, સ્વરૂપ અને શ્રૃંગારની શોભાનો મહિમા વર્ણવી શકાય તેમ નથી."*

વૃંદાવનના આકાશમાં નિષ્કલંક ચંદ્રમા શોભી રહેલ છે. આ ભૂમિનો રંગ ખૂબ ઉજ્જવલ છે. જાણે અપાર પ્રકાશનો ભંડાર ના ભર્યો હોય! તેની કળાનો કોઈ પાર નથી. તેમાંથી ઉદ્‌ભવતા અસંખ્ય કિરણોથી ચારે તરફ ચાંદનીનો ઝળહળાટ રેલાઈ રહ્યો છે. વૃક્ષો પર અનેક રંગી

ફૂલોથી સુશોભિત વેલડીઓ છવાયેલી છે. શીતળ પવન તથા રંગોની મસ્તી જોઈ અંગે અંગમાં ઉમંગ છલકાઈ રહ્યો છે. પક્ષીઓના ગુંજનથી વનના વાતાવરણમાં અનેક ગણો રસ વધી રહ્યો છે. આવા સુંદર અવસરમાં આ વન છોડી બીજે ક્યાંક જવાનું મન શી રીતે થાય? હે સુંદરસાથજી! આ રીતે, આપણ સૌ સખીઓએ એકાંતે મળીને વનમાં અનેક પ્રકારનાં સુખ લીધાં. વ્હાલાજી સાથે આપણે જે અનેક રીતે રમ્યાં, તે સુખની વાતો તમને કેટલી કહું?

ઈન્દ્રાવતીજી કહે છે, "હે વ્હાલાજી! હજી, અમારો એક રામત રમવાનો મનોરથ બાકી છે કે જેમાં આપણે બન્ને મલ્લયુદ્ધની રામત કરતા હોય એમ જોરથી પરસ્પર બાથ ભીડીએ! પછી જોઈએ કે આપણા બેમાંથી કોની બાથ જોરાવર છે! ચાલો, જોઈએ કે તેમાં કોણ હારે છે અને કોણ જીતે છે! જુઓ! વૃંદાવનની રેતી કેટલી સુંદર, બારીક અને ચમકીલી છે. તેમાં ખૂંચે તેવી થોડીક પણ કાંકરી નથી. હે વ્હાલાજી! અહીં તો ઘણી સારી રીતે રામત થઈ શકશે. હે પ્રાણાધાર! ચાલો, આપણે રમીએ." વ્હાલાજીને આમ કહીને, શ્રી ઈન્દ્રાવતીજી અન્ય સખીઓને કહેવા લાગી, "હે સખીઓ! તમે સૌ નિર્ણાયક બની ઊભા રહો અને જેવું હોય તેવું નિષ્પક્ષ રીતે કહેજો. અમે બંને બાથ ભીડીશું. તમે સાચી સાક્ષી પુરાવજો."

એટલામાં તો એકદમ હો-હોકાર કરતાં દોડતાં આવી વ્હાલાજી અને ઈન્દ્રાવતીજી એકબીજાના ગળામાં હાથ નાંખી નીરખી રહ્યા. આ બંનેને જોઈ સૌ સખીઓના આનંદનો પાર ન રહ્યો અને સૌનાં દિલોમાં શાંતિ થઈ. જુઓ! વ્હાલાજી તથા ઈન્દ્રાવતીજી બંનેએ એકબીજાના પગે આંટી મારી કેવી બાથ ભીડી છે! બંનેમાંથી કોઈપણ સહેજે નમવા તૈયાર નથી! બંનેએ બળપૂર્વક એવી તો બાથ ભીડી લીધી છે કે સૌના આનંદમાં અતિશય વૃદ્ધિ થઈ રહી છે. દાવપેચ લેવા માટે વ્હાલાજીએ જેવા પોતાનાં ચરણ સહેજ નમાવ્યા તો તુરત જ સખીઓ અમસ્તો જ શોર મચાવવા લાગી : "વ્હાલાજી હાર્યા, વ્હાલાજી હાર્યા!" હસી હસીને તે સૌ ધરતી પર લોટપોટ થઈ રહી. સખીઓ અતિશય આનંદિત થઈ બૂમાબૂમ કરવા



D:\Pranam/Chitvani/127

લાગી કે "અમે જીત્યાં, અમે જીત્યાં!" તે સૌ ખુશખુશાલ થઈ, પરસ્પર તાળી આપી અને હાસ્યથી બેવડ વળીને જમીન પર ઢળી રહી છે!

આ જોઈ વ્હાલાજી કહેવા લાગ્યા, "અરે સખીઓ! તમે સૌ ભેગાં મળીને આમ અન્યાય ના કરો! હું તમારું બળ કેટલું છે તે સારી રીતે જાણું છું. વગર જીત્યે જ જીતવાનો દાવો કરવા લાગ્યાં! આ પ્રકારનો ખોટો ઘોંઘાટ શીદને કરી રહ્યા છો કે 'વ્હાલાજી હાર્યા, વ્હાલાજી હાર્યા ?' આવો! ફરીથી બાથ ભીડીએ અને જોઈએ કે ખરેખર કોણ હારે છે. પરંતુ, આ વાર તમે સૌ સુંદરસાથ જેવું હોય તેવું સાચું કહેજો! આવો, ફરીથી બાથ ભીડીએ." વ્હાલાજીનો આ પડકાર ઝીલી લેતાં ઈન્દ્રાવતીજી બોલ્યાં, "હે વ્હાલાજી! એકવાર નહિ પણ અનેકવાર આ રામત રમીશું. હું ચોક્કસપણે તમને હરાવીશ અને જીતી બતાવીને સૌને ખૂબ જ હસાવીશ પણ! હે *સખીઓ! હું તમને કદી નીચું નહિ જોવડાવું! હું એવી વિશેષ પ્રકારની રામત રમી બતાવીશ કે જેને આજપર્યંત કોઈ જાણતું જ નથી!"*

સુંદરસાથજી! વર્તમાન જાગણીલીલામાં આવતાં પૂર્વે પણ ધણીજીએ આપણને વારંવાર કહ્યું હતું, તો આપણે તેમને પડકાર કર્યો હતો કે અમે તમને કદી નહિ ભૂલીએ. આપણી આત્મદૃષ્ટિ ખુલી જાય તે માટે ચોપાઈ ૧૭ અને ૧૮ ઘણી જ મહત્ત્વની છે, જેમાં ઈન્દ્રાવતીજી વ્હાલાજીને હરાવીને સૌ સુંદરસાથને વિશેષ હસાવવાની વાત કરે છે! *હમણાં હરાવું તમને, વલી હંસાવું વસેક ॥" તથા "નેહેચે તમને ઊંચૂં જોવરાવું, વલી રામત કરૂં અખ્યાત ॥*

જાગણીલીલામાં પણ શ્રી રાજજી કહી રહ્યા છે કે તમે મને ઈમાનથી વળગી રહેજો, નહિ તો માયા મને તમારાથી છોડાવી દેશે તો તમારી સૌની હાંસી થશે. વધુમાં, જાગણીલીલામાં પણ શ્રી ઈન્દ્રાવતીજીએ પિયુજી સાથે લીધેલી બાથનું ધ્યાન કરો : "*ઈન્દ્રાવતી પિયા સંગે, ઉદર ફલ ઉત્પન । એક નિજબુધ અવતરી, દૂજા નૂર તારતમ ॥ દોઉ સરૂપ પ્રગટે, લઈ મિનોં મિને બાથ । એક તારતમ દૂજી બુધ, દેખસી સનમુખ સાથ ॥" કલશ હિ. ૨૩/૯૧, ૯૨.* અર્થાત્ પિયુજીનો સંગ થવાથી મારા

(ઈન્દ્રાવતીના) ઉદરથી જાગ્રત-નિજબુધ્ધિ અને નૂરતારતમ આ બે દિવ્ય ફળ પેદા થયાં, જે પરસ્પર એવા બાથ ભીડીને પ્રગટ્યાં છે કે કદી એકબીજાથી અલગ થાય તેમ નથી! વર્તમાન લીલામાં સૌ સુંદરસાથ શ્રી ઈન્દ્રાવતીજીના નેતૃત્વને આશરે પોતાના અંતઃકરણમાં આ બંને અખંડ નિધિનું સહઅસ્તિત્વ સતત અનુભવ કરી શકે તેમ છે! સૌ સુંદરસાથનું પ્રેરણાદાયી નેતૃત્વ કરતાં શ્રી ઈન્દ્રાવતીજી પોતે જીતીને આપણને સૌને માયામાં રહી શ્રી રાજજી સમક્ષ ઊંચું જોવરાવવાની જે વાત કરે છે - જીતાડવાનો જે વિશ્વાસ અપાવે છે, તેની પાછળ કદાચ આ જ સંકેત હશે. જુઓ હવે, આગળની રામતમાં શું થાય છે.

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૪૧**

રાગ મારૂ

**ઊભા ને રહો રે વાલા ઊભા ને રહો, હજી આયત છે અતિ ઘણી ।**
**રામત રમાડો અમને, ઉલટ જે અમતણી ॥૧॥**

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, હે વ્હાલાજી! થોભી જાવ! જરાક ઊભા રહો! હજી તો અમને રમવાની અતિ ઘણી મનોકામના છે. પહેલાં તો તમે તમારી ચાહના મુજબ અમને રમાડ્યાં. પણ હવે, પહેલાંથી વિપરીત તમે *અમારા મનની ચાહના પ્રમાણે* રામત રમાડો! માટે, હજી થોભી જાવ, હજી વિરામનો સમય નથી થયો!

**અનેક રંગે રમાડિયાં, કેટલાં લઊં તેના નામ ।**
**સખી સખી પ્રતે જુજવા, સહુના પૂરણ કીધાં મન કામ ॥૨॥**

જો કે આપશ્રીએ અમને અનેક રંગે અનેક વિધ રામતો રમાડી જ છે. તેનાં હું કેટલાં નામ ગણાવું? આપે પ્રત્યેક સખી સાથે જૂજવા સ્વરૂપે અલગ અલગ રીતની રામતો રમીને અમ સૌની સર્વે મનોકામનાઓ પૂર્ણ જ કરી છે.



D:\Pranam/Chitvani/128

**આ ભોમનો રંગ ઉજલો, કાંઈ તેજ તણો અંબાર ।**
**વસ્તર ભૂખણ આપના, સૂં કહૂં સરૂપ સિણગાર ॥૩॥**

નિત્ય વૃંદાવનની આ દિવ્ય ભૂમિનો રંગ ખૂબ જ સુંદર તથા ઉજ્જવળ છે. જાણે અપાર તેજ પ્રકાશનો ભંડાર જ ન ભર્યો હોય! વળી આપણાં સૌના વસ્ત્રાભૂષણ, અલંકાર, સ્વરૂપ અને શૃંગારની શોભાની તો બસ વાત જ શી કહું?

**નેહેકલંક દીસે ચાંદલો, નહીં કલાતણો કોઈ પાર ।**
**ઉઠે અલેખે કિરણેં, સહુ ઝલકારોં ઝલકાર ॥૪॥**

આકાશમાં પૂર્ણિમાનો નિષ્કલંક ચંદ્રમા શોભી રહેલ છે. તેની કલાનો કોઈ પાર જ નથી. તેમાંથી ઉદ્ભવતાં અસંખ્ય કિરણોથી ચારે તરફ ચાંદનીનો ઝળહળાટ ફેલાઈ રહ્યો છે.

**વન વેલડિયો છાઇયો, રલિયામણાં ફૂલ કઈ રંગ ।**
**વાય સીતલ રંગ પ્રેમલ, કાંઈ અંગડે વાધ્યો ઉમંગ ॥૫॥**

આખું વૃંદાવન વેલડીઓથી આચ્છાદિત છે. વેલડીઓ પર રંગબેરંગી સુંદર પુષ્પો ખીલ્યાં છે. તેમની સુગંધ, રંગ અને ઠંડી હવાથી અમારા અંગે અંગોમાં ઉમંગની વૃદ્ધિ થઈ રહી છે.

**વલી રસ વનમાં છે ઘણોં, મીઠી પંખીડાની વાણ ।**
**એ વન મુકાય નહીં, રૂડો અવસર એ પ્રમાણ ॥૬॥**

વળી, વનમાં ઘણો જ આનંદ રસ ભર્યો છે. પંખીડાંના મધુર કલરવનું ગુંજન થઈ રહ્યું છે. આવું સુંદર વૃંદાવન છોડીને બીજે જવાય જ કેમ? આ અવસર તો ચોક્કસપણે રામત માટે અતિ રૂડો છે.

**અનેક વિલાસ કીધાં વનમાં, મલી સહુએ એકાંત ।**
**એ સુખની વાતો સી કહૂં, કાંઈ રમિયાં અનેક ભાંત ॥૭॥**

હે વ્હાલાજી! આવા રળિયામણા વૃંદાવનમાં નિઃસંદેહ અમે સૌએ

એકાંતમાં મળીને આપની સંગે અનેકવિધ રામતો તથા અનેક રંગ વિલાસ કીધા છે. એ સુખની વાતો શી કહું?

**હવે એક મનોરથ એહ છે, આપણ રમિએ એણી રીતે ।**
**બાથ લીજે બંને બલ કરી, જોઇએ કોંણ હારે કોંણ જીતે ॥૮॥**

હે વ્હાલાજી! અમારો એક મનોરથ બાકી છે. હવે, એવી રીતે રમીએ કે આપણે બંને જણ મલ્લવત્ હરીફાઈ કરતા હોય એમ જોરથી બાથમાં બાથ ભીડીએ. પછી જોઈએ કે એ બાહુબળની રામતમાં કોણ હારે છે અને કોણ જીતે છે!

**ઝલકે ઝીણી રેતડી, નહીં કાંકરડી લગાર ।**
**થાય રૂડી ઇહાં રામત, આપણ રમિએ આધાર ॥૯॥**

હે વ્હાલાજી! વૃંદાવનની રેતી ખુબ જ ઝીણી અને સુંદર ચળકી રહી છે. તેમાં ખૂંચે એવી કાંકરીઓ જરાપણ જણાતી નથી. હે પ્રાણાધાર! અહીં તો આ મલ્લયુદ્ધની રામત સરસ થઈ શકશે! માટે ચાલો, આપણે અહીં રમીએ.

**સખિયો તમે ઊભા રહો, જેવું હોય તેવું કેહેજો ।**
**બંને લઊં અમેં બાથડી, તમે સાખ તે સાંચી દેજો ॥૧૦॥**

શ્રી ઈન્દ્રાવતી કહે છે, હે સખીઓ! તમે સૌ સાક્ષી રૂપે ઊભાં રહેજો અને જેવું હોય તેવું કહેજો. અમે બંને (હું અને વ્હાલાજી) પરસ્પર બાથ લઈએ છીએ. તમે સાચી સાક્ષી દેજો અને ઉચિત ન્યાય કરજો!

**દોડી લીધી કંઠ બાંહોંડી, બંને કરી હો હો કાર ।**
**સખિયો મનમાં આનંદિયો, સુખ દેખી થયો કરાર ॥૧૧॥**

એટલામાં તો બંનેએ દોડીને હો... હો...ના અવાજ સાથે એકબીજાના ગળામાં હાથ ભરાવી દીધા. પ્રેક્ષક સખીઓના મનમાં આ જોઈને ખૂબ જ આનંદ થયો. સુખભર્યું આ દશ્ય જોઈને સૌનાં મનમાં અપાર સંતોષ થયો.



D:\Pranam/Chitvani/129

**ચરણ આંટી ભુજ બંધ વાલી, કોઈ ન નમે રે અભંગ ।**
**બાથો લિએ બંને બલ કરી, રસ ચઢતો જાય રંગ ॥૧૨॥**

વ્હાલાજી અને ઈન્દ્રાવતી બંને જણાં પરસ્પર પગમાં આંટી પાડી, હાથથી ગળામાં બંધ બાંધી જોર કરે છે. પણ આ બંને મહાબલવંતમાંથી કોઈ નમવાનું નામ જ નથી લેતું! આમ, જેમ જેમ બંને વિવિધ યુક્તિઓ અજમાવી રમે છે તેમ તેમ રામતનો રંગ અને રસ વધતો જ જાય છે.

**વાલે વલાકા દેવાને, નીચાં નમાવ્યાં ચરણ ।**
**હો હો વાલાજી હારિયા, હઁસી હઁસી પડે સહુ ધરણ ॥૧૩॥**

જેવા વ્હાલાજીએ દાવપેચ લેવા માટે પોતાનાં ચરણો સ્હેજ નીચાં નમાવ્યાં, એટલામાં બધી સખીઓ તાલીઓ આપી શોર મચાવવા લાગી કે હો, હો, વ્હાલાજી હાર્યા... વ્હાલાજી હાર્યા! આનંદના અતિરેકમાં હસી હસીને તે સૌ ધરતી પર લોટ-પોટ થવા લાગી!

**સખિયો કહે અમે જીતિયો, સુખ ઉપનૂં આસાધાર ।**
**તાલી દઈ દઈ હરખિયો, લડથડે પડે સહુ નાર ॥૧૪॥**

સખીઓ વારંવાર કહેવા લાગી કે 'અમે જીત્યાં! અમે જીત્યાં!' આ રીતે તેમણે અસાધારણ સુખ અને આનંદ અનુભવ્યો. પરસ્પર તાલીઓ આપી સૌ સખીઓ ખૂબ જ હરખાઈને લથ્થડિયાં ખાતી ભોંય પર પડી રહી છે.

**અણચી કાં કરો રે સખિયો, હૂં જાણૂં છૂં તમારૂં જોર ।**
**જીત્યા વિના એવડી ઉલટ, કાં કરો એવડો સોર ॥૧૫॥**

આ દશ્ય જોઈને વ્હાલાજી કહેવા લાગ્યા કે, હે સખીઓ! તમે આમ અણચી (અન્યાય) કેમ કરો છો? હું તમારી શક્તિ સારી રીતે જાણું છું. વગર જીત્યે આમ ખોટો શોર શું કરવા મચાવો છો?

**હારયા હારયા અમને કાં કહો, આવો લીજે બીજી બાથ ।**
**જે હારસે તે હમણાં જોસૂં, તમે સાંચી કેહેજો સહુ સાથ ॥૧૬॥**

હે સખીઓ! તમે અમને "હાર્યા, હાર્યા" એમ કેમ કહો છો? એવું હોય તો આવો, આપણે બીજીવાર બાથ ભીડી રમીએ! કોણ હારે છે તે હમણાં જોઈ લઈશું! પણ આ વાર તમે સૌ સાચે સાચું કહેજો.

<u>**આવો વલી બાથો બીજી લીજિએ, એક પૂઠીને અનેક ।**</u>
<u>**હમણાં હરાવું તમને, વલી હંસાવું વસેક ॥૧૭॥**</u>

વ્હાલાજીનો પડકાર ઝીલી લેતાં ઈન્દ્રાવતીજી તુરત બોલ્યાં, "તો આવી જાવ, વ્હાલા! આપણે બીજી વાર બાથ ભીડીએ. એક નહીં અનેકવાર આ રમત કરીએ. હે વ્હાલાજી! હું કાંઈ તમારાથી હારવાની નથી! જો જો હમણાં તમને કેવી હરાવું છું! વળી જીતીને હું સૌ સુંદરસાથને પહેલાં કરતાં વિશેષ હસાવીશ પણ ખરી!" આ સાંભળી જેવા વ્હાલાજી ઈન્દ્રાવતી તરફ દોડ્યા તો તે જોઈને સખીઓ ચિંતિત થઈ ગઈ. તે જોઈને...

<u>**કહે ઇંદ્રાવતી હૂં બલવંતી, સુણજો સખિયો વાત ।**</u>
<u>**નેહેચે તમને ઊંચૂં જોવરાવું, વલી રામત કરૂં અખ્યાત ॥૧૮॥**</u>

શ્રી ઈન્દ્રાવતી કહે છે, હે સખીઓ! મારી વાત સાંભળજો. હું તો અતિ બળવાન છું! હું હારું તેવી નથી! હું અવશ્ય તમને ઊંચું જોવડાવીશ! વળી, હું એવી રમત રમીશ કે જેને આજપર્યંત કોઈ જ જાણતું નથી!

*પ્રકરણ-૪૧ સંપૂર્ણ (કુલ ચૌપાઈ-૮૦૨)*

### રાસ - ૪૧ વાણીમંથન પ્રશ્નાવલિ

*૪૧.૧ શક્તિ કોની વધુ, વ્હાલાજીની કે ઈન્દ્રાવતીજીની? જાગણીલીલામાં પણ સરખાવો.*

*૪૧.૨ સખીઓએ નિર્મળભાવે કરેલ ખોટા શોરબકોરને વ્હાલાજીએ પડકાર્યો. જાગણીલીલામાં જાગણીસેવાના દાવા સંબંધી આપણા ભાવો સાથે સરખાવો.*

*૪૧.૩ ઈન્દ્રાવતીજી કહે છે, "હે સખીઓ હું તમને નીચું નહીં જોવડાવું." એ વચન પર જાગણીલીલાની દૃષ્ટિએ વિચાર કરવો.*



D:\Pranam/Chitvani/130

## શ્રી રાસ પ્રકરણ – ૪૨ : એણે સમે રામત ગમે

### બાતૂની ભાવ

*આ રામતમાં એકતરફ તો શ્રી ઈંદ્રાવતીજી પોતાના વ્હાલાજી શ્યામને હરાવવાનો સંકલ્પ કરી પોતાના હૈયામાં ભરેલ પ્રેમની પરાકાષ્ઠાનાં દર્શન કરાવે છે, તો બીજી તરફ, વ્હાલાજી તેનો પ્રેમ જોઈને તેને પોતાનાં સઘળાં સુખો બક્ષિસ કરી દે છે! વ્હાલાજીએ પોતાની આનંદમયીલીલા દ્વારા સહજ રીતે શ્રી ઈન્દ્રાવતીને અધરામૃત પાન કરાવી તેના હૃદયમાં આનંદની લહેરો પ્રગટાવી મૂકી, તો બીજી તરફ સખીઓના હૃદયનો તાપ પણ સમાપ્ત કર્યો[૧]. અલૌકિક પ્રેમાવેશમાં બંને આલિંગનબધ્ધ થયાં. તેમનાં અંગ-પ્રત્યંગમાંથી આનંદરસ પ્રવાહિત થઈ રહ્યો. આનંદની ચરમસીમાએ ઈન્દ્રાવતીને પોતાના અલગ અસ્તિત્વની સુધ-બુધ પણ ન રહી[૨]. હે સાથજી! પિયાજીએ મને (ઈન્દ્રાવતીને) 'બ્રહ્માનંદ' ધારણ કરવાનું બળ પ્રદાન કર્યું, જેથી હું મને પોતાને 'અખંડ સૌભાગ્યવતી' માનું છું! હવે, તો બસ અખંડ આનંદના દાતાર વ્હાલાજીને વિશુદ્ધ પ્રેમથી અપલક નજરે જોયા કરવાની મારી એક માત્ર ચાહના છે![૩] આત્માના આધાર વ્હાલાજીને પૂર્ણતઃ સમર્પિત થઈ જવાની આ અનુભૂતિથી ઈન્દ્રાવતીના મુખ પર બ્રહ્માનંદની લીલા છવાઈ રહી. આ રીતે સંતૃપ્ત ઈન્દ્રાવતી વ્હાલાજીનો પ્રેમ રૂડી રીતે જીતીને ઊઠી[૪]!*

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૪૨

### છન્દની ચાલ

**એણે સમે રામત ગમે, વાલો વિલસી લિએ સોસી ।**
**અધુરી મધુરી, અમૃત ઘૂંટેં, છોલે છૂટે, લિએ લૂટે ॥૧॥**

**લથ બથ, હથ સથ, અંગ સંગ, રંગ બંગ ચંગ, ચોલી ચૂથી,**
**ભાજી ભૂસી, હાંસી સાંસી, જાણી પાણી, નૈણી માણી,**

**વદૂ વાણી, રહોજી હોજી, માજી કાજી, ભાખૂં જાખૂં,**
**રંગે રાખૂં, સમારૂં સિણગાર જી ॥૨॥**

**વલી વસેખે, રાખૂં રેખે, લેઊં લેખૂં, જોઊં જોખૂં,**
**પ્રેમે પેખૂં, ઘસી મસી, આવી રસી, હઁસી ખસી વસી,**
**ભીસી રીસી ખીસી, જરડી મરડી, કરડી ખરડી ॥૩॥**

**ખંડી ખાંડી, છાંડી માંડી, મેલી ભેલી, ભૂમી ચૂંમી, ગાલી લાલી,**
**લોપી ચાપી, લાજી ભાજી, દાઝી કાઢી, આંજી હાંજી,**
**જીતી જોપે, રૂડી રીતે, ઉઠી ઇંદ્રાવતી આ વાર જી ॥૪॥**

*પ્રકરણ-૪૨ સંપૂર્ણ (કુલ ચૌપાઈ-૮૦૬)*

**રાસ - ૪૨ વાણીમંથન પ્રશ્નાવલિ**

*૪૨.૧ આ રામતમાં શ્રી ઈન્દ્રાવતીજી વાલાજીનો પ્રેમ શી રીતે જીતી લે છે તે સંપૂર્ણ સમર્પણ ભાવનું ચિતવન કરો.*

## શ્રી રાસ પ્રકરણ – ૪૩ : છેલ છંછેરીને

બાતૂની ભાવ

અત્યાધિક મોહક સ્વરૂપવાળા શ્રી વ્હાલાજીએ પોતાની સુંદરી ઈન્દ્રાવતીની આત્માને પુનઃ યુક્તિપૂર્વક આલિંગન આપ્યું અને ખૂબ જ આનંદદાયક રામત આદરી. આ દિવ્ય જોડી જાણે એક જ અંગ હોય એમ દીસે છે[૧]. રામત કોઈપણ હોય, પણ પ્રત્યેકમાં તેમનાં સર્વે અંગો એકરૂપ ભાસે છે. રામત કરતાં વ્હાલાજી પોતાની આત્મ-સુંદરીને ચુંબન કરી પોતાની અંગનાના પ્રેમાગ્નિમાં વૃધ્ધિ કરી રહ્યાનો આનંદ લઈ રહ્યા છે. તો સામે, ઈન્દ્રાવતીજી પણ તેમને ચુંબન અર્પતાં કહે છે, હે વ્હાલાજી! આપે ચુંબન અર્પી મારી એકલીની ચાહનાની પરિપૂર્તિ કરી તો ખરી, પરંતુ હવે મારી ઈચ્છા એ જ છે કે આપ અમારી સૌની સાથે આવી જ અલૌકિક પ્રેમલીલા હંમેશાં કરતા રહો. ઈન્દ્રાવતીજીની માફક બીજી કોઈપણ સખી વ્હાલાજી સાથે આ રીતે રામત કરવામાં પાછળ રહી નહિ અને પ્રિયતમે સૌની પ્રેમમયી ચાહના પૂર્ણ કરી[૨-૫].

આત્મા કહે છે, હે વ્હાલાજી! આપ અમને આલિંગનરૂપી પ્રેમનો ઉપહાર એટલો બધો ન આપી દેતા કે જેથી અમારામાં બોલવાનું બિલકુલ સામર્થ્ય જ ન રહે! આપે તો મારી સર્વે ચાહનાઓ પરિપૂર્ણ કરી જ દીધી છે[૬]. હે વ્હાલાજી! હું આપને વિનંતી કરી કરીને થાકી ગઈ છું. તેમ છતાં, તમે તો મને જબરદસ્તી આપના પ્રેમસાગરમાં ડૂબાડતા જ જઈ રહ્યા છો! મારાં સર્વે અંગોની પ્રેમની ચાહ સાચે જ પૂર્ણ થઈ ગઈ છે! તેમ છતાં, આપશ્રીના પ્રેમને સંભાળી ન શકવાની મારી વ્યથાને આપ ગણકારતા જ નથી[૭]! અર્થાત્, વ્હાલાજી તેમને ચાહ્યા કરતાં વધુ સુખ બક્ષે છે! હે વ્હાલાજી! હું આપને કહી પણ શી રીતે શકું કે આપના પ્રેમની પરિતૃપ્તિથી મારા હૃદયના ધબકારા પણ થંભી જવા લાગ્યા છે[૮]! હે મારા વ્હાલાજી! હું આપનાં શ્રી ચરણોમાં વારંવાર પ્રણામ કરતાં હાથ જોડીને એ જ માંગું છું કે આપ મારી વાત માની લો. પછી હું આપનાં નેત્રો સાથે મારાં નેત્ર મિલાવી હમેશાં મીઠી મધુરી વાતો કરતી રહું[૯]. હે ધામધણી! જેવી અમારી સૌ સખીઓની ઈચ્છા હતી, આપશ્રીએ અમને એવા જ અલૌકિક પ્રેમના આનંદમાં ડૂબાડ્યા તથા સમસ્ત સુંદરસાથ સહિત મને ઈન્દ્રાવતીને પણ અખંડ આનંદ બક્ષિસ કર્યો[૧૦].

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૪૩**

રાગ ધન્યા છંદ

**છેલ છંછેરીને લીધી બાથ જુગતે, રામત કીધી અતિ રંગ જી ।**
**સ્યામ સુંદરી બંને સરખી જોડ, જાણિએ એકૈ અંગ જી ॥૧॥**

**વલી રામત માંડી એક જુગતે, જાણિએ સઘલી અભંગ જી ।**
**રામત કરતાં આલિંઘણ લેતાં, લટકે દિએ ચુમન જી ॥૨॥**

**રમતાં ભીડે કઠણ કુચસોં, છબકેસૂં રંગ લેત જી ।**
**અમૃત પિએ વાલોજી રમતાં, અધુર ઇંદ્રાવતી દેત જી ॥૩॥**



D:\Pranam/Chivani/131

**અધુર લઈ મુખ માંહેં મારે વાલે, આયત કીધી અપાર જી ।**
**ભૂખણ ઉઠ્યા ઉઠ્યા અંગોં અંગે, રહો રહો સમરથ સાર આધાર જી ॥૪॥**

**રમ્યા રમ્યા મારા મારા વાલા વાલા, પાછી પાછી રામત કોય ન રહી ।**
**હવે ને હવે આધાર, આયત પૂરણ થઈ ॥૫॥**

**સમ સમ દઊં દઊં સ્યામ સ્યામ સણો સુણો, મમ મમ ભીડો એણી ભાંતજી ।**
**બોલી બોલી ન ન સકૂં બલિયા રે બલિયા, પૂરી પૂરી મારી મારી ખાંત જી ॥૬॥**

**દઈ દઈ સમ સમ થાકી થાકી તમને, કાં કાં કરો ભીડા ભીડ જી ।**
**આયત આયત આવે રે અંગોં અંગેં, ત્યારે ન દેખો પીડ જી ॥૭॥**

**મન મન મનોરથ પૂર્યા પૂર્યા વાલા વાલા, વલી વલી લાગૂં પાયજી ।**
**કેહી કેહી પેરે પેરે કહૂં કહૂં તમને, સ્વાંસ સ્વાંસ હેડે મુઝાય જી ॥૮॥**

**કર કર જોડી કહૂં કહૂં વાલા વાલા, વલી વલી માનજ માંગૂં જી ।**
**મેલો મેલો મુખથી વાત કહૂં, નમી નમી ચરણે લાગૂં જી ॥૯॥**

**જેવી અમને આયત હુતી, તમે તેવા રમાડ્યાં રંગ જી ।**
**સાથ સકલમાં એમ સુખ દીધાં, ઇંદ્રાવતી પામી આનંદ જી ॥૧૦॥**

*પ્રકરણ-૪૩ સંપૂર્ણ (કુલ ચૌપાઈ-૮૧૬)*

**રાસ - ૪૩ વાણીમંથન પ્રશ્નાવલિ**

*૪૩.૧ મંથન કરો : સાગર ગ્રંથમાં વર્ણિત "પિયુ નેત્રોં નેત્ર મિલાઈયે" સાથે ચો.૯નો ભાવ સરખાવો.*

## શ્રી રાસ પ્રકરણ – ૪૪ :
## સખી સખી પ્રત્યે શ્યામ

સખી-સખી પ્રત્યે શ્યામ, વ્હાલાજીએ દેહ ધર્યા. આ રીતે, આપણા વ્હાલાજી - શ્યામે એક એક સખી સાથે અનેકો દેહ ધરીને લીલા કરી તેથી



D:\Pranam/Chitvani/132

સર્વત્ર અપાર આનંદ વર્તાયો. જેથી આ વાર દરેક સખીએ પોતાના પ્રિતમ-પ્રાણવલ્લભ સાથે પોતાની ઈચ્છા તથા કહ્યા મુજબ અનેક પ્રકારે અત્યાધિક આનંદ લીલા કરી[૧]. શ્રી ઈંદ્રાવતીજી કહે છે કે મારા મનમાં જે જે મનોરથો હતા તે સર્વે વ્હાલાજી સાથે મળીને રમવાથી પૂર્ણ થયાં. વ્હાલાજી સાથે પ્રેમના રંગમાં ઓતપ્રોત થઈ જતાં મારી અને સૌ સખીઓના હૈયાની હામ ભાંગી![૨] અમારા સૌના હૈયામાં જે જે ઉત્કંઠા ઉપજી હતી તે સર્વે વ્હાલાજીએ પૂર્ણ કરી[૩]. શ્રી ઈંદ્રાવતીજી કહે છે કે એ સમયે સર્વ સુંદરસાથને જે સુખ તથા આનંદ થયો તે એક અમને આનંદ આપનાર પ્રાણવલ્લભ શ્રી રાજજી મહારાજ જાણે અને બીજી અમારી આત્મા જાણે, જેણે એ આનંદ માણ્યો[૪]. વ્હાલાજીએ સૌના ઉમંગ-ઉત્સાહ સંતોષી સર્વે સુખ દીધાં, જેનો કોઈ પાર નથી[૫]. આ રીતે વૃંદાવનમાં રામત રમીને આપણે સૌ યમુના તટ પર પધાર્યા. હે સુંદરસાથ! નિત્ય વૃંદાવનમાં રમાયેલી એ સર્વ રામતોનો આનંદ મારા અંગે અંગમાં સમાયેલો છે તેના કરોડમા ભાગનું પણ વર્ણન હું આ જિહ્વાએ કરી શકું તેમ નથી. આ રીતે વૃંદાવનમાં શ્રી રાસલીલાના આનંદનું રસપાન કરીને હવે આપણે સૌ વ્હાલાજી સાથે ઝીલણા માટે જમુનાજીના તટ પર પધાર્યા[૬,૭].

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૪૪

રાગ મલાર

**સખી સખી પ્રતે સ્યામ, વાલેજીએ દેહ ધરયા ।**
**કાંઈ વલ્લભસૂં આ વાર, આનન્દ અતિ કરયા ॥૧॥**

**મારા પૂરણ મનોરથ જેહ, થયા વરસૂં મલી ।**
**કાંઈ રહી નહીં લવલેસ, વાલાજીસૂં રંગ રલી ॥૨॥**

**અમે જેમ કહ્યૂં વાલે તેમ, કીધી રામત ઘણી ।**
**હામ હુતી હૈડા માંહેં, વાલે ટાલી અમતણી ॥૩॥**

**એણે સમે જે સુખ, થયા જે સાથમાં ।**
**કાં જાણે વલ્લભ, કાં જાણે મારી આતમા ॥૪॥**

જેહેના મનમાં જેહ, ઉછાહ હુતા ઘણાં ।
સુખ દીધાં તેહેને તેહ, પાર નહીં તેહ તણાં ॥૫॥
એમ રામત કીધી વન માંહેં, રમીને આવિયાં ।
એ સુખ આ વન માંહેં, ભલા ભમાડિયાં ॥૬॥
કહે ઇંદ્રાવતી સાથ, એણી વાતો જેટલી ।
ન કેહેવાય કોટમોં ભાગ, મારે અંગ એટલી ॥૭॥

*પ્રકરણ-૪૪ સંપૂર્ણ (કુલ ચૌપાઈ-૮૨૩)*

**રાસ - ૪૪ વાણીમંથન પ્રશ્નાવલિ**

*૪૪.૧ આ રામતમાં સખિયોને જે સુખ અને આનંદનો અનુભવ થયો તે શી રીતે સંભવ્યો?*

## શ્રી રાસ પ્રકરણ – ૪૫ :
## અણી હાંરે ઝીલણ રંગ સોહાંમણાં

**પ્રકરણ સાર :-** *અણી હાંરે ઝીલણ રંગ સોહામણા..રામત રમીને સહુ આવીયા, કાંઈ પૂરણ થયો રંગ રાસ. જળવિહારની આ રામતમાં શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, હે સુંદરસાથજી! ચાલો, હવે વ્હાલાજી સાથે જમુનાજીમાં ઝીલણાં કરવાનો - જળક્રીડાનો આનંદ લઈએ. પ્રથમવાર સૌ સખીઓનું કિનારે જતું રહેવું, બીજીવાર સૌનું અલગ અલગ જૂથોમાં વહેંચાઈ જવું અને જળના છાંટાથી સર્જાયેલ અંધકારમાં ઈન્દ્રાવતીએ સમયસૂચકતા વાપરી શી રીતે વ્હાલાજી સાથે રમી લીધું અને પોતાના હૈડાની ચાહના પૂર્ણ કરી લીધી તેનું ધ્યાન કરીએ. આ વખતે શ્યામાજી ક્યાં હતાં? જાગણી લીલાની પૂર્વતૈયારીરૂપે શ્રી શ્યામાજીએ ઈન્દ્રાવતીને મહાવરો (પ્રેક્ટીસ) કરવાનો મોકો આપ્યો છે તે જોઈ શકાય છે! સેવાનો મોકો હોય તો પછી ગમે તેટલી વિષમ પરિસ્થિતિમાં પણ તે તત્ક્ષણ જ કરી લેવી*



D:\Pranam/Chitvani/133

*ઘટે, તે વાત શ્રી ઈન્દ્રાવતી સમજાવે છે.*

વધુમાં, આ લીલા દ્વારા જાગણીલીલામાં પણ સેવાનો જે મહિમા છે તેને સમજાવ્યો છે. દિલમાં ભાવ પેદા થાય તો તત્કાળ જ ગમે તેટલી વિષમ પરિસ્થતિમાં પણ સેવા કરી લેવી કારણ કે પછી તેવો મોકો મળશે કે નહિ તેની કોઈ ખાત્રી નથી! અર્ધક્ષણમાં કંઈ કેટલાંયે કામ થઈ જાય છે, તે વાત શ્રી ઈન્દ્રાવતીજી જમુનાજીની ઝીલણાંની આ લીલા દ્વારા સમજાવે છે. ઝીલણાં બાદ ચાર-ચાર સખીઓ શ્રી રાજ શ્યામાજીને શૃંગાર કરાવવાની સેવા કરે છે. તેને પરમધામની શૃંગાર કરાવવાની સેવા સાથે સરખાવીએ. સખીઓ પણ અત્યંત વિશેષ પ્રેમભાવથી પરસ્પર શૃંગાર કરાવે છે. તે જોઈને ઈન્દ્રાવતીના દિલમાં શું ભાવ ઉપજે છે, આપણને ઈન્દ્રાવતીની ચાલે ચાલવા માટે શું બોધ મળે છે, સખીઓ માટે શ્રી રાજજીનો પ્રેમ આ રામતમાં ક્યાં દેખાય છે એ સર્વે બાબતોનું ચિતવન કરીએ. સુંદરસાથે નહાતી વેળા જે પ્રસ્વેદભીનાં વસ્ત્રો ઉતારીને કિનારા પર મૂક્યાં હતાં તેના પર શ્રી રાજજી મહારાજ બિરાજ્યા. આપણા પ્રાણાધારનો આ પ્રેમ તો જુઓ! સૌ સાથે મળીને આરોગવા બેસે છે અને ઈન્દ્રાવતી અન્ય સખીઓ સાથે મળીને પીરસવા માટે તૈયાર છે! શ્રી ઈન્દ્રાવતીજી કહે છે કે હે સુંદરસાથજી! ચાલો, હવે વ્હાલાજી સાથે ઝીલણાં કરવાનો આનંદ લઈએ.

શ્રી ઈન્દ્રાવતીજી સખીઓને હર્ષભેર કહે છે, "અલી! હાં....જમુનાજળ ઝીલવાનો આનંદ અતિ સોહામણો છે. રાસની રામતો રમીને આપણે સૌ આવ્યાં છીએ અને રાસરંગ પૂર્ણતયા સફળ થયો છે...તો ચાલો, હવે આપણે વ્હાલાજી સાથે ઝીલીએ[૧]." શ્રી રાજજી કહે છે, "હે શ્યામાજી! સાંભળો. તમારા મનમાં જે કાંઈ મનોરથ હોય તે કહી દેજો. સૌ સાથના મનમાં તો હવે એક એ જ મનોરથ બાકી રહ્યો છે કે અંગોમાં ઉમંગ ધરીને આપણે સૌ સારી રીતે ભેળાં સ્નાન કરીએ, મનગમતાં ઝીલણાં કરીએ અને આ રીતે તમારી મનોકામના પણ પૂરી કરીશ[૩]."

વનની વેલડીઓ સુગંધીદાર ફૂલોથી લચી રહી છે. આખું વન

હવામાં ઝૂમી રહ્યું છે. વિવિધ જાતનાં રસથી ભરપૂર ફળફળાદિ લચી રહ્યાં છે. આમ, આ ધરતીની શોભામાં અભિવૃદ્ધિ થઈ રહી છે[૪]. જમુનાજીનાં જળ ઉછરંગમાં હિલોળા લઈ રહ્યાં છે. જળની લહેરો પર લહેરો ઊઠી રહી છે. પશુપંખીના મધુર કલરવથી સૌ સાથના અંગે-અંગમાં અતિશય વિશિષ્ટ પ્રકારનો આનંદ પ્રસરી રહ્યો છે[૫].

આનંદિત સુંદરસાથ જમુનાજીના કિનારે એકત્રિત થયો. આ સમયે ઈન્દ્રાવતી સહિત બીજી કેટલીક સખીઓએ યમુના તટ પર વ્હાલાજીનો હાથ પકડ્યો[૬]. સૌ સખિયોએ પહેરેલાં વસ્ત્રો ઉતારીને કિનારા પર મૂક્યાં અને ન્હાવાના વસ્ત્રો પહેર્યાં. સખીઓ મસ્તીમાં આવીને એકબીજીને જળમાં ધકેલવા લાગી[૭]! કિનારો જોઈને સૌ સખીઓ, શ્રી શ્યામાજી તથા વ્હાલોજી યમુનાજળમાં પ્રવેશ્યાં અને પરસ્પર આનંદ કરવાની મસલત કરી અલગ અલગ વહેંચાઈ ગયાં[૮]. એકતરફ સૌ સુંદરસાથ અને શ્રી શ્યામાજી, તથા બીજીતરફ શ્રી પ્રાણનાથજી ગોઠવાઈ ગયા.

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, ‘‘ચાલો હવે વ્હાલાજી સાથે જળક્રીડા કરી વિલાસ કરીએ[૯].’’ સૌ સખીઓ એક સાથે વ્હાલાજી ઉપર જળ છાંટવા લાગી. જ્યારે વ્હાલોજી તેમના ઉપર જળ છાંટે છે ત્યારે તો સૌ કિનારા તરફ નાસી જાય છે[૧૦]. વળી પાછી આવીને ફરીથી વ્હાલાજી તરફ જળની છોળો ઉછાળે છે. ત્યારે વ્હાલોજી એટલા જોરથી સામે જળ ઉછાળે છે કે સખીઓનાં ટોળેટોળાં તેમનાથી દૂર દૂર ભાગવા લાગે છે[૧૧]. ફરીથી ઉમંગભેર આવેલી સખીઓ વ્હાલાજીને ચોફેરથી ઘેરી લે છે. જાણે આંખે અંધારું છવાઈ ગયું હોય એમ જળની આડે કોઈને કંઈ જ દેખાતું નથી[૧૨]. આ તકે, હવે જે કાંઈ થયું તેનાથી તો ઈન્દ્રાવતીબાઈનું કામ પૂર્ણ થઈ ગયું! બધી સખીઓ આંખ સામેથી જળ દૂર કરે ત્યાં સુધીમાં તો તેણે વ્હાલાજી સાથે વિવિધ પ્રકારના વિલાસ કરી પોતાના હૈડાની ચાહના પૂર્ણ કરી લીધી[૧૩]! આમ, જળક્રીડા કરી પિયુજીએ સ્નાન કર્યું. શ્રી ઈન્દ્રાવતીજીએ વાલૈયાનાં અંગ ચોળી-ચોળીને ખૂબ પ્રેમપૂર્વક નવડાવી ઘણો આનંદ લૂટ્યો[૧૪]. આ રીતે, શ્રી શ્યામાજીને પણ અતિ પ્રેમથી સ્નાન કરાવ્યાં. એ



D:\Pranam/Chitvani/134

જ પ્રમાણે સૌ સુંદરસાથે પણ રૂડી રીતે સ્નાનનો આનંદ લૂંટ્યો[૧૫].

સુંદરબાઈ, ઈંદ્રાવતી, રત્નાવતી અને બાલબાઈ એ ચાર સખીઓ પહેલાં જળની બહાર નીકળી અને સર્વાંગે શૃંગાર કર્યો[૧૬]. આ ચાર સખીઓએ શ્યામાજીને ખૂબ સુંદર રીતે વસ્ત્રો તથા આભૂષણો પહેરાવ્યાં. વચમાં વ્હાલાજીએ આવીને ખૂબ પ્રેમથી શ્યામાજીની વેણી ગૂંથી[૧૭]. સકલ શૃંગારથી સુસજ્જ એવાં શ્યામાજી અતિ સોહામણાં દીસે છે. હાથમાં દર્પણ લઈને પોતાનો શૃંગાર નિરખતાં શ્યામાજી વ્હાલાજીનું મન મોહી રહ્યા છે. દર્પણમાં બંનેની પરસ્પર છબી જોઈ વ્હાલાજી મોહિત થાય છે[૧૮]. આસબાઈ, કમલાવતી, ફૂલબાઈ અને ચંપાવતી આ ચાર સખીઓએ ભેગાં મળીને શ્રી રાજજીને શૃંગાર કરાવ્યા તથા સુવ્યવસ્થિત રીતે વસ્ત્રો તથા આભૂષણો પહેરાવ્યાં. આથી પ્રાણાધાર શ્રી રાજજી મહારાજ અતિ સુંદર શોભી રહ્યા છે[૨૦]. એટલા જ ભાવથી સૌ સખીઓએ પણ પરસ્પર એકબીજાને અતિ સુંદર શૃંગાર કરાવ્યા.

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, ‘‘મેં ખૂબ ધ્યાનથી નિહાળ્યું કે સખીઓએ એકબીજાને પણ ખૂબ પ્રેમથી આ પ્રમાણે શૃંગાર કરાવ્યો. આ પરસ્પર શૃંગાર કરાવવાની લીલામાં મેં સૌ સુંદરસાથના અત્યંત વિશેષ પ્રેમભાવનાં ખૂબ જ ધ્યાનપૂર્વક દર્શન કર્યાં[૨૧].’’ સુંદરસાથે નહાતી વેળા પોતાનાં પ્રસ્વેદભીનાં વસ્ત્રો ઉતારીને કિનારા પર મૂક્યાં હતાં તેના પર શ્રી રાજજી મહારાજ બિરાજ્યા. આપણા પ્રાણાધારનો આ પ્રેમ તો જુઓ[૨૨]! જમુનાજીના કાંઠે, વૃક્ષ અને વેલીઓની છાયામાં સઘળો સાથ એકત્રિત થઈને ખૂબ જ આનંદમાં આવી ગયો છે[૨૩]. સૌ સાથે મળીને આરોગવા બેઠા. સખીઓની અલગ અલગ પંક્તિઓ શોભી રહી છે. હું (ઈન્દ્રાવતી) પણ અન્ય સખીઓ સાથે મળીને પીરસવા માટે તૈયાર થઈ ગઈ[૨૪].

## શ્રીમુખ વાણી : પ્રકરણ ૪૫

### રાગ ગોડી - ઝીલણાં

અણી હાંરે ઝીલણ રંગ સોહામણાં રે, આપણ ઝીલસૂં વાલાજીને સાથ ।
રામત રમીને સહુ આવિયાં, કાંઈ પૂરણ થયો રંગ રાસ ॥૧॥

શ્રી રાજ કહે સ્યામાજી સુણો, કાંઈ તમારા મનમાં જેહ ।
સાથ સહુને મનોરથ, કાંઈ રહ્યો છે એક એહ ॥૨॥

અંગે ઉમંગ ઉપાઇને, ભેલા નાહિએ તે ભલી ભાંત ।
ઝીલણાં કીજે મન ગમતાં, ખરી પૂરૂં તમારી ખાંત ॥૩॥

વેલડિએ કુસમ પ્રેમલ, કાંઈ વન ઝલૂવે વાએ ।
ફલે રસ ચઢ્યા કૈ ભાંતના, ભોમ સોભા વાધંતી જાએ ॥૪॥

જલ ઉછલે ઉછરંગમાં, લેહેરડિયો લેહેર તરંગ ।
પસુપંખીના સબ્દ સુહામણાં, કાંઈ ઉલટ પસર્યો અંગ ॥૫॥

સાથ મલીને ભેલો થયો, આવ્યો તે આનંદ માંહેં ।
અમેં સખિયો ત્રટ ઊપર, વાલાજીની ગ્રહી બાંહેં ॥૬॥

વાગા વધારીને કાંઠે મૂકિયાં, કાંઈ વસ્તર પેહેર્યા ઝીલણ ।
સખી એક બીજીને આનંદમાં, જલ માંહેં લાગી ઠેલણ ॥૭॥

ત્રટ જોઈને જલમાં સાંચરયા, સાથ વાલો સ્યામાજી સંગ ।
પરિયાણીને થયા સહુ જુજવા, જલ માંહેં કીજે આનંદ ॥૮॥

એકીગમાં સાથ સ્યામાજી, કાંઈ બીજી ગમાં પ્રાણનાથ ।
ક્રીડા કીજિએ જલમાં, વિલસિએ વાલાજીને સાથ ॥૯॥

જલ ઉછાલે ઉછરંગસૂં, સહુ વાલાજીને છાંટે ।
વાલોજી છાંટે એણી વિધસૂં, ત્યારે સર્વ નાસંતિયો કાંઠે ॥૧૦॥



D:\Pranam/Chitvani/135

વલી સામી થાય સખિયો, જલ છાંટતિયો છોલે ।
વાલોજી ઉછાલે જલ જોરસૂં, ત્યારે નાસંતિયો ટોલે ॥૧૧॥

વલી આવતિયો ઉમંગસૂં, વાલો વીટ્યો તે ચારે ગંમ ।
સૂઝે નહીં કાંઈ જલ આડે, આંખે આવી ગયો છે તમ ॥૧૨॥

એણે સમે હવે જે થયૂં, બાઈ ઇંદ્રાવતીનૂં કામ ।
વિધ વિધ વિલસી વરસૂં, ભાજી હૈડાની હામ ॥૧૩॥

એમ જલ ક્રીડા કરી, પછે નાહ્યા તે પિઉજી ।
ઘણાં રસ લીધાં અંગ ચોલતાં, વાલૈયાને વિલસી ॥૧૪॥

સ્યામાજીને નવરાવિયાં, પેરે પેરે તે ઘણી પ્રીત ।
સાથ સહુ એણી વિધે, કાંઈ નાહ્યો છે રૂડી રીત ॥૧૫॥

સુંદરબાઈ ઇંદ્રાવતી, કાંઈ રત્નાવતી સંગ ।
લાલબાઈ પેહેલે નિસરયા, સિણગાર કીધાં સર્વા અંગ ॥૧૬॥

વસ્તર ભૂખણ સ્યામાજીને, પેહેરાવ્યા ભલી ભાંત ।
અધવીચ આવીને વાલૈએ, વેણ ગૂંથી કરી ખાંત ॥૧૭॥

સિણગાર સર્વે સજી કરી, સ્યામાજી ઘણૂં સોહે ।
દરપણ લઈને હાથમાં, મન વાલાનૂં મોહે ॥૧૮॥

આસબાઈ કમલાવતી, કાંઈ ફૂલબાઈ મલ્યા ।
ચંપાવતી ચારે મલી, સિણગાર કીધાં ભેલા ॥૧૯॥

ચાર સખી મલી શ્રીરાજને, કરાવ્યા સિણગાર ।
વસ્તર ભૂખણ વિધોગતે, કાંઈ સોભ્યા તે પ્રાણ આધાર ॥૨૦॥

એક બીજીને કરાવિયાં, સિણગાર તે સર્વે એમ ।
ચિતડૂ દઈને મેં જોઈયૂં, કાંઈ સાથનો અતંત પ્રેમ ॥૨૧॥

પરસેવે વસ્તર સાથના, નાહવા સમે ઉતારયા જેહ ।
શ્રી રાજ બેઠા તેહ ઊપર, તમે પ્રેમ તે જો જો એહ ॥૨૨॥

જમુનાજી ને કાંઠડે, કાંઈ દ્રુમવેલીની છાંહેં ।
સાથ સહુ મલીને સામટો, કાંઈ આવ્યો તે આનંદ માંહેં ॥૨૩॥

બેઠા મલી આરોગવા, કાંઈ સોભિત જુજવી પાંત ।
સો સખી સોં ઇંદ્રાવતી, થયા પ્રીસને ભલી ભાંત ॥૨૪॥

*પ્રકરણ-૪૫ સંપૂર્ણ (કુલ ચૌપાઈ-૮૪૭)*

**રાસ - ૪૫ વાણીમંથન પ્રશ્નાવલિ**

*૪૫.૧ જમુનાજી ઝીલણાંની લીલામાં જળ છાંટવાની લીલાનું ચિંતવન કરો. પ્રથમવાર સૌ સખીઓનું કિનારે જતું રહેવું. બીજીવાર સૌનું અલગ અલગ જૂથોમાં વહેંચાઈ જવું અને જળના છાંટાથી સર્જાયેલ અંધકારમાં ઈન્દ્રાવતીએ સમયસૂચકતા વાપરી શી રીતે વ્હાલાજી સાથે રમી તેનું ધ્યાન કરવું. આ વખતે શ્યામાજી ક્યાં હતા?*

*૪૫.૨ જાગણીલીલાની તૈયારી માટે શ્યામાજીએ ઈન્દ્રાવતીને મહાવરો (Practice) કરવાનો મોકો આપ્યો. તેનો ભાવ સમજવો.*

*૪૫.૩ ઝીલણાં બાદ ચાર ચાર સખીઓ શૃંગાર કરાવવાની સેવા કરી છે. તેને પરમધામની સેવા સાથે સરખાવો. સખીઓ પણ પરસ્પર શૃંગાર કરાવે છે. તે જોઈ ઈન્દ્રાવતીના દિલમાંથી શું ભાવ ઉપજે છે? જાગણી લીલાનો આપણે ઈન્દ્રાવતીની ચાલ ચાલવા શું બોધ મળે છે?*

*૪૫.૪ શ્રી રાજજીનો સખીઓ માટેનો પ્રેમ આ રામતમાં ક્યાં દેખાય છે?*

## શ્રી રાસ પ્રકરણ – ૪૬ :
## ફરતન ફેર બાજોઠીયા

પ્રકરણ સાર : -*''ફરતન ફેર બાજોઠીયો...આરોગ્યા સહુ અતિ રંગે..''* પાકા પરવાલી રંગના અષ્ટકોણવાળા ગોળ બાજઠની ફરતે, કાંબી,



D:\Pranam/Chitvani/136

પડગી (બેસણી) અને કાંગરીની શોભા જાણે જોતાં જ રહીએ! ભોજનલીલાની આ રામતમાં સૌ સુંદરસાથ શ્રી ઠકુરાણીજી તથા શ્રી રાજજીને અવનવાં ભોજન પીરસે છે. વિવિધ પ્રકારનાં પકવાન તથા અનેક જાતનાં શાક પીરસાઈ રહયાં છે. શ્રી રાજજી તથા સુંદરસાથને પ્રેમથી ભોજન આરોગતાં જોઈ શ્રી ઈન્દ્રાવતીજી અતિશય પ્રેમ અનુભવે છે. શ્રી રાજજી સ્વહસ્તે શ્રી ઈન્દ્રાવતીજીના મુખમાં એક કોળિયો મૂકે છે. તે જોઈને સૌ કોઈ સુંદરસાથને અતિશય હર્ષનો અનુભવ થઈ રહ્યો! સૌ પરસ્પર હસતાં રમતાં કહી રહ્યાં છે કે, વ્હાલાજીનો દીધેલ કોળિયો તો ઈન્દ્રાવતીજીને ઘણો જ મીઠો લાગ્યો હોય એમ લાગે છે! પીરસવાની સેવા કરનાર સુંદરસાથજી જ્યારે જમવા બેઠા ત્યારે તેમને શ્રી પ્રાણનાથજીએ સ્વયં ભોજન પીરસ્યું છે, આ બાબત ધ્યાન કરવા યોગ્ય છે! શ્રી ઈન્દ્રાવતીજીને મળેલા સુખ અને પીરસવાની સેવામાં સમર્પિત અન્ય સુંદરસાથને મળેલા સુખમાં શું અંતર છે, તેનું ચિંતન કરવા જેવું છે. પ્રત્યેક સુંદરસાથે શ્રી ઈન્દ્રાવતીજીની માફક એ પ્રકારનો ભાવ લઈ જાગણીરાસ રમવાનો છે કે ''વ્હાલાજી *પોતાના હાથે* મારા મુખમાં પણ કોળિયો કેમ ના મૂકે?'' ભોગની આ રામત શ્રી પરમધામની ત્રીજી ભોમની ભોજન લીલાની યાદ પણ અપાવે છે.

ભોજન કર્યા બાદ સૌ ભેગાં મળી વાતો કરતાં વ્હાલાજીના શ્રીમુખે વાણી સાંભળવાનું સુખ પણ લે છે. છેલ્લે, આ આનંદની વચ્ચે શ્રી ઈન્દ્રાવતીજીએ પોતાના અંતરની વ્યથા કહી દીધી : હે સાથજી! બેશક, વ્હાલાજીએ રાસ વિલાસ દ્વારા ખૂબ જ આનંદ તો કરાવ્યો; પરંતુ રાસના આનંદની વચ્ચે અંતર્ધ્યાન થઈને તેમણે આપણ સૌને જે વિરહનાં દુઃખ દીધાં તે અંગેઅંગમાં સાલી રહ્યાં છે! ચાલો, આ લીલાનું ધ્યાન કરીએ.

પાકા પરવાલી રંગના બાજઠિયાની ફરતે, કાંબી, પડગી અને કાંગરીની શોભા જાણે જોતાં જ રહીએ[1]! બાજઠ (ચોકી)ની ચારે બાજુ ચાર આસન (ચાકડા) પાથર્યા છે, જેના પર વ્હાલાજી પલાંઠી વાળીને બેઠાં છે. મારી આત્માએ વ્હાલાજીની જે શોભા દીઠી એ વર્ણવી શકાય તેમ

નથી[2]. શ્રી ઠકુરાણીજી શ્રી રાજજી નિજધામમાં સદાય જે રીતે સાથે બેસે છે, તે રીતે બેઠાં છે. તેમની પાસે આસબાઈ અને સુંદરબાઈ પણ એવી જ અદાથી બેઠાં છે[3]. સખીઓએ જુગલજોડીના હાથ એક પાત્રમાં વિશેષ રીતે ધોવડાવ્યા. પાસે બેઠેલા સૌ સુંદરસાથે પણ એવી જ રીતે હાથ ધોયા[4]. ઉપર વનની વેલીઓ અને ફૂલો એવી રીતે છવાયેલ છે જાણે મંડપ જ ના રચ્યો હોય!

પીરસનાર સુંદરસાથ તો વળી જમનાર સુંદરસાથ કરતાં વિશેષ આનંદ રંગમાં મગ્ન દીસે છે[5]. વિશિષ્ટ પ્રકારની ધાતુની થાળી, જેમાં પીરસવામાં આવ્યું છે, તે સારી રીતે અજવાળેલી ચળકી રહી છે. લાલ નંગોથી જડિત લોટામાં જળ લઈને સખીઓએ પ્રેમભાવપૂર્વક થાળી ધોઈ છે[6]. નંગોથી વિશિષ્ટ રીતે જડિત કાંસાની ધાતુના વાટકા અને વાટકી સુંદર રીતે અજવાળી અને ધોઈને થાળીમાં મૂકાયેલ છે.[7] સખીઓ આ બધાં વાસણોને વ્યવસ્થિત નિતારીને રૂમાલથી લૂછી અને વિવિધ પ્રકારના ભાવો પ્રસ્તુત કરી તેમાં સરસ સુખડી પીરસવામાં આવી રહી છે[8]. ભાગવંતીબાઈ સુચારુ ઢંગથી સુખડી પીરસી રહ્યા છે. અરે! આ સુખડી પણ કેટલા પ્રકારની કહું? ઘણી બધી જાતની સુખડી યાદ કરી કરીને પીરસાઈ રહી છે[9]. વિવિધ પ્રકારનાં પકવાન તથા જાત જાતનાં શાક અને સાથે ભાતભાતનાં કંદમૂળ તથા અનેકવિધ અથાણાં પણ પીરસાયાં[10]. કોઈ શાક સૂકવેલાં છે, તો કોઈ તળેલાં, તો વળી કોઈ શાક શેકેલાં. જાતજાતના મેવા અને પાકેલાં ઉત્તમ વનફળ પણ પીરસાઈ રહયાં છે[11].

આમ, શ્રી રાજજી તથા સુંદરસાથે પ્રેમથી ભોજન આરોગ્યું. શ્રી ઈન્દ્રાવતીજી કહે છે કે, પીરસવામાં મેં જે પ્રેમ જોયો તે અવર્ણનીય છે[12]. પાણીથી ભરેલી કંચનવર્ણી ઝારીથી શ્રી રાજ અધવચ્ચે જળપાન કરે છે. અરે! આ વળી શું? શ્રી રાજે પોતાના સ્વહસ્તે શ્રી ઈન્દ્રાવતીના મુખમાં એક કોળિયો મૂક્યો[13]! સૌ કોઈ સુંદરસાથે શ્રી ઈન્દ્રાવતીને કોળિયો દેતા શ્રી રાજજીનું દૃશ્ય જોયું તો તેથી સૌને અતિશય હર્ષનો અનુભવ થયો! સૌ કોઈ પરસ્પર હસતાં રમતાં કહેવા લાગ્યાં કે, વ્હાલાજીનો દીધેલ કોળિયો



D:\Pranam/Chitvani/137

તો ઈન્દ્રાવતીને ઘણો જ મીઠો લાગ્યો હોય એમ લાગે છે[14]!

આમ, જેને જે ભાવ્યું... તે પ્રેમથી જમ્યાં. તે ઉપર લાડબાઈ વળી દૂધ તથા દહીં લઈને આવ્યાં[15]. દૂધ, દહીં લીધા બાદ સખીઓએ સૌને ચળું (ચલ્લુ) કરાવ્યાં. સૌ વાંસે તકિયો દઈ સૌ બેઠા, રૂમાલથી સૌના મુખ લૂછાવ્યાં અને થાળી તથા બાજઠ ઉઠાવી લેવાયા[16]. ત્યારબાદ સોપારી, કાથો, ચૂનો, જાવંત્રી, કેસર, કપુર તથા લવિંગ ભરાવીને પાનનાં બીડાં વાળેલાં, તે શ્રી રાજજી મહારાજે તથા સૌ સુંદરસાથે આરોગ્યાં.

પીરસવાની સેવા કરનાર સુંદરસાથજી જ્યારે જમવા બેઠા ત્યારે તેમને શ્રી પ્રાણનાથજી સ્વયં ભોજન પીરસી રહ્યા છે[17-18]! પીરસનાર સૌ સુંદરસાથે ખૂબ પ્રેમપૂર્વક ભોજન કર્યું અને પાનબીડી લીધી. ત્યારબાદ, સૌ ભેગા મળી વાતો કરવા બેઠા અને વ્હાલાજીના શ્રીમુખે વાણી સાંભળવાનું સુખ લેવા લાગ્યા[19].

આવા આનંદપૂર્ણ વાતાવરણની વચ્ચે જ ઈન્દ્રાવતીજીએ પોતાના અંતરની વ્યથા પ્રગટ કરી દીધી કે, હે સાથજી! બેશક, વ્હાલાજીએ રાસ વિલાસ દ્વારા ખૂબ જ આનંદ તો કરાવ્યો જ છે; પરંતુ રાસના આનંદની વચ્ચે અંતર્ધ્યાન થઈને તેમણે આપણ સૌને જે વિરહનાં દુઃખ દીધાં છે તેની યાદ મારા અંગેઅંગમાં આવી રહી છે[20]!

**શ્રીમુખ વાણી : પ્રકરણ ૪૬**

*રાગ વેરાડી*

**ફરતણ ફેર બાજોટિયા, રંગ પાકી પરવાલી ।**
**કાંબી પડગી જે કાંગરી, જાણે રહિએ નિહાલી ॥૧॥**

**ચારે ગમાં વાલ્યા ચાકલા, બેઠાં વાલી પલાઠી ।**
**સોભા મારા વાલાજીની સી કહૂં, જે આતમાએ દીઠી ॥૨॥**

**શ્રીઠકુરાણીજી શ્રીરાજસોં, ભેલાં બેસે સદાય ।**
**આસબાઈ સુંદરબાઈ, બેઠા એણી અદાય ॥૩॥**

હાથ પખાળ્યા પાત્રમાં, જુજવી જુગતે ।
પાસે સાથ બેઠો મલી, સહુ કોય એણી વિગતે ॥૪॥

ઊપર વન રંગ છાઇયો, જાણે મંડપ રચિયો ।
પ્રીસણે સાથ જે હુતો, તે તો રંગ માંહેં મચિયો ॥૫॥

થાલી ધાત વસેકની, જુગતે અજવાલી ।
લાલ જડાવ લોટે જલ, લઈ પ્રેમે પખાલી ॥૬॥

વાટકા ફૂલ કચોલિયાં, તે તો જુગતે જડિયા ।
અજવાલીને પખાલિયા, થાલી માંહેં મલિયા ॥૭॥

વલી નિતારી અજવાલિયા, રૂમાલ સંઘાતેં ।
પ્રીસે છે સારી સૂખડી, વિધ વિધ કઈ ભાંતે ॥૮॥

બાઈ ભાગવંતી ભલી પેરે, પ્રીસે સૂખડી સારી ।
કહૂં કેટલી ઘણી ભાંતની, સર્વે મૂકી સંભારી ॥૯॥

પકવાન સર્વે પ્રીસી કરી, સાક મૂક્યાં છે ઘણાં ।
કંદમૂલ ભાંત ભાંતનાં, અલેખે અથાણાં ॥૧૦॥

સાક તે સૂકવણી તણાં, કઈ સેક્યાં સુતલિયાં ।
વિધ વિધ મેવા વન ફલ, અતિ ઉત્તમ ગલિયાં ॥૧૧॥

આરોગ્યા અતિ હેતસોં, રાજ સાથ સંઘાતે ।
પ્રીસંતાં પ્રેમ જો મેં દીઠો, તે ન કેહેવાય ભાંતે ॥૧૨॥

કંચન રંગ ઝારી ભરી, જલ વિચ માંહેં લીધો ।
શ્રી ઇંદ્રાવતીજી ને કોલિયો, શ્રી રાજે મુખ માંહેં દીધો ॥૧૩॥

હરખ થયો જે એણે સમે, સાથે સહુ કોઇએ દીઠો ।
હસિયાં રમિયાં સાથસો, ઘણો લાગ્યો છે મીઠો ॥૧૪॥



D:\Pranam/Chitvani/138

આરોગ્યા આનંદ સોં, જેણે જે ભાવ્યાં ।
દૂધ દહી તે ઊપર, લાડબાઈ લઈ આવ્યાં ॥૧૫॥

તે લીધાં ચલ્લૂ કરાવિયાં, બેઠા વાંસે તકિયો દઈ ।
થાલ બાજોટ ઉપાડિયા, લોયું મુખ રૂમાલ લઈ ॥૧૬॥

ફોફલ કાથો ચૂના જાવંત્રી, કેસર કપૂર ઘાલી ।
ઊપર લવંગ દઈ કરી, પાન બીડી વાલી ॥૧૭॥

બીડી તે લઈ આરોગિયા, વલી લીધી સહુ સાથ ।
સાથ હુતો જે પ્રીસણે, સખિયોને પ્રીસે પ્રાણનાથ ॥૧૮॥

આરોગ્યા સહુ અતિ રંગે, બીડી લીધી શ્રી મુખ ।
બેઠા મલી વાતો કરવા, વાણી લેવા સુખ ॥૧૯॥

કહે ઇંદ્રાવતી સાથજી, વાલે વિલાસ જો કીધા ।
ચઢી આવ્યા અંગ અધિકા, વચે વ્રહ જો દીધા ॥૨૦॥

*પ્રકરણ-૪૬ સંપૂર્ણ (કુલ ચૌપાઈ-૮૯૭)*

**રાસ - ૪૬ વાણીમંથન પ્રશ્નાવલિ**

*૪૬.૧ શ્રી રાજજી સ્વહસ્તે શ્રી ઈન્દ્રાવતીના મુખમાં એક 'કોળિયો' મૂકે છે અને જે સુંદરસાથ પીરસવામાં હતો તેને શ્રી પ્રાણનાથ સ્વયં 'પીરસે' છે. આ લીલાનું શું બોધગમ્ય રહસ્ય છે તે સ્પષ્ટ કરો.*

*૪૬.૨ ભોજનલીલાના આનંદની વચ્ચે ઈન્દ્રાવતીને વિરહનું દુઃખ યાદ આવી ગયું. તેની ફલશ્રુતિનું મંથન કરો.*

## શ્રી રાસ પ્રકરણ – ૪૭ :
## રામત વિરહસ્મૃતિની

**પ્રકરણ સાર :-** *વૃંદાવનની વૃક્ષવેલી અને ચંદ્રની ચાંદનીમાં શોભતાં જમુનાજીમાં ઝીલણાં કરી, વ્હાલાજીને ભોગ ધરાવી, સૌ*

*સુંદરસાથે પ્રસાદ ગ્રહણ કર્યો અને પાનબીડી લઈ સૌ જમુના કિનારે કરેલી રામતના આનંદને યાદ કરી રહ્યાં છે. તે સમયે જ સખીઓને વ્હાલાજીના અંતર્ધ્યાન થવાના આત્મપીડક પ્રસંગની યાદ આવી ગઈ. સખીઓ અને વ્હાલાજી સાથે રાસલીલાની ભૂમિકામાં છેલ્લો સંવાદ થયો, જેને 'દ્વિતીય ઉથલાવચન' પણ કહેવાય છે, તેનું તથા રાસલીલાપર્યંત અક્ષરાતીત પારબ્રહ્મની આવેશશક્તિ તથા બ્રહ્માત્માઓની સૂરતાઓ પોતાના મૂળસ્વરૂપમાં જાગૃત થઈ તથા અક્ષરબ્રહ્મ પોતાના ધામમાં જાગૃત થયા તેનું આ અંતિમ પ્રકરણમાં વર્ણન છે.*

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, ''હે પ્રીતમજી! તમે અમને રાસમાં રંગભેર રામતો રમાડી તો ખરી. પણ...તમે અમારી સાથે આવું કઠોર વર્તન શીદને કર્યું? અમારામાં એવા તે કયા અવગુણો હતા કે તમે અમને વૃંદાવનમાં આમ એકલાં મૂકીને ચાલ્યા ગયા હતા? આપનો વિલાપ કરતાં અમે ખૂબ જ રોયાં તથા તમારા વિનાની એક ઘડી પણ અમને તો અનેક યુગો જેટલી લાંબી લાગી! હવે, અમે તમને એક ક્ષણવાર માટે પણ અળગા થવા દઈશું નહિ. હવે તો અમે સૌ સખીઓ અમારા જ હાથની પાલખી બનાવીશું અને તેમાંજ તમને બેસાડીશું!'' વર્તમાન જાગણીલીલામાં સુંદરસાથજીએ પોતાની હૃદયરૂપી પાલખીમાં વ્હાલાજીને બેસાડીને તેમના સાન્નિધ્યનું સુખ લેવાનો ઉદ્યમ કરવાનો છે.

વ્હાલાજી કહે છે, ''હે સખીઓ! હું આપ સૌથી અળગો થઈશ જ નહિ. આપણા સૌની આત્મા તો એક જ છે! આ તો રામતમાં જ આપણે અનેક રૂપે દેખાઈએ છીએ! હે સખીઓ! તમે તો મારા પ્રાણનાં પ્રીતમ છો. તમને હું મારાથી અલગ કરી જ શી રીતે શકું? મને પણ તમારા વિયોગની એક પલ કોટાનકોટ યુગો જેટલી લાંબી લાગે છે! તમને તો વિરહ દુઃખદાયી લાગે છે, પણ મને તો તેનાથી પણ અધિક દોહ્યલો લાગે છે! હું તો તમારાં કરમાયેલાં મુખ કદી પણ સહી શકું તેમ નથી! હવે, તમે કહેશો તેમ જ હું કરીશ! હકીકતમાં તો મેં વૃંદાવન છોડ્યું જ નથી! તો પછી તમે



D:\Pranam/Chitvani/139

સૌ મારા પર આવો ખોટો આક્ષેપ કેમ કરો છો? તમારી અંદર માયાની કોઈ અસર છે કે નહીં એ જોવા માટે જ મેં આમ કર્યું હતું! તમારો વિશ્વાસ જોવા માટે જ મેં તમને કઠોર વચનો કહ્યાં હતાં! મને તમારા ચિત્તના ભાવોમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી.. માટે, હવે હું તમારી પાસે જ છું.''

વ્હાલાની વાત ધ્યાનપૂર્વક ન સાંભળતાં સખીઓ કહે છે, ''હે વ્હાલાજી! અમે તો બધે જોઈ વળ્યાં! પણ તમને ક્યાંયે દીઠા નહિ! જો આપ વનમાં જ હતા તો અમને આપશ્રીના વિરહનું દુઃખ શા માટે હોય? અમે વનમાં રડવડતાં હતાં ત્યારે તમે કેમ ન આવ્યા? તમે ચોક્કસ વનમાં હતા જ નહીં! તમારી બોલેલી બધી જ વાતો જૂઠી છે! વાલૈયા! તમે તો ખૂબ જ જૂઠા બોલા છો! તમને જો અમારા વિરહનું દુઃખ હોત તો તમે એમ શાંતિથી કેમ બેસી રહ્યા? તમારા વિના અમને એક એક પળ એક યુગ જેટલી લાંબી લાગી હતી! આ વૃંદાવનની ધરતી તો અમારા માટે ખાંડાની ધાર પર ચાલવા સમાન દુઃખદાયી બની ગઈ છે! અમારા દેહમાં વિરહની અગ્નિ લાગી હતી અને એ અગ્નિની ઝાળો અમારે કાળજે લાગી હતી. હે ધણી! 'મૂળ સંબંધ' જાણીને જ અમે આપનો આટલો વિરહ ખમી રહ્યાં! આપશ્રીના પુનઃમિલનની આશા અમે છોડી જ નહોતી, માટે જ અમે આપનો આટલો વિરહ ખમી રહ્યાં! નહિતર અમે તુરત જ અમારું શરીર ત્યાગી દેતાં!'' વિરહની પરાકાષ્ઠાએ સખીઓનું અંતઃકરણ 'મૂલ સંબંધ'ના પ્રેમની યાદ કરી દે છે. રાસની અર્ધજાગ્રતાવસ્થામાંથી ધામની જાગૃતિ તરફની આત્માઓની ગતિ થઈ રહ્યાનો અહીં સંકેત છે.

સખીઓની વિરહવેદના જોઈને હવે વ્હાલાજી કહે છે કે, હે સખીઓ! તમે સાચું જ કહ્યું છે. પણ, આપણે જ્યારે આનંદથી રમતાં હતાં ત્યારે તમારી અને મારી વચ્ચે ક્ષણભર માટે એક વૃક્ષ આવી ગયું હતું! તમે પ્રેમના પ્રાબલ્યને લીધે એમ જાણ્યું કે કેટલાયે યુગો વીતી ગયા. આમ, તમે થોડીક જ વારમાં અનેક દુઃખો અનુભવ્યાં. જેવો યોગમાયાનો વિસ્તાર થયો કે મારામાં પણ તમને મળવાની ઈચ્છાએ જોર પકડ્યું. બંસી હાથમાં

લેતાં સુધીમાં તો જાણે એટલા યુગો વીતી ગયા હોય તેમ મારા પર પણ જે વીત્યું છે તેની તમને શી વાત કરું? હે સખીઓ! પ્રેમાવસ્થામાં એક ક્ષણ પણ અનેક યુગો જેવી લાગે છે. એ દુઃખ મારો જીવ બરાબર જાણે છે. સખી! પ્રેમની રીત જ એ છે.

આમ કહી વ્હાલાજી તુરત જ શ્રી ઈન્દ્રાવતીજીને ભેટી પડ્યા અને કહેવા લાગ્યા કે હે સખી! હવે તમે જેમ કહેશો તેમ હું કરીશ. પહેલાંની જેમ હવે હું તમને મારાથી બિલકુલ અળગાં નહીં કરું. હું તમારા સર્વ મનોરથો પૂર્ણ કરીશ અને તમામ પ્રકારનું સુખ દઈશ. હું તમને નતમસ્તક થાઉં છું! મારા કઠણ બોલ હું પાછા ખેંચી લઉં છું! તમને મધુર (પ્રિયકર) બોલીથી બોલાવીશ અને સુકોમળ-નિર્મળ-પ્રેમભર્યાં નેત્રોથી તમને જોઈશ. હે સખીઓ! હું અંતર્ધ્યાન થયેલો તે તો માત્ર એટલી જ ચકાસણી કરવા માટે હતું કે તમારી અંદર માયાની કોઈ અસર તો નથી રહી ગઈ ને! જો મેં આપનો પ્રેમ નિભાવ્યો ના હોત તો મનમાં આટલા બધા ઉમંગ સાથે રાસલીલા રમી જ કેવી રીતે શકાત? સુંદરસાથજી! માયાનો પાસ પૂર્ણતઃ દૂર થયા વિના રાસ ન રમાય, અને પૂર્ણ વિશુદ્ધિ વિના નિજધામ ના જઈ શકાય.

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, ‘‘હે વ્હાલાજી! હવે, હું એટલું જ માંગું છું કે આપણે એક ક્ષણભર પણ વિખૂટાં ન થઈએ. જ્યાં અમને કદાપિ તમારો વિરહ ન થાય, તે ઘેર લઈ ચાલો.’’ આ રીતે, હે સુંદરસાથજી! આપણે પરમધામમાં સુખ અને દુઃખનો જે ખેલ માંગ્યો હતો, તે વ્હાલાજીએ આ વખતે રાસલીલા દ્વારા કરી બતાવ્યો. પ્રાણાધાર વ્હાલાજીએ આપણને અખંડ યોગમાયિક વૃંદાવન દેખાડ્યું તથા મન અને ચિત્તથી સૌને અતિ રંગભેર રાસલીલા રમાડ્યાં. આપણા સૌની તેમની સાથે મૂળધામની નિસ્બત હોવાને કારણે તેમણે આ જાગણીબ્રહ્માંડમાં રાસલીલાનો આ રસાનંદ મારા અંગ થકી પ્રગટ કરી બતાવ્યો અને આમ, સૌ સુંદરસાથને મૂલ ધામની પ્રીતની ઝાંખી કરાવી. વધુમાં તે કહે છે, ‘‘હે મારા વ્હાલા વાલમજી! આપ સાચે જ અમ સૌ આત્માઓના પ્રાણપ્રીતમ



D:\Pranam/Chitvani/140

પ્રાણનાથ છો. આપશ્રીએ અમને સૌ સુંદરસાથને દિવ્ય વૃંદાવનમાં ખૂબ સરસ રીતે ઉત્તમોત્તમ પ્રકારે રાસ રમાડ્યાં છે.’’

અંતમાં, શ્રી ઈન્દ્રાવતીજી કહે છે, ‘‘હે સુંદરસાથજી! રાસલીલા બાદ વ્હાલોજી આપણ સૌ સુંદરસાથ આત્માઓને આપણી ઈચ્છાનુસાર પોતાની સાથે પોતાના મૂળઘર પરમધામ વિષે તેડી ગયા હતા તે યાદ કરો. રાસલીલા બાદ શ્રી રાજજીનો આવેશ પરમધામસ્થિત તેમના નૂરી સ્વરૂપમાં, અક્ષરબ્રહ્મની સુરતા અક્ષરને ઠેકાણે તથા આપણ સખિયોની સુરતા મૂલમિલાવામાં પહોંચી. પરંતુ, આપણ સૌ સખીઓની ફરામોશી યથાવત રહી! તેને કારણે, આપણી આત્મા આ ત્રીજા જાગણીલીલાના ફેરામાં પુનઃ પધારેલ છે.’’

### શ્રીમુખ વાણી : પ્રકરણ ૪૭

રાગ શ્રી ગૌડી રામગ્રી

**વાલા વાલમજી મારા, જીરે પ્રીતમ અમારા ॥ ટેક ॥**

**તમે રામત રંગે રમાડિયાં, પણ સાંભલો મારી વાત ।**
**અમ ઊપર એવડી, તમે કાં કીધી પ્રાણનાથ ॥૧॥**

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે હે મારા પ્રીતમજી! તમે અમને રાસમાં રંગભેર રામતો રમાડી, એ ઘણી આનંદની વાત છે. પણ હવે તમે મારી એક વાત ધ્યાનથી સાંભળો, ‘‘તમે અમારા સૌ સાથે આવો નિષ્ઠુર વ્યવહાર કેમ કર્યો હતો?

**અવગુણ એવડા અમતણાં, કિહાં હુતા વાલમ ।**
**એમ અમને એકલાં, મૂકી ગયા વૃંદાવન ॥૨॥**

હે વાલમજી! અમારા એવા તે કયા મોટા અવગુણ – અપરાધ હતા કે જેને કારણે તમે અમને વૃંદાવનમાં આમ એકલાં મૂકીને ચાલ્યા ગયા હતા?

**તમે અમથી અલગાં થયા, ત્યારે વ્રહ થયો અતિ જોર ।**
**તમે વનમાં મૂકી ગયા, અમે કીધા ઘણાં બકોર ॥૩॥**

તમે જ્યારે અમારાથી અળગા થયેલા ત્યારે અમને અત્યંત વિરહ દુઃખ થયું હતુ. તમે જ્યારે અમને વનમાં એકલા મૂકીને ચાલ્યા ગયેલા ત્યારે અમે ખૂબ ખૂબ રોયાં અને વિલાપ્યાં હતાં.

**તમ વિના જે ઘડી ગઈ, અમે જાણ્યાં જુગ અનેક ।**
**એ દુઃખ મારો સાથ જાણે, કે જાણે જીવ વસેક ॥૪॥**

હે ધણી! તમારા વિના જે એક ઘડી પણ વ્યતિત થઈ હતી તેમાં તો જાણે અનેક યુગો વીતી ગયા હોય તેવો અનુભવ થયો હતો! એ વખતના વિરહનું દુઃખ કાં તો મારો જીવ જાણે છે કાં તો મારો સુંદરસાથ!

**એ દુઃખની વાતો કેહી કહૂં, જીવ જાણે મન માંહેં ।**
**જે અમ ઊપર થઈ એવડી, ત્યારે તમે હુતા ક્યાંહે ॥૫॥**

હે વ્હાલા! એ દુઃખની વાતો તમને શી કહું? એ તો મનોમન મારો જીવ જ જાણે છે – તે વાત બીજાને કહેવી વ્યર્થ જ છે! અમારી જે દુર્દશા થઈ છે તેવી તો કોઈનીયે ક્યારે નહિ થઈ હોય! હે વ્હાલા! કહો, એ વસમી પળોમાં તમે હતા ક્યાં?

**હવે ન મૂકૂં અલગો વાલા, પલ માત્ર તમને ।**
**તમારા મનમાં નહીં, પણ દુઃખ લાગ્યું અમને ॥૬॥**

હે વ્હાલાજી! હવે પછી અમે તમને એક ક્ષણ વાર પણ અળગા થવા દઈશું નહિ. ભલે તમારા મનમાં અમારા દુઃખ બાબતની કોઈ લાગણી ના ઉદ્‌ભવી હોય, પણ અમને તો તે જુદાઈથી અતિશય દુઃખ લાગ્યું છે.

**પાલખી અમે કરૂં રે વાલા, તમે બેસો તેહજ માંહેં ।**
**અમેં ઉપાડીને ચાલિએ, હવે નહીં મૂકૂં ખિણ ક્યાંહે ॥૭॥**

હે વ્હાલા! અમે અમારા હાથથી આપશ્રીને બેસવા માટે પાલખી



D:\Pranam/Chitvani/141

બનાવીએ તેમાં જ તમારે બેસવાનું છે. અમે સૌ સખીઓ જાતે જ તે પાલખી ઉપાડીને ચાલીશું! હવે, અમે તમને એકક્ષણ માટે પણ ક્યાંય એકલા મૂકીશું નહિ! *નોંધ : હાથથી પાલખી બનાવવા માટે બે સખિયો પોતાના ડાબા હાથથી પોતાના જમણા હાથની કોણી ઉપરના ભાગવને પકડે અને પોતાના જમણા હાથથી સામે ઊભેલી સખીની ડાબી કોણી નીચે ઝાલે, તો વચ્ચે ત્રણ ભાગ બની જાય, તે પાલખી. એમાં બેસનાર બે ખાનામાં પોતાના બે પગ રાખી વચ્ચેના ખાનામાં બેસે ને બેઉ જણ ઉપાડીને ચાલે.*

**હૂં અલગો ન થાઊં રે સખિયો, આપણી આતમા એક ।**
**રામત કરતાં જુજવી, કાંઈ દીસે છે અનેક ॥૮॥**

સખીઓની વાત સંબંધી વ્હાલાજી કહે છે, હે સખીઓ! હું તમારાથી અળગો થઈશ જ નહિ, આપણા સૌની આત્મા તો એક જ છે. આ તો રમતમાં જ આપણે સૌ અનેક રૂપે દેખાઈએ છીએ.

**સખિયો વાત હૂં કેહી કહું, જીવ મારો નરમ ।**
**વલ્લભ મારા જીવની પ્રીતમ, અલગી કરૂં હૂં કેમ ॥૯॥**

હે સખીઓ! હું તમને શી વાત કહું? હું તમને કેવી રીતે સમજાવું? મારો જીવ પણ અતિ નરમ જ છે. હું તમે કહો છો તેવો કઠોર હૃદયવાળો નથી જ. તમે તો મારા પ્રાણનાં પ્રીતમ જ છો. તમને હું મારાથી અળગાં કરી જ શી રીતે શકું?

**તમથી અલગો જે રહૂં, તે જીવ મારે ન ખમાય ।**
**એમ પલક માંહેં રે સખિયો, કોટાનકોટ જુગ થાય ॥૧૦॥**

તમારાથી પળભર માટે પણ અળગા રહેવાનું મારા જીવ માટે અસહ્ય છે. હે સખીઓ! આપ સૌના વિયોગની એક પળ અમને કોટાનકોટ યુગો જેટલી લાંબી લાગે છે.

**વિરહ તમને દોહેલો લાગે, મૂને તેથી જોર ।**
**મુખ કરમાણાં નવ સહુ, તો કેમ કરાવું બકોર ॥૧૧॥**

તમે કહો છો કે અંતર્ધ્યાન સમયનો વિરહ તમને દોહ્યલો એટલે કે અતિ દુઃખદાયી લાગ્યો છે, તે વાત ખરી. પણ મને તો તે અનુભવ તેથી પણ અધિક દોહ્યલો લાગ્યો છે! હું તો તમારાં સહેજ પણ કરમાયેલાં મુખ સહી શકું તેમ નથી! તો પછી આટલો બધો વિલાપ શી રીતે કરાવી શકું?

**જેમ કહો તેમ કરૂં રે સખિયો, બાંધ્યો જીવ જીવન ।**
**અધખિણ અલગો ન થાઊં, કરાર કરો તમે મન ॥૧૨॥**

હે સખીઓ! તમે કહેશો તેમ બધું જ કરીશ. મારો જીવ તમારા જીવન સાથે બંધાયેલો છે. હું અર્ધક્ષણ માટે પણ અળગો થઈશ નહીં. આ બાબતે, તમે તમારા મનથી નિશ્ચિત થઈ જાઓ!

**એવડા દુઃખ તે કાં કરો, હૂં દઊં એમ કેમ છેહ ।**
**તમે મારા પ્રાણનાં પ્રીતમ, બાંધ્યા જે મૂલ સનેહ ॥૧૩॥**

હે સખીઓ! તમે આટલાં બધાં દુઃખી શા માટે થાઓ છો? તમે જેમ કહી રહ્યા છો તેમ હું તમને ત્યાગી જ શી રીતે શકું? તમે તો મારા પ્રાણને અતિ પ્રિય છો. આપણે પરસ્પર 'મૂળ સંબંધ'થી સાથે જોડાયેલાં જ છીએ.

**પ્રાણપે વલ્લભ છો મૂને, એમ કરૂં હૂં કેમ ।**
**મેં વૃંદાવન મૂક્યૂં નથી, તમે કાં કહો અમને એમ ॥૧૪॥**

હે સખીઓ! તમે તો મને મારા પ્રાણ કરતાં પણ વધુ પ્યારાં છો... જેવું તમે કહો છો તેમ હું કરી જ શી રીતે શકુ? હું તમારાથી અળગો થઈ જ શી રીતે શકું? અરે, મેં તો વૃંદાવન છોડ્યું જ નથી! તો પછી તમે અમને આવું કેમ કહો છો? મારા પર આવો ખોટો આક્ષેપ કેમ કરો છો?

**ચિત્ત ઊપર ચાલૂં રે સખિયો, તમે મારા જીવન ।**
**જેમ કહો તેમ કરૂં રે સુંદરી, કાં દુઃખ આણો મન ॥૧૫॥**

હે સખીઓ! હું બરાબર તમારી ઈચ્છાનુસાર જ ચાળીસ કારણ કે તમે તો મારું સર્વસ્વ – મારું જીવન છો. હવે, તમે જેમ કહેશો તેમ જ હું



D:\Pranam/Chitvani/142

કરીશ. તમે શા માટે મનમાં ખોટું દુઃખ કરો છો?

**આતમના આધાર છો મારા, જીવસૂં જીવ સનેહ ।**
**કરૂં વાત જીવન સખી, મુખ માંહેંથી કહો જેહ ॥૧૬॥**

તમે તો મારી આત્માના આધાર છો. આપણા બંનેના જીવ પરસ્પર અખંડ પ્રેમના બંધનથી બંધાયેલા છે. માટે, હે જીવનસખી ઈન્દ્રાવતી! તમારા મુખેથી તમે જે પણ વાત કહેશો, જે પણ કામ કરવાનું કહેશો, હું તે પ્રમાણે કહીશ અને કરીશ!

**મેં તાં એમ ન જાણ્યૂં રે વાલા, કરસો એમ નિઘાત ।**
**નાહોજી હૂં તો નેહ જાણતી, આપણ મૂલ સંઘાત ॥૧૭॥**

સખીઓ કહે છે, વ્હાલાજી! અમે તો એવું ક્યારેય નહોતું જાણ્યું કે તમે રાસલીલા મધ્યે આ રીતે અંતર્ધ્યાન થઈને અમને ઠેસ પહોંચાડશો. હે પ્રીતમજી! હું તો એમ જ જાણતી હતી કે આપણો તો 'મૂળ સંબંધ'નો આ નેહ (અખંડ પ્રેમ) છે! નોંધ : વિરહની પરાકાષ્ઠાએ સખીઓનું અંતઃકરણ ''મૂળ સંબંધ''ના પ્રેમની યાદ કરી દે છે. અહીં રાસની અર્ધજાગ્રતાવસ્થામાંથી ધામની જાગૃતિ તરફની આત્માઓની ગતિ થઈ રહ્યાનો સંકેત છે.

**એમ આંખડી ન ચઢાવિએ તેને, જે હોય પોતાનૂં તન ।**
**જાણિએ મેલો નથી જનમનો, ઉથલે રાસ વચન ॥૧૮॥**

વ્હાલાજી! જે પોતાનું તન *(પોતાના તનનું અંગ)* હોય, એના ઉપર આમ રોષ ન કરવો જોઈએ. જાણે તમારો અને અમારો મૂળતઃ કોઈ સંબંધ જ ન હોય તેમ તમે રાસમંડળમાં બોલાવતી વેળા અમને ઉથલા વચનો દ્વારા ઠપકો આપ્યો હતો! *નોંધ : જે તન શ્રી ધણીજીને પૂર્ણ રીતે સમર્પિત છે, તે તન શ્રી ધણીજીનું જ છે, એ ભાવ અહીં સ્પષ્ટ થઈ જાય છે. અન્યથા, તાત્વિક દૃષ્ટિએ સુંદરસાથ બ્રહ્માત્માઓના તન શ્રી રાજજીના પૂર્ણાનંદ સ્વરૂપ શ્રી શ્યામાજીના 'અંગ' છે, અને શ્રી શ્યામાજી શ્રી રાજજીનું આનંદ અંગ છે. અહીં આત્મા પોતાને શ્રી રાજજીના અંગ તરીકે નહિ, પણ તેમના*

*જ સ્વરૂપ (તન) તરીકે દર્શાવી પોતાની અદ્વૈતભાવની સ્થિતિ પ્રદર્શિત કરે છે.*

**અમે તૂંને જોપે જાણૂં, બીજો ન જાણે જંન ।**
**અમસૂં છેડા છોડીને ઊભા, જાણિએ નેહ નિસંન ॥૧૯॥**

હે વ્હાલા! અમે તમને ખૂબ જ સારી રીતે ઓળખીએ છીએ. અમારા વિના તમને બીજું કોઈ ઓળખતું જ નથી. આપ તો જાણે અમારામાં પ્રેમનું નામોનિશાન જ નહોતું એમ સમજીને અમારી સાથે છેડા ફાડીને ઊભા થઈ ગયા હતા!

**સાંભલો સખિયો વાત કહૂં, મેં જોયૂં માયાનૂં પાસ ।**
**કેમ રમાય રામત રૈણી, મન ઉછરંગે રાસ ॥૨૦॥**

વ્હાલાજી કહે છે, હે સખીઓ! સાંભળો, તમને એક વાત કહું છું. આમ કરીને મેં માત્ર એટલું જ જોયું હતું કે તમારી અંદર માયાની કોઈ અસર રહી ગઈ છે કે નહીં! જો મેં આપનો પ્રેમ નિભાવ્યો જ ના હોત તો મનમાં આટલા બધા ઉમંગ સાથે રાત્રે રાસલીલા રમી જ કેવી રીતે શકાત? *નોંધ : માયાનો પાસ પૂર્ણતઃ દૂર થયા વિના રાસ ન રમાય અને પૂર્ણ વિશુદ્ધિ વિના નિજધામ પણ ન જઈ શકાય.*

**તે માટે બોલ કહ્યા મેં કઠણ, જોવાને વિસ્વાસ ।**
**<u>નવ દીઠો કોઈ ફેર ચિતમાં, હવે હૂં તમારે પાસ</u> ॥૨૧॥**

સખીઓ! આ વખતે પણ મારા પરનો તમારો ઈમાન ચકાસવા માટે જ, અને મૂળ ઘર, સ્વરૂપ અને લીલાની ઓળખાણ કરાવવા માટે જ મેં તમને પુનઃ ઉથલાના કઠોર વચનો કહ્યાં છે. મને તમારા ચિત્તના ભાવોમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર જોવા મળ્યો નહોતો તેથી જ તો હવે હું તમારી પાસે જ છું. તમે એ નિશ્ચિત જાણો.

**એનો તમે જવાબ દીધો, કેમ રોતાં મૂક્યાં વન ।**
**નહીં વિસરે દુઃખ તે વિરહના, અમને જે ઉતપન ॥૨૨॥**

સખીઓ કહે છે, હે વ્હાલાજી! વ્રજમંડળમાંથી આવ્યા ત્યારે આપે



D:\Pranam/Chitvani/143

અમને જે કઠણ વચનો કહ્યા હતા તેનો આપે જ જવાબ આપ્યો તે તો ગળે ઉતરે છે. પણ આ તો અમે રાસ રામતની મસ્તીમાં હતા અને તમે અમને વૃંદાવનમાં રોતાં મૂકી દીધા! તેવું કરવાનું શું પ્રયોજન હતું? હે વાલૈયા! અમારા હૃદયમાં જે વિરહાગ્નિ ભડકે બળી રહ્યો હતો, તે વિયોગનું દુઃખ ભૂલી શકાય તેમ નથી!

**ઘણૂંજ સાલે વિરહ વાલૈયા, જે દીધૂં તમે અમને ।**
**કેટલી વાત સંભારૂં દુઃખની, હવે સૂં કહૂં તમને ॥૨૩॥**

હે વાલૈયા! તમોએ આ રાસ રામત મધ્યે દીધેલા વિરહનું દુઃખ અમને ઘણું જ સાલે છે. એ દુઃખની વાતો વારંવાર સંભારીને તમને કેટલી કહું? કરૂણાના સાગર કહેવડાવનારા એવા તમને હવે વિશેષ શું કહું?

**કાં જાણો એવડો અંતર, હૂં અલગો ન થાઊં ।**
**તમને મેલી વનમાં, હૂં તે કિહાં જાઊં ॥૨૪॥**

પ્રત્યુત્તરમાં વ્હાલાજી કહે છે, હે સખીઓ! તમે સૌ આપણા વચ્ચે આટલું બધું અંતર કેમ રાખો છો? હું તો તમારાથી વિખૂટો પડી શકતો જ નથી! તો પછી તમને સૌને વૃંદાવનમાં એકલાં મેલીને હું ક્યાં જઈ શકવાનો હતો?

**વિરહ તમારો નવ સહૂં, ગાયૂં તમારૂં ગાઊં ।**
**અંગ મારૂં અલગૂં ન કરૂં, પ્રેમ તમને પાઊં ॥૨૫॥**

જે તમે મને કહ્યું એ જ હું તમને કહેવા માગું છું કે, હે સખીઓ! મારાથી પણ તમારો વિયોગ સહેવાતો નથી. હવે હું તમારી હા માં હા પૂરીશ. હું મારી જાતને તમારાથી બિલકુલ અલગ કરીશ નહિ અને તમને નિરંતર પ્રેમરસનું પાન કરાવીશ!

**અમે ઠામ સઘલા જોયા રે વાલા, ક્યાંહેં ન દીઠો કોય ।**
**જો તમે હુતા વનમાં, તો વિરહ કેણી પેરે હોય ॥૨૬॥**

આ સાંભળી સખીઓ કહેવા લાગી કે, હે વ્હાલાજી! આખાયે

વૃંદાવનમાં અમે બધે જોઈ વળ્યાં હતાં! પણ અમે તમને ક્યાંયે દીઠા નહિ! જો તમે હકીકતમાં વૃંદાવનમાં જ હતા તો પછી અમને આપના વિરહનું દુઃખ શી રીતે થઈ શકે?

**વન વેલડિયો જોઈ સર્વે, ઘણે દુઃખે ઘણૂં રોય ।**
**ઘણી જુગતે જોયૂં તમને, પણ કેણે ન દીઠો કોય ॥૨૭॥**

અમે વનમાં ફરીને તમામ લતાકુંજો ખૂંદી વળ્યાં. વિયોગના દુઃખમાં ઘણું ઘણું રોવા છતાં અમે કાંઈ કેટલીયે પ્રકારની યુક્તિઓથી આપને શોધ્યા હશે. પણ અમારામાંથી કોઈએ પણ આપશ્રીને ક્યાંયે દીઠા નહિ!

**તમે કહો છો વનમાં હુતા, તો કાં નવ લીધી સાર ।**
**અમે વન વન હેઠે વિલખિયો, ત્યારે કાં નવ આવ્યા આધાર ॥૨૮॥**

હે વ્હાલાજી! તમે કહો છો કે, હું તો વનમાં જ હતો. તો પછી તમે અમારી અત્યંત દુઃખની હાલતમાં સંભાળ કેમ ન લીધી? અમે જ્યારે વૃંદાવનના એક એક ખૂણે આક્રંદ કરતાં રડવડતાં હતાં, ત્યારે હે પ્રાણાધાર! તમે કેમ ન આવ્યા?

**જો તમે ન હોતા વેગલા, તો કાં નવ સુણી પુકાર ।**
**અમને દેખી રોવંતાં, કેમ ખમ્યા એવડી વાર ॥૨૯॥**

જો તમે અમારાથી વેગળા નહોતા, તો અમારો પીડાજન્ય પોકાર તથા વિલાપનો શોર તમારા કાને કેમ ના પડ્યો? અમને આ રીતે રોતાં કકળતાં જોવા છતાં તમે આટલી વાર કેમ ખમી લીધું? સત્વરે આવી અમારી સંભાળ કેમ ના લીધી?

**બોલો તે સર્વે વાત ઝૂઠી, વનમાં ન હુતા નિરધાર ।**
**નેહેચે જાણૂં નાહોજી, તમે ઝૂઠા બોલ્યા અપાર ॥૩૦॥**

હે વ્હાલાજી! તમે ચોક્કસ વનમાં હતા જ નહીં! તમારી બોલેલી બધી જ વાતો તદ્દન જૂઠી છે! વાલૈયા! હું સારી રીતે જાણું છું કે તમે તો





ખૂબ જ જૂઠાબોલા છો!

**જો વિરહ અમારો હોય તમને, તો કેમ બેસો કરાર ।**
**તમ વિના ખિણ જુગ થઈ, વન ભોમ થઈ ખાંડા ધાર ॥૩૧॥**

હે વ્હાલાજી! તમને જો અમારા વિરહનું દુઃખ હોત તો શાંતિથી બેસી જ શી રીતે શકત? શું તમે જાણો છો કે તમારા વિના એક એક પળ એક યુગ જેટલી લાંબી લાગી હતી અને આ વૃંદાવનની ધરતી ખાંડાની ધાર પર ચાલવા સમાન દુઃખદાયી બની ગઈ હતી?

**દાઝ ઘણી થઈ દેહમાં, લાગી કાલજડે ઝાલ ।**
**જાણૂં જીવ નહીં રેહેસે, નિસરસે તત્કાલ ॥૩૨॥**

અમારા દેહમાં વિરહની જે આગ લાગી હતી, અને જે અગ્નિની ઝાળે કાળજું બળતું હતું, તેનાથી તો અમને એમ જ લાગતું હતું કે, હવે તો આ તનમાં જીવ રહેશે જ નહિ, પ્રાણ તત્કાળ જ નીકળી જશે!

**એવો વિરહ ખમી રહ્યો, મેં જાણૂં જીવની નાલ ।**
**આસા અમને નવ મૂકે, નહીં તો દેહ છાડૂં તત્કાલ ॥૩૩॥**

હે ધણી! આવી ભયાનક વિરહાવસ્થાને હું જીરવી શકી એ જ રહસ્યની વાત છે! અન્યથા, અમારો જીવ તો તે વેઠી શકે તેમ છે જ નહિ. એક માત્ર આપના પુનર્મિલનની આશાએ જ એમ થવા નથી દીધું! નહિતર તો અમારું શરીર તુરત જ છૂટી જતું!

**તમે કેહેસો જે એમ કહે છે, નેહેચે જાણો જીવ માહેં ।**
**તમારા સમ જો તમ વિના, એક અધખિણ મેં ન ખમાએ ॥૩૪॥**

હે વ્હાલાજી! તમે કદાચ કહેશો કે આ સખીઓ કાંઈ આમ પ્રાણ ત્યાગી દે તેવી નથી! તો આપ અમારી એ વાત નિશ્ચિતપણે આપના હૃદયમાં પૂર્ણતઃ સાચી જાણજો. આપના વિયોગની અર્ધક્ષણ પણ અમારા માટે અસહ્ય હતી! તમારા સમ, જો અમે જૂઠું બોલતાં હોઈએ!

**સખિયો તમે સાચૂં કહ્યૂં, એ વીતી છે મૂને વાત ।**
**તમને વિરહ ઉપનૂં મારો, હૂં કહૂં તેહેની ભાંત ॥૩૫॥**

હવે વ્હાલાજી કહે છે કે, હે સખીઓ! તમે જે વાત કહી તે સર્વથા સાચી જ છે. અગાઉ, મારા ઉપર પણ એવી જ કાંઈ વીતી ચૂકી છે. રાસ રમતાં રમતાં, વૃંદાવનમાં મારી ઉપસ્થિતિ હોવા છતાં તમને મારા વિયોગનું દુઃખ શી રીતે થયું એની હકીકત કહું છું.

**આપણ રંગ ભર રમતાં, બિરિખ આડો આવ્યો ખિણ એક ।**
**તમે પ્રેમે જાણ્યૂં કઈ જુગ વીત્યા, એમ દીઠાં દુઃખ અનેક ॥૩૬॥**

સખી! આપણે જ્યારે આનંદથી રાસ રમતાં હતાં ત્યારે તમારા અને અમારા સૌ વચ્ચે ક્ષણભર માટે એક વૃક્ષ આવી ગયું (મૂળ ધામનો હુકમ તથા જોશ ખેંચાઈ ગયો)ને એટલા સમય પૂરતો જ હું તમને દેખાયો નહિ! પ્રેમની પ્રબળતાને લીધે જ તમને એમ લાગ્યું કે આપણને પરસ્પર મળ્યે તો કેટલાય યુગો વીતી ગયા છે! આમ, તમે થોડી જ વારમાં અનેક દુઃખો અનુભવ્યાં. નોંધ : જગાએ આવેસ લેય કે, તબ ઈત ભયે અંતરધ્યાન । વિલાસ વિરહ ચિત ચોક્કસ કારણે, યાદ દેને ઘર ધામ ॥ કલસ વાણી

**જ્યારે પસરી જોગમાયા, મેં ઇછા કીધી તમતણી ।**
**હૂં વેણ લઊં તિહાં લગે, મુઝ પર થઈ ઘણી ॥૩૭॥**

વળી, હે સખીઓ! તમને રાસમંડળમાં બોલાવતાં પહેલાં મેં યોગમાયાને પ્રગટ કરી નૂતન વૃંદાવન રચવા આદેશ કર્યો. જેવો યોગમાયાનો વિસ્તાર થયો એટલામાં તો મારામાં પણ તમને મળવાની તીવ્ર ઉત્કંઠા જાગી. તે વખતે, હું મારા હાથમાં બંસી લઉં એટલામાં તો જાણે કેટલાયે યુગો વીતી ગયા હોય તેમ મારા પર પણ જે વીત્યું છે તેની તમને શી વાત કરું! *"એક દિન ગૌ ચારને, પિયુ પોહોંચે વૃંદાવન । ગોવાલા ગૌ સબ લે વલે, પીછે જોગમાયા ઉતપન ॥" કલશ. હિં.૬૨*



D:\Pranam/Chitvani/145

**એક પલ માંહેં રે સખિયો, કલપ અનેક વિતીત ।**
**એ દુઃખ મારો જીવ જાણે, સખી પ્રેમતણી એ રીત ॥૩૮॥**

હે સખીઓ! એ સમયે આપણા વિરહમાં એક ક્ષણમાં જાણે અનેક યુગો વ્યતિત થઈ ગયા હોય એવું લાગ્યું. એ કાળે મને તમારા વિયોગનું જે દુઃખ થયું, એ તો મારો જીવ જ જાણે છે! સખી! પ્રેમની એ રીત છે.

**ભીડી તે અંગ ઇંદ્રાવતી, સખી કાં કરો તમે એમ ।**
**જીવન મારા જીવની, દુઃખ કરો એમ કેમ ॥૩૯॥**

આમ કહી, વ્હાલાજી તુરત જ શ્રી ઈન્દ્રાવતીજીને અતિશય પ્રેમ પ્રગટ કરતા ભેટી પડ્યા અને કહેવા લાગ્યા કે, હે સખી! તમે આમ કેમ કરો છો? વીતી ગયેલા દુઃખને શા માટે યાદ કરો છો? તમે તો મારા જીવતણું જીવન છો, મારા અસ્તિત્વના આધાર છો. આમ, વ્યર્થમાં દુઃખી શીદને થાઓ છો?

**ચિત ચોરી લીધૂં દઈ ચુંબન, સખી કહો કરૂં હૂં તેમ ।**
**મારા જીવ થકી અલગી નવ કરૂં, જુઓ અલવી થૈયો જેમ ॥૪૦॥**

એ રીતે સમજાવીને ધણીજીએ શ્રી ઈન્દ્રાવતીજીને ચુંબન કરી તેમનું તથા સૌ સખીઓનું મન જીતી લીધું અને કહેવા લાગ્યા કે, હે સખી! હવે, તમે જેમ કહેશો તેમ જ હું કરીશ! પહેલાની જેમ હવે હું તમને મારાથી બિલકુલ અળગાં નહીં કરું!

**સખિયો મારી વાત સુણો, કાં કરો તે એવડો દુઃખ ।**
**પૂરૂં મનોરથ તમતણાં, સઘલી વાતે દઊં સુખ ॥૪૧॥**

હે સખીઓ! મારી છેલ્લી એક વાત ધ્યાનપૂર્વક સાંભળો. પહેલાં વીતેલા પ્રસંગોની વારંવાર યાદ અને ભવિષ્યની ચિંતામાં તમે આટલું બધું દુઃખ શા માટે મનમાં લાવો છો? હું તમારા સર્વે મનોરથો પૂર્ણ કરીશ અને તમને તમામ પ્રકારનું સુખ અને આનંદ દઈશ.

**મારૂં અંગ વાલૂં તમતણે, વચન વાલૂં જિભ્યા મુખ ।**
**બોલાવું તે મીઠે બોલડે, જોઊં સકોમલ ચખ ॥૪૨॥**

હું મારું અંગ તમારી સમક્ષ નમાવું છું, તમને પૂર્ણતઃ અર્પણ કરું છું. મારા દ્વારા કહેલ બધા કઠણ બોલ (ઉથલા વચન) હું પાછા ખેંચી લઉં છું! હવે, હું તમને માત્ર મધુર (પ્રિયકર) બોલીથી જ બોલાવીશ અને તમારા તરફ સુકોમળ-નિર્મળ-પ્રેમભર્યા નેત્રોથી સદૈવ જોતો રહીશ.

**હવે વાલા હૂં એટલૂં માંગૂં, ખિણ એક અલગાં ન થૈએ ।**
**જિહાં અમને વિરહ નહીં, ચાલો તે ઘર જૈએ ॥૪૩॥**

શ્રી વ્હાલાજીનાં આ વચનો સાંભળી શ્રી ઈન્દ્રાવતીજી બોલી, હે વ્હાલાજી! હવે, આપશ્રીની પાસે હું એટલું જ માંગું છું કે આપણે એક ક્ષણભર પણ વિખૂટાં ન થઈએ. હે વ્હાલાજી! ચાલો, ત્વરિત એ ઘેર જઈએ જ્યાં અમને સૌને તમારો વિરહ કદાપિ ન સતાવે!

**માંગી દુઃખ સુખની રામત, તે વાલે કીધી આવાર ।**
**મન ચિત રંગે રમાડ્યાં, કાંઈ આપણને આધાર ॥૪૪॥**

આ રીતે, હે સુંદરસાથજી! પરમધામમાં શ્રી વ્હાલાજીના શ્રી ચરણોમાં બેસીને આપણે સુખ અને દુઃખનો જે ખેલ માંગ્યો હતો, તે આપણા વ્હાલાજીએ આ વખતે બરાબર કરી બતાવ્યો છે. પ્રાણાધાર વ્હાલાજીએ આપણને સૌને મન અને ચિત્તથી રંગે રમાડ્યાં છે.

**વૃંદાવન દેખાડ્યૂં, રાસ રમાડ્યાં રંગ ।**
**પૂર્વ જનમની પ્રીતડી, તે હમણાં આણી અંગ ॥૪૫॥**

વ્હાલાજીએ આપણને અખંડ યોગમાયિક વૃંદાવન દેખાડ્યું તથા આપણ સૌને રંગભેર રાસલીલામાં રમાડ્યાં પણ ખરાં. આપણા સૌની તેમની સાથે મૂળધામની નિસ્બત હોવાને કારણે તેમણે આ જાગણીબ્રહ્માંડમાં રાસલીલાનો આ રસાનંદ મારા અંગ થકી પ્રગટ કરી બતાવ્યો અને આમ, સૌ સુંદરસાથને મૂળધામની પ્રીતની ઝાંખી કરાવી.



D:\Pranam/Chitvani/146

**ઇંદ્રાવતી કહે અમને વાલા, ભલા રમાડ્યાં રાસ ।**
**પછે તે ઘર મૂલગે, વાલો તેડી ચાલ્યા સહુ સાથ ।**
**વાલા વાલમજી મારા, જી રે પ્રીતમ અમારા ॥૪૬॥**

શ્રી ઈન્દ્રાવતીજી કહે છે કે, ''હે મારા વ્હાલા વાલમજી! આપ સાચે જ અમ સૌ આત્માઓના પ્રાણપ્રીતમ પ્રાણનાથ છો. આપશ્રીએ અમને સૌ સુંદરસાથને દિવ્ય વૃંદાવનમાં ખૂબ સરસ રીતે ઉત્તમોત્તમ પ્રકારે રાસ રમાડ્યાં.'' ''હે સુંદરસાથજી! ત્યારબાદ આપણી ઈચ્છાનુસાર વ્હાલોજી આપણ સૌ સુંદરસાથ આત્માઓને પોતાની સાથે પોતાના મૂળઘર પરમધામ વિષે તેડી ચાલ્યા.''

*પ્રકરણ-૪૬ સંપૂર્ણ (કુલ ચૌપાઈ-૯૧૩)*

### રાસ - ૪૭ વાણીમંથન પ્રશ્નાવલિ

૪૭.૧ *ઉથલા વચન એટલે શું? શ્રી રાસ ગ્રંથમાં બે વાર ઉથલા વચનનો સંદર્ભ આવે છે. ક્યાં ક્યાં? વાલાજીએ સખિયોને ઉથલા વચન કેમ સંભળાવ્યા? બંને ઉથલા વચનોની સરખામણી કરો.*

૪૭.૨ *એક ઘડી અનેક યુગો જેટલી લાંબી લાગે તેવી આત્માની વિરહ-પ્રેમની સ્થિતિ ક્યારે થાય? તે સ્થિતિની ફલશ્રુતિ શું? વર્તમાન જાગણીલીલામાં તે શી રીતે સંભવી શકે?*

૪૭.૩ *સખીઓ પોતાના જ હાથની પાલખી બનાવીને વાલાજીને તેમાં બેસાડીને ફેરવવાનું કેમ કહે છે? જાગણીલીલામાં તેનો શો મર્મ સમજવા યોગ્ય છે?*

૪૭.૪ *શ્રી રાજજી કહે છે કે ''હું તો તમારાં કરમાયેલાં મુખ કદી પણ સહી શકું તેમ નથી! હવે, તમે કહેશો તેમ જ હું કરીશ!'' આ પ્રકારની વાત શ્રી રાજજી કલશવાણીમાં જાગણીના પ્રકરણમાં પણ કરે છે : ''મુખ કરમાને મનકે સો તુમારે મેં ના સહુ ।'' તે શોધી બંનેની સરખામણી કરો.*

૪૭.૫ *શ્રી રાજજીના પુનઃમિલનની આશાએ સખિયોનો જીવ વિરહ ખમી*

રહ્યો અને તેઓ શરીર ત્યાગી શકી નહીં. કલશ વાણીમાં પણ ઈન્દ્રાવતીની સર્વસ્વ સમર્પણની સ્થિતિમાં આ પ્રકારનો ભાવ ઉદ્‌ભવે છે. એક તરફ તો ધણીજીના વિરહમાં દેહત્યાગ કરી દેવાની પ્રબળ ભાવના, અને બીજી તરફ એ જ ધણીજીને આ દેહે મળવા માટેની અભિલાષા : વિરહા ન છોડે જીવ કો, જીવ આસ ભી પિઉ મિલન / પિયા સંગ ઈન અંગે કરું તો મૈં સુહાગિન // લાગી લડાઈ આપ મેં, એક વિરહા દૂજી આસ / એ ભી વિરહા પિઉ કા, આસ ભી પિઉ વિલાસ // કલશ હિં.૮/૩,૪ રાસ લીલા અને જાગણીલીલામાં આત્માઓની આ સ્થિતિની સરખામણી કરો.

૪૭.૬ માયાનો પાસ પૂર્ણતઃ દૂર થયા વિના રાસ ન રમાય, અને પૂર્ણ વિશુદ્ધિ વિના નિજધામ જઈ શકાય નહિ, એ હકીકત આ રામતના કયા સંવાદ દ્વારા સ્પષ્ટ થાય છે?

૪૭.૭ "વ્હાલાજીથી એક ક્ષણભર પણ વિખૂટાં ન થવાય, જ્યાં કદાપિ વિરહ ન થાય, તે ઘેર લઈ ચાલો" એવી માંગણી કર્યા પછી આત્માઓ જ્યારે પરમધામ પહોંચી, તો પુનઃ દુઃખનો ખેલ જોવાની માગણી કેમ કરી? તે સ્પષ્ટ કરો.

**પૂર્ણબ્રહ્મ સચ્ચિદાનંદ અક્ષરાતીત**

**શ્રી પ્રાણનાથજીની શ્રીમુખ વાણી 'શ્રી કુલજમ સ્વરૂપ'ના**

**શ્રી રાસ (ઈન્જીલ) ગ્રંથનું જાગણીલક્ષી સારતત્ત્વ પ્રકાશિત કરતો**

**★ શ્રી રાસ રસાનંદ ગ્રંથ સંપૂર્ણ ★**

**પ્રેમ પ્રણામ**



D:\Pranam/Chitvani/147

## શબ્દ સૂચિ

**પ્ર.૧**

| | | | |
|---|---|---|---|
| બલે | - બળવું, સળગવું | સાસ્ત્ર | - શાસ્ત્ર |
| વિખ્યાત | - હકીકત | સનંધ | - હકીકત |
| બ્રાધ | - મટી ન શકે તેવો રોગ | છેક | - અંત સુધી |
| સમાધ | - સંતોષ | વિસેક | - અસાધારણ, વિશિષ્ઠ |
| અહનિસ | - રાતદિવસ, હરહંમેશ | વિવેક | - સાચી યુક્તિથી |
| આસાધાર | - લગાતાર | જોગવાઈ | - સુઅવસર |
| ખાર | - ઈર્ષા, અદેખાઈ | ઓલખાણ | - ઓળખાણ |
| કેડ | - પીછો | નિખરપણે | - લાપરવાહીથી |
| જોપે | - ભલી ભાંતે | નિગમી | - ખોઈ દેવું, ગુમાવવું |
| ફજીતી | - બદનામી | હાણ | - નુકશાન |
| નિસરી | - નિકળી, લઈ ગઈ | સાખ્યાત | - સાક્ષાત |
| તોહજ | - તો થઈ | પ્રદખિણા | - પ્રદક્ષિણા |
| સરાડે | - સીધા થવા | ઓલવે | - બુઝાવી દેવું |
| તજારક | - માર | અછરાતીત | - અક્ષરાતીત |
| પાધરી | - સીધી | અનુસરસૂં | - માનવું |
| પડતાલે | - કચડીને | મરડી | - મરોડ કરીને |
| હણી | - નાશ કરવું | પતીત | - નીચ |
| માણ્યૂં | - જોઈ શક્યું | માહૂં | - દુઃખી |
| સહી | - પણ | સુનાઈ | - ઊંઘ, નિદ્રા |
| દાઝે | - દાઝ, જલન | આપોપૂં | - પોતાપણું |
| વાંસો | - પીઠ | નિલાટમાં | - માથામાં |
| સરીખી | - સમાન | ટાંણે | - અવસર પર, પ્રસંગે |
| વિખ | - વિષ, ઝેર | રડસે | - રડશે |
| આંહી | - અહીં | કરી | - ચાલી |
| સોહેલી | - સરલ, સીધી | કલી | - સમજી શકવું |
| | | સરીખડા | - સમાન |

વાંછાથી - ઈચ્છા કરેલાં
પાધરા - સીધા
મૂકતાં - છોડતાં
મરમ - રહસ્ય

**પ્ર.૨**

કિવને - કવિની
ગજા - શક્તિ
સારું - માફક
દુસ્તર - કઠણ, કઠોર
હામ - ઈચ્છા
અજવાલૂં - પ્રકાશ
પસાય - પ્રતાપ
વિકલ - બેસુધ, બેભાન
અજાણ્યું - ફિદા થયા, ખુશ થયા
ઓસરો - ભૂલો
જોગવાઈ - સુઅવસર
પાણીવલ - ક્ષણમાત્ર

**પ્ર.૩**

ભૂંડા - નીચ
પીંછવ્યો - સમજાવ્યો
પરહરી - ત્યાગ કરીને, ત્યજી દઈને
તેડવા - બોલાવવા
ઓસરે - ભૂલવું
ઘારણ - ઊંઘ
ઘૂટ્યો - ગુમાવવું
મૂલગાં - અસલના
ઉપાડ - ઊંચું કરવું
ઓલખે - ઓળખે
નિવાર - છોડી દે
એવડી - એવી
લવે - શબ્દ
આપિયૂં - આપ્યું

**પ્ર.૪**

માંહોમાંહે - અંદરોઅંદર, આપસમાં
જુજવી - જુદી
મહી - દહીં

**પ્ર.૫**

લવલેસ - થોડુંક
નિસા - રાત
રજનીએ - રાત્રિએ
નિસરતાં - નિકળતાં
કુલાહલ - અવાજ, શોર
ઘોણિયો - વાસણ
નિરધારિયો - નક્કી કર્યો
ત્રાટકડે - ઘાસનું તણખલું
ત્રટકા - ટૂકડા
પાસ - અસર, રંગ
મોહોવડ - આગળ
દેવરાણા - વાસવું, બંધ કરવું
સમો - એક જેવો
લોપાવી - ઉતારીને
ભલી - એકાકાર, ભળી ગયેલી
પોહોંતી - પૂરી થઈ



D:\Pranam/Chivani/148

**પ્ર.૬**

આણું - લાવીને
રમાડવા - બેસાડવા માટે
ફણા - પગનો પંજો
કાંકસા - આંગળીઓ વચ્ચેની જગા
પાની - એડી
કોરે - કિનારે
જુઈ - અલગ
ખેવના - ઈચ્છા
કસવની - ગૂંથેલું
સમિયલ - સમાન
બણિયલ - બનેલું
માનકદે - ઈંદ્રાવતીનું રાસમાં નામ
ચીણ - ચુનર
ચરણિએ - પેટીકોટ, ઘાઘરો
વાનિના - બનાવટ
કાનિએ - કિનાર પર
કંચુકીની - બ્લાઉઝ, ચોલી
ક્રણ - કિરણ
ક્રાંત - રોશની
પયોધર - સ્તન
આભ્રણ - ચોલી-બ્લાઉઝ ઉપરનું કપડું
નિરાંત - તૃપ્ત
પતંગ - લાલ
આભલિયો - કાચ વાળી વિંટી
જુજવા - જુદા-જુદા
અદ્ભુત - વિચિત્ર
મોહોલિએ - મોહરી
મીટ - દૃષ્ટિ
ખીટલડી - ઝૂમકી
વાનિ - બનાવટ, જાતના
લવને - કાનોની પાસેની ખાલી જગા
સણગટડા - ઘૂંઘટ
ગમા - બંને બાજુ
ખાંત - ઈચ્છા
ભાલી - દેખી
અખ્યાત - અનોખી
વ્યાલ - સાપ
મરકલડો - મંદ હાસ્યવાળો
ઓચરે - બોલે
સૂચ્છમ - સૂક્ષ્મ

**પ્ર.૭**

પ્રઘલ - અધિક
સાયર - સાગર, દરિયો
આયત - ઈચ્છા
ઉજાય - હરખવું, પ્રકાશિત થવું
પંપાલ - માયા
પાસ - બંધન, પ્રભાવ

**પ્ર.૮**

કનક - સોનું
પાયચા - ચૂડીદાર કે પાયજામાનો નીચેનો ભાગ

કુરલી - ચુનટ
ઝલવાર - ઝગમગાટ
પટોલી - પટકો
મસ્તૂલ - રેશમનું ફૂલ
કાણી - કિનાર
વેખ - વેષ
ચરચિત - લગાવેલું
ઉપાપલા - વ્યાકુળ
કરણફૂલ - ઝુમકી, કાન પર પહેરવાનો દાગીનો
ખીટલડી - કાનનું આભૂષણ
નિલવટ - કપાળ
વાંસા - પીઠ
કસબટિએ - કમરમાં
વાંસલી - બંસરી

**પ્ર.૯**

ઉથલા - ઉલટાં
નિસરયા - નિકળ્યા
વિમાસિયું - વિચાર
ટલવલી - તરફડીને પડી જવું
મહી - માનવંતી (ઈંદ્રાવતી)
કુલાહલ - શોરબકોર, અવાજ
વાલપણ - પ્રેમ
ટલવલે - તડપે
સિધાવિએ - જઈએ
અનિત - નીતિ વિરૂદ્ધ
વલો - જાઓ
પીહર - પિયર
વડે - બંધન
કેડ - છેડો, દામન
હલવા - હલકા, અનુચિત
વારુ - રોકુ છું
નિઘાત - જે સહન ન થાય તેવું
પાખલ - પાછળ
રખોપું - રખવાળું
નિખર - બેપરવાહ, જડ
નિઠુર - કઠોર
અમપણું - પોતાપણું
પારખૂં - પરીક્ષા
ઓસીકલ - નમ્રતાયુક્ત
પ્રાણપે - પ્રાણથી પણ
વાલિયો - વહાલી, પ્યારી

**પ્ર.૧૦**

સેમલા - સીમળી
કસૂંબો - કેસૂડાનું ઝાડ
નેવરી
પારજાતક - કલ્પવૃક્ષ
નાલિયરી - નારિયેળી
પ્રતકાલ - પેઠા
ખજૂરિયા - ભમરીયા
પ્રેમલ - સુગંધ

**પ્ર.૧૧**

રલિયાત - ધન્ય ધન્ય
વલાઈ - લપટાઈ
ઓસંક - શરમ, સંકોચ
સઘલી - બધી



D:\Pranam/Chivani/149

ઉલાસિયો - ખુશખુશાલ થઈ

**પ્ર.૧૨**

તેડી - બોલાવી
સંઘાત - સાથે
અલવેલ - નટખટ
લોપી - છોડીને
ઉનમદપણ - મસ્તીથી
ઘાતો - દાવપેચ

**પ્ર.૧૩**

રલિયાત - પ્રસન્ન
મરકલડે - મંદમંદ હસવું
મછરાલ - ગર્વથી ભરેલું, સુંદર
કટ - કમર
લંકાલ - પાતળી કમરનો લાંક
છેલાઈએ - છેતરાવું
ગેહેલ - આનંદમાં મગ્ન
જસન - આનંદ માણવાનો મોટો સમારોહ
રમતિયાલ - રમતમાં જ એકચિત્ત રાખવું
સવાય - અધિક

**પ્ર.૧૪**

રલિયાલી - સોહામણી
વલાઈએ - લપટાઈએ

**પ્ર.૧૫**

ગાઢો - જોરથી
ખીદડી - મજાક
ખુદાવો - કરાવો
છેલાઈએ - ચતુરાઈ
સરુઓ - સાંભળે તેવું
કડછીને - લંગોટી લગાવીને, વાળીને (સાડીને થોડીક ઊંચી કરતાં પગમાં ન આવે)

**પ્ર.૧૬**

સુચંગી - બહુ
સકલા - સર્વ
જાસ - જાય છે

**પ્ર.૧૭**

અડવડસૂ - લથડિયાં ખાવાં, કેફ ચડવો
મરજાદ - શરમથી

**પ્ર.૧૮**

વાંસે - પાછળ
વચિખિણ - ચતુર, કુશળ
આલોટે - આળોટવું
રેખ - આબરૂ, ટેક

**પ્ર.૧૯**

હરવરી - આતુર થવું
પરવરી - ચેનથી
મકરંદ - મંદ મંદ મુસ્કાન (હાસ્ય)ની સુગંધ
જામની - રાત્રિ

**પ્ર.૨૦**

વૃધ - વધવું
મચકાસું - મસ્તીથી

આકલા - ઉતાવળા

લડસડતી - લટકતી મટકતી (લટક મટક)

**પ્ર.૨૧**

વિસમા - કઠણ

**પ્ર.૨૨**

સસ - ચંદ્રમા

હામ - ઈચ્છા

વિકસેત - ખીલેલું

**પ્ર.૨૩**

હોડ - શરત

રબ્દીને - વાદવિવાદ

રેખ - લાજ

**પ્ર.૨૪**

ઉભલી - ઊભી ઊભી

**પ્ર.૨૫**

દીઠડે - જોઈને

ઠરે - આનંદની તૃપ્તિ

ઉલટ - ખુશી

**પ્ર.૨૭**

ચાચરો - છોડો, ઢીલા

**પ્ર.૨૮**

ફાલ - છલાંગ

**પ્ર.૨૯**

આયત - ઈચ્છા, ચાહના

ઉલટ - ઉલ્લાસ, આનંદ, ખુશી

છેલાઈસું - ચતુરાઈથી

**પ્ર.૩૦**

રી - રીતે

જામંત - ચમક

**પ્ર.૩૧**

ઝુંઝાર - યોધ્ધા (પ્રેમની હોડમાં લડવા-ઝગડવા વાળી)

**પ્ર.૩૨**

ત્રાટકડે - ઘાસના ટૂકડા સમાન

છેહ - જુદાઈ

ખોલતાં - શોધતાં

સનંધે - પ્રકાર

નિરવાણ - બિલકુલ

વારી - રોકવી

ઝાલ - આગ

બાપડી - બિચારી

થરહરે - કાંપે

ગોતાય - શોધાય

વલાકા - લપેટ, વળગવું

રાચી - મળી રહી

ગેહેવર - ગાઢ

નેહેચલ - અખંડ

વિહાર - રસ્તો

આંઝો - વિશ્વાસ

હાકલી - ડામાડોળ

**પ્ર.૩૩**

ચેહેન - સ્વાંગ

સોસી - ચૂસી

ઉઝાતાં - દોડીને



D:\Pranam/Chivani/150

ઉજાઈ - દોડી ગઈ

દામણું - દોરડું

પાખલ - પાછળ

પલાએ - દોડે

કટ - કમર

તસૂ - આંગળ

ઉખલ - ખાંડણિયો

બિરિખ - વૃક્ષ

ઉજાણી - ભાગીને, દોડીને

બકોર - જોરથી

ધાયો - દોડ્યો

માંડી - શરૂ કરી

**પ્ર.૩૪**

હરવરી - ઉત્સુકતા

ટલી - અલગ

ખેવના - ઈચ્છા

વિમાસિયૂં - ઊંડો વિચાર કરવો

રલી - અતિ સુંદર

**પ્ર.૩૫**

પાખલવાડ - ચારે બાજુથી ઘેરવું

વિહીજિએ - ડરીએ

પતીજિએ - વિશ્વાસ

ઉપાયા - ઉત્પન્ન

મણાં - કમી, ઉણપ

**પ્ર.૩૬**

દોહેલ - કઠણ

સાન - સુધ

હેલ - સખતાઈ

અણવેલ - અણબેલો

**પ્ર.૩૭**

ભામણાં - ઓવારણાં

આલ - શરારત

વટકી - ઝટકાથી

**પ્ર.૩૮**

બલિયામાં - વાલાજીમાં

કટાછે - તિરછી નજર(કટાક્ષ)

અખ્યાત - અનોખી શોભા

વીડ - જોરથી મળવું, ભેટવું

જીડ - મોડું

**પ્ર.૩૯**

નાહોજી - પ્રીતમ

જથાબલ - ભરચક, પૂરી તાકાતથી

સૈયર - સખી

વલગતી - આગ્રહથી મંડવું

વેઢ - જીદ, સરખામણી

ઝુંઝાર - જોરાવર

ઓસિયાલી - ગરજને લીધે ઓશિયાળી, શરમિંદુ

**પ્ર.૪૦**

જામની - રાત

આમની - આ બાજુ, આ તરફ

અનંગ - કામ


વિમાસી - વિચારવું


બંગે - અટપટા, જુદી રીતે

| | |
|---|---|
| ભણિયો | - ભણવું |
| પેસ | - યુક્તિ |
| દાય | - દાવપેચ |
| બેહેકાર | - સુગંધી, મહેંકવું |
| હેજે | - પ્યારથી |
| | **પ્ર.૪૧** |
| કાંકરડી | - કાંકરી |
| અણચી | - અનુચિત, અંચાઈ |
| પૂઠીને | - બદલે |
| અખ્યાત | - અપ્રસિધ્ધ |
| | **પ્ર.૪૪** |
| ઉછાહ | - ઉમંગ |
| ભમાડિયાં | - રમાડ્યાં |
| ઉપાઈને | - ઉપજાવીને |
| ઝલૂવે | - ઝૂમવું |
| વધારીને | - ઊતારીને |
| સાંચરયા | - પ્રવેશ્યા |
| પરિયાણીને | - સલાહ કરીને |
| વીટ્યો | - ઘેરાયો |
| તમ | - અંધારું |
| ચોલતાં | - ઘસીને |
| | **પ્ર.૪૬** |
| પડગી | - પહેલદાર |
| પખાલ્યા | - ધોવરાવ્યા |
| અજવાલી | - સાફ કરી |
| | **પ્ર.૪૭** |
| નિઘાત | - ઠેસ |
| નિસંન | - બાળક |
| પાસ | - અસર |
| વિલખિયો | - વલખાં માર્યા |
| નાલ | - સાથ |
| અલવી | - અલગ |
| વાલૂં | - ઝુકાવવું, નમાવવું |
| ચખ | - આંખ |
| મૂલગે | - અસલ ઘર, મૂળ ઘર (પરમધામ) |










बुध तारतम जित भेले, तित पेहेले जानो आवेस ।
अग्या दया सब पूरन, अंग इंद्रावती प्रवेस ।।
कलस हिन्दुस्तानी २३/६७